Anant Sthanma Ghar (Gujarati Edition)

Kaur, Simran

VISIT...

LANZAROTE Caliente.com

અનંત સ્થા

(Gujarati Translation of 'Home in inf



યોગેશ મથુરિયા

અનંત સ્થાનમાં ઘર

(Gujarati Translation of 'Home in infinites spaces' by Simran Kaur)

સંપૂર્ણ વિશ્વમાં શાંતિ અને એકતા ભાવનાનું આરોપણ કરવા સ્વયં પાસે કોઈ રૂપિયા ન હોવા છતાં વિશ્વના અનેક દેશોમાં પદયાત્રા કરનાર વ્યક્તિના સ્વાનુભવો પર આધારિત રચાયેલી કથા.

લેખિકા
સિમરન કૌર

અનુવાદક
રાજેશ્રી દાણી

ISBN # 978-93-9152-909-3



VISHWAMITRA YOGESH

કોર્પોરેટ વિશ્વની યશસ્વી કારકિર્દીથી શાંતિ અને એક્તાના માર્ગ પરની યાત્રા

આ પુસ્તક સમગ્ર વિશ્વના નાગરિકો માટે ભેટ સ્વરૂપે હોવાથી, તે કોઈ જ કોપીરાઇટ નિયમોથી બાધ્ય નથી. સમગ્ર વિશ્વમાં જે લોકો વિશ્વ શાંતિ, આધ્યાત્મિક વિકાસ તથા માનવ વિકાસની જાગૃતિ માટે કાર્ય કરતા હોય, કે કરવા માંગતા હોય તેમને આ માહિતીઓનો ફરીથી ઉપયોગ કરવા માટે નીચેની શરતો મુજબ અમારા તરફથી માન્યતા આપવામાં આવી છે.
આ પુસ્તકને તમે કોઈને પણ આપી શકો છો, કોઈની સાથે વહેંચી શકો છો કે તેનો પ્રસાર પણ કરી શકો છો.
આ પુસ્તકનો કોઈપણ વ્યવસાયિક કારણોસર ઉપયોગ કરી નહીં કરવો. આ પુસ્તકની કોઈપણ માહિતીમાં કોઇપણ જાતનો વધારો, ઘટાડો કે રૂપાંતર કરવાની માન્યતા આપવામાં આવી નથી.
યોગેશ મથુરિયાએ પોતાની પાસે એક પણ રૂપિયો સાથે રાખ્યા વગર શાંતિ અને એક્તા નો સંદેશ સમગ્ર વિશ્વમાં પહોંચાડવા માટે તેમની શાંતિ યાત્રાને આગળ વધારવાનું નક્કી કર્યું છે. જો તમને પણ આ મહાન કાર્ય માટે કંઈક યોગદાન આપવાની ઇચ્છા હોય તો નીચે જણાવેલ ખાતા મા સહયોગ આપવાની વિગતોનો ઉપયોગ કરવો.

Yogesh Mathuria desires to continue walking on the path of peace, travelling throughout the world without carrying any personnel money to spread the message of peace and harmony. You may contribute to his greater cause, please utilize the donation details provided below.

World School of Happiness
Current Account NO – 16781131001715
IFSC Code : PUNB0167810
Punjab National Bank Ltd
Pashan Branch, Pune - 411021.

Google Pay +91 93596 79195

Scan & Pay through any Bharat QR/UPI App

WORLD SCHOOL OF HAPPINESS

World Peace & Friendship Movement
Peace Walk
शांति यात्रा



Cover Designed by
Nehal Parekh
Yellow Communication Concepts
+91 98330 60629




Special Thanks
Amit Jain
Mitti Ke Rang
+91 9922 790240



Special Thanks
Nexus Stories Publication
Surat (Gujarat), Bhārata.
+91 87800 80718

અર્પણ



મારા જીવનની બીજા પડાવમાં પ્રેરણાત્મક બની તેનું ઘડતર કરવામાં સહાયક બનનાર પ્રત્યેક વ્યક્તિનો હું હૃદયપૂર્વક આભારી છું .

યોગેશ મથુરિયા

યુવાન લેખિકા સિમરન કૌરની કલાત્મક કલમથી આલેખાયેલી યોગેશ મથુરિયા ની જીવનકથા

ભારત તથા વિદેશોની માસ્ટેક અને માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓમાં આઈ.ટી. ક્ષેત્રે નિષ્ણાંત, તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા, સાદગી ના આગ્રહી યોગેશભાઈના જીવનમાં આવેલા વિવિધ રસપ્રદ વળાંકોને આલેખતી આ કથા લેખિકા સિમરન કૌરે યોગેશભાઈ તથા તેમના પરિવારજનો, મિત્રો અને સહકર્મચારીઓ સાથે છેલ્લા છ મહિનામાં યોજાયેલા ૪૦ થી વધુ વાર્તાલાપો ને આધારે આલેખી છે. જે સમયે વ્યક્તિ પોતાની કારકિર્દીને લક્ષ્યમાં રાખી નવી ઊંચાઇઓ પ્રાપ્ત કરવા કાર્યરત હોય છે તેવે સમયે પ્રાપ્ત કરેલી વૈભવી જીવનશૈલીને છોડી શકવાનું સામર્થ્ય બનાવનાર તે જીવંત ઉદાહરણ છે. તેઓ ફરારી વેચનાર સાધુ નથી પરંતુ તેનો આભાસ અવશ્ય કરાવી શકે છે.

જે આધુનિક વૈભવી જીવનશૈલીનુ સ્વપ્ન લગભગ પ્રત્યેક માનવી સ્વપ્ન રાખતો હોય છે તે જીવન યોગેશ જીવી ચૂક્યા છે. તેમની સફળતા અકલ્પનીય હતી. પરંતુ કોર્પોરેટ ઓફિસથી શાંતિના અને એક્તાના માર્ગ પર ખિસ્સામાં એક પણ રૂપિયા વગરનું વિશ્વનું પદભ્રમણ તેનાથી વધુ રોચક છે. નેતૃત્વના ગુણોથી સભર અને શાંતિ તથા એકાત્મતાનો બોધ આપતી તેમની આ કથા સાવધાન તથા જાગ્રત કરનારી છે.

*****

પ્રસ્તાવના

"વિશ્વમાં શાંતિ અને એકતા સ્થાપિત કરવામાં તમારી પદયાત્રા કઈ રીતે મદદરૂપ થઈ શકે?" આ પ્રશ્ન મને અગણિત વાર પૂછવામાં આવ્યો છે. અલબત્ત, કોઈપણ વ્યક્તિ માટે એ સાંભળવું સંશયાત્મક છે, તથા વિશ્વાસ કરવો પણ અઘરો છે કે ખાલી ખીસા સાથે ફક્ત પગના સહારે ચાલતા રહી વિશ્વમાં શાંતિ અને એકતા સ્થાપવામાં સહાયક બની શકાય છે. ના! હું એમ દાવો નથી કરતો કે મારા ચાલવાથી ભારત - પાકિસ્તાન, ભારત - ચીન કે બીજા કોઈપણ સભ્ય રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધનો અંત આવશે અથવા તો વિવિધ ધર્મો વચ્ચેના વિખવાદોમાં રમાતું માનવીય રાજકારણ નષ્ટ પામશે. હા! હું એવું અવશ્ય ઇચ્છું, કે મારી પાસે આવી અદભુત શક્તિઓ હોય અને હું તે કરી શકું, અને તો કદાચ! મારે દઝાડી મૂકતી ગરમીમાં તથા થીજવી નાંખે તેવી ઠંડીમાં ખિસ્સામાં એક પણ રૂપિયા વગર એક ગામથી બીજે ગામ ચાલવું ન પડત. જો એવું હોત તો, હું મારી કોર્પોરેટ ઓફિસમાં બેસી મારો જાદુઈ દાંડો ફેરવી આ વિશ્વને સંપૂર્ણ સ્થાન બનાવી દેવાની ઈચ્છા કરત.

"સંપૂર્ણ સ્થાન!" હંઅઅઅ, બધાની શરૂઆત જ અહીંથી થાય છે!

વોશિંગ્ટન રાજ્યના, સીટેલ શહેરના બૅલેવ્યુ વિસ્તારમાં સરસ ઘર, સુંદર પત્ની અને બે વહાલી દીકરીઓ સાથેનું પ્રેમાળ જીવન અને રેડમોન્ડના માઈક્રોસોફ્ટના પ્રાંગણમાં નોકરી આવું આનંદમય મારું જીવન હતું અને "સંપૂર્ણ સ્થાન" ની મારી વ્યાખ્યા.

સામાન્ય રીતે ઘણા ખરા લોકો જે જીવનશૈલીના સ્વપ્નો જોતા હોય છે તે જીવન હું જીવી રહ્યો હતો, અલબત્ત એ કોઈ શોર્ટકટ નહોતો, પ્રત્યેક વસ્તુ મેં જાતે કમાઈને મેળવી હતી. હું સમજતો હતો કે સફળતા એ કોઇ ચમત્કાર નથી, પરંતુ તેને શિસ્તબદ્ધતા, સાતત્યતા અને ખંતથી મેળવી શકાય છે. નાની વયથી જ મેં પ્રત્યેક વસ્તુને વિગતવાર જાણવા, સમજવા અને શીખવાની શરૂઆત કરી દીધી હતી. સફળતાના બિંદુએ પહોંચ્યા પછી હું અધતન સગવડો સાથે જીવી અને કામ કરી શકવા સમર્થ હતો. મારો એક માત્ર ઉદ્દેશ્ય પચાસ વર્ષે નિવૃત થઈ બાકીનું જીવન પરિવાર સાથે જ વ્યતીત કરવાનું હતું.

ડૅલ અને ઑરેકલ જેવી આઇ.ટી. કંપનીઓના સંસ્થાપકો તથા બિલ ગેટ્સ જેવી પ્રખ્યાત વ્યક્તિઓ સાથે મંચ પર બેસવુ, આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપાર માટે દેશ-વિદેશોમાં ફરવું, ભવ્ય પાર્ટીઓ કરવી અને વિપુલ પ્રમાણમાં આવક ઊભી કરવાથી લઈ ધોમધખતા તાપમાં ખિસ્સામાં એક્પણ સેન્ટ વગર એક ગામથી બીજે ગામ હું શા માટે રખડયો? શા માટે મેં સુખી જીવન છોડ્યું? એની જાણ તમને હવે થશે.

ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતી વ્યક્તિઓ અને લક્ષાધિપતિઓ વધુ ને વધુ ધન મેળવવા કે તેમની જીવનશૈલીને વધુને વધુ અધતન બનાવવા સતત દોડતા જ જોવા મળે છે. સામાજિક વર્તુળમાં પોતાની જાતને સિદ્ધ કરવાની, એક પછી એક વધુ ઊંચાઈઓ પ્રાપ્ત કરવાની આ દોડમાં અર્થપૂર્ણ કે ભાવભર્યા સંબંધો બનાવવામાં તેઓ બહુ ઓછો સમય ગાળે છે.

આ સમાજના કેટલાક ધારાધોરણો છે જેને પૂર્ણ કર્યા પછી પણ કેટલીક ખામીઓ પૂરી કરવાની શેષ જ રહે છે. હું પણ મારી મહત્વકાંક્ષાઓને પૂરી કરવાની, સફળ અને વૈભવી

જીવન જીવવાની દોડમાં જોડાયો હતો. મારી સફળતા, મારી વર્ષોની મહેનત, ખંત, લગન અને નિયમિતતાનું પ્રમાણ હતી. એક લક્ષ્ય પ્રાપ્ત કર્યા પછી હું તરત જ તેનાથી વધુ ઊંચાઈએ પહોંચવા, નવા ધ્યેયને પ્રાપ્ત કરવા કાર્યરત થઈ જતો. મારી સિદ્ધિઓ મને સંતુષ્ટિ નહોતી આપતી પરંતુ વધુ આગળ વધવાની મહેચ્છા ઉત્પન્ન કરતી હતી. જીવનની આ દોડમાં પ્રત્યેક વ્યક્તિ ક્યારેક ને ક્યારેક તો ફસાય છે અને હું તેનો પ્રથમ શિકાર હતો.

"સ્વાસ્થ્ય પૂર્ણ જીવન જીવવા માટે ધન આવશ્યક છે" કાશ! આવું, મારી ત્રીસીની વયમાં જો કોઈએ મને કહ્યું હોત!

રૂપિયાનો નશો જો મન પર ચઢી જાય તો ત્યાં તેનું વર્ચસ્વ છવાઈ જાય છે. વિપુલ પ્રમાણમાં હોવા છતાંય વધુ ને વધુ ભેગા કરવાની ઈચ્છા થતી હોય છે. પૈસા પાસે સંબંધો ઉભા કરવાની તેમજ નષ્ટ કરવાની, જીવનનો આનંદ લૂંટી લઇ તમને મુંઝવણમાં મૂકી દેવાની શક્તિ છે.

આર્થિક સ્થિતિના આધારે થતી સરખામણીઓએ સમાજને વિભાજિત કર્યો છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે કે "વિશ્વ પાસે પ્રત્યેકની જરૂરિયાતોને પૂર્ણ કરવાની ક્ષમતા છે પરંતુ તેમના લોભને પૂર્ણ કરી શકે તેટલું સામર્થ્ય નથી". પ્રત્યેક વ્યક્તિ સફળતા ઈચ્છે છે, સુસંગતતા આપણને આગળ વધવા પ્રેરે છે પરંતુ તેની પ્રાપ્તિ ક્યારેય વ્યક્તિગત મૂલ્યો કે વિશ્વાસનું હનન કરીને ન થઈ શકે, આ વાત મને ખૂબ મોડી સમજાઈ.

*****

" યોગેશ મથુરિયાની આ ઝળહળતી જીવનકથા માર્ગદર્શક બની યુવાનોને તેમને અનુસરવાની પ્રેરણા આપે છે.

' હોમ ઇન ઈન્ફિનિટ સ્પેસીસ' નામક તેમના પુસ્તકમાં તેમની જીવનયાત્રા દર્શાવવામાં આવી છે. અતિ ઝડપી જીવન જીવી રહેલા, આઇ.ટી. કોર્પોરેટ ક્ષેત્રના ઉચ્ચ પદાધિકારીથી શાંતિના પ્રવાસી બની લગભગ છેલ્લા ૧૫ વર્ષથી તેઓ ભારત, શ્રીલંકા અને સાઉથ આફ્રિકામાં પદયાત્રા કરી રહ્યા છે. તેમનું કાર્ય ભગવાન બુદ્ધની જાગૃત થવાની શિક્ષાની યાદ અપાવે છે. વિશ્વમિત્ર યોગેશે એ સિદ્ધ કર્યું છે કે કોઈપણ વ્યક્તિ પદયાત્રા કરી, બીજાઓ સાથે ભાવપૂર્ણ વ્યવહાર કરી શાંતિની ભાવનાનું પ્રત્યારોપણ કરી શકે છે. અને શાંતિનું આ પ્રત્યારોપણ કરવાનું કાર્ય કરવાની ક્ષમતા દરેક વ્યક્તિમાં છે.

મારા સદનસીબે ૨૦૧૯ અને ૨૦૨૦ની જય જગત કૂચ દરમિયાન મારી તેમની સાથે મુલાકાત થઈ હતી. તેમણે યાત્રીઓમાં જે મૂલ્યોને દર્શાવ્યા છે તેને કારણે તેમની હાજરી ખૂબ મહત્વની બની રહે છે. કોઈનું પણ ઘર હોય કે કોઈપણ સ્થાન હોય તેઓ પ્રત્યેક દિવસને એક પડકારરૂપે સ્વીકારી શાંતિનું સંવર્ધન કરે છે, તેમની આ ગુણવત્તા અને કાર્ય માટેનો અદમ્ય ઉત્સાહ હું ક્યારેય નહીં ભૂલું."



જીલ કાર - હેરિસ
(મુખ્ય કો-ઓર્ડીનેટર ઇન્ટરનેશનલ - જય જગત ૨૦૨૦)

Table of Content

ઉદ્‌ભવ

ઉનાળાની બળબળતી બપોરે રમતના મેદાનની મધ્યમાં હાથમાં બેટ લઈ હું ઊભો હતો. મારા મુખ અને કપાળ પરથી પરસેવો નીતરી રહ્યો હતો. ચારે તરફ શાંતિ પથરાઈ ગઈ હતી. દરેક વ્યક્તિનું ધ્યાન મારી તરફ હતું જ્યારે હું સામેથી આવી રહેલા બૉલ પર મારું ધ્યાન કેન્દ્રિત કરી તેની ઝડપ, દિશા અને મારા સુધી પહોંચવામાં તેને લાગતા સમયની ગણતરી કરી રહ્યો હતો. બૉલ આવ્યો, મારા બેટ સાથે વીંઝાયો અને સીધો જ છગ્ગો!

મેદાનમાં કિકિયારીઓ ઊઠી, મારી ટીમના સભ્યો મને આલિંગન આપવા ઘેરી વળ્યા, નાચવા લાગ્યા અને જાણે હું તેમનો હીરો હોઉં તેમ મારી પ્રશંસા કરવા લાગ્યા. અમે મેચ જીતી ગયા હોવાથી મારા મુખ પર પ્રતિસ્પર્ધી ટીમના સભ્યો તરફ ઉપહાસ કરતું સ્મિત ફરકી રહ્યું.

થોડા જ સમયમાં અમને ધ્યાનમાં આવ્યું કે બોલ ખોવાઈ ગયો હતો. આ વખતે પડોશીની બારી નહોતી તૂટી, કે બાજુની સોસાયટીમાં જ્યાં હંમેશા ગુસ્સે ભરાયેલો બુલડોગ અમારા આવવાની પ્રતીક્ષા કરતો ત્યાં પણ નહોતો પડ્યો. તો પછી બોલ ગયો ક્યાં?

ક્રાઈમ બ્રાન્ચની ટુકડીના અધિકારી હોઈએ તેમ અમે બૉલની તપાસ શરૂ કરી. અમારા માટે આ રોમાંચક કાર્ય હતું. અમે બધા ચાર ટુકડીમાં વહેંચાઈ ગયા અને દરેકે રસ્તાની જુદી-જુદી દિશાની જવાબદારી સ્વીકારી. હું મારી ટીમનો કેપ્ટન હતો. રસ્તાની મધ્યમાં ઉભા રહી દરેક પગલું યાદ રાખી તે દિશાને અનુસરતા આગળ વધ્યા. થોડા આમ તેમ ફરી ચારે તરફ ઝીણવટથી નિરીક્ષણ કરતા ગયા અને થોડી જ વારમાં મેં બોલ શોધી કાઢ્યો. બૉલ તરફ દોડી જેવો હું તેને લેવા નમ્યો કે, મારું ધ્યાન એક સૂજી ગયેલા પગ તરફ ગયું. મેં તરત જ અનુમાન કરી લીધું કે રસ્તા પરથી પસાર થઈ રહેલા પથિકને આ બોલ વાગ્યો હોવા જોઈએ અને મારી જાતને મનથી સજા માટે તૈયાર કરી. મારો ભાગ લેવાનો હોય એવું બતાવતા નિર્દોષતાથી આંખો ઉંચી કરી ધીરેથી હું બોલ્યો સોરી સર. મેં જોયું તો મધ્યમ ઊંચાઈ, ચળકતી મુખમુદ્રા અને શાંત પ્રતિભાવો ધરાવતી એક વ્યક્તિ મારી તરફ જોઈ રહી હતી, તેઓ એકલા ન હતા તેમની સાથે તેમનાથી થોડી વધુ ઊંચાઈ ધરાવતી અને કાળા રંગની બીજી વ્યક્તિ હતી. તારું નામ શું છે? મારી તરફ અવાજ આવ્યો. મેં કઈ નથી કર્યું અચકાતા સ્વરે મેં કહ્યું. જૂઠું! પણ નવ વર્ષનો છોકરો સજાથી બચવા બીજું શું કરે? મેં ઉંધા ફરી મારા મિત્રો તરફ આંગળી કરી, દૂરથી જોઈ રહેલા મારા મિત્રો સમજી ગયા કે હું તેમના માટે ખતરો ઉભો કરીશ તેથી મારા તેમને રોકાવાનું કહેવા છતાં તેઓ ત્યાંથી ભાગી ગયા અને બે અજાણી વ્યક્તિઓ સાથે રસ્તા પર હું એકલો રહી ગયો. કઈ વાંધો નહિ બેટા, ચિંતામુક્ત થઈ જીવવાનો તમારો આ સમય છે. જેને વાગ્યું હતું તેની સાથેની વ્યક્તિએ કહ્યું, જે સાંભળતા, મને થોડી શાંતિ થઈ. નજીકથી જોતાં મને ધ્યાનમાં આવ્યું કે તેમના ખભા પર બેગ હતી જેમાં કદાચ ખાવા-પીવાની વસ્તુઓ હતી, તેઓ કોઈ ધ્યેયપૂર્તિ માટે નીકળ્યા હોય તેવું લાગતું હતું. તમે આ શહેરમાં નવા છો? એ પૂછતા, તેમણે જણાવ્યું કે શાંતિ યાત્રાના ઉદ્દેશ્યથી લખાયેલા એક પુસ્તકને તેઓ અહીં લોકોમાં જાણીતી કરવા આવ્યા હતા. મારી ઉંમર તેમના ઉદ્દેશ્યને સમજવા જેટલી નહોતી પણ તેમ છતાંય મને એ સમજાયું કે તેમની પાસે એક કારણ હતું જેને કારણે મારા પિતા, જેને અમે મોટાભાઈ કહેતા હતા તેઓ અવશ્ય આ વ્યક્તિઓને મળી ખુશ થશે, અને હું તરત જ તેમને મારા ઘરે લઇ આવ્યો.

"તમે અંદર આવો મારા માતા-પિતા તમને મળી ખુબ ખુશ થશે" કહી હું ઘરમાં બધાને બોલાવવા દોડી ગયો, તેમના વિશે જાણકારી આપતા મેં કહ્યું કે, ઘરે આવેલા મહેમાન આ શહેરમાં અજાણ્યા છે અને વિશ્વમાં શાંતિ આપવાના ધ્યેય સાથે નીકળ્યા છે. મોટાભાઈ અને બાએ તેમને પ્રેમથી આવકાર આપ્યો. બા રસોડામાં તેમના ચ્હા - નાસ્તાની વ્યવસ્થા કરવા

ગયા અને હું પડદાની આડશે ઉભો રહી તેમની અને મોટાભાઈની વાતો સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યો. મારું નામ સતીશ કુમાર છે અને આમનું નામ પ્રભાકર (ઈ. પી. મેનન) સાથેની વ્યક્તિ નો પરિચય આપતાં આગંતુકે કહ્યું, અને પછી થેલામાંથી એક પુસ્તક કાઢ્યું જેના પર લખ્યું હતું " બીના પૈસે દુનિયા કા પૈદલ સફર " આ શાંતિયાત્રામાં તેઓ કેવી રીતે જોડાયા અને કેવી કેવી રીતે તેમણે તેમના ગુરુ આચાર્ય વિનોબા ભાવે (જાણીતા ગાંધીવાદી અને અહિંસા તથા માનવ અધિકારો માટેના મોટા હિમાયાતી) પાસેથી પ્રેરણા મેળવી ખિસ્સામાં એક પણ રૂપિયો લીધા વગર વિશ્વને બદલવાના લક્ષ્ય સાથે ભારતનાં દિલ્હીથી વિશ્વની ચાર પરમાણુ રાજધાનીઓ મોસ્કો, પેરિસ, લંડન અને વોશિંગ્ટન ડી.સી. સુધી ની પદયાત્રા જેને તેઓ 'શાંતિયાત્રા' તરીકે સંબોધતા, તેના વિવિધ અનુભવોનું વર્ણન કર્યું. મહેમાનોની સફરની અને પૈસા વગર તેઓએ કેવી રીતે નિર્વાહ કર્યો તેની અનેક રોચક વાતો સાંભળી મેં અનુભવ્યું કે તેઓમાં કંઈક જુદું હતું, વિશ્વાસની લાગણી અને આત્મવિશ્વાસનું ભાથું હતું જેને આધારે પ્રત્યેક પરિસ્થિતિને પહોંચી વળવાનું તેઓમાં સામર્થ્ય આવ્યું હતું. તેમનો ઑરા ઉત્કૃષ્ટ હતો. ફક્ત નવ વર્ષનો જ હોવાથી તેમની યાત્રા પાછળના તર્કને સમજવા હું અસમર્થ હતો પરંતુ તે કાર્યથી હું ખૂબ જ પ્રભાવિત થયો અને તેઓએ આપેલું શિક્ષણ મારામાં ઉતરી ગયું.

મોટાભાઈ (મારા પિતાજી) હંમેશા કહેતા, "પોતાની જાતને શોધવાનો એક ઉત્તમ માર્ગ સ્વયંને બીજાઓની સેવામાં પૂર્ણ રીતે જોડી દેવામાં છે." દરેક વ્યક્તિને પોતાના જીવનમા કોઈ ક્ષણે એવી ઈચ્છા થાય જ છે કે કઈ રીતે તેઓ સમાજ પર સકારાત્મક અસર ઊભી કરી શકે. સતીશ કુમાર તથા ઈ. પી. મેનન ને જોયા પછી મે વિચાર્યું કે હું પણ કોઈ દિવસ શાંતિના માર્ગને અનુસરણ કરીશ.

યોગેશ, યોગેશ! ઉઠ! દૂરથી અસ્પષ્ટ અવાજ આવતો હતો, મેં તેના પર ધ્યાન આપવાનો પ્રયત્ન કર્યો, ત્યાં ફરીથી અવાજ આવ્યો, હમણાં જ ઉઠો! મેં જોયું તો મોટાભાઈ માથા પાસે ઊભા રહી મને ઉઠાડી રહ્યા હતા,અણગમા સાથે મેં ઘડિયાળ તરફ જોયું તો સવારના પાંચ વાગ્યા હતા તેથી મેં ફરીથી સૂવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પિતાજીએ મને બળજબરીથી ઉઠાડી મૂક્યો. સવારે વહેલા ઉઠવાના નિયમમાંથી હું બચવા માંગતો હતો પરંતુ ભારતીય પિતા જાગતા હોય ત્યારે તે ખૂબ અઘરું છે. નાખુશ થઈ મેં જ્યારે મોટાભાઈ સામે જોયું ત્યારે તેમને મને સમજાવતા કહ્યું કે કેવી રીતે તેમના પિતાએ તેમને સવારમાં વહેલા ઉઠવાની આદત પાડી હતી, અને ત્યારબાદ વહેલા ઉઠવાના ફાયદાઓનું રોજીંદુ ભાષણ. એમની સાથે દલીલનો કોઈ અર્થ નહોતો પણ તેમ છતાંયે જે રીતે તેઓ પોતાની પરંપરા જાળવી રહ્યા તે મને ગમતું. ધાંધલિયા મહાનગરમાં રહેતા હોવા છતાં તેમણે મૂળભૂત સિદ્ધાંતોને જાળવ્યા હતા અને તેઓ અમને જે શીખવાડતા એનું પોતે આચરણ કરતા હતા.

મને એવું કહેવાયું હતું કે મારા જન્મ પહેલાં, મુંબઈથી લગભગ 100 કિલોમીટર દૂર, મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના 'પેણ' ગામમાં અમારા સમાજના અગ્રણી અને દીવાને મારા પરિવારને સ્થાવર મિલકત ફાળવી હતી. આજીવિકા માટે મારા પિતા પેપરમિલમાં કામ કરતા હતા. ઇ.સ. ૧૯૫૬માં જ્યારે સરકારે લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (એલ. આઇ. સી.) ની શરૂઆત કરી ત્યારે મારા દાદાએ મારા પિતા તથા કાકાને તેમાં એજન્ટ તરીકે જોડાવા કહ્યું. જેથી તેઓ મુંબઇ શહેરમાં આવી સ્થાઈ થયા અને સાથે મળી કામ શરૂ કર્યું, જે પાછળથી અમારો પારિવારિક વ્યવસાય બન્યો.

મારા પિતા રવિન્દ્ર ઊંચા, પાતળા અને મજબૂત તથા અમારા ઘરની સૌથી વધુ કાર્યરત વ્યક્તિ, ઓફિસ તથા ઘર બધે જ તેઓ આખો દિવસ કામ કરતા. તેઓ ભાગ્યે જ હસતા, પણ જ્યારે હસતા એ ક્ષણ અમૂલ્ય બની જતી. 'પેણ' માં કરેલા લાંબા નિવાસ ને કારણે મહારાષ્ટ્રીયન સંસ્કૃતિની તેમના પર ઘણી અસર હતી. પોતાની વસ્તુઓની, ખાસ કરીને કપડાની પસંદગી તેઓ ખૂબ ચીવટ પૂર્વક કરતા. ઘણુંખરું તે આછા રંગના કોટ સાથે સફેદ કુર્તો,

ધોતી અને કાળી ટોપી પહેરતા. ગૌરવર્ણ અને સોનેરી આંખોમાંથી તેમની તેજસ્વી પ્રતિભા ઉભરતી. તેઓ બહુ લોકો સાથે ભળતા નહીં પરંતુ તે છતાંય તેમનું વ્યક્તિત્વ એવું પ્રભાવશાળી હતું કે લોકો તેનાથી આકર્ષાતા.

મારા પિતા સત્ય નિષ્ઠા અને પ્રમાણિકતાનું જીવંત ઉદાહરણ હતા અને સ્વાર્થ રહિત જીવન જીવવા કટિબદ્ધ હતા. તેઓ હંમેશા કહેતા રહેતા કે "તમે જ તમારા ભવિષ્યના નિર્માતા છો, જીવનની ચડતી-પડતીમાં પણ જો તમે તમારી માનવતાને જાળવી શકો તો કંઈ પણ થઈ જાય તમે આત્મગૌરવ ની અનુભૂતિ કરી શકશો". મારા પિતા હંમેશા તેના સિદ્ધાંતો ઉપર જીવ્યા પરંતુ તેને માટે ક્યારેય તેમણે પૂર્વ પરંપરાઓને નજરઅંદાજ નથી કરી કે કોઈની લાગણી પણ દુભવી નહોતી.

મુંબઈના પરાં કાંદીવલીની સુંદર ભવન સોસાયટીમાં અમારુ નાનું પણ ખૂબ જ સુંદર ઘર હતું. ત્રણજ રૂમના મકાનમાં અમારુ ઘર પહેલુ જ હતું જેમાં એક રૂમ હોલ અને રસોડું હતા. છ વ્યક્તિ માટે તે જગ્યા નાની હતી પરંતુ અમારા આ પ્રેમના માળા માં અમને કોઈ અગવડ નહોતી લાગતી. આમારી સોસાયટીમાં રમતનું મોટું મેદાન અમારા ઘર ને લાગેલું જ હતું.

મારો પરિવાર સંસ્કૃતિ અને પરંપરાગત માન્યતાઓમાં વિશ્વાસ રાખતો હતો. અમને દરેકને નાનપણથી જ 'અતિથિ દેવો ભવ' ની શિક્ષા આપવામાં આવી હતી. જેના રોજીંદા આચરણ રૂપે પરિવારના સભ્યોના જમતા પહેલા ગાય, કૂતરા, પક્ષીઓ તથા જેને જરૂરિયાત હોય તેવી અજાણી વ્યક્તિઓને ભોજન આપવામાં આવતું. અમને કકડીને ભૂખ લાગી હોય તો પણ અમે આ પ્રથાને છોડી શકતા નહીં. આખો દિવસ કામ કરવા છતાં મારા પિતા અજાણી વ્યક્તિઓને સહાયરૂપ થવા સમય કાઢી લેતા, અવારનવાર તેમને ઘરે લઈ આવી ઉત્તમ રીતે આગતાસ્વાગતા કરવામાં આવતી. નવા કપડા, ભોજન તથા આરામ કરવાની સગવડ સચવાતી. સમાજને ઉપયોગી થવું એને તેઓ તેમની પ્રથમ ફરજ સમજતા અને તેને માટે ઘણો ખરો સમય ફાળવતા. તેઓ એવી વ્યક્તિ હતા જે માનતા કે જો તમે સૂર્યપ્રકાશ છો તો તમારા કિરણો જ તમને મળનાર વ્યક્તિ માટે ઉત્તમ બની રહે છે તમારી ખામીઓ તેના પ્રકાશમાં ઢંકાઈ જાય છે.

મારી માતા 'કુસુમ' પ્રેમાળ, દયાળુ અને આદર્શ ગૃહિણી હતી. અમે તેને 'બા' કહેતા તે હંમેશા રંગબેરંગી ગુજરાતી કોટન સાડી પહેરતી અને તેનો મોટા ભાગનો સમય રસોઇ કરી બધાનું ધ્યાન રાખવામાં જ જતો. મારા પિતાનું તે પીઠબળ હતી, તેને ક્યારે પણ તેમના કોઈપણ કાર્ય વિશે ફરિયાદ કર્યા વગર, તેમની પ્રત્યેક જરૂરિયાતમાં સહાયક બની હતી. ઘણી વખત તેને પિતાએ આવેલા મહેમાનો માટે કલાકો સુધી ભોજન બનાવવું પડતું અને દિવસના અંતે તે ખૂબ થાકી જતી પરંતુ તેમ છતાંય તેણે ક્યારે પણ મહેમાનોની સરભરા કરવાનો વિરોધ નહોતો કર્યો. પાણીમાં જેમ રંગ ભળી જાય તે મારા પિતાના રંગે રંગાઇ હતી અને તેની ચમક તેના ચહેરા પર દેખાતી. ખૂબ સુંદર હોવા છતાં કદાચ, તેના વિશે તે એટલી સભાન નહોતી. તે ખૂબ સાદાઈથી રહેતી અને આજુબાજુની દરેક વ્યક્તિને મદદરૂપ થતી. વસ્તુઓને સરળ બનાવવાનું તેનામાં કૌશલ્ય હતું. તેનું આંતરિક સૌંદર્ય એની આંખોમાં ઝળકતું અને તેના ચહેરાને સૌમ્ય બનાવતું હતું. જ્યારે તે સ્મિત કરતી કે હસતી ત્યારે સામેની વ્યક્તિ પણ તેનાથી સભર થઇ જતી અને પ્રત્યુતર રૂપે મલક્યા વગર ન રહી શકતી.

જ્યારે હું નાનો હતો ત્યારે બે વર્ષ સુધી મારા દાદા-દાદી સાથે દક્ષિણ મુંબઈમાં રહેતો હતો અને મારા માતા-પિતા કાંદિવલીમાં હતા. તે સમયે મારું ધ્યાન રાખવા 'ત્રિવેણીબેન' મારા ફઈ તેઓ મારી બા જેવા જ હતા તેની સાથે રહેતો, હું તેમને ખુબ પ્રેમથી ફઈબા કહેતો અને તેઓ મારી ત્વચાનો રંગ કાળો હોવાથી તેઓ મને 'કાળિયા' કહીને બોલાવતા. અમારા સંબંધો ખૂબ આત્મીય અને ઘનીષ્ઠ હતા. ખૂબ જ વિશ્વાસપાત્ર હોવાથી મારા મનની વાત હું તેમને સરળતાથી કહી શકતો. તેમણે મારું ઘડતર કરી મને જીવનમૂલ્યો શીખવ્યા. તેઓ હંમેશા

લાગણીની દ્રષ્ટિએ વિચારતા. કોઈ પણ વાતને પ્રથમ તાર્કિક રીતે વિચાર્યા પછી તેઓ કઈ રીતે લોકોની લાગણીઓ અને માન્યતાઓ ને સમજે છે તેના સંદર્ભમાં વાત કરતા. મને મળેલી વ્યક્તિઓમાં તે સૌથી વધુ મક્કમ અને સૌમ્ય હતા. તેઓ એવી વ્યક્તિ હતા જે સમજતા કે લોકોનો ઉત્કર્ષ કરવાની ભાવનાથી ઉદ્ભવેલી શક્તિ જ યથાર્થ શક્તિ છે, એ જ સાચો પ્રેમ છે. તે લોકોને દબાવવા કે નિયંત્રણમાં રાખવાને બદલે શિક્ષણ આપી તેને ઉન્નત કરે છે. પ્રેમની શક્તિ મેળવે છે. ફઈબા સાથે હું મારી જાતને સુરક્ષિત અનુભવતો પરંતુ તેઓ જાણતા હતા કે મને પરિવારની ખોટ ખૂબ સાલે છે તેથી તેઓ મને મારા ઘરે પાછો મૂકી ગયા. કૃષ્ણની જેમ મને પણ બે માતા મળી તેથી હું સ્વયંને કૃતજ્ઞ સમજું છું.

'બા' અને 'મોટાભાઈ' પ્રત્યે મને ખૂબ જ પ્રેમ અને આદર હતો પણ મારા ભાઈ બહેનો મારા સૌથી નજીકના સાથી હતા. અમે એકબીજા સાથે અમે જાણે આત્માથી બંધાયેલા હતા. કોઈને પણ ખોવાનો વિચાર મૃત્યુથી પણ વધુ ભયંકર લાગતો. મારા પિતા ની પ્રતિકૃતિ સમાન મોટાભાઈ હર્ષદ અતિ મહત્વકાંક્ષી, અતિ પ્રવીણ અને આદર્શ વ્યક્તિ હતા. મારા માતા-પિતાએ ખૂબ સંભાળીને તેમનું જતન અને ઘડતર કર્યું હતું. તેઓ મોટાભાઈ ની જેમ હંમેશા બધાને મદદ કરવા તત્પર રહેતા અને આજુબાજુની પ્રત્યેક વ્યક્તિનું ખૂબ ધ્યાન રાખતા. મારા નાના ભાઇનું નામ મહેન્દ્ર અને હું વચ્ચેનું સંતાન એટલે મોટો પણ અને નાનો પણ, મોટાભાઈથી રક્ષાયેલો અને નાનાભાઈનો રક્ષક. જાણે રામ અને લક્ષ્મણ. હું અને મહેન્દ્ર લગભગ આખો દિવસ સાથે રહેતા અને રમતા, અમારું મિત્રવર્તુળ પણ એક જ હતું. અમારી સૌથી નાની બહેન પ્રજ્ઞા, જેનું અમે ત્રણેય ભાઇઓ ખૂબ ધ્યાન રાખતા. અમે સારી રીતે સમજતા કે પ્રત્યેક પરિસ્થિતિમાં અમે એકબીજાની પડખે ઊભા રહીશું અમારી વચ્ચે પાંગરેલો આ વિશ્વાસ અને પ્રેમ અમારામાં જળવાયેલો રહ્યો.

એક બપોરે હું સ્કૂલેથી દોડતો ઘરે આવ્યો, મને અતિશય ભૂખ લાગી હતી બૅગને એક ખૂણામાં નાખતા મેં બા ને બૂમ પાડી "બા, મને ખૂબ ભૂખ લાગી છે!" બા ભોજન તૈયાર કરે એટલી વારમાં હાથ મોઢું ધોઈ હું આવી ગયો, અને બા ની પાછળ પાછળ ફરવા લાગ્યો. બાએ કહ્યું "પાંચ મિનિટ રાહ જો બધા આવી જાય એટલે થાળી પીરસુ છું" અને ધીરજ રાખી હું રાહ જોવા લાગ્યો. અમારા ઘરે ઈંડા કે માંસ રહિત શુદ્ધ શાકાહારી ભોજન જ બનતું. બાર વાગ્યે અમારો ભોજનનો સમય હતો.

બધાના આવતા જ બાએ પીરસવાનું શરૂ કર્યું. હું ભૂખથી પીડાતો હોવાથી મેં મને પહેલા પીરસવાનું કહ્યું, પણ જેવો શાકનો વાટકો મારી પાસે આવ્યો કે રીંગણ જોઈ મારી ભૂખ મરી ગઈ. દસ માઈલ દોડીને શું હું જરાપણ ન ભાવતા રીંગણ ખાવા આવ્યો હતો? મોટાભાઈએ મારી સામે જોયું હું સમજી ગયો કે જમવું પડશે, અને શાકને સીધું ગળેથી નીચે ઉતારવાનો પ્રયત્ન કર્યો પણ મારાથી એ ન થયું, તેથી મેં બાને કહ્યું કે "મને ભૂખ નથી" પરંતુ મારા આદર્શવાદી પિતાએ મને જલ્દીથી ભોજન પૂરું કરવાનું કહ્યું, મેં ધીરેથી કહ્યું, "આ વખતે મને જવા દો, બીજીવાર હું જમી લઈશ." બે મિનિટનું મૌન પછી મારા પિતા એક બાળકને સજા મળી હોય તેમ એક ખૂણામાં કાન પકડી ઊભા રહી ગયા, તેમના આ વર્તનથી વ્યથિત થઈ મારે ન છૂટકે પણ જમવું પડયું.

મારા પરિવારમાં ભોજન પારિવારિક પ્રસંગ નહીં પરંતુ વ્યક્તિગત સંતોષનું કારણ હતું, ભોજન સમયે વાતો કરવાની છૂટ નહોતી. અમારે ત્યાં તેને ઈશ્વરનો આશીર્વાદ અને અવજ્ઞા સામેનું હથિયાર ગણાતું. મોટાભાઈ દ્રઢતાપૂર્વક એવું માનતા કે 'આપણને જે ભોજન મળે છે તે માટે આભાર વ્યક્ત કરવો જોઈએ' અને તેથી પરિવારનો દરેક સભ્ય તેની થાળીમાં પીરસાયેલી બધી વસ્તુ કડવી હોય કે ખાટી તેને જમી લે એનું ધ્યાન રાખતા.

એક બીજી પણ પ્રથા અમારા પરિવારમાં હતી કે રાત્રિના છેલ્લા ભોજન પછી બધા સાથે મળી અડધો કલાક સુધી ધ્યાન (Meditation) અને પ્રાર્થના કરતા. મોટાભાઈ દ્રઢ પણે એવું

માનતા કે જે પરિવારમાં ભોજન અને ભજન સાથે મળીને કરવામાં આવે ત્યાં સંપ અને એકતા વધે છે, એકબીજા પ્રત્યે પ્રેમની ભાવના વિકસિત થાય છે. દયા અને સહાનુભૂતિની ભાવના શારીરિક સ્વાસ્થ્યની જેમ જ કેળવવી જોઈએ, નિયમિતરૂપે તેને કરવાથી આપણે સાચી દિશામાં આગળ વધીએ છે. મોટાભાઈ નિયમિત રૂપે પ્રાર્થના થાય એનું બરાબર ધ્યાન રાખતા. મને પ્રાર્થનામાં ઘણી વખત ઊંઘ આવી જતી. નાના હોવાથી નિયમપાલનના આગ્રહ પાછળનું તથ્ય સમજવા હું અક્ષમ હતો અને તેથી મને તે સજા જેવું લાગતું, મોટાભાઈ મને રાક્ષસ જેવા લાગતા પરંતુ મારી માતા અમને તેની પાછળ રહેલો વૈશ્વિક મૂલ્યો શીખવવાનો પિતાજીનો શુદ્ધ આશય સમજાવતી. જે મૂલ્યોને આધારે જીવન ઘડતર થાય, જેની મદદથી તમે ઉત્તમ વ્યક્તિ બની શકો, તે વાત તે વખતે સમજાતી નહીં પરંતુ મને મારી બા અને મોટાભાઈ માં અતૂટ પ્રેમ અને વિશ્વાસ હતો.

હું બાર વર્ષનો થયો ત્યાર પછી મોટાભાઈની આર્થિક ઉન્નતિ થવા લાગી, તેમની કંપની એલ.આઇ.સી. એ તેમના ધંધાને વિકસિત કરવા ફોન આપ્યો. એ સમયે લોકો ટેકનોલોજીકલ સાધનોથી બહુ પરિચિત ન હતા, તેથી પોતાનો ફોન હોવો એ ખુબ જ મોટી વાત હતી. ફોન માટે હું ખૂબ આતુર હતો! જ્યારે ફોન ઘરે આવ્યો ત્યારે મેં મેદાનમાં જઈને મારા મિત્રોની સામે અમારે ત્યાં આવનારા ફોન વિશે મોટાઈ બતાવી. મોટાભાઈને જ્યારે તે સમાચાર મળ્યા ત્યારે તેમણે અમને બધાને કડક સૂચના આપી કે જરૂરિયાતવાળી પ્રત્યેક વ્યક્તિને ફોનનો ઉપયોગ અમારે કરવા દેવો.

થોડા જ સમયમાં પડોશમાં રહેતા અનેક લોકો ફોનનો ઉપયોગ કરવા અમારે ત્યાં આવવા લાગ્યા અને બદલામાં તેઓ અણમોલ સ્મિત અને પ્રેમાળ સંબંધનું ભાથું બંધાવતા સામેની વ્યક્તિ સાથે ફોન પર વાત કર્યા પછી તેમના મુખ પર સંતોષની છાયા જોવા મળતી, મોટાભાઈ હંમેશા બીજાને આપવાના હિમાયતી શા માટે હતા તેનું એ જીવંત ઉદાહરણ હતું. અને ત્યાર પછી તો નિયમિતરૂપે અમારી આજુબાજુના લગભગ ૧,૨૦૦ ઘરોમાંથી પડોશીઓ અમારે ત્યાં ફોન વાપરવા આવતા અને તેને જ કારણે તેમની સાથે અમારો અતૂટ નાતો બંધાયો.

મોટાભાઈએ અમને શીખવાડ્યું કે કેવી રીતે કોઈને કોઈ મદદ કરવાથી આપવાથી ઈશ્વરે આપણને જે આપ્યું છે તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી શકાય છે. તેઓ કહેતા, "પ્રકાશને અવરોધો નહીં પરંતુ અંધારામાં પ્રકાશનું કિરણ બની બીજાના જીવનને પ્રકાશિત કરો" તેમના આદર્શ અને માન્યતાને અમે સ્વીકારી. પરિણામરૂપે, નિયમિત રીતે લગભગ રોજ જ અમારે ત્યાં મહેમાનો આવતા. મહેમાનોને કારણે મારી માતા નું કામ ખૂબ વધી જતું, તેમના ગયા પછી બધી સફાઈ કરવી પડતી અને દિવસને અંતે તે એટલી થાકી જતી કે તેને કારણે ક્યારેક અકળામણ થતી.

અમારા પરિવારમાં અમને અમારા શોખ પુરા કરવાની પૂરી સ્વતંત્રતા હતી. શાળાકીય શિક્ષણનું પરિણામ ખૂબ સારું જ આવવું જોઈએ તેવું અમારા ભાઈ - બહેનો પર દબાણ નહોતું. બા એવું માનતી કે દરેક વ્યક્તિએ તેને ગમતી પ્રવૃત્તિઓ કરવી જોઈએ જ્યારે પિતાજીએ અમને જાતે પસંદગી કરી સ્વાનુભવમાંથી શિક્ષણ મેળવવાની સ્વતંત્રતા આપી હતી. તેમની આ વિભક્ત વિચારધારાઓએ અમારા જીવનનું ઘડતર કરવામાં ખૂબ મોટો ફાળો આપ્યો અને કદાચ એટલે જ હું અને મારા ભાઈઓ નિશ્ચિંતતા અને સ્થિરતાથી આગળ વધ્યા.

થોડા સમયમાં અમારી આર્થિક પરિસ્થિતિ વધુ સુધારતા અમે નવી જગ્યાએ રહેવા જવાનું નક્કી કર્યું. હૃદયના કોઈ ખૂણે મને એવું લાગતું કે 'સુંદર ભવન' થી સારી જગ્યા બીજી હોય ન શકે. મારી સાથે હું ફક્ત સંસ્મરણો નહીં પરંતુ મારા પિતા અને આ સોસાયટીએ શીખવેલા ગહન મૂલ્યોને પણ લઈ જવાનો હતો. અનેક વર્ષો સુધી આ ઈંટોની દિવાલોએ કોશેટો બની

મારું રક્ષણ કર્યું હતું. તે ફક્ત મારું રહેઠાણ નહોતું પરંતુ મારા જીવન ઘડતરનો પાયો હતો.

*****

કારકિર્દી

અમારું નવું રહેઠાણ - સત્યમ, નવું જ બંધાયેલું ૬ માળનું બિલ્ડિંગ હતું, જેની ગણના તે સમયે કાંદિવલીના બહુમાળી મકાનોમાં થતી હતી. સત્યમના અમે પ્રથમ રહેવાસી હતા. શરૂઆતના સમયમાં જ્યારે લિફ્ટ નહોતી ચાલુ થઈ તે સમયે પાંચમે માળે પહોંચવું અઘરુ હતું, એમાં પણ અમારા જેવા ભોંયતળિયે રહેવાવા ટેવાળા લોકો માટે તે વધુ અઘરું હતું. અમારી બાલ્કનીમાંથી સૂર્યોદય-સૂર્યાસ્ત અને દૂર આવેલો મ્યુનિસિપલ સ્વીમિંગ પૂલના સુંદર દ્રશ્યો દેખાતા તથા સાંજના સમયે બાજુના જુના ગામનો કોલાહલ પણ સંભળાતો.

સમય ઝડપથી પસાર થતો રહ્યો અને અમે આ નવી, સમૃદ્ધ અને અનોખી જીવન પદ્ધતિથી ટેવાતા ગયા. અમારી આજુબાજુમાં રહેવાવાળા ઘણાખરાં લોકો મુંબઈના 'સી' વોર્ડ થી આવ્યા હતા. તેઓ ખૂબ આનંદી અને ઉત્સાહી હતા, અમે એક પરિવારની જેમ સાથે રહેતા અને વિવિધ પ્રસંગોને સાથે મળી ખુશીથી ઉજવતા. જ્યાં મારું પાયાનું ઘડતર થયું હતું તે 'સુંદર ભવન' ના સ્મરણોનું સ્થાન બદલાયું ન હતું પરંતુ નવા રહેઠાણ 'સત્યમ' નો આનંદ જાણે કેક ઉપરની ક્રીમ જેવો હતો.

શિક્ષણ ક્ષેત્રે હું સામાન્ય વિદ્યાર્થી હતો તેથી ઉચ્ચ શાળાકીય શિક્ષણ પુરું થતાં મેં પી. ડી. લાયન્સ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઇકોનોમિક્સ, મલાડ મા બૅચલર ઓફ કોમર્સ પ્રોગ્રામના વિષયો સાથે આગળ ભણવાનું શરૂ કર્યું. કોલેજના એ દિવસો ખૂબ જ આલ્હાદક હતા, મિત્રો સાથે ગ્રુપ બનાવી રખડવું, ક્લાસમાં ગુટલી મારવી પણ પકડાઇએ નહીં તેનું ધ્યાન રાખવું વગેરે. તે સમયે અમારું શ્રેષ્ઠ જીવન જીવી રહ્યા હતા.

બધું જ આનંદપૂર્વક ચાલી રહ્યું હતું કે 'મોટાભાઈ' ની તબિયત બગડી. ઘણીવાર તે ખૂબ થાકી જતા, ચાલતી વખતે લથડિયું ખાઈ જતા, સોય કે પીન ભોંકાતી હોય તેવી ઝણઝણાટી તેમની કરોડરજ્જુમાંથી પસાર થઇ પગ સુધી પહોંચતી. ઘણી વખત તેમનો દુખાવો એટલો વધી જતો કે રાત્રે તેઓ દુઃખથી તડપતા. મોટાભાઈની સારવાર જાણીતા મુંબઈના જાણીતા ઓસ્ટીઓપેથ 'ડૉ. ક્રિષ્ના મુરારી મોદી' ના હસ્તક થતી હતી. મારા પિતાને સાઈટીકાની સમસ્યા હતી. ડોક્ટરે તેમને સંપૂર્ણ પથારીવશ રહી સાકર વગરનો ખોરાક લેવાની સલાહ આપી હતી. પિતાજીના બીમાર પડવાથી અનેક આર્થિક સમસ્યાઓ પણ નિર્માણ થઈ કારણ કે તે જવાબદારી ફક્ત મોટાભાઈ જ વહન કરતા હતા. મારી બાને પિતાજીની તબિયતની ખૂબ ચિંતા રહેતી, તે પડછાયાની જેમ તેમની સાથે રહી સેવા કરતી અને પ્રત્યેક જરૂરિયાતોનું ધ્યાન રાખતી. મારા પિતા જલ્દીથી સારા થઈ જાય, તેમને ઈશ્વરના આશીર્વાદ મળે તે માટે સતત પ્રાર્થના કરતી. આંખમાં આવતા આંસુઓને તેના હાસ્યની પાછળ અને અમારાથી છુપાવવાનો પ્રયત્ન કરતી. પરંતુ, અમે તેનું દુઃખ સમજી શકતા અને તેથી બધા ભાઈ બહેને સાથે મળી પરિવારની જરૂરિયાતો ને પહોંચી વળવા કામ કરવાનું નક્કી કર્યું. હર્ષદ ભાઈએ આર્થિક રૂપે સહાયક થવા દવાની કંપનીમાં કામ શરૂ કર્યું અને મેં પિતાના બધા કાર્યો કરવાનું નક્કી કરી મારો ફાળો નોંધાવ્યો.

મોટાભાઈ ખૂબ જ કામઢી વ્યક્તિત્વ ધરાવતા હતા, અમે ક્યારેય તેમના એક તરફ બેસી રહેતા જોયા નહોતા. જ્યારે તેઓ બીમાર પડ્યા ત્યારે જાણે તેમના ચહેરા પરથી નૂર ઉડી ગયું

હોય તેવું લાગતું. તેમને તકલીફમાં જોઈ અમારો પરિવાર ભાંગી પડ્યો. કોઈપણ કાર્ય કરી શકવાને અસમર્થ હોવા ને કારણે પિતાએ તેમનો બધું ધ્યાન આધ્યાત્મિક ક્ષેત્રે કેન્દ્રિત કર્યું. તેમણે ભારતમાં જન્મેલા આધ્યાત્મિક શિક્ષક, ગુરુ અને રહસ્યવાદી 'ઓશો' ના જ્ઞાનને આત્મસાત કરવાનો પ્રયત્ન કર્યો. 'ઓશો' નું તત્વજ્ઞાન અદ્વૈતવાદ વિચારધારા સમાન છે, જે માને છે કે દરેક વસ્તુમાં ઈશ્વર છે અને પ્રત્યેક વ્યક્તિ દિવ્યતત્વનો અંશ છે. 'ઓશો' એ 'સક્રિયધ્યાન' ની એક નવી પદ્ધતિની શરૂઆત કરી હતી જેમાં પોતાનો અહમ, તથા ભૂત અને ભવિષ્યકાળના બધા જ બંધનોને પસાર થઈ જવા દેવામાં આવે છે.

મોટાભાઈએ 'ઓશો' ના કાર્યક્રમોની અનેક સહાયક વસ્તુઓ ખરીદી અને લગભગ બધો જ સમય વાંચન તથા આધ્યાત્મિક પ્રવચનો સાંભળવામાં વ્યતીત કરવા લાગ્યા, તે ઉપરાંત તેઓ ધ્યાને નવી નવી પદ્ધતિઓ પણ શીખ્યા. સૂતી વખતે અને ઉઠ્યા પછી ભજન સાંભળવા લાગ્યા. મને થોડો ગુસ્સો આવતો અને શંકા જતી કે શું મોટાભાઈ સાધુ બની જશે? મારી સમજ મુજબ તેઓ સામાજિક જવાબદારી સ્વીકારનાર પારિવારિક વ્યક્તિ હતા પણ આખરે, અમારા પિતા હતા તેથી અમારી થોડી નારાજગી હોવા છતાં તેમણે સ્વાસ્થ્ય સુધારવા આ સંદર્ભે અથાક કાર્ય કર્યું અને લગભગ દોઢેક વર્ષની અંદર સંપૂર્ણ રીતે સાજા થઈ ગયા.

પારિવારિક જવાબદારીઓ પૂર્ણ કરવાની સાથે સાથે મેં બીજા વર્ગમાં સ્નાતકની પદવી મેળવી. જે સમયે ઘણા ખરા લોકો તેમના ભવિષ્યની યોજના નિર્ધારિત કરી ચુક્યા હોય છે ત્યારે હું મારા ભાવિ માટે અનિશ્ચિત હતો.

સમયની સાથે તાલ મિલાવવા મેં આઈ.સી.ડબલ્યુ.એ. (ICWA) માં કોસ્ટ એકાઉન્ટન્સી કરવાનું નક્કી કર્યું જેના ક્લાસીસ દિવસમાં ફક્ત બે કલાક હતા તેથી બાકીનો સમય હું કંટાળી જતો. મોટાભાઈની કથળેલી તબિયતને કારણે આર્થિક સમસ્યાઓ તો હતી જ, વળી મોટા થયા હોવાથી મને એ પણ સમજાતું કે મારે આર્થિક રીતે પણ મારો ફાળો આપવો જોઈએ, તેથી ફાજલ સમયમાં મેં નોકરી કરવાનું નક્કી કર્યું.

વિશ્વની પ્રથમ પાંચ કન્સ્ટ્રક્શન કંપનીઓમાં સ્થાન ધરાવતી, 'લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ' - (એલ એન્ડ ટી) કંપની જેનું મુખ્યમથક ભારતમાં છે તેની એક જાહેર ખબર મારા ધ્યાનમાં આવી. કંપનીને મેનેજમેન્ટ એકાઉન્ટિંગ માટે તાલીમાર્થી ની જરૂરિયાત હતી. હું એલ એન્ડ ટી કંપનીની સમૃદ્ધિ અને વિપુલતાથી પૂર્ણ રૂપે પરિચિત હતો તથા મલ્ટિનેશનલ કંપનીમાં કામ કરવાનો અનુભવ મારા ઉજ્જવળ ભવિષ્ય માટે ઉત્તમ આધાર બની રહેશે તેવું મને લાગ્યું, અને તેથી આ કંપનીમાં જોડાવાનો નિર્ણય કરી મેં ફોર્મ ભર્યું. અને સાથે સાથે મેં ભારતની સૌથી મોટી ઓટોમોટિવ ગિયર બનાવતી કંપની 'ભારત ગીયરસ લિમિટેડ' - (બી જી એલ), માં (જે વિશ્વમાં ઓટોમેટીવ ગિયર ટેકનોલોજી નો પાયો નાખનારી કંપનીઓમાંની એક છે) પણ તાલીમાર્થી તરીકે અરજી નાંખી. બંને કંપનીઓમાંથી મને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યો.

'ભારત ગીયરસ લિમીટેડ' ની હેક્સટ હાઉસમાં, ૧૪માં માળે આવેલી ઓફિસમાં જ્યારે હું પહોંચ્યો ત્યારે થોડો ગભરાયેલો હતો. નવી કંપની હોવાને કારણે તે ખૂબ અધતન નહોતી પરંતુ તેનું પરિસર રમણીય હતું.થોડા જ સમયમાં કંપનીની ઉચ્ચ એકઝીક્યુટીવ ટીમના સદસ્ય શ્રી બી. એમ. ચોપરા સર સાથે મારી મુલાકાત થઈ. મોટા સ્થાન પર હોવા છતાં તેઓ ખૂબ જ નમ્ર હતા. તેમના હસમુખા વર્તનને કારણે મારો ગભરાટ ઓછો થયો અને સુરક્ષિતતાનો અનુભવ

થયો. પ્રથમ મુલાકાતમાં અમારી વચ્ચે એક સંબંધ સ્થપાઈ ગયો અને મારી પસંદગી પણ થઈ ગઈ.

હું એલ એન્ડ ટી ના ઉત્તરની પ્રતીક્ષામાં હતો. મારા જેવા નવા સભ્યને સહેલાઇથી સફળતા મળે તે માટે ખ્યાતનામ કંપનીની આકાંક્ષા હતી. એકાદ અઠવાડિયા પછી મારું સ્વપ્ન ખરું ઠર્યું. એલ એન્ડ ટી માં મને નોકરી મળી ગઈ અને સ્ટાઇપેન્ડ તરીકે તે બીજીએલ. કરતા બમણી રકમ આપતી હતી. તેથી મેં તેને સ્વીકારવાનું નક્કી કર્યું અને સફળતા તથા બદલાયેલી જીવનશૈલીના દિવાસ્વપ્ન જોવા લાગ્યો. મારી નોકરી વિશેના વિચારો કરતો કરતો હું શ્રી ડૉ. કલ્યાણજી ગાલીઆ પાસે પહોંચ્યો તેઓ અમારા ફેમિલી ડોક્ટર અને મારા મિત્ર પણ હતા. તેમની બુદ્ધિમત્તા અને નમ્રતા ને કારણે ખૂબ જાણીતા હતા. ઘણા વખતથી હું તેમને મળ્યો ન હતો તેથી અમે રાજકારણ, વ્યપાર, જેવા અનેક વિષયો તથા જીવન વિશે અનેક વાતો કરી. મેં મારી કારકિર્દીના નિર્ણય વિશે પણ તેમને બધું જ જણાવ્યું. બધી વાત શાંતિથી સાંભળી તેઓ જરા અટક્યા અને પછી કહ્યું "યોગેશ, તારે બીજીએલ સાથે જ કામ કરવું જોઈએ!" એલ એન્ડ ટી ની ખ્યાતિથી અંજાયેલો હોવાથી હું મૂંઝવણમાં પડ્યો. તેમણે ઉમેર્યું 'સોનાની માછલી દરિયામાં ક્યારેય જ દેખાય પરંતુ જો તેને ઘરની માછલીની ટાંકીમાં મુકવામાં આવે તો અનેક લોકો તેનાથી આકર્ષાતા હોય છે." વધુ ચોખવટ કરતા તેમને જણાવ્યું કે "જો હું મારી કારકિર્દીની શરૂઆત નાની કંપની સાથે કરીશ તો મારી સફળતા અને યોગદાન વધુ ધ્યાનમાં લેવાશે અને હું જ્ઞાનરૂપી ધન પ્રાપ્ત કરીશ."

તેમની સલાહમાં તથ્ય હતું, મોટી કંપનીઓના નેજા હેઠળ ઘણા લોકો દબાઈ જતા હોય છે જો આપણે આપણી પ્રતિભાને વ્યક્તિગત રીતે ઉજાગર કરીએ તો જરૂરથી વધુ વિકાસ કરી શકીએ. તેમની વાત સરળતાથી મારે ગળે ઉતરી ગઈ અને હું બીજીએલ સાથે જોડાયો રહ્યો. કંપની પણ પોતાની પ્રગતિ કરી રહી હતી, મારા બૉસ શ્રી રમેશ આર. ચોક્સી, મને ખૂબ પ્રોત્સાહન આપતા અને નવું નવું શીખવાની તથા આગળ વધવાની તક આપતા. કંપનીના માલિકો તથા કર્મચારીઓ સાથે વાતચીત કરવાથી મને અનુભૂતિ થતી કે હું સાચા માર્ગ પર છું. એક વર્ષમાં જ મને ૮૫૦ રૂા. પગાર સાથેની પૂરા સમયની નોકરીનો પ્રસ્તાવ આવ્યો ત્યારે હું નિશ્ચિત થઈ ગયો કે મારી કારકિર્દી ખુબ આગળ વધશે.

એક વર્ષ અકાઉન્ટ વિભાગમાં સખત લગનથી કામ કર્યા પછી મારી કંપનીએ મને ઇલેક્ટ્રોનિક ડેટા પ્રોસેસિંગના (EDP) કામ માટે કમ્પ્યુટર વિભાગમાં ખસેડ્યો. હું કોમર્સનો વિધાર્થી હોવાથી ચિંતિત થઈ ગયો કે કોમ્પ્યુટર અને ટેકનોલોજી નું કાર્ય કેવી રીતે કરી શકીશ? પરંતુ, મારા ઉપરીઓ મારા કામની ગુણવત્તાથી ખુબજ ખુશ હતા અને તેમને મારી ક્ષમતામાં વિશ્વાસ હતો તેથી તેઓ એવી ઇચ્છા રાખતા કે હું આ ક્ષેત્રે પણ સારું કાર્ય કરું. કમ્પ્યુટર ક્ષેત્રે કામ કરવા માટે જરૂરી હોય તેવું તકનીકી જ્ઞાન મેળવવા તેમણે મને થોડા ટેકનિકલ કોર્સ કરવાનું કહ્યું અને તે માટેનો આર્થિક ખર્ચ ઉપાડવાનો પણ પ્રસ્તાવ મૂક્યો જે ખુશીથી મેં સ્વીકારી લીધો. મને એ જ્ઞાત હતું કે ભારત આઇ.ટી. ક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે તેથી મારી આ નવી શરૂઆત જરૂર સફળતા અપાવશે તેમ હું માનવા લાગ્યો.

મને સમજાઇ ગયું હતું કે સફળતા મેળવવા માટે સખત મહેનત, આત્મવિશ્વાસ તથા નવી નવી વસ્તુ શીખવા માટે સમય અને મહેનત બંને આપવા પડશે. વહેલી સવારે હું કમ્પ્યુટરના કોચિંગ ક્લાસમાં જતો અને સાંજે કલાકો સુધી ઓફિસમાં કામ કરતો. ત્યાર પછીના કેટલાય વર્ષો સુધી આ મારો રોજિંદો ક્રમ બની રહ્યો.

મોટાભાઈ મારું કામ અને મેં ઉપાડી લીધેલી જવાબદારીઓ જોઈ ખુશ હતા. એક સાંજે રાત્રીના ભોજન પછી તેઓ મને ચાલવા લઈ ગયા, આ પહેલા અમે ક્યારેય આવી રીતે ગયા ન હોવાથી હું તેમનો આશય જાણવા આતુર હતો. રસ્તા પર અંધારું હતું, કોઈ રાહદારીઓ ન હતા, આકાશમાંથી વરસતી ચાંદની અંધારાને ચીરીને આગળ વધતા રસ્તાને પ્રકાશિત કરતી હતી. અમે ચૂપચાપ શાંતિથી ચાલી રહ્યા હતા, મૌનને તોડવાનો પ્રયત્ન કરતા મેં પૂછ્યું, તમારે મને કંઈ કહેવું ? મારી તરફ ફરી સામે જોતા એ જરા અટક્યા અને કહ્યું, યોગેશ, તું મોટો થઇ રહ્યો છે, અને હું ઈચ્છું છું કે તું એ સમજે કે જીવન એ ખૂબ વિલક્ષણ સાહસ છે. એ તને ઉન્નત થવાની કે જેવા છીએ તેવા જ રહેવાની પસંદગી આપે છે. જો તું જેવાં છીએ તેવા જ રહેવાની પસંદગી કરીશ તો જ્યાં સુધી તું તેમાંથી કઈ શીખીશ નહીં ત્યાં સુધી તારે એની એજ તકલીફો, એજ રોજીંદી ઘટમાળ, એ જ પરિસ્થિતિ અને એ જ ઉત્પાતોનો સામનો કરવો પડશે. પરંતુ, જો તું તારા ઉત્કર્ષને સ્વીકારીશ તો તારું જોડાણ તારી ભીતરના સામર્થ્ય સાથે થશે. તારી સુરક્ષિતતાના કોચલાની બહાર જે વ્યાપ્ત છે તેનું તું અન્વેષણ કરી શકીશ. તું નક્કી કર તારે ઉન્નત થવું છે કે હારી જવું છે. અત્યાર સુધીમાં પ્રથમ વખત મને એક પિતાની સલાહ મળી રહી હતી એ જોઈ હું સ્તબ્ધ થઇ ગયો, તે મારા રક્ષક હોય તેમ અમિનેષ નજરે હું તેમને જોઈ રહ્યો. એકબીજા સાથે સ્મિતની આપ-લે કરી અમે ઘરે પાછા આવ્યા.

પાછલા વર્ષોમાં હું ધ્યેયનિષ્ઠ વ્યક્તિ તરીકે વિકસીત થયો હતો. મેં મારું ધ્યાન વ્યક્તિગત ઉદ્દેશો બનાવી તેને સિદ્ધ કરવા પર કેન્દ્રિત કર્યું હતું. મારી કારકિર્દીમાં હું સારી પ્રગતિ કરી રહ્યો હોવાથી મારો પરિવાર હવે મારા લગ્ન કરાવવા માંગતો હતો અને તેમણે યોગ્ય પાત્રની તપાસ પણ શરૂ કરી દીધી હતી. હું એવું માનતો હતો કે મારી આવક સારી હોવા છતાં મારી કારકિર્દીમાં વધુ પ્રગતિ થઇ શકે તેમ હતી તેથી લગ્ન માટે હું તૈયાર નહોતો.

એક શનિવારે સાંજે હું વહેલો ઘરે આવ્યો ત્યારે મારા ઘરના સભ્યોએ કહ્યું કે તેમણે મારા લગ્ન માટે મુલાકાત ગોઠવી છે. મને તેમાં રસ નહોતો પરંતુ તેમના ઉત્સાહને હું ટાળી ન શક્યો. આ મુલાકાત મારા માસીના ઘરે ગોઠવવામાં આવી હતી. સારી રીતે સીવાયેલા ચોકલેટી રંગના વસ્ત્રો પહેરી હું તૈયાર થયો. જ્યારે મારી બાએ મને જોયો ત્યારે તેની આંખમાં આંસુ આવી ગયાં. દરેક ભારતીય માતાની જેમ મને નજર ન લાગે તે માટે કાનની પાછળ કાજળથી ટપકું કર્યું. મારા કપાળ પર ચુંબન કરી કહ્યું, હું ખૂબ સોહામણો દેખાઉં છું. ત્યારબાદ હમેંશની જેમ સૌમ્ય સ્વરે ઉમેર્યું કોઈ પણ છોકરી તારાથી પ્રભાવિત થઈ જશે. અને એકબીજા તરફ જોઇ અમે હસી ઉઠ્યા.

તે સમયે લગ્નનો અર્થ હતો બે પરિવારોનું જોડાણ, લગ્ન માટે પરિવારની મંજૂરી હોવી આવશ્યક હતી બાળકોની વાતનું મહત્વ ખૂબ ઓછું હતું. અમે માસીના ઘરે પહોંચ્યા એટલે તેના પરિવારે અમારુ સ્વાગત કર્યું. મારી આજુબાજુ અનેક લોકો હોવાથી હું તેની ઝલક જોવા શાંતિથી ઉભો રહ્યો. હાથમાં શરબતની ટ્રે લઇ જયારે ભાવનાએ પ્રવેશ કર્યો અને પ્રથમ વખત મેં તેની સામે જોયું અમારી આંખો મળી, મને ધ્યાન આવ્યું કે તે મારી સહપાઠી હતી અમને બંનેને તે અનુભૂતિ થઈ કે અમે એકબીજાથી સાવ અજાણ્યા નથી. તેને મારી તરફ સ્મિત કર્યું અને મારું હૃદય પીગળી રહ્યું આત્મીયતાથી ભરેલી એની આંખોમાં એવું આકર્ષણ હતું કે કોઈપણ વાતચીત થયા વગર અમે એકબીજા સાથે જોડાઇ ગયા. મને એવું લાગ્યું કે જાણે સમગ્ર વિશ્વ અમને એકત્ર કરવા ઇચ્છે છે અને હું લગ્ન કરવા તૈયાર થઈ ગયો.

ઈ.સ. ૧૯૮૨ની ૨૦મી ડીસેમ્બરે અમારા લગ્ન થયા. ભાવના નખશીખ સૌંદર્યની અદભૂત પ્રતિમા સમાન હતી. ધવલ શ્વેત ગૌરવર્ણ, લાગણીઓને પ્રદર્શિત કરતી સ્વચ્છ ભાવવાહી કથ્થઈ આંખો, નિર્દોષ હાસ્ય અને પ્રેમાળ હૃદય. તેના પરથી મારી જાણે નજર નહોતી ખસતી. વગર માંગે મને બધું જ મળી ગયું હતું. અમે બંને અમારી આગવી અસ્મિતા જાળવીને એકબીજાના પૂરક બની રહ્યા હતા.

લગ્ન પછી જવાબદારી પણ વધતી હોય છે એ વાતથી હું સભાન હતો અને તેથી ફરીથી મારી નોકરી પર વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું. રાત-દિવસ જોયા વગર હું સખત મહેનત કરતો મારી સફળતાથી મારા બૉસ ખુશ હતા. પરિવારના સભ્યો ઇચ્છતા હતા કે હું ઘરમાં પણ વધુ સમય આપું, પણ ભાવના ખૂબ જ સમજદાર હતી, તે વગર બોલે શાંતપણે મને પ્રોત્સાહિત કરતી રહેતી. મોટાભાઈનું સમર્થન કરતી મારી બાની પ્રતિકૃતિ મને ભાવનામાં જોવા મળતી.

બીજીએલ કપંની ના નવા કોમ્પ્યુટર વિભાગમાં જોડાયાને છ વર્ષ થઈ ગયા હતા અને મારી આવક પણ વધી હતી. આ રીતે ગત સાત વર્ષોમાં વ્યક્તિગત તથા કારકીર્દી ક્ષેત્રે મારું જીવન અસરકારક રીતે બદલાયું હતું. અને તે માટે તેઓનો આભાર વ્યક્ત કરવા મારી પાસે કોઈ શબ્દો નથી. પણ તે છતાં મને ક્યાંક એવું લાગતું કે મારા કાર્યનું અવમૂલ્યાંકન થઇ રહ્યું છે. ઇન્ફર્મેશન ટેકનોલોજી (આઇ.ટી.) નું ક્ષેત્ર તે સમયે ખૂબ તેજીથી અને સ્પર્ધાત્મક રીતે વિકસી રહ્યું હતું, મને તેમાં પ્રગતિની વિપુલ તક મળી શકે છે તેવું પ્રતીત થયું, તેથી મેં મારા ઉપરીઓને મારી અસંતુષ્ટતા જણાવતો પત્ર લખ્યો અને નોકરી બદલાવવાનું નક્કી કર્યું.

આઇ.ટી. ક્ષેત્રે મેં હવે કુશળતા મેળવી લીધી હતી તેથી ભારતમાં ત્રીજા સ્થાને રહેલી અને અનેક ક્ષેત્રમાં વિવિધ કંપનીઓ ધરાવતી મફતલાલ ગ્રુપની "ડાયસ્ટફ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ" - (આઇડીઆઇ) માં મને સરળતાથી નોકરી મળી ગઈ. મેં મારું બધું જ ધ્યાન મારી આવડતનો ઉપયોગ કંપનીના ઉત્કર્ષ માટે કેન્દ્રિત કર્યું. મારા માર્ગમાં બાધાઓ આવતી હતી પરંતુ તે જ મારી પ્રગતિનો માર્ગ પણ બનતી હતી. કંપનીના સ્થાપકો સાથે મારા વ્યવસાયિક સંબંધો પણ ખૂબ ઘનિષ્ઠ હતા. કામ પ્રત્યેની મારી પ્રતિબદ્ધતા અને કાર્યશૈલીથી તેઓ ખુશ હતા. થોડા જ સમયમાં હું કંપનીમાં મહત્વની વ્યક્તિ બની ગયો અને કંપનીએ મને પોતાના ખર્ચે ભારતના અનેક શહેરોમાં તથા વિદેશોમાં પણ મોકલ્યો. અનેક વધારાની જવાબદારીઓ સ્વીકારવાને કારણે મારી પ્રગતિ પણ ઉત્તમ રીતે થઇ રહી હતી.

મારું વ્યવસાયિક જીવન સમૃદ્ધિના શિખર પર પહોંચી રહ્યું હતું અને સાથે સાથે મારું પારિવારિક જીવન પણ બદલાતું જતું હતું. મારા ભાઈ બહેનો પણ લગ્ન કરી તેમના જીવનમાં સ્થાયી થઇ રહ્યા હતા. અને હું, થોડા જ સમયમાં પિતા બનવાનો હતો. હા! ભાવના ગર્ભવતી હતી. પરિવારમાં આવનાર નવા નાનકડા મહેમાનને આવકારવા બધા અત્યંત ખુશ હતા. અમારું જીવન ખુશીઓથી ભરાઈ ગયું હતું. મને ક્યારેક થતું કે હું સારો પિતા બની શકીશ કે કેમ? પણ ત્યાર પછી મારા નાનકડા સંતાનને હાથમાં લઇ હું રમાડતો હોઉં, અને ખૂબ સંભાળ તથા પ્રેમથી કવચ બની તેનું રક્ષણ કરતો હોઉં તેવી કલ્પના પણ હું કરવા લાગ્યો હતો.

ભાવનાની પ્રત્યેક જરૂરીયાતનું, તથા તેને સંપૂર્ણ પોષણ મળે તેનું હું ખૂબ ધ્યાન રાખતો. ઓફિસેથી પાછા વળતાં ક્યારેક ફૂલ તો ક્યારેક આઈસ્ક્રીમ લઇ આવતો હતો. એકબીજા સાથે સમય ગાળી સુંદર ભવિષ્યની કલ્પનામાં અમે મગ્ન થઈ જતા. પણ થોડા જ સમયમાં ભાવનાની તબિયત અચાનક જ બગડી અને તેને ગર્ભપાત થઈ ગયો. ભાવનાનું હૃદય અતિશય દુઃખથી

ભરાઈ ગયું, હું તેની વ્યથા સમજતો અને તેને સાંત્વના આપતો કે થોડા જ સમયમાં આપણું ઘર ફરીથી નાના બાળકની કિલકારીઓથી ભરાઈ જશે. પણ, મારી એ સાંત્વના ખોટી પડી અને ભાવનાને ઉપરાઉપરી ગર્ભપાત થવા લાગ્યો. મેડીકલ વિજ્ઞાનથી લઈ આયુર્વેદિક ઉપચારો સુધી બધા પ્રયત્નો અમે કર્યા પણ કોઈ પરિણામ ન આવતા અમે આશા છોડી દીધી. અનેક ગર્ભપાતને કારણે ભાવનાનું સ્વાસ્થ્ય પણ બગાડયું હતું અને મારો તબીબી ખર્ચ પણ ખૂબ વધ્યો હતો. બીજી તરફ અથાક મહેનત કરવા છતાં કંપની મારા પગારમાં વધારો નહોતી કરી રહી અને તેથી મેં મફતલાલ કંપનીને - આઈ ડી આઈ ને છોડવાનો નિર્ણય કર્યો.

મારા વ્યવસાયિક જીવનમાં મેં અનેક નવા અભિગમો અપનાવ્યા હતા. મારી પાસે મારા જીવનનો, આગળ વધવાનો એક નિર્ધારિત માર્ગ હતો. વ્યવસાયિક રૂપે સફળતા મેળવી હું ૫૦ વર્ષની વયે નિવૃત્ત થઈ જવા માંગતો હતો. તેના નવા આયામ રૂપે ભારતની ઇન્ફર્મેશન ટેક્નોલોજીની મલ્ટીનેશનલ કંપની 'માસ્ટેક' માં નોકરી સ્વીકારી, જેણે મને ઔધોગિક ક્ષેત્રે ડિજિટલ કાયાપલટના સોફ્ટવેર વિષયક કાર્યો આપ્યા જેને મારી આર્થિક સ્વતંત્રતા ખૂબ વધારી.

મારા માર્ગદર્શક અને બોસ - સુધાકર રામ સાથે વર્ષો સુધી મારુ ઘનિષ્ઠ સંબંધ રહ્યો. અતિ ધનાઢ્ય હોવા છતાં તેઓ ખૂબ જ નમ્ર અને વિવેકી હતા. તેમણે મારા ઉત્સાહને વધાર્યો, મારી શક્તિઓનો ઉપયોગ કર્યો અને મારી પ્રગતિ માટે મારું માર્ગદર્શન કર્યું. અમારી આકાંક્ષાઓ અને ધ્યેય સમાન હતા અને પ્રત્યેક પરિસ્થિતિમાં તેને પ્રાપ્ત કરવા ખંતપૂર્વક પ્રયત્નો કરતા. અને અંતે મારી કારકિર્દીમાં મોટો ઉછાળ આવ્યો અને તે પરિપૂર્ણતા તરફ આગળ વધવા લાગી.

અમારા લગ્નની ૧૦મી વર્ષગાંઠની ઉજવણી કરવા હું ભાવનાને સિંગાપોર લઈ ગયો. દસ વર્ષ ના લગ્ન પછી પણ તેનું સૌંદર્ય યથાવત્ હતું, તેના આકર્ષક વ્યક્તિત્વને ક્યાંય ઝાંખપ નહોતી લાગી. ભાવના મારા જીવનમાં આવી તે માટે હું મારી જાતને ખુબ જ નસીબદાર ગણતો હતો. રાત્રીના ભોજન સમયે મેં તેને વીંટી ભેટમાં આપતાં કહ્યું "તને ખબર છે તું આટલી સુંદર કેમ છે!? કારણકે, તું બીજાઓની ખૂબ સંભાળ રાખે છે, તું જ્યાં હોય તેની આજુબાજુની પ્રત્યેક વસ્તુ અને વ્યક્તિ બધું જ સુંદર બની જાય છે. તું એવું ફૂલ છે જે તેના સૌંદર્યથી આસપાસના સમગ્ર વિશ્વને અને મને પણ ખીલવી મૂકે છે." અને મેં તેને મારી આગોશમાં લઈ લીધી ત્યારે જાણે એવું લાગ્યું કે હું વિશ્વવિજયી બની ગયો છું.

મારા જીવનમાં હંમેશા એવું બનતું આવ્યું છે કે એક ધ્યેય પૂર્તિ થતા જ, મારી સમક્ષ, જાણે મને વધુ સક્ષમ કરવા એક નવી પરીક્ષા આવીને ઊભી રહે છે. ૬ વખત ગર્ભપાત થયા પછી ભાવના ફરીથી ગર્ભવતી બની. આ વખતે અમને વધુ આશા નહોતી, ભાવના અવાર-નવાર વ્યથિત થઈ ડૂસકે ચઢી જતી. હું તેને વધુ શું મદદ કરી શકું?   પણ, ડગલે ને પગલે તેની સાથે રહેતો, તેને હિંમત આપતો અને કહેતો, "તું મારા માટે સૌથી વધુ મૂલ્યવાન છે, બાળક હોય કે ન હોય મારો તારા પ્રત્યે નો પ્રેમ ક્યારેય ઓછો નહીં થાય. મારા અસ્તિત્વ પાછળનું કારણ જ તું છે, તને ખબર નથી કે હું તને કેટલો પ્રેમ કરું છું!" મારી વાત સાંભળી તે હસી પડતી અને અમે, બધું જ સુખરૂપ થાય તેવી ઈશ્વર પાસે પ્રાર્થના કરતા.

ભાવનાની પ્રેગ્નન્સી દરમિયાન મારે ઓફિસના કામથી મીટીંગ માટે હૈદરાબાદ જવાનું થયું, બે મહિના પછી ભાવનાની પ્રસૂતિની તારીખ આવતી હોવાથી તે નહોતી ઈચ્છતી કે હું તેનાથી દૂર જાઉં. તેને હૈયાધારણ મેં કહ્યું, હું ખૂબ જ જલ્દી પાછો આવીશ. ભાવના તેના ભાવભીના

હાસ્ય સાથે મને લીફટ સુધી વળાવવા આવી. એની સુંદર આંખો પર ધ્યાન કેન્દ્રિત કરતા મેં લીફ્ટનો દરવાજો બંધ કર્યો અને અમે એકબીજાને ગુડબાય કર્યું. બે કલાકની પ્લેનની મુસાફરી પછી હું હૈદરાબાદ પહોંચ્યો. હજુ મેં ઓફિસમાં પગ જ મૂક્યો હતો અને મારી 'બા' નો ફોન આવ્યો કે, કટોકટી ઉભી થવાથી ભાવનાને હોસ્પિટલમાં દાખલ કરી છે. શું થયું હશે,? હું તેની કલ્પના કરી શકતો નહોતો. હું દોડતો એરપોર્ટ પહોંચ્યો મારા સદનસીબે મુંબઈ જતુ પ્લેન મોડું પડ્યું હતું તેમા મને સિટ પણ મળીગઈ. બધુ સહી સલામત હોય તેવી આશા રાખતો હું પ્લેનમાં બેઠો. એરપોર્ટ પર દિવ્યેશ, મારા જીજાજી મને લેવા આવ્યા હતા તેમણે એક રૂપિયાનું પેકેટ મારા ખિસ્સામા મૂકી દિધુ. જલ્દીથી અમે હોસ્પિટલ પહોંચ્યા, ઘણા બધા લોકો ત્યાં ભેગા થઇ ગયા હતા, મારા મગજમાં સતત ભાવનાના જ વિચારો આવતા હતા, મને લાગતું કે હું તેને ફરી જોઈ શકિસ કે કેમ? મારી લાગણી પર કાબૂ રાખતા હું ડોક્ટરની કેબિન તરફ દોડી ગયો. તેમણે જણાવ્યું કે, "પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે, અમે ભાવનાને બચાવવાનો પૂરતો પ્રયત્ન કરીશું પણ બાળકના બચવાની અમે ખાતરી નથી આપી શકતા". અને ભવિષ્યની કોઇ પણ પરિસ્થિતિ માટે હોસ્પિટલ જવાબદાર નહીં હોય તેવા પેપર પર તેમણે મારી સહી લીધી.

ઓપરેશન થિયેટરની બહાર બેસી હું અને મારો પરિવાર ભાવનાની ક્ષેમકુશળતા માટે પ્રાર્થના કરી રહ્યા. લગભગ અડધો કલાક પછી ઈશ્વરે અમારી પ્રાર્થનાનો જવાબ આપ્યો. ઓપરેશન થીયેટરમાંથી બહાર આવેલી નર્સે અમને ખુશખબર આપતા કહ્યું કે ભાવના હવે સલામત છે અને અમારે ત્યાં સુંદર પુત્રીનો જન્મ થયો છે. હું ખુશીથી મારા મિત્ર કૈલાસ ને ભેટી પડ્યો, જે મારી ગૈરહાજરીમા ભાવનાને સમયસર હોસ્પિટલ લઈ આવ્યો હતો અને મારી પત્ની અને પુત્રીનું જીવન બચાવવા માટે તેનો ખુબ ખુબ આભાર માન્યો. ભાવનાની રૂમમાં પગ મૂકતાં જ મારી આંખમાંથી ખુશીના આંસુ સરી પડ્યા. મારી પુત્રીને હાથમાં લઇ હું આનંદની ક્ષણોને માણી રહ્યો. તેજસ્વી આંખો અને કોમળ અંગો, મારી કલ્પના કરતાં પણ તે વધુ સુંદર હતી. હું વિચારી રહ્યો જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી પિતા તરીકે હું તેનું રક્ષણ કરીશ, અમે તેનું નામ 'ભૂમિ' પાડ્યું.

*****








"એક એવા વિશ્વમાં જેમાં પ્રત્યેક વસ્તુને વધુ ને વધુ વિભાજીત કરતા જઈ તેને જુદા જુદા નામો અપાતા જ જોવા મળે છે, તેવા સમયે આ પુસ્તક અને તેની અંદરની કથાઓ નિસ્વાર્થ પ્રેમની તાજી હવાની લહેર સમાન છે જે માનવતામાં આપણા વિશ્વાસને પુનઃ પ્રસ્થાપિત કરે છે. યોગેશને 'હોમ ઈન ઈન્ફિનીટ સ્પેસીસ' ની આ વાર્તાઓ લખવા બદલ ખૂબ ખૂબ અભિનંદન"



- આર. સુંદર

(માસ્ટેક કંપનીના સંસ્થાપક ડિરેક્ટર તથા
મારા જીવનના શિલ્પી)

પરિવાર પ્રથમ?

સંતાનોના જન્મ સાથેજ માતા - પિતાનો પણ જન્મ થતો હોય છે. છ વખતના ગર્ભપાતો પછી જન્મેલી 'ભૂમિ' અમારા ઘરનું વિશેષ સંતાન હતી. ભૂમિનો જન્મ થતા જ હું ફરીથી જીવંત થઈ ઉઠ્યો. તેનું મધુર હાસ્ય મારા દિવસભરનો થાક વિસારી દેતું. ભૂમિ તેની મમ્મી કરતા મારી સાથે ઘણી સામ્યતા ધરાવતી હતી. થોડા જ સમયમાં અમારે ત્યાં બીજા પુત્રીરત્ન 'સાક્ષી' નો જન્મ થયો. સાક્ષી ચુલબુલી અને મસ્તીખોર હતી. તેના ખડખડાટ હાસ્ય પાછળ તેના તોફાનો ઢંકાઈ જતા. મેં સાંભળ્યું હતું કે માતા-પિતા તરીકે વ્યક્તિમાં અનેક બદલાવ આવતા હોય છે મારા સંતાનોના જન્મ પછી હું તેને અનુભવી રહ્યો. તેમને પ્રેમ અને રક્ષણ આપી જવાબદારીપૂર્વક મોટા કરવા અને યોગ્ય સમયે તેમને સ્વતંત્રતા આપવી એ માતા-પિતાની પવિત્ર ફરજ છે તેવું મને સમજાવવા લાગ્યું.

વ્યવસાયિક જીવનમાં હું ઘણી પ્રગતિ કરી રહ્યો હતો. મારા કામના કલાકો અને આંતરરાષ્ટ્રીય પ્રવાસો વધી રહ્યા હતા. મારુ પારિવારિક જીવન ખુશ હતું, સંબંધોના મૂળ ઉંડા ઉતરી રહ્યા હતા અને જીવનશૈલી પણ વિકસિત થઇ રહી હતી. સાક્ષીના જન્મના થોડા જ સમય પછી અમે મુંબઈના સમૃદ્ધ વિસ્તાર મલાડમાં અધતન સગવડ ધરાવતા નવા ઘરે રહેવા ગયા. જુની ગાડી બદલીને નવી 'ફોર્ડ આઈકોન' ખરીદી હતી.

એક મિટિંગ માટે હું અમેરિકા જઇ રહ્યો, મારા વિમાનનું ઉતરાણ સાનફ્રાન્સિસ્કોમાં હતું, પરંતુ તે સમયે અમેરિકા પર ૯/૧૧ નો હુમલો થયો અને સલામતીના કારણોથી તેને કૅનેડાનાં વાનકુવરમાં ઉતારવામાં આવ્યું. ત્રણ દિવસ સુધી હું મારા પરિવાર સાથે સંપર્ક સાધી શક્યો નહીં. તેઓ ખૂબ ગભરાઇ ગયા હતા તેમને ચિંતા થતી કે મારા પર આ હુમલાની અસર તો નથીને થઈ ને? આ પરિસ્થિતિની મારા પરિવાર અને અવારનવાર થતા મારા અમેરિકાના વ્યાપારિક પ્રવાસો પર ખૂબ ગંભીર અસર પડી. અમેરિકાના મારા પ્રત્યેક પ્રવાસોમાં ત્યાંના અધિકારીઓ દ્વારા મારી ખૂબજ આકરી પૂછપરછ અને તપાસ થતી, જેને કારણે મારા બોસ સુધકાર રામે મારી બદલી અમેરિકામાં કરાવી દીધી.

વોશિંગ્ટન રાજ્યના સીટેલ શહેરના, બૅલેવ્યુ વિસ્તારમાં સરસ ઘર, સુંદર પત્ની અને બે વહાલી દીકરીઓ સાથેનું પ્રેમાળ જીવન અને રેડમોન્ડના માઈક્રોસોફ્ટના પ્રાંગણમાં નોકરી, હું ખૂબ જ ખુશમય અને ઉત્તમ જીવન જીવી રહ્યો હતો.

અમેરિકાની કાર્યપદ્ધતિ ભારતથી ખૂબ જ વિપરીત હતી. ત્યાંનું વાતાવરણ ખુલ્લી અને મુક્ત સંસ્કૃતિ ધરાવે છે, તમારે કયું કાર્ય કરવું, ક્યાંથી કરવું તેની પસંદગી આપે છે. અમેરિકાનું જીવન અહીંના જીવનથી વધુ સારું અને સમૃદ્ધ હતું. મારો ઘણો સમય મેં કામ સિવાયની નવી પ્રવૃત્તિઓ શીખવામાં પણ વ્યતીત કર્યો હતો. મારા બાળકો ત્યાંની સ્થાનિક શાળામાં ભણતા હતા. ભાવના તેની ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતી થોડા જ સમયમાં તેણે ત્યાંના ભારતીય સમાજ સાથે સંબંધો સ્થાપી દીધાં અને તેના ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમોમાં જવા લાગી. સીટેલ શહેરને એનો આગવો લય હતો પરંતુ સાથે સાથે ભારતીયતા નો સ્પર્શ પણ હતો. મારા માર્ગદર્શકો અને પરિવાર સાથે સુંદર રીતે મારો સમય વ્યતીત થઈ રહ્યો હતો. અમેરિકામાં બધી જ સગવડો અને ભારતીય મિત્ર વર્તુળ હોવા છતાં ઘણી વખત મને અને

ભાવનાને સામાજિક હૂંફ ની ખોટ લાગતી. ભાવનાને તો ઘરની પણ ખૂબ યાદ આવતી. તેથી અમે ઘરે પાછા ફરવાનું નક્કી કર્યું. આટલો સમય અમે અહીં રહી શક્યા અને હું અનેક સફળતાઓ મેળવી શક્યો તેની પાછળનું કારણ મારા માતા-પિતાનો અમને ખૂબ સહારો હતો. તેમનો આભાર વ્યક્ત કરવા મેં અમારા હોમમાં પાછા ફરતા પહેલા તેમની સાથે સિંગાપોર અને મલેશિયાનો પ્રવાસ ગોઠવ્યો.

મારા અમેરિકાના નિવાસ દરમ્યાન મારા માતા-પિતા પ્રથમ વખત અહીં આવી રહ્યા હતા. તેમને એરપોર્ટ પર જોતાની સાથે જ ભાવના તેમને વળગીને રડવા લાગી. બધાને એ વાતનો અણસાર હતો કે તેને અહીં સારું નહોતું લાગી રહ્યું પરંતુ અમે બધા પ્રથમ વખત વિદેશમાં વેકેશન ગાળવા જઈ રહ્યા હતા તેથી બધા વેકેશન મૂડમાં હતા. મારા બા અને મોટાભાઈ ને ખુશ જોઈ મેં કઈ સારું કર્યું હોવાની મને લાગણી થઈ. મોટાભાઈના મુખ પરનું હાસ્ય તેમની લાગણીઓને શબ્દો કરતાં વધુ સારી રીતે દર્શાવતું હતું અને હું તેમના હાસ્યમાં અમારી માટેની લાગણી માટેનો સંતોષ જોઈ શકતો હતો.

પ્રવાસના આનંદમય દિવસો પસાર કર્યા પછી હું થોડો ઉદાસ રહેવા લાગ્યો, મને એવું લાગતું જાણે કઈ ખોટું થવાનું હોય. ભાવના મારી અસમંજસતા જોતી અને બધું બરાબર છે કે નહીં તેમ પૂછતી રહેતી, હું મારી ચિંતા પર મહોરું પહેરી બધું જ બરાબર છે તેમ બતાવવાનો પ્રયત્ન કરતો. ઘરે (ભારત) પાછા ફર્યા પછી પણ મારી બેચેની ઓછી ન થઈ. મેં મારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયત્ન કર્યો. ઘણોખરો સમય ઓફિસમાં તથા ધંધાકીય પ્રવાસોમાં જ પસાર થતો. ઘરે હું ખૂબ ઓછો સમય આપી શકતો. ભાવના બધું જોતી, મને સમજતી અને ક્યારેય કોઇ વાતની ફરિયાદ કે માંગણી પણ ન કરતી. હું જ્યારે તેના પરિવારના પ્રત્યેક સભ્યનું બારીકીથી ધ્યાન રાખતા જોતો ત્યારે મનથી નક્કી કરતો કે મારી આ પ્રેમાળ પત્નીને હું જીવનના પ્રત્યેક સુખ આપીશ.

છેલ્લા થોડા સમયથી ભાવનાની તબિયત બગડવા લાગી હતી, તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો અને બિમારી ખાસ કારણ પકડાઈ નહોતું રહ્યું. અમારા ફેમિલી ફીઝીશીયન, ડૉ. ગાલિયાએ કેટલીક તબીબી તપાસ કરાવવાનું કહ્યું, અને તેનું પરિણામ એ હતું એ ભાવનાને પેનક્રિયાઝનું એડવાન્સ સ્ટેજમાં પહોંચી ગયેલુ કેન્સર હતું. મારું હૃદય ગ્લાનિથી ભરાઈ ગયું, હું સમજી નહોતો શકતો કે આ પરિસ્થિતિમાં શું કરું? ભાવના મારાથી છીનવાઈ જશે!? ના, હું એવું નહીં થવા દઉં, મેં મનોમન નક્કી કર્યું. મુંબઈની લીલાવતી હોસ્પિટલના જાણીતા ઓન્કોલોજીસ્ટ ડૉ. પી. જગન્નાથનો મેં સંપર્ક કર્યો અને ભાવનાનું ઓપરેશન કરવાનું નક્કી થયું.

ઇન્ફેક્શન ખૂબ વધી ગયું હોવાથી ઓપરેશન થિયેટરમાં ગયા પછી, ભાવનાની સર્જરી કેન્સલ કરવામાં આવી અને મને તેની ગંભીરતાની જાણ કરવામાં આવી. હું હાર માનવા તૈયાર નહોતો, મેં ભાવનાને અમેરિકા લઈ જઈ ત્યાંની ઉત્તમ સગવડો સાથે તેનો ઈલાજ કરવાનું નક્કી કર્યું. મને વિશ્વાસ હતો કે ભાવના સંપૂર્ણ રીતે સારી થઈ જશે. મારા ડોક્ટરોએ મને સલાહ આપી કે ભાવનાની તબિયત આટલી લાંબી મુસાફરી કરી શકે તેવી નથી માટે પહેલા મારે એકલાએ જઈ ત્યાંના ડોક્ટરો સાથે બધી વાતચીત અને ચોખવટ કરવી જોઈએ. સૌથી સારા ઓન્કોલોજીસ્ટને નક્કી કરવા અનેક ફિઝિશિયનને હું મળ્યો. બધાએ તેની પરિસ્થિતિની સમીક્ષા કરી કહ્યું, કે આ સ્ટેજ પર કઈ થઇ શકે તેમ નથી. વિજ્ઞાન અને દવા પરથી મારો ભરોસો ઉઠી ગયો. મેં તેનો ઉપહાસ કરતાં કહ્યું, જો તમે એક મનુષ્ય નો જીવ ન બચાવી શકો તો તબીબી ક્ષેત્રે તમારી પ્રગતિ વ્યર્થ છે.

થોડી આશા સાથે હું આયુર્વેદ તરફ વળ્યો, અમે ભારતીય પ્રખ્યાત યોગગુરૂ શ્રી રામદેવજી મહારાજને હરદ્વાર જઈને મળ્યા, તેમણે અમારામાં સકારાત્મકતાનો અને આશાનો સંચાર કર્યો જે લગભગ એલોપેથી પદ્ધતિમાં આપણે ચૂકી જતા હોઇએ છીએ. અમે બધી આયુર્વેદિક પરંપરાઓને અનુસરવાનું શરૂ કર્યું, તિબેટીયન દવાઓ પણ શરૂ કરી. જેટલા ઉપાય થઈ શકતા હતા તે બધા જ કર્યા. અમારો સમગ્ર પરિવાર મારી પડખે ઊભો હતો. ભાવના પણ ખૂબ હિંમત રાખી તેની માંદગીનો સામનો કરી રહી હતી. દરરોજ રાત્રે હું તેને મંદિરમાં લઈ જતો અને તેના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતો. તેની રિકવરી મુશ્કેલ બની રહી હતી પણ હું તેને કોઈપણ સંજોગોમાં ખોવા નહોતો માંગતો.

સાત મહિના પસાર થઈ ગયા. ભાવના મક્કમ બની તેની માંદગીનો સામનો કરી રહી હતી. ડૉક્ટરોએ તેને ચમત્કાર ગણાવ્યો, પરંતુ અમે તેને પસાર થતી પ્રત્યેક ક્ષણ સાથે હસતું મુખ રાખી લડતા જોઈ હતી.

હું જાણી ગયો હતો કે મારે ભાવનાને ખોવી પડશે પણ હું તેને સ્વીકારી નહોતો શકતો. તેને બચાવવા માટે મારાથી થઈ શકે તે બધું જ હું કરતો હતો. ભાવનાની તબિયત વધુ કથળવા લાગી તેની સ્થિતિ જોઈ ડોક્ટરોએ ચેતવણી આપી દીધી કે તેની પાસે ફક્ત ૪૮ કલાક જેટલો જ સમય બચ્યો છે. તેણે મારી આંખોમાં જોઈ ઘરે જવાની ઈચ્છા વ્યક્ત કરી. અમે તેની ઈચ્છાને માન આપવાનું નક્કી કર્યું અને ડોક્ટરોની સલાહ અવગણી ઘરે લઈ આવ્યા. સતત તેનો હાથ પકડી રાખી હું તેની બાજુમાં બેસી રહ્યો હતો. મારું હૃદય ધબકારા ચૂકી ગયું હતું, પસાર થતી પ્રત્યેક ક્ષણ મને વિખેરી રહી હતી. મારી ભાવના મને છોડીને જઈ રહી હતી. મારી નજર સમક્ષ અમારી પ્રત્યેક યાદ જીવંત થઈ રહી હતી. જ્યારે તે સૂઈ જતી ત્યારે હું રડી લેતો, મારી આંખમાં તેને ખોવાનો ડર છે એવું હું તેને બતાવવા નહોતો માંગતો.

ઘડિયાળ તરફ તાકી રહી હું પસાર થતી ક્ષણોનો મૂક સાક્ષી બનતો જતો હતો. ભગ્ન હૃદયે મેં તેની આંખોમાં જોયું, હું તેને ઘણું બધું કહેવા માંગતો હતો, કહેવા માંગતો હતો હું તને ખૂબ પ્રેમ કરું છું. પણ હું કહી ન શક્યો. તે શાંતિથી આરામ કરતી હોય તેમ એની આંખો બંધ હતી અને તેણે તેનો છેલ્લો શ્વાસ લીધો જે મારા માટે જીવનનો અંત હતો; હું હારી ગયો હતો.

*****

બદલાતો સમય / વૈચારિક પરિવર્તન

ભાવનાના મૃત્યુ પછી હું એકલો પડી ગયો. કોઈને ખોવા કરતા તેના વગર જીવતા શીખવું અને તમારા જીવનમાં ખાલી પડેલી તેની જગ્યા ભરવા માટે સંઘર્ષ કરવો વધુ દુઃખદાયી છે. બધા એવું કહે છે કે દરેકનો સમય નિશ્ચિત છે અને દરેક ઘટના પાછળ કોઈ કારણ હોય છે, પરંતુ સમય અને કારણ પર હું શું અનુભવું છું તેની કોઈ અસર હોતી નથી. મારો બધો સમય દુઃખમાં પસાર થવા લાગ્યો. વ્યથિત મને હું વિચારતો રહેતો કે તેને સારી કરવામાં મારી મહેનત ક્યાં ઓછી પડી? મારી અંદરની ખુશી, મારા જીવવાનું કારણ અને મારું ચૈતન્ય લઈ તે મારાથી ખુબ દૂર જતી રહી હતી.

ભાવનાના મૃત્યુ પછી ૧૪ થી પણ ઓછા કલાકમાં મારા આશાભાભીનું મૃત્યુ થયું. એક ઘરમાં બે યુવાન મૃત્યુઓ થી અમે પૂરી રીતે ભાંગી પડ્યા. એક તરફ માતા-પિતા અને બાળકોની જવાબદારીઓ તો એકલે હાથે નિભાવવાની હતી જ અને બીજી તરફ મારી વ્યથા, બેચેની અને તણાવ સાથે પણ હું લડી રહ્યો હતો. મારા દુઃખ ને છુપાવી પરિવાર સમક્ષ મજબૂત હોવાનો દેખાવ કરતો, મારે, તેમના માટે એ કરવું પડતું!

એક શનિવારે સવારે હનુમાનજીના મંદિરમાં ભાવનાના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી ઘરે પાછો આવતો હતો ત્યારે રસ્તાની વચ્ચે બાઈક સાથે મારો એક્સિડન્ટ થયો અને હું રસ્તા પર બેભાન થઈ ગયો. મને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો મારી કમરના લીગામેન્ટ્સ ને ખૂબ હાનિ પહોંચી હતી, હું પથારીવશ થઈ ગયો. હોસ્પિટલમાં પથારીવશ અવસ્થામાં પણ મારું મન ભાવનાને યાદ કરી સતત દુઃખી રહેતું. મને થતું જો હું તે સમયમાં પાછો જઈ શકું તેમ હોત તો હું તેના માટે એવું શું કરત કે તેને બચાવી શક્યો હોત? હું રડ્યા કરતો, અને તેની સાથે વાતો કરતો હોઉં તેવા દિવાસ્વપ્નોમાં, કે ભૂતકાળની યાદોમાં ખોવાઈ જતો. જ્યારે તે જીવતી હતી ત્યારે મને હંમેશા તેની અને બાળકો સાથે વધુ સમય પસાર કરવા કહેતી અને હું તેને કહેતો એકવાર મને ૫૦ વર્ષનો થઈ જવા દે પછી મારો બધો જ સમય હું તને આપીશ. મારું હૃદય ગ્લાનિથી ભરાઈ જતું કે તેને ફક્ત મારો સમય જોઈતો હતો જે હું તેને ન આપી શક્યો. ભાવનાને મારા જીવનમાં જાળવી રાખવામાં હું નાપાસ થયો હતો.

મહિનાઓ આમ જ પસાર થઈ રહયા હતા. મને લાગવા લાગ્યું કે મારી આ સમસ્યાને પકડી રાખવાથી ક્યાં સુધી ચાલશે? મારા વૃદ્ધ થઈ રહેલા માતા-પિતા, મોટી થઈ રહેલી પુત્રીઓ અને ઘરની જવાબદારીઓને વહન કરવા માટે ઘરમાં કોઈની જરૂર હતી. મારી વૃદ્ધાવસ્થામાં પણ મારી સાથે પણ સાથીની હોવું જરૂરી હતું. ભાવના મારા જીવનની ખૂબ જ મહત્વની વ્યક્તિ હતી પરંતુ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખી મેં ફરીથી લગ્ન કરવાનું નક્કી કર્યું. હું કોઈ એવી વ્યક્તિની શોધમાં હતો જે મારા સંતાનોની એકલતા અને સમસ્યાઓ સમજી તેમને મદદરૂપ થાય, તેમના જીવનને ખુશીઓથી ભરી દે અને મારા માતા-પિતાનું ધ્યાન રાખે. મારી ઈચ્છા કોઈ એવી સ્ત્રીને પરણવાની હતી કે જેને હું પણ મદદરૂપ થઈ શકું અને તે મારા પરિવારને સાચવી લે.

આદર્શ પાત્રની શોધ દરમિયાન મારી મુલાકાત 'પીના' સાથે થઈ, જેના ૧૪ વર્ષના લગ્નજીવન પછી તેના છૂટાછેડા થયા હતા. દેખાવમાં તે સુંદર અને સ્વભાવથી દયાળુ હતી. તેની આંખો

સુંદર હતી પરંતુ તેમાં એકલતાની વેદના જોવા મળતી. તે મક્કમ અને મજબુત ઇચ્છાશક્તિ ધરાવતી સ્ત્રી હતી. મને લાગ્યું કે મારી કઠિનાઈઓ હું તેની સાથે વહેંચી શકીશ અને તેથી મેં તેની સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. લગ્ન પછી મારા સંતાનોને તેણે પોતાના સંતાનોની જેમ સાચવી લીધા.

મારા બીજા લગ્ન થઈ ગયા હતા પણ મારું હૃદય હજુ પણ ભાવના માટે પીડા અનુભવતું હતું, અને હું સતત તેના વિશે જ વિચાર્યા કરતો હતો. 'પીના' માં 'ભાવના'નું પ્રતિબિંબ જોવાનો પ્રયત્ન કરતો. તેને કારણે અમારી વચ્ચે સતત મતભેદ થવા લાગ્યા. પીનાને લાગવા લાગ્યું હતું કે તે ફક્ત મારા બાળકોની આયા જ છે. જ્યારે બાળકોને, તેના કડક અને નિયંત્રણમાં રાખવાવાળા સ્વભાવને કારણે તકલીફ થવા લાગી હતી. હું સમજતો કે તે ફક્ત એનો વાંક નથી કારણકે તે પિતાની છત્રછાયા વગર દાદા, દાદી અને મામાઓ સાથે ખૂબ જ શિસ્તભર્યા વાતાવરણમાં તેનો ઉછેર થયો હતો, લાગણીઓ વ્યક્ત કરવાનો તેમનો અભિગમ જુદો હતો. લાંબો સમય દુઃખ અને એકલતામાં વ્યતીત કર્યા પછી પરિવાર સાથે ફરીથી જોડાવું તેને માટે ક્યાંક અઘરું બની રહ્યું હતું.

થોડા સમય પછી મને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો. યોગાનુયોગ જુઓ! ત્યારે જ હું ૫૦ વર્ષનો થયો; આ એ સમય હતો જ્યારે મેં નિવૃત્ત થવાનું અને બધો સમય ભાવનાને આપવાનું નક્કી કર્યું હતુ પણ હવે તે હતી જ નહીં, અને! નોકરી જવાને કારણે મારી અપેક્ષાઓને હું પૂર્ણ કરી શકું તેમ નહોતો. બધી તરફથી અવ્યવસ્થા સર્જાઇ રહી હોવાથી હું ખૂબ જ બેચેન બની ગયો. વાસ્તવિકતાથી દૂર ભાગવા હું મારા પરિવારને ગોવા ફરવા લઈ ગયો અને ઘણો સમય ત્યાં વ્યતીત કર્યો. મારા પરિવારે જ્યારે મને મારી ઓફિસ માટે પૂછ્યું, ત્યારે પુરુષ તરીકે નો મારો અહમ ઘવાયો અને મેં કહી દીધું કે મેં નોકરીમાંથી રાજીનામું આપી દીધું છે.

દુઃખ સમુદ્રના મોજાં જેવું હોય છે, ભલે તે નાનું હોય પણ અચાનક આવી તમને પૂરી રીતે ભીંજવી દે છે, અને જતી વખતે તમારા આંસુ સાથે લઈ જઈ હાસ્ય અને ખુશીના નવા તરંગો તમારી તરફ વહાવે છે. દુઃખના એ મોજાઓથી તમે જ્યારે મુક્ત બનો છો ત્યારે તમારી અંદર રહેલા મજબૂત મનને જોઈ શકો છો અને અનુભવી શકો છો કે તે દુઃખ પસાર થઈ ગયેલા પ્રેમાળ બંધનનું સાક્ષી બની રહી જાય છે.

મારા નવા જીવન સાથે હું આગળ વધી ગયો હોવા છતાં મારી અંદર ક્યાંક ખાલીપો હતો, રહીરહીને મને ભાવનાની યાદ આવતી. તેના પ્રતિ મારો પ્રેમ વધતો જતો હતો. હું ફરીથી તેની સાથે જોડાવા, તેનો અવાજ સાંભળવા અને તેના પ્રેમાળ હાસ્યને જોવાની ઈચ્છા કર્યા કરતો. હું તે ભૂલી મક્કમ થવાનો પ્રયત્ન કરતો પરંતુ તેવું થતું નહીં. તેની માંદગી સાથેનો મેં જોયેલો તેનો સંઘર્ષ મને પરેશાન કર્યા કરતો. મને એવું થયા કરતું કે, મારી પાસે રૂપિયા પૈસા તથા બીજી બધી જ સગવડો હતી, અને શક્ય હતી તેટલી બધી જ ઉત્તમ સારવાર મેં કરાવી હતી; છતાંય, તેને બચાવી શકવામાં હું કેમ અસફળ રહ્યો? મને એવા પણ વિચાર આવતા કે જેની પાસે રૂપિયા કે ધનસંપત્તિ નહીં હોય તેઓ તેમના પ્રિયપાત્રને બચાવવા માટે શું કરતા હશે? તેઓને કેટલી બધી વેદના અને સંતાપ અનુભવતા હશે? મારા આ વિચારો મને ખૂબ બેચેન કરી મૂકતાં. મે ઇન્ટરનેટ પર કેન્સર સામે જીતી જનાર વિશેની શોધ કરી તો 'લુઈસ હેય' નું નામ પહેલુ જ જોવા મળ્યું, અને તેને મળવાની ઈચ્છાથી તુરંત હું અમેરિકા ગયો.

લુઇસ હેય તે 'હેય હાઉસ' ની સંસ્થાપક અને અમેરિકાના પ્રેરણાત્મક લેખો લખનાર લેખક છે. 'તમારી માંદગી નું કારણ તમે જ હોવાથી તમારે જ તેની જવાબદારી સ્વીકારવી જોઈએ અને જો તમે તેની સાથે લડી શકો તો તમે અવશ્ય સાજા થઈ શકો છો. બધું જ સંપૂર્ણ રીતે તમારા મનનું કારણ છે'. 'હેય' એ તેમને મને જણાવ્યું. તેણે કબૂલ કર્યું કે હું બાળપણમાં   જાતીય શોષણ તથા બીજા અનેક માનસિક આઘાતોનો ભોગ બની હતી, અને પછીથી મને સર્વાઇકલ કેન્સર થયું પરંતુ આજે આ બધી જ સમસ્યાઓનો સામનો કરી હું તેમાંથી બહાર નીકળી છું.

જ્યારે હું ભાવનાનો ઈલાજ કરાવતો હતો ત્યારે મને એવું લાગતું કે કંઇક ખોટું બની રહ્યું છે. જ્યારે તમે વાસ્તવિકતાનો સામનો કરો છો ત્યારે અનેક નવા વિચારો દ્રષ્ટિગોચર થતા હોય છે. સમયની સાથે મેં પણ બદલાવવાનો વિચાર કર્યો અને આધ્યાત્મિક જ્ઞાન મેળવવાનું શરૂ કર્યું. અનેક પુસ્તકો વાંચ્યા પછી મને સમજાયું કે, જો મારે મારી મન: સ્થિતિને સુધારવી હશે તો મારે તણાવને દૂર કરવો પડશે. મારે પ્રકૃતિ, સૂર્ય અને મારી આજુબાજુ પ્રવર્તી રહેલી પ્રત્યેક વ્યક્તિ તથા વસ્તુઓને આભાર માનતા શીખવું પડશે. આનંદ અને ઉત્સાહની લાગણીઓ વ્યક્ત કરતા અને પ્રેમ કરતા શીખવું પડશે. જેઓ મને પ્રેમ કરે છે તેને પ્રેમ કરતા અને બીજા લોકો સાથે શાંતિથી વર્તતા શીખવું પડશે. મારે મારી જાતને નવેસરથી પ્રેમ કરતા શીખવું પડશે.


મેં મારી જૂની માન્યતાઓને છોડી નવા વિચારોની ખેતી શરૂ કરી, મને એક નવા અનુભવ થયા અને મારા જીવનનું દ્રશ્ય બદલાવવા લાગ્યું. હું એવું માનવા લાગ્યો કે વિશ્વમાં જે પણ કંઈ ઘટનાઓ બને છે તે આપણા અર્ધજાગૃત મન અને ઈશ્વરીય શક્તિના જોડાણની ઉપજ છે.


કોઈ પ્રત્યક્ષ કારણ વગરની મારી આ વિવિધ ગતિવિધિઓને જોઈ મારો પરિવાર મને તેની પાછળના પ્રયોજન વિશે પૂછવા લાગ્યો. તેઓને લાગતું કે હું મારા ધંધામાં ધ્યાન નથી આપતો અને મારા પરિવારના ભવિષ્ય વિષે પણ બેદરકાર બની ગયો છું. મે તેમની સાથે શાંતિથી મારા મનની બધી જ વાત કરી, મને લાગતું હતું કે તેઓ મારી આ વાતથી સહમત થશે પરંતુ તેમણે મારો ઉપહાસ કરતા મારી નવી માન્યતાઓ વિશે વિવાદ કરવાનું શરૂ કર્યું, પરિણામે મારુ સ્વાભિમાન ઘવાયું અને વિશ્વને બદલતા પહેલા મેં મારી જાતને બદલવાનું નક્કી કર્યું.

મેં મારી જીવનશૈલીને ધડમૂળથી બદલી નાખી. નિયમીત રુપે કસરત કરી, ભોજન પદ્ધતીમાં ફેરફાર કરી વજન ઉતાર્યું. આ ફેરફારોથી મારી અડધી ઉપરાંત દવાઓ બંધ થઈ ગઈ, જેણે મને મારા માર્ગ પર મક્કમ રહેવા પ્રોત્સાહિત કર્યો. ક્રમશઃ મેં મારી જાતને દવાઓથી સંપૂર્ણ રીતે મુક્ત કરી દીધી અને પહેલાં કરતાં ક્યાંય વધુ સંતુલિત જીવન જીવવા લાગ્યો. જીવનની અનેક લડાઈઓ હારી ચૂક્યા પછીની, આ મારી પહેલી જીત હતી.

*****





" અમે જ્યારે સોફ્ટવેર સોલ્યુશન ઇમ્પ્લીમેન્ટ કરતા હતા એ સમયથી યોગેશને હું અમારા ક્લાયન્ટ તરીકે ઓળખું છું. એકબીજા સાથે અમારી વધુ ઘનિષ્ઠ ઓળખાણ થયા પછી તેણે અમારી ચીફ ઇન્ફર્મેશન ઓફિસમાં મેનેજર તરીકે જોડાવાનું નક્કી કર્યું. મને બરાબર યાદ છે, યોગેશ જે પણ કાર્ય સ્વીકારે તેને તે કરી જ શકે છે તેવો આત્મવિશ્વાસ ધરાવે છે અને તેની પાછળ પોતાની સો ટકા મહેનત જોડી દે છે. અમે એકબીજાને સામાજિક રીતે પણ ઓળખતા હોવાથી તેની પત્ની ભાવના સાથે પણ મારી મુલાકાત થઇ હતી. તેમની વચ્ચેનો પ્રેમ અને સાયુજ્ય સ્પષ્ટ રીતે દ્રષ્ટિગોચર થતો હતો. ભાવનાના મૃત્યુ પછી મેં યોગેશના વ્યક્તિત્વમાં ખૂબ મોટો વળાંક અનુભવ્યો, તેના દુઃખની લાગણીઓનો પ્રવાહ તેણે માનવતાની સેવાના કાર્યો તરફ વાળી દીધો.

ઉદાત્ત આશયની શક્તિ અને તેના પ્રત્યેના નિશ્ચય વિશે યોગેશ ખૂબ જ વિશ્વાસ ધરાવે છે અને આ કારણે મને તેના પ્રત્યે માન છે. એ નિશ્ચય પૂર્વક માને છે કે મારે સાચા જ કાર્યો કરવા જોઈએ અને તે માટે બ્રહ્માંડ તેનું સહાયક બનશે. અમે બધા જ એ વાત સ્વીકારીએ છીએ કે બુદ્ધિમત્તાના ધોરણે યોગેશને અમારાથી જુદો પડતી વાત એ છે કે તે તેની કારકિર્દી, તેનો પરિવાર અને તેનું સ્વાસ્થ્ય પ્રત્યેક વસ્તુમાં તેનું યોગદાન આપતો હોય છે. મેં તેને તેના આ કાર્યોમાં સલામતી અને ખુશીની લાગણી અનુભવતા જોયો છે. આ પુસ્તકમાં તમને એવા અસંખ્ય ઉદાહરણ જોવા મળશે કે કેવી રીતે બ્રહ્માંડે તેની ઈચ્છા કરતાં પણ ક્યાંય વધુ તેને પાછું આપ્યું છે.

સ્વાર્થરહિત સેવાનું મૂર્તિમંત સ્વરૂપ એટલે યોગેશ! તેના માર્ગમાં આવતી પ્રત્યેક વ્યક્તિને, બદલાની કોઈપણ આશા વગર યેનકેન પ્રકારેણ, મદદરૂપ થવાની તે ઈચ્છા રાખે છે. તે સતત આપનાર છે, તેનું વ્યક્તિત્વ ફક્ત આપવા, આપવા અને આપવાની જ ભાવના દર્શાવે છે. તેનું જીવન બ્રહ્માંડમાં પ્રવર્તમાન ન્યાયતત્વનું ઉત્તમ ઉદાહરણ છે. આપણે જોઈ શકીએ છીએ કે બ્રહ્માંડ પાસેથી તેને પ્રત્યક્ષ રૂપે એ મળ્યું છે કે જેણે યોગેશ ને ક્યારેય નાપાસ નથી થવા દીધો. આપણા માટે, તથા ખાસ કરીને, સાચા માર્ગ પર ચાલતાં યુવાનો માટે તે વાત અત્યંત પ્રેરણાદાયી છે. ઉપલક રીતે પણ થતા દયા અને કરુણાના કાર્યો અને માનવતા પ્રત્યેનો વિશ્વાસ વ્યક્તિને અગણિત ખુશી અને આનંદ આપતા હોય છે."



- કેતન મહેતા
(માસ્ટેક કંપનીના સંસ્થાપક ડિરેક્ટર અને
મારા જીવનના શિલ્પી)

ચિકિત્સા

મારી જાતને ઓળખવી એ મારી અંદર ધરબાયેલા મારા સત્ય સ્વરૂપને ફરીથી શોધવાનો માર્ગ હતો. મારામાં નવી ક્ષમતાઓને વિકસિત કરવાનો, આત્મસંયમ મેળવવાનો, સર્જનાત્મકતા વધારવાનો અને ગહન સંબંધો સ્થાપિત કરવાનો મારો નવો આયામ હતો. જ્યારે મેં મારા ખરા સ્વરૂપને ઓળખ્યું ત્યારે જે નવી વ્યક્તિ નો જન્મ થયો તે પ્રેમ આપવા અને લેવાની ક્ષમતા ધરાવતો હતો. મારી અંદર જે સ્વસ્થતા આવી રહી હતી તે હું વર્ણવી શકતો નથી. પોતાની જાતને ઓળખવી, એ સ્વાસ્થ્યની એ સ્થિતિ છે જેને પ્રત્યેક વ્યક્તિએ મેળવવી જોઈએ. આ તમારે જ તમારા આદર્શ બનવાનો, આત્મતત્વને ઓળખવાનો અને જ્ઞાનનો માર્ગ છે. મારી જાતને ઓળખવા અને સમજવાને કારણે બીજાઓને ઓળખવાનો મારો માર્ગ સરળ બન્યો. તેણે છે બતાવી આપ્યું કે હું મારી જાતને એકલતામાંથી બહાર કાઢી શકવા, વાસ્તવિક સંબંધો સ્થાપિત કરવા અને મારા ભવિષ્યનું નિર્માણ કરવા સમર્થ છું.

મને સ્વયંને એ વાતનું આશ્ચર્ય થતું કે થોડા જ સમયમાં હું ક્યાંથી ક્યાં પહોંચી ગયો! કોર્પોરેટ જગતમાંથી નીકળી આધ્યાત્મના વિશ્વમાં, દૈવીગુણો સાથે સંબંધ સ્થાપિત કરવામાં અને આત્મતત્વની અનુભૂતિ કરાવવામાં મેં મારી જાતને ઢાળી દીધી હતી. સફળતા, પ્રતિષ્ઠા અને સંપત્તિમાંથી એકલતા અને મહેચ્છાઓ તથા આર્થિક લક્ષ્યાંકો છોડી દેવા સુધીની મારી સફર મારી સમજની બહાર હતી. મને લાગતું કે આ બધું જ પ્રથમથી નિર્ધારિત હતું. મારી તદ્દન નજીક રહેલી પરિવારની વ્યક્તિઓ તથા મારા મેનેજર વિજયભાઈએ પણ મારી અંદર નોંધપાત્ર બદલાવ નિહાળ્યો. મારા દુઃખમાંથી હું બહાર નીકળી ગયો હતો એ જોઈ મને ફરિયાદ કરવાનું બંધ કર્યું.

થોડા સમય પછી વિજયભાઇ, જે મારા મેનેજર ભગ્ન હૃદયે મારી પાસે આવ્યા. મારા જીવનના પ્રત્યેક ઉતાર-ચઢાવને તેમને નજીકથી જોયા હતો, મારી સફળતાના તેઓ સાક્ષી હતા. તેમણે મને જણાવ્યું કે તેમનો પુત્ર મોહિતને કેન્સરનું નિદાન થયું છે અને તેઓ ઈચ્છતા હતા કે પાછલાં મહિનાઓમાં હું જે પદ્ધતિથી મે મારામાં બદલાવ લાવ્યો હતો તેનો ઉપયોગ કરી તેમના સંતાનની સારવાર કરું. મારામાં તેમનો વિશ્વાસ જોઈ મેં તેમને સધિયારો આપ્યો અને સારવાર શરૂ કરી બે જ મહિનાની અંદર તેમના પુત્રના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થયો. પોતાના સંતાનની સ્વાસ્થ્ય પ્રાપ્તિ જોઈ વિજયભાઈ ખુશ થયા અને મને મેં કરેલા પ્રયોગોનું વળતર મળ્યું હોય તેવું અનુભવાયું. આ ઘટનાએ મને સુંદર અનુભૂતિ કરાવી ને મારા જીવનનું કારણ આપ્યું.

જેમ જેમ સમય પસાર થવા લાગ્યો તેમ તેમ હું સ્વસ્થતા પ્રાપ્ત કરવાની નવી પદ્ધતિઓ શીખવા લાગ્યો. ધ્યાન કર્યા વગર સ્વસ્થતા મેળવવી જેમાં માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરવા આપણા આત્મા સાથે અનુસંધાન કરવું જોઈએ. મેં અનેક પુસ્તકો વાંચ્યા જેને કારણે મને આનંદ આવ્યો અને મને ખાતરી થઇ ગઈ કે મારી પાસે માહિતીનો સ્ત્રોત હવે ઓછો નહીં પડે.

મારા પ્રેમના સ્તોત્રને જાળવી રાખવાની મારી અસમર્થતાને હું પૃથ્વી પરના લોકોની સેવા કરી ભરપાઈ કરી દેવા માંગતો હતો. મને તે માટેની એક તક પણ મળી ગઈ. મારા બાનું ઘુંટણનું ઓપરેશન કરાવવાનું હતું. જો તે ઓપરેશન ન કરાવે તો બેથી ત્રણ મહિનાની અંદર સંપૂર્ણ રીતે પથારીવશ બની જાય, અને કોઇની પણ મદદ વગર ચાલી ન શકે તેમ હતું. આત્મવિશ્વાસ સાથે

મેં બાને પૂછ્યું, કે જો તમને વાંધો ન હોય તો તમારા ઘુંટણની સમસ્યા દૂર કરવા મને એક મોકો આપો. પહેલા તો મારી બાને મારી ક્ષમતા વિશે વિશ્વાસ ન આવ્યો. પરંતુ, મેં તેને વિજયભાઈના પુત્રનો અને મારામાં આવેલા બદલાવનો દાખલો આપ્યો અને તે તૈયાર થઈ ગઈ. મેં તેને સ્વસ્થતા આપવાના પ્રયત્નો શરુ કરી દીધા. હું તેને ગાર્ડનમાં લઈ જતો, માટી સાથે જોડાણ કરાવતો, ગરમ અને ઠંડા પાણીના ટુવાલનો શેક કરાવતો તે સ્વસ્થ થઇ જાય તેવી ઉર્જાઓનો સ્ત્રોત તેમની તરફ મોકલતો. મારા પ્રેમ અને દરકારથી થોડા જ સમયમાં બા સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગયા અને ઘુંટણનાં ઓપરેશનની આવશ્યકતા ન રહી. મારા દરેક પ્રયત્નોનું પરિણામ મારી તરફેણમાં આવતું હોવાથી મને એ વિશ્વાસ થઈ ગયો કે હું જે પણ કરું છું તે સત્ય છે.

ચિકિત્સાના ક્ષેત્રમાં મારી પ્રગતિ સારી રીતે થવા લાગી, હું નવી પદ્ધતિઓ શીખી અને તેમાં કુશળતા પણ પ્રાપ્ત કરવા લાગ્યો હતો. હું આ ક્ષેત્રમાં વધુને વધુ ખૂંપતો જતો હોવાથી મારા પરિવારને લાગવા લાગ્યું કે હવે હું અર્થોપાર્જન માટે કાર્ય નહીં કરું. મેં મારું આખું જીવન પૈસા અને પ્રતિષ્ઠા મેળવવા પાછળ વિતાવ્યું હતું. પરંતુ હવે તે સમયે આવી ગયો હતો કે હું આ ચડસાચડસીમાંથી બહાર નીકળી જાઉં. સામાજે મને જે આપ્યું હતું તેને હવે હું પાછો વાળવા માંગતો હતો. મારા લોભને કારણે હું મારા જીવનનો પ્રેમ ગુમાવી ચૂક્યો હતો, અને મને તેનો એટલો પશ્ચાતાપ થતો હતો કે હવે હું મારી જાતને આ સંઘર્ષમાંથી સંકેલી લઈ ઉદ્દાત કારણો માટે જીવવા માંગતો હતો. મૃત્યુ એ મને સમજાવ્યું હતું કે જીવનમાં સંબંધો કેટલા અગત્યના છે, આપણી આજુબાજુના લોકો જ આપણા જીવનને જીવવા યોગ્ય બનાવે છે. પદ, પ્રતિષ્ઠા, પાવર અને પૈસો જો જાય તો તેને ફરીથી મેળવી શકાય છે પરંતુ જેને આપણે ગુમાવીએ છીએ તેઓ ક્યારેય પાછા નથી આવતા.

"આપણે સ્વયં જો સ્વસ્થ હોય તો જ વિશ્વને સ્વસ્થ કરી શકીએ છીએ"- માર્ક નીપો

વિશ્વને બદલવા પ્રથમ આપણી જાતને બદલવી આવશ્યક છે આપણે જ્યારે આપણી અંદરનો થોડો હિસ્સો પણ સુધારીએ છીએ ત્યારે પૃથ્વીના પણ એક ટુકડાને સુધારતા હોઈએ છીએ. આપણા ઘા ને પૂરવા, સ્વસ્થ થવા આપણે ક્ષમા આપવાની શક્તિ વિકસિત કરવી જોઈએ.

તે રાત્રે મેં અનુભવ્યું કે મારી જાત સાથે સતત નકારાત્મક વાતો કરી મેં મારી જાતને કેટલું નુકસાન કર્યું હતું. મને જેવું જીવન જોઈતું હતું તે માટે હું કદાચ લાયક નહોતો. મને જેવી વ્યક્તિઓ ગમતી હતી તેને આકર્ષવા હું અનિચ્છનીય હતો. મારી અંદર રહેલી ક્ષમતાનું સામર્થ્ય મને ક્યારેય સમજાયું નહીં. નાનપણથી જ મારા જીવનમાં બનતા સારા ખોટા પ્રસંગો માટે બીજાને જવાબદાર ઠેરવતો જેને કારણે મુશ્કેલી અનુભવાતી. હવે, અંતે મને જાણ થઈ રહી હતી કે શારીરિક અને માનસિક બંને રીતે મેં મારી જાતને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. આત્મતત્વની આ અનુભૂતિને કારણે હું ખૂબ લાંબા સમય સુધી આંસુ વહાવતો અને ડૂસકાં ભરતો રહ્યો. કલાકો સુધી ટૂંટિયું વાળી પડી રહ્યો અને જે કંઇ વિચારો આવે તેને સ્વીકારી મારી જાતને પૂરી રીતે ખાલી કરતો રહ્યો. મેં મારી જાતને મારા જીવનમાં ઉત્પન્ન કરેલી દુઃખ, પીડા અને શરમની જવાબદારીઓમાંથી સંપૂર્ણ રીતે મુક્ત કરી દીધી. મારી જાતને સ્વસ્થ કરવા ક્ષમા આપવાનું શરૂ કરી દીધું. મારી વેદનામાંથી મુક્ત થવા મેં મારી લાગણીઓ અને જીવનની જવાબદારીઓને સ્વીકારી લીધી.

બીજા લોકો મને ત્યારે જ દુઃખી કરી શકે જ્યારે હું તેમને તેમ કરવાની છૂટ આપું. જો હું

તેમના શબ્દો અને કાર્યો હું કોણ છું તેનું પ્રતિબિંબ છે એવો વિશ્વાસ રાખવા કરતા તેઓ પોતાની જાત માટે શું અનુભવે છે તેનું પ્રતિબિંબ છે એ સમજુ તો હું દુઃખી ન થઈ શકું. દુઃખના આ ચક્રના મૂળને હું સમજવા લાગ્યો હતો અને જુના, ખરાબ વર્તનોને ભૂલી જઈ મેં મારી જાતને તથા મારી સાથે અન્યાય કરનાર પ્રત્યેક વ્યક્તિને માફ કરી દીધી. જેને પરિણામે મને જીવનનો પટ સંધાઈ ગયાની અને મુકતાની લાગણી અનુભવાવા લાગી. આપણી પરિસ્થિતિ પરની આપણી માન્યતા અને વિચારોને કારણે   આપણે   આપણા રોજિંદા જીવનમાં અશાંતિ કે અગવડતા અનુભવીએ છીએ. અને પછી તેને આપણા બાહ્ય અનુભવોને આધારે વિશ્વમાં દુઃખ તરીકે પ્રત્યક્ષ કરીએ છીએ. અને મોટે ભાગે બાહ્ય પરિસ્થિતિઓને બદલી તેને સુધારવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણા અનુભવો અને લાગણીઓની જવાબદારી સ્વીકારવાથી આપણા જીવન પર આપણું પ્રભુત્વ નિર્માણ થાય છે. આપણી આજુબાજુના વિશ્વમાં બની રહેલી ઘટનાઓ પર આપણો કોઈ પ્રભાવ નથી હોતો પરંતુ આપણી પાસે એ શક્તિ હોય છે કે આપણે તેને સમજી શકીએ અને તેમાં કઈ રીતે વર્તી શકાય. આપણા વિચારોને શુદ્ધ કરી આપણી જાતને ક્ષમા આપવી એ શરૂઆત કરવાનું પ્રથમ પગથિયું છે જે હું ચઢી ગયો હતો અને હવે તે માટે વિશ્વને મદદ કરવા ઈચ્છતો હતો.

મારુ પ્રથમ વૅલનેસ સેન્ટર, મારી નાની બહેન પ્રજ્ઞા અને જીજાજી દિવ્યેશની મદદથી તેમની વખારિયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી જગ્યામાં શરૂ કર્યું. માર્ચ ૨૦૧૦માં મેં 'વર્લ્ડ સ્કૂલ ઓફ હેપીનેસ' - World School of Happiness ની સ્થાપના કરી જે લોકોને સ્વસ્થ કરવાની સુવિધા આપતી હતી. સેન્ટર શરુ કરતી વખતે મારું એ ધ્યેય હતું, કે કેન્સર કે બીજી કોઇપણ બીમારીઓને કારણે તકલીફ અનુભવતા રહેવાસીઓને હું પ્રાકૃતિક રીતે સ્વસ્થ કરીશ. હું દવાઓની જરૂરિયાતને જ કાઢી નાખીશ અને મારી ચિકિત્સા પદ્ધતિને વિશ્વમાં ફેલાવીશ. હું અત્યંત ઉમદા હેતુથી કાર્ય કરી રહ્યો હોવા છતાં તે વિષયના સમજણની ખામી અને બિનઅનુભવી હોવાને કારણે કોઈ મારો વિશ્વાસ નહોતું કરતું. લગભગ નવ મહિના સુધી મારી પાસે એક પણ દર્દી નહતો આવ્યો. પરંતુ તેનાથી હું નિરાશ ન થયો, અને તે દરમિયાન વૅલનેસ સેન્ટર પર બેસીને વિવિધ થેરેપીઓ વિશેની મારી સમજ વિસ્તૃત કરતો રહ્યો. હું ઇચ્છતો હતો કે હું વિશ્વને જે આપવા માંગું છું તેનાથી સમાજ માહિતગાર થાય, તેથી મેં લોકોને મારા વૅલનેસ સેન્ટર વિશે જાણ થાય તે માટેની વિવિધ પદ્ધતિઓ વિચારવી શરૂ કરી.

શરૂઆતમાં સુધાકરે મને 'માસ્ટેક' કંપનીમાં વેલનેસ કન્સલ્ટન્ટ તરીકે કામ કરવાનો પ્રસ્તાવ આપ્યો, જે મેં સ્વીકારી લીધો. જે લોકો મારી પાસે તેમની સમસ્યા લઈને આવતા, હું તેમને માર્ગદર્શન આપી, મદદ કરી તેમની ચિકિત્સા કરતો. મારા શિક્ષણના ભાગરૂપે મેં ગાંધીવાદી સંસ્થાઓ દ્વારા   થતા અહિંસા વિષયક અનેક કોર્સ કર્યા હતા. મેં અનેક 'વિપશ્યના સાધના' નાં કોર્સ કરયા, હું 'શામનિક હીલીન્ગ માસ્ટર' પણ બન્યો. તે ઉપરાંત મેં રૅકી, હીપ્નોથેરેપી, મેટ્રીક્સ ઈન્પ્રીન્ટ, ઈએફ્ટી(EFT), હો'ઓપનોપોનો, એનએલપી(NLP), અને ધ Journey જેવી જાણીતી અનેક ચિકિત્સા પધ્ધતિઓનો પણ અભ્યાસ કર્યો હતો.

વખારિયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં મે ફી વગર 'બુટ કેમ્પ' પણ શરૂ કર્યો હતો. તેમાં દર્દીઓ આવતા અને સ્વસ્થ થતા. ધીરે ધીરે લોકો આ પદ્ધતિઓ વિશે પણ માહિતગાર થતા ગયા અને વૅલનેસ સેન્ટરમાં આવવાનું શરૂ કર્યું. પરંતુ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નુ વાતાવરણ વધુ લોકોને આકર્ષવા માટે અવરોધક હતું. તેથી મેં મારા હીલિંગ સેન્ટર નું નામ બદલી 'વૅલનેસ લોન્જ' કર્યું અને વીલે પાર્લે, ઇર્લાના એસ.વી. રોડ પર ઓગસ્ટ 2012મા ખસેડ્યું.

મે મારા પરમ મિત્ર 'ગિરીશ ગોગિયા' ને વરદ હસ્તે 'વેલનેસ લોન્જ' નું ઉદ્ઘાટન કરાવી એક નવી શરૂઆત કરી. ગિરીશ એ એક અદભુત વ્યક્તિ ધરાવતા હોવા ઉપરાંત, તેમના 95% અંગો લકવાગ્રસ્ત હોવા છતાં તેમનું હૃદયમાંથી સતત આશાનો સ્ત્રોત વહેતો. મારા સેન્ટરમાં હવે લોકોનો ધસારો થવા લાગ્યો હતો અને લોકોની ચિકિત્સા કરી, જીવનમાં ઉત્તમ કાર્ય કરવાની મને અનેક તકો પ્રાપ્ત થઇ રહી હતી.

ધીરે ધીરે બધું બરાબર થવા લાગ્યું હતું પણ તેમ છતાંય જ્યારે સુઈ જાઉં ત્યારે મને કંઈક અજુગતું લાગતું. મને એવું સ્વપ્ન આવતું કે ત્રીસીની આસપાસની બે યુવાન વ્યક્તિઓ રસ્તા પર ચાલી રહી છે હું તેમને ઓળખવાની કોશિશ કરતો પણ તે સફળ થતી નહી. ત્યાં જ ખૂણામાંથી અવાજ સંભળાતો "મારી સાથે જોડાઈ જા" જેને હું ઓળખી શકતો નહી. દરેક વખતે હું ગભરાહટમાં જાગી ગઈ તેની પાછળનું કારણ શોધવા પ્રયત્ન કરતો. ઘણા કલાકો સુધી હું આ ઘટનાનું અનુસંધાન મેળવવા પ્રયત્ન કરતો રહ્યો. અચાનક મને હું નવ વર્ષનો હતો ત્યારે, મારા ઘરે આવેલા અને વિશ્વમાં શાંતિ માટે પદયાત્રા કરી રહેલા બે યુવાન વ્યક્તિઓનું સ્મરણ થયું. મને પ્રતીતિ થઈ કે મારા સ્વપ્નમાં આવતી વ્યક્તિઓ તે જ હતી.
મેં તેમની શોધ કરવાની ચાલુ કરી મને લાગતું હતું કે જો હું તેમને મળીશ તો મને સમાજની સેવા કરવાનો અવશ્ય કોઈ નવો ઉત્તમ માર્ગ મળશે. મારી ચાલીસીના મધ્ય સુધી હું એટલો દોડતો હતો કે મને ક્યારેય શાંતિથી મારા જીવન વિશે વિચારવાનો સમય નહોતો મળ્યો પરંતુ હવે હું મોકળાશ અનુભવી રહ્યો હતો. મેં મારી જાતને સંપૂર્ણ, મારી અને લોકોની ચિકિત્સામાં અર્પણ કરી દીધી હતી. મારા વૅલનેસ લોન્જની નજીકમાં જ, વિલે પાર્લેમાં રહેતા સાંચી મનિયાર ના ઘરે "અવેકન સર્કલના" કાર્યક્રમો થતાં હતાં.

મુર્તુઝા બુટવાલા એ મને પ્રથમ વખત ત્યાં જોડ્યો, જ્યાં મારી મુલાકાત નિપુન મહેતા સાથે થઈ. અમેરિકા સ્થિત, અને 'નિપુનભાઈ' તરીકે વધુ જાણીતા, નિપુન મહેતા મારી જેમ જ ઇન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રને છોડી સમાજ સેવામાં જોડાયા હતા. તેમની સાથેનો મારો વાર્તાલાપ ખુબ જ જ્ઞાન અને ઉત્સાહપ્રેરક રહ્યો, તેમણે મને પૂણે સ્થિત તેમના પ્રોગ્રામ 'હેડ, હેન્ડ એન્ડ હાર્ટ રીટ્રીટ' માં આવવાનું આમંત્રણ આપ્યું. મેં ત્યાં જઈ, મારા જેવી વિચારધારા ધરાવનારી વ્યક્તિઓને મળી નવી વસ્તુઓ શીખવાનું નક્કી કર્યું.

"સફળતા, તમારા વ્યક્તિત્વના આધાર પર તમે તેને આકર્ષી શકો છો"
- જીમ રહોન

આ ઉક્તિને મારા જીવનમાં એક લાંબા અરસા સુધી હું સ્વીકારીને ચાલ્યો હતો. મારી કારકિર્દી બનાવવા મેં સખત મહેનત કરી હતી અને હવે એ ક્ષણ આવી હતી જ્યારે, જીવનના ઉચ્ચ ધ્યેયો ને પ્રાપ્ત કરવા માટે, મારી મદદ કરવા માટે હું લોકોને આકર્ષી શકતો હતો. અને તે એટલે જ શક્ય બન્યું હતું કે મેં મારી જાતને બદલી નાખી હતી. હું અનેક સામાજીક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તિ રહેતો હતો અને સમાજ સાથે જોડાઈ તેને મદદરૂપ થવું એ ભૌતિક ધ્યેય પ્રાપ્ત કરવા કરતા અનેક ગણો વધુ સંતોષ આપનાર હતું.

પૂણેમાં, 'ચિન્મયા મિશન' માં હું જયેશભાઈ પટેલને પ્રથમ વાર મળ્યો. અમદાવાદમાં જન્મેલા જયેશભાઈ, યુવાનોના આદર્શ અને માનવ કલ્યાણના ક્ષેત્રે જાણે એક હરતા-ફરતા મહાવિધાલય સમાન હતા. તેઓ મહાત્મા ગાંધીના 'હરિજન સેવક સંઘ' સાથે તેમના સુપ્રસિદ્ધ પિતા ઈશ્વરદાદા થકી જોડાયેલા હતા. તેમનો વ્યક્તિગત માર્ગ ગરીબ તથા દુઃખી લોકોની

સેવાનો હતો. જયેશભાઈ 'એન્વાયરમેન્ટલ સેનીટેશન ઇન્સ્ટીટ્યુટ' (ઇ.એસ.આઇ.- ESI), માટે સતત કાર્યરત હતા તથા પ્રેમના માધ્યમથી 'આંતરિક શુદ્ધતા' માટે પણ કાર્ય કરતાં. પ્રખ્યાત ગાંધીજી દવારા સ્થાપિત સંસ્થા 'હરીજન સેવક સંઘ' ના તેઓ ચૂંટાયેલા પ્રમુખ હતા. આ સિવાય જયેશભાઇની જેટલી ઓળખ આપીએ તેટલી ઓછી પડે તેમ છે, શબ્દો તેમના કાર્યોને અને ઉત્સાહને વર્ણવી શકે તેમ નથી. મને વિચાર આવ્યો, કે કદાચ બ્રહ્માંડમાંથી જ મને સામાજિક ક્ષેત્રે જોડાઈને વિકસિત થવાના સંકેતો પ્રાપ્ત થઈ રહ્યા હતા.

મારી ચિકિત્સા પદ્ધતિના કાર્યોમાં હું વધુને વધુ સંકળાઈ રહ્યો હતો. મને ધ્યાન આવ્યું કે ઘણા લોકોને સારવારની જરૂર હોય છે પરંતુ તેઓ ખર્ચો આપી શકે તેવી ક્ષમતા નથી ધરાવતાં, તેથી મેં 'ગિફ્ટ કલ્ચર - GIFT CULTURE' ના ધોરણે લોકોને સારવાર આપવાનું શરૂ કર્યું. જેનો કારણે મને મારી પહેલાની કમાણી કરતાં ઘણો વધારે ફાયદો થવા લાગ્યો. નિપુનભાઈની મદદથી, મેં અઠવાડિયામાં એક વાર વેલનેસ લોન્જ તથા મારા ઘરે 'અવેક્ન સર્કલના' નામથી 'ઓપન ડોર મેડીટેશન' કરાવવાનું શરૂ કર્યું. જેને કારણે અનેક લોકો સાથે મારો સંપર્ક થવા લાગ્યો. વિશ્વ શાંતિ માટે પદયાત્રા કરનાર બે વ્યક્તિઓની તપાસ કરાવવામાં પણ નિપુનભાઈ મારા મોટા સહાયક બની રહ્યા.

નવ વર્ષની નાની વયે વિશ્વનો ત્યાગ કરી સાધુ બની જનાર, તથા આત્માનો અવાજ સાંભળી વિશ્વ શાંતિના માર્ગ પર કુચ કરવા, પદયાત્રા કરનાર તે વ્યક્તિનું નામ સતીશ કુમાર હતું. ગાંધીજીના સ્વપ્નનાં નવા ભારત માટે વિનોબા ભાવેની ભૂદાન ચળવળ માં પણ તેમને મોટો સહયોગ આપ્યો હતો. જ્યારે તેમણે પોતાના જીવનના ઉદાત્ત હેતુઓ શોધી કાઢયા ત્યારે તેમણે ખિસ્સામાં પોતાનો એક પણ રૂપિયો રાખ્યા વગર ભારતથી અમેરિકા સુધી ચાલતા જવાની ઝુંબેશ સ્વીકારી અને માર્ગમાં આવતી તમામ મુશ્કેલીઓને માત આપી.

ઇન્ટરનેટ પર મેં તેમના વિશે વધુ જાણકારી શોધવાનો પ્રયત્ન કર્યો, અને મારી ખુશી ની વચ્ચે મને તેમનો સંપર્ક કરાવતી માહિતી મળી ગઇ. થોડો સમય દ્વિધામાં ગાળ્યા પછી મેં તેમનો UK મા સંપર્ક કર્યો અને સામેથી ધીર ગંભીર અવાજમાં પ્રત્યુતર મળ્યો, 'યસ' જે સાંભળતા જ મારી આંખોમાં ચમક આવી ગઈ. મારી ઓળખ આપતાં મેં જણાવ્યું, કે, "હું ઘણા સમયથી તમને મળવાની ઝંખના ધરાવું છું; તમને કદાચ યાદ નહીં હોય પરંતુ આજથી લગભગ ૪૭ વર્ષ પહેલા તમે મારા ઘરે આવ્યા હતા, અને તે સમયે હું ખૂબ નાનો હતો. મેં મારું જીવન કોર્પોરેટ વિશ્વના અનેક દેશો મા વ્યતીત કર્યું છે અને હવે હું તેને માનવસેવા માટે અર્પણ કરવા માંગુ છું; હું ઇચ્છું છું કે તમે આ વર્તમાનમા શાંતિ યાત્રાઓ વિશે મારું વધુ માર્ગદર્શન કરો. મારું બોલવાનું પૂરું કરી હું અટક્યો શાંતિનો ભંગ કરતા તેઓ હસી પડ્યા અને કહ્યું, હું તને ભારતમાં મળું છું; અને ઉમેર્યું, સપ્ટેમ્બર મહિનાના અંતમાં હું દહેરાદુન આવી રહ્યો છું, તે સમયે હું તને ત્યાં મળીશ. અને ત્યારબાદ તેમણે મારો ઉત્સાહ વધારતી અનેક વાતો કહી, જેને સાંભળી હું ખૂબ ખુશ અને તેમને મળવા આતુર થઈ ગયો.

*****

" યોગેશભાઈ એટલે સેવા અને વિશ્વાસનું પારદર્શક સ્વરૂપ. તેમના સત્યને કાર્યોમાં પરિણમિત કરતા જોવાનો મને મોકો મળ્યો છે તે માટે હું ખુશી અને ધન્યતા અનુભવું છું. તેમના માર્ગમાં આવતા અવરોધો તેમની સાધના બને છે. તેમનો અડગ વિશ્વાસ તેમના કાર્યોને વિસ્તૃત કરે છે અને આ આશીર્વાદો સાથે તેઓ તેમના માર્ગ પર ચાલે છે, ખરેખર, પદયાત્રા કરે છે.

આ વ્યક્તિ, જેની પાસે અનેક વસ્તુઓ શીખવા મળે તેનું જીવંત ઉદાહરણ છે, તેમનું વિવેકપૂર્ણ હૃદય હંમેશા કંઈક નવું ગ્રહણ કરવા તત્પર હોય છે અને મેં તેનો અનુભવ કર્યો છે. જ્યારે કોઈ સાથે ન હોય તે સમયે પણ યોગેશભાઈની આંતરિક શાંતિ વાસ્તવિક સૂઝબૂઝ દર્શાવે છે; પછી તે ભારતના ભિખારી સાથેનો વાર્તાલાપ હોય કે સાઉથ આફ્રિકામાં ધસી આવેલું સશસ્ત્ર ટોળું હોય, તેમના કાર્યો ઉગી નીકળે છે. હું એવું ઈચ્છું કે આ પુસ્તક અનેક લોકો સુધી પહોંચે અને તેનો સંદેશો માનવતાના હાર્દ સુધી પહોંચે.



- શૂન્યો
(આધ્યાત્મિક ગુરુ અને
મારા જીવનના શિલ્પી)

વિશ્વશાંતિ નું પ્રથમ સોપાન

હું વિશ્વાસ કરવા લાગ્યો હતો કે સુંદર વિશ્વ માટે માનવતાનું ભાવપૂર્ણ વાતાવરણ નિર્માણ કરવું જોઈએ. વર્તમાન સમયે આપણી જીવનશૈલી એટલી બદલાઈ ગઈ છે કે જેને કારણે લોકો માંદા પડી જાય અને પછી આપણે તેનો દોષ બીમારીને આપીએ છીએ. ભય અને દમન થી વિશ્વ એટલું ભરાઈ ગયું છે કે શાંતિ અને એકતા પર પ્રહાર થઈ રહ્યા છે. જે વિશ્વ આપણને સુખ અને શાંતિ આપે છે તે આપણી સંસ્કૃતિમાં રહેલું છે.

૪૭ વર્ષોના લાંબા અંતરાલ પછી, સતીશ કુમાર ને મળવા હું દહેરાદુન આવ્યો, જ્યારે મેં હાસ્યથી તેમનું અભિવાદન કર્યું, ત્યારે તેમને જોઈ ખૂબ વિસ્મય પામ્યો. હું કઈ બોલી શકવાની સ્થિતિમાં ન હતો, તેથી ગભરાતા સ્વરે, તેમણે લખેલું પુસ્તક માંગ્યુ. પ્રતિ ઉત્તર આપતા સતીશ કુમારે કહ્યું, કે ઘણા વર્ષો પહેલા તેમણે એક પુસ્તક લખ્યું હતું, પરંતુ હવે હું તે આપી શકું એમ નથી. તેમણે મને તે પુસ્તકના પ્રકાશક, સર્વ સેવા સંઘ પ્રકાશન, વારાણસી વિશે જાણકારી આપી. વિશ્વમાં શાંતિ અને એકતા સ્થાપવા માટે આજે હું શું કરી શકું?' તેમની સાથે વાતચીત દરમિયાન મેં તેમને પૂછ્યું. સતીશ કુમાર જવાબ આપતા કહ્યું કે મેં જે કર્યું છે, તેને તું ફરીથી કરી શકે તેમ છે. તેમની ઇચ્છા હતી કે હું શાંતિના ધ્યેયમાં ભાગીદાર બની, વૈશ્વિક ફલક પર લોકોને મળી અને 'વિશ્વશાંતિ' નો સંદેશો ફેલાવું.

સતીશ કુમાર એ મને આપણા પોતાના વિશ્વમાં શાંતિ સ્થાપવા પ્રોત્સાહિત કર્યો અને સલાહ આપી, કે જેમ દાનની શરૂઆત ઘરમાંથી જ થવી જોઈએ. તેમણે એ વાતની ચર્ચા કરી કે અનેકવિધ કારણોથી કેવી રીતે ભારતના સંબંધો તેની આજુબાજુના પડોશી રાષ્ટ્રો સાથે વણસી રહ્યા છે, અને ભારત, આપણો દેશ, પણ ઘણો બદલાઈ રહ્યો છે. તેથી તેમણે મને ભારતની અંદર તથા આજુબાજુના રાષ્ટ્રોમાં વિશ્વ શાંતિનો સંદેશ પ્રસારવાનું કહ્યું. હું તેમની વાણીથી પ્રભાવિત થયો અને મારી જાતને રાષ્ટ્રની સેવા કરવા પ્રોત્સાહિત કરી.

ઘરે આવીને મેં મારા કાર્યની રૂપરેખા તૈયાર કરી અને મારા માર્ગદર્શક રાજ માલી સાથે તે વિષયો પર ચર્ચા પણ કરી. આ કાર્યની સરાહના કરતા તેમણે મને આગળ વધવાનું કહ્યું. ઘરે આવી તે વિશે મેં ઊંડી યોજનાઓ બનાવવાનું શરૂ કર્યું પરંતુ, યોજના બનાવવી અને તેને કાર્યરત કરવી એ બંને સંપૂર્ણ રીતે જુદી વાતો છે. મારી પાસે ત્યાંથી શરૂ કરવું અને કેવી રીતે આગળ વધવું તેની કોઇ ચોક્કસ કલ્પના નહોતી, ઉપરાંત મેં મારા જીવનમાં ક્યારેય આટલી લાંબી પગપાળા મુસાફરી પણ કરી નહોતી. તેથી હું અનેક વિચારોમાં અટવાયા કરતો હતો અને કોઈ ચોક્કસ પગલું નહોતો ભરી શકતો.

લગભગ છ મહિના પછી રાજે મારી પ્રગતિ વિશે પૃચ્છા કરી તયારે મારી પાસે કોઈ જવાબ નહોતો. તેમને ખ્યાલ આવી ગયો કે મેં કઈ જ કર્યું નથી તેથી તેમણે મને પૂછ્યું કે, મારે કંઈ કરવું જ નહોંતું તો હું તેમની પાસે આ પ્રસ્તાવ લઈને શા માટે ગયો? આ વાત મારામાં ઉતરી ગઈ અને મેં તરત જ નિયમિત રૂપે ચાલવાની પ્રેકટીસની શરૂ કરી. રોજ હું કાંદિવલીના મારા ઘરથી, વિલે પાર્લેમાં આવેલા મારા વૅલનેસ લોન્જ સુધી, લગભગ ૧૬.૫૦ કી.મી. જેટલું ચાલતો. મને ચાલવાનો વધુ અને વધુ મહાવરો અને પ્રેરણા મળે તે માટે રાજે મને પૂણે સુધી ચાલીને આવવાનું આમંત્રણ આપ્યુ.

હું ફરીથી જીવંત થઇ ઉઠ્યો. મને લાગ્યું કે મારી બધી જ સમસ્યાઓ જતી રહી છે અને પ્રત્યેક દિવસે મારું જીવન વધુ ને વધુ ઉન્નત થઈ રહ્યું છે. હું સવારે ચાલવા જતો તેરે મારા લક્ષ્યને ધ્યાનમાં રાખી છાયડામાં ન ઊભો રહેતો, ન ભાવતું હોવા છતાં નીચે બેસી લીંબુ શરબત પીતો. મારા પરિવારના સભ્યોને વિસ્મય હતું કે હું આ શું કરી રહ્યો છું? એક દિવસ મેં મોટાભાઈ, બા, પીના તથા ઘરની બધી જ વ્યક્તિઓને સાથે બેસાડી કહ્યું, કે હું વિશ્વ શાંતિ માટે પગપાળા યાત્રાની તૈયરી કરી રહ્યો છું, બધા જ શાંત થઈ ગયા. મેં પૂછ્યું, તમને યાદ છે કે આપણા સુંદર ભવનના ઘરે સતીશ કુમાર આવ્યા હતા, જેમણે શાંતિ યાત્રા વિશે જણાવ્યું હતું, મોટાભાઇયે મને પૂછ્યું, તેનું શું? મોટાભાઈએ ઉદાસીના હાવભાવ સાથે પૂછ્યું? મેં મારી ધીરજ જાળવી રાખી તેમને સમજાવ્યું કે હું પણ તે સતીશ કુમારના રસ્તે ચાલવા માંગુ છું. મારું ધ્યેય પણ પદયાત્રા દ્વારા વિશ્વશાંતિ અને એકતા ની ભાવનાને પ્રોત્સાહન આપવાનું છે. મારી શાંતિયાત્રા પાકિસ્તાન અને ત્યારબાદ એક પછી એક બધા જ પડોશી રાષ્ટ્રોમાં થશે. આ સમાધાનનો સંદેશ ફેલાવવાથી શું તો વિશ્વને પાછું વ્યવસ્થિત કરી શકશે? મોટાભાઈ એ પૂછ્યું. હું એ વાતની ખાત્રી ન આપી શકું કે મારું કાર્ય સફળ થશે જ પરંતુ મને એ ખબર છે કે મારે વિશ્વમાં શાંતિ અને એકતા ની સ્થાપવા માટે પ્રયત્ન કરવો છે મેં જવાબ આપ્યો.

મારી બંને દિકરીઓ આ સાંભળી સ્તબ્ધ થઈ ગઈ, મોટાભાઈ મારા પર ક્રોધિત થયા. તેમણે કહ્યું કે પરિવાર વિષે વિચાર્યા વગર તે ખૂબ ઉતાવળો નિર્ણય લીધો છે. તને ખબર છે આ બાબતની અમારી ઉપર તેની શું અસર થશે, તેમનો અવાજ ભરાઈ ગયો, તું એટલો સ્વકેન્દ્રી બની ગયો છે કે આવા નિર્ણયો તારી જાતે લઈ લીધા? તારા માટે અમારું કોઈ મહત્વ નથી? મારી પુત્રીઓની અપેક્ષા પર હું નાપાસ થયો અને મારા વગર તેમને પડનારી તકલીફો તથા તેમના ભવિષ્ય વિશે વિચારતા મને ખૂબ ગ્લાનિ થઈ. મારી પત્ની પીના એ પણ તેનો સખત વિરોધ નોંધાવ્યો. પીના સાથે થતી અનેક નાની મોટી ચણભણનો મને વાંધો નહોતો પરંતુ તે મને છોડી જાય તે માટે હું તૈયાર ન હતો. મારી કલ્પના પણ નહોતો કરી શકતો કે અમારા સંબંધોની શરૂઆતમાં તે આટલો અણગમો અને હિંસક પ્રતિકાર દાખવી શકે છે. આ મારા માટે ખૂબ જ નિરાશાજનક અનુભવ હતો. તેણે બાળકોની પણ પરવા ન કરી અને જ્યારે મને, મારા પરિવારને ઘરે સાથે રાખવાની જરૂર હતી ત્યારે તેને અમને છોડી જવાનો નિર્ણય કર્યો.

મારા ભાઈઓ પણ મારા આ કાર્ય ની પાછળના કારણનો પર વિશ્વાસ નહોતા કરી શકતા. તેમને એવું નહોતું લાગતું કે મારા આ કાર્યથી ભારત અને પાકિસ્તાન અને અનેક બીજા પડોશી રાષ્ટ્રો વચ્ચેનો સંઘર્ષ દૂર થઈ જાય. તેઓ મારી પુત્રીઓ માટે પણ વધુ ચિંતિત હતા, તેમને લાગતું કે મારે મારી દીકરીઓની બધીજ જવાબદારી ઉઠાવવી જોઈએ. તેમના માટે હું અણગમતો વ્યક્તિ બની ગયો હતો. મારા મિત્રો અને સહપાઠીઓ પણ સર્વસંમતિથી મારા આ પ્રસ્તાવનો વિરોધ કરતા હતા. તેઓ સાથે મળીને મને બેસાડ્યો અને કહેવા લાગ્યા કે હું તદ્દન તર્કહીન વાત કરી રહ્યો છું, મારે ફરીથી તે વિશે વિચાર કરવો જોઈએ. અને મને હતોત્સાહ કરતા અનેક શબ્દો કહયા જેને કારણે મારું હૃદય ભાંગી પડ્યું

મારા પરિવાર અને મિત્રો તરફથી મારી વાતને સમર્થન ન મળવાને કારણે હું મારી માન્યતા વિશે શંકા કરવા લાગ્યો હતો, તે સમયે મારી દીકરી સાક્ષીએ મને વોટસ એપ પર મેસેજ મોકલ્યો - 'પાપા, તમારું હૃદય કહે તેમ તમે કરો અમે તમારી સાથે છીએ'. આ શબ્દોએ મારો આત્મવિશ્વાસ વધારી દીધો. મારા સંતાનોએ કરેલા સૂચનથી મારા નિર્ણયને વળગી રહેવાનું મને

બળ મળ્યું. મારા સંતાનો એ મને એ વાતની પણ ખાતરી આપી કે મારી શાંતિયાત્રા ના સમય દરમિયાન તેઓ પોતાની જાતનું અને ભણતર તથા શાળાકીય પ્રવૃત્તિઓનું ધ્યાન પોતે જ રાખશે. આ શબ્દો અંધકારમાં મારા માટે પ્રકાશનું કિરણ બની રહ્યા. હું એ જાણતો હતો કે નવા પથ પર આગળ વધવાની શરૂઆત સમયે તમને વિરોધ અને સમર્થન બંને મળતા હોય છે. જ્યારે મેં દરેક વિરોધી મતોને ધ્યાનમાં લીધા ત્યારે મને વિશ્વાસ થઈ ગયો કે કોઈપણ મહાન કાર્યને ટીકાઓનો સામનો કરવો પડતો જ હોય છે.

હવે હું મારા કાર્ય વિશે ના ગહન ચિંતનમાં લાગી ગયો. પ્રત્યેક વિકલ્પો પર વિચાર કરવા લાગ્યો. વીકએન્ડ ના દિવસોમાં મારા ઘરેથી પ્રભાદેવી સ્થિત સિદ્ધિવિનાયક મંદિર સુધી ૩૨ કિલોમીટર જેટલું ચાલીને જતો. મારા, આ કાર્ય ન કરવા વિશે ઘરમાં ઘણી અસમંજસતા ઉભી થઈ હતી, તેથી મેં મારી સમજ શક્તિની ચકાસણી કરવાનું નક્કી કર્યું. મેં મારા મનથી એવું નક્કી કરી લીધું કે, આવતીકાલે જ્યારે હું સિદ્ધિવિનાયક મંદિર સુધી ચાલુ ત્યારે રસ્તામાં મને જો કોઈ સિક્કો પડેલો મળે તો હું એ આશીર્વાદ રૂપે સ્વીકારી લઈશ કે મારા આ કાર્યમાં દૈવી ઈચ્છા મારી સાથે જ અને તો જ હું મારો આ નિર્ણય આગળ વધારીશ પરંતુ જો એવું કંઈ ન થયું તો હું મારો આખો ઉપક્રમ અહીંયા જ અટકાવી દઈશ.

બીજા દિવસે શનિવાર હતો, વહેલી સવારે મેં મારી પાંચ કલાકની પગપાળા યાત્રા ની શરૂ કરી. આખા રસ્તે ધ્યાનથી જોતો જોતો ચાલતો હતો કે મને કોઈ સિક્કો પડેલો મળે છે કે નહીં, મારા આ ભગીરથ કાર્યમાં ઈશ્વરની ઈચ્છા મારી સાથે છે કે નહીં. ૩૨ કિલોમીટર ચાલતો હું સિદ્ધિવિનાયક મંદિર સુધી પહોંચી ગયો પણ રસ્તામાં મને એક પૈસો પણ દેખાયો નહીં. મંદિરના દ્વાર સુધી પહોંચતા જ મારી આંખ માં આંસુ આવી ગયા, જાણે ઈશ્વરે મને સંદેશો આપી દીધો છે કે તારે તારા નિર્ણયો ને આગળ વધારવાની કોઈ જરૂર નથી. આંખમાં આંસુ સાથે ભગવાન ગણેશને પગે લાગતા હું મનોમન બોલવા લાગ્યો, કે મારા જીવનમાં પ્રથમ વખત હું તદ્દન નિષ્કામભાવે સેવા કાર્ય કરવા જઈ રહ્યો હતો, મારું કાર્ય એક ઉદાત કારણ માટેનું, વિશ્વની શાંતિ માટેનું હતું તો તે મને તારી મંજૂરી કેમ ન આપી? મને તો ફક્ત તારા આશીર્વાદ જ જોઈતા હતા.

ત્યાં જ મંદિરના પૂજારીએ આવી મારા માથા પર હાથ મૂક્યો અને કોઇ મંત્રો બોલવા લાગ્યા, ત્યારબાદ તેમણે મને પ્રસાદ અને એક રૂપિયાના પાંચ સિક્કા આપ્યા! મને મારી આંખો પર વિશ્વાસ નહોતો થતો પરંતુ પૂજારીએ રૂપિયા આપી મને આશ્ચર્ય ચકિત કરી દીધો હતો અને ચમત્કાર સર્જ્યો હતો. જે વસ્તુ ની શોધ આખા રસ્તે કરતો આવ્યો હતો તેને ઈશ્વરે સ્વયં પોતાના હાથે, પોતાની વ્યક્તિ સાથે મોકલાવી હતી. લગભગ પુજારીઓ આશીર્વાદ રૂપે ફળ, ફૂલ કે પ્રસાદ જ આપતા હોય છે, ક્યારેય પૈસા નથી આપતા પરંતુ મને આજે જે પાંચ સિક્કા મળ્યા હતા અને એનો અર્થ એ જ થતો હતો કે ઈશ્વરે મારા કાર્યમાં આગળ વધવાનો મને હકારાત્મક સંદેશ આપી દીધો હતો. હું અત્યંત ખુશી થી ઉછળી પડ્યો અને મારા ખુશીના આંસુ ને રોકી ન શક્યો.

ફરીથી ગણેશજી ને પગે લાગી મેં તેમનો આભાર વ્યક્ત કર્યો અને મારું સમગ્ર જીવન વિશ્વની સેવા માટે આપવાનું નક્કી કર્યું. મંદિરની બહાર નીકળવાના દ્વાર પાસે મને વિજયભાઈ મળયા, તેમને જોઇ હું ખુશીથી ઊછળી પડ્યો અને આ ચમત્કાર વિશે જણાવ્યું. મારી વાત સાંભળી ને સ્તબ્ધ થઈ ગયા અને કહ્યું, સાચું કહું, તો યોગેશભાઈ મને પણ ક્યાંક તમારા નિર્ણય વિશે થોડી ચિંતા હતી, પરંતુ હવે મને ખાતરી થઇ ગઇ છે કે ઈશ્વરના આશીર્વાદ તમારી સાથે છે,

અને તમારું આ લક્ષ્ય પૂર્ણ થતાં હવે કોઈ રોકી નહીં શકે. તમારું કાર્ય ઉમદા છે અને હૃદય નિર્મળ છે, તમે જરૂરથી સફળતા પ્રાપ્ત કરી શકશો. વિજયભાઈના પ્રેમાળ શબ્દો એ મારા ઉત્સાહને વધુ વધાર્યો અને મેં મારી પાસેના પાંચ સિક્કા માંથી એક સિક્કો તેમને પ્રસાદ રૂપે આપ્યો.

પૂણે સુધી ચાલીને આવવા વિશે તે શું વિચાર્યું? એવું જ્યારે રાજે મને પૂછ્યું, ત્યારે પૂરા આત્મવિશ્વાસથી મેં કહ્યું કે હું, તેના માટે સંપૂર્ણ રીતે તૈયાર છું. મારા નવા સાહસની હું પ્રતીક્ષા કરવા લાગ્યો. મારા ઓફીસ મેનેજર, વિજયભાઈ મારી સાથે આવવાના હતા. તેમને મારી આ ચાલવાની પ્રક્રિયામાં વધુ રસ હતો. મારામાં આવેલા બદલાવ અને આત્મવિશ્વાસનો તેમણે અનુભવ કર્યો. એક ચમત્કારીત બનાવે મને વસ્તુઓને જુદી રીતે મૂલવતાં શીખવી દીધું હતું અને મારા જીવનને એક નવો અર્થ આપ્યો હતો.

મુંબઈ થી પૂણે સુધી ચાલતા જતા લગભગ પાંચ દિવસનો સમય લાગ્યો, વિજયભાઈ મારી પાછળ ગાડીમાં આવી રહ્યા હતા. થોડા માઈલો ચાલ્યા પછી હું જ્યારે આરામ કરવા અટકતો ત્યારે તેઓ મારી ખોરાક-પાણી વગેરેની જરૂરિયાતોને પૂરી કરતા અને મને મદદરૂપ થતા. સાથે સાથે એક ચમત્કાર એ પણ થયો કે જ્યારે રાહદારીઓને ધોમ - ધખતી ગરમીમાં મારા ચાલવા વિશે જાણ થવા લાગી તો તે લોકો પણ મને ખોરાક પાણી વગેરે આપતા અને સહાય રૂપ થતા હતા. મારી ચેતના વિસ્તૃત થઈ રહી હતી અને સાથે સાથે સુંદર લાગણીઓથી પણ ભરાઈ ગઈ હતી. મારું સમગ્ર વિશ્વ બદલાઈ ગયું હતું. હું જ્યારે પૂણે રાજ ના ઘરે પહોંચ્યો ત્યારે તેના પિતાએ મારું અભિવાદન કર્યું. તેમના આતિથ્યમાં તેમની લાગણી પ્રદર્શિત થતી હતી. રાજના પિતા એ વ્યક્તિ હતા જેમણે મને મહારાષ્ટ્રીયન રિવાજો અને તેમની નમ્ર સભ્યતાનું મને જ્ઞાન આપ્યું. તેમણે મારી નમ્રતાને પુનઃસ્થાપિત કરી મેં હાથ ધરેલા મારા કાર્ય માટે મને પ્રોત્સાહિત કર્યો. મેં જ્યારથી ઓછું લોકો પકડે તેવો માર્ગ સ્વીકાર્યો હોવા છતાં મને કંઈક પ્રાપ્ત કર્યા ની લાગણી થતી હતી.

પૂણે સુધી ચાલતા જવાની મારી પરિયોજના વિશે જાણી જયેશભાઈએ મારું અભિવાદન કરયુ. મારી પ્રગતિ જોઈ તેઓને આશ્ચર્ય થયું અને તેમણે મને અમદાવાદ સુધી ચાલતા આવવાનું આમંત્રણ આપ્યુ. તેમણે સલાહ આપી કે મુંબઇથી અમદાવાદ સુધી નું લાંબુ અંતર પગપાળા પૂર્ણ કરવાથી મારા વિશ્વ શાંતિના પ્રવાસને વેગ મળશે. મારા આત્મવિશ્વાસ અને મારી સકારાત્મકતાએ મને પાંખો આપી અને હું ગાંધી આશ્રમ સુધી ચાલતા પહોંચવા માટે તૈયાર થઈ ગયો. જયેશભાઇએ ફોન કરીને કીધું યોગેશ આ વખતે તું એક પણ રૂપિયા લીધા વગર પ્રવાસ કર, પૈસા વગર! આ સાંભળી હું અચંબિત થઈ ગયો. મેં તરત જ જવાબ આપ્યો, એ કેવી રીતે શક્ય બને? આપણી પાસે બધું જ હોવા છતાં આવો ખોટો ઉત્સાહ બતાવી તેને રોમાંચક બતાવવાનો કોઈ અર્થ નથી એવું મને લાગતું, હું સમસમી ઉઠ્યો.

એક કહેવતમાં કહેવાયું છે કે, 'જે વ્યક્તિઓએ પોતાનો આખું જીવન સુખ અને સગવડ સાથે વ્યતીત કર્યું હોય હોય છે તેમની સમસ્યા એ છે કે તેઓ એના આદી બની ચુક્યા હોય છે.' હું કદાચ આવી જ વ્યક્તિ હતો, મારી આખી જિંદગી મેં એશોઆરામમાં જ વિતાવી હતી. હું ગભરાઈ ગયો અને તે તરફથી મારું ધ્યાન બદલી કાઢયું. મારા અનેક વખત ના પાડવાને કારણે જયેશભાઈએ મને પૂછ્યું કે તું આ બધું કોના માટે કરી રહ્યો છે? શાંતિ યાત્રા પાછળનો મૂળભૂત ઉદ્દેશ શું છે? આ બધું કરવાથી મને આંતરિક અને બાહ્ય બંને રૂપે શાંતિ મળે છે. મેં જવાબ આપ્યો. તેમને મને સલાહ આપી કે મારે મારા ફાયદાઓ પ્રત્યે સ્થિર રહેવું

જોઈએ, પૈસા વગર ચાલવાથી તારા પ્રવાસનો અનુભવ વધુ પ્રભાવકારી બનશે. વધુ વિસ્તૃત રીતે સમજાવતા તેમણે કહ્યું પૈસા માનવી સાથે અનુસંધાન કરતા રોકે છે, જ્યારે તું ચાલી ને થાકી જશે અત્યારે હોટલમાં રહી આરામ કરશે, રેસ્ટોરન્ટમાં જમી લેશે તેથી બીજી કોઈ વ્યક્તિ સાથે તારો સામનો નહીં થાય. પરંતુ, જો તારી પાસે પૈસા નહીં હોય તો તારે નમ્રતાથી બીજી વ્યક્તિઓનો સંપર્ક સાધી તેમના આતિથેય બનાવવાનું સ્વીકારવું પડશે. અને જ્યારે તું એમનું આતિથ્યનો સ્વીકાર કરશે ક્યારે તને તારા અહિંસા અને શાંતિના વિચારોને આગળ વધારવાનો મોકો મળશે. તો સરળતાથી લોકો સાથે વાતચીત કરી શકશે અને જે તારા લક્ષ્યનું સશક્તિકરણ કરશે. માટે હિંમત રાખ, ઈશ્વરમાં વિશ્વાસ રાખ, બીજાઓમાં વિશ્વાસ રાખ અને આગળ વધ. તેમણે મારામાં વિશ્વાસ દર્શાવ્યો. થોડા દિવસ પછી મેં જયેશભાઇને મારા આ નવા ધ્યેયની રૂપરેખા આપી દીધી. હું કયો માર્ગ લેવાનો છું, રસ્તામાં ક્યાં ક્યાં અટકવાનો છું અને ક્યાં રાતવાસો કરવાનો છું તે બધી જ વિગતો તેમને સમજાવી દીધી. મારી બધી જ વાતોને ધ્યાનથી સાંભળી, મારા ઉપક્રમ ની બધી જ વસ્તુઓનું ઝીણવટથી આલોકન કરીને હા કહી.

ઘરે પાછા આવી મેં આખી ઘટના તથા તથા મારી પરિકલ્પના વિશે વાત કરી અને વિનંતી કરી કે તેઓ મને સમજે અને તેમનો સમય આપે અને મેં પણ તેમને એ વાતની ખાતરી આપી કે હું મારી પારિવારિક જવાબદારીઓનું પાલન કરીશ. પરંતુ પીનાએ અમને છોડીને જવાનું નક્કી કરી દીધું હતું અને હું ત્યાં શું કરવું તેની દ્વિધામાં ઉભો હતો. મેં મારી દીકરીઓ 'ભૂમિ' તથા 'સાક્ષી - સોનુ' ને બોલાવી વ્હાલ કર્યું અને તેમના મસ્તક પર ચુંબન કર્યું. તેમના નાનકડા હાથ મારા ગાલ પર મૂકી ફરીથી વિશ્વાસ અપાવતા તેમણે મને કહ્યું, પાપા અમને તમારામાં પૂરો વિશ્વાસ છે, અમે સંભાળીને રહીશું. અને હું નિશ્ચિંત થઈ ગયો. જે નિર્ણય લઈ લીધા હતા તેમાં હવે હું પાછો નહોતો ફરવાનો.

યાત્રા શરૂ કરવાના આગલા દિવસે મેં જયેશભાઇ ને કહ્યું, "કે કાલે સવારે સૂર્યોદય થતાં જ મારી શાંતિ યાત્રા માટે પ્રસ્થાન કરીશ". અને જયેશભાઈએ પ્રત્યુત્તર આપ્યો કે, તમને કોઈ પણ મદદની જરૂર પડે તો હું તમારી સાથે જ હોઈશ તમે ચિંતામુક્ત થઈ આગળ વધો. તે રાત્રે સૂતી વખતે મને અગણિત વિચારો આવવા લાગ્યા. મને થયું શુ હું કાર્ય પૂર્ણ કરી શકીશ? પૈસા વગર હું શું ખાઈશ,? ક્યાં રહીશ? જીવતો રહી શકીશ કે નહીં. જેના કોઈ જવાબ નહોતા તેવા વિચારોને મારા મનમાં ઘોડાપૂર ઉમટયું હતું, મોડી રાત સુધી હું જાગતો પડી રહ્યો હતો, ત્યાં જ મને મોટાભાઈની એક સલાહ યાદ આવી. તેમણે કહ્યું હતું, 'જીવનમાં પ્રગતિ કરવા માટે પ્રતિકૂળતાઓ અને મુશ્કેલીઓને ઓળખવી અને દૂર કરવી ખૂબ આવશ્યક છે. તમારી સામે આવતા પડકારોનો સામનો કરી તમે વધુ ને વધુ સારા બનવાનો પ્રયત્ન કરો છો તથા પ્રકાશિત દિવસોને તમારો માર્ગ બનાવવાની દૂરંદેશી ધરાવતા હોવ તો તમે વિશ્વના મહાન કાર્યમાં જરૂરથી તમારો ફાળો આપી શકો છો.' આ શબ્દો નું સ્મરણ થતાં મારા મન પરથી બોજો હટી ગયો અને રાહતનો શ્વાસ લઇ મારી યાત્રા માટે મારા મનને તૈયાર કરી દીધું.

*****

"યોગેશ….. શાંતિ ના મસીહા

છેલ્લા ૩૦ થી પણ વધુ વર્ષોથી હું યોગેશ ની અદ્ભુત જીવનયાત્રાનો સાક્ષી રહ્યો છું. પોતાના જીવનમાં બદલાવ લાવવાનું તેણે જે સામર્થ્ય બતાવ્યું છે તે માટે હું ખરેખર તેની પ્રશંસા કરું છું.

તેની સાથે મારી પ્રથમ મુલાકાત ૮૦ના દાયકા દરમિયાન મફતલાલ ગ્રુપ ઓફ કંપનીઝની એક કંપનીમાં માસ્ટેકના ગ્રાહક તરીકે થઈ હતી. તેનો ઉત્સાહ અને વિશ્વાસ વિક્રેતા તરીકે અમને અમારું ઉત્તમ આપવા માટેનું પ્રોત્સાહન હતું. ત્યારબાદ તેણે એન્ડ યુઝર તરીકેની તે સંસ્થા છોડી અમારી સાથે જોડાવાનું નક્કી કર્યું. અમારી સાથે તેણે અનેક વર્ષો સુધી કાર્ય કર્યું, કામ કરવાની ધગશથી ઓછા સંસાધનો અને પડકારરૂપ વાતાવરણ હોવા છતાં શ્રેષ્ઠ કાર્ય કઈ રીતે આપી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ અનેક માસ્ટેકીઅરસને તેણે પૂરું પાડ્યું હતું.

અનેક ભૂતપૂર્વ માસ્ટેકીઅરસ આજે પણ, ખૂબ પ્રેમથી તેના વિશે વાત કરતા હોય છે, કે કેટલી કુશળતાથી તે તેને સોંપવામાં આવેલા કાર્યોને પૂર્ણ કરતો હતો. યોગેશ ને હું ખૂબ સારી રીતે ઓળખતો હતો તેથી જ્યારે તેણે કોર્પોરેટ જગતમાંથી નીકળી જઈ, જે માર્ગ સ્વીકાર્યો તેનાથી મને ખૂબ જ આશ્ચર્ય થયું. તે કેન્સરથી પીડાતા દર્દીઓની તેની અધ્યાત્મિક પદ્ધતિથી શારીરિક તેમજ માનસિક શાંતિ માટેની ચિકિત્સા કરવાની શરૂ કરી રહ્યો હતો. મને થયું કે થોડી અજમાઈશ કર્યા પછી તે અમારી પાસે પાછો આવશે પરંતુ, તે યોગેશ માટે સત્ય નહોતું! વ્યક્તિગત અને આર્થિક બંને રૂપે તેને નુકશાન થયું હોવા છતાં તે મક્કમતાથી તેના કાર્યને વળગી રહ્યો. તેનુ લક્ષ્ય એટલું પ્રેરણાત્મક હતું કે તેનો પરિવાર અડગ બની તેની પડખે ઊભો રહ્યો. તેની પત્નીના કસમયે થયેલા મૃત્યુએ પણ તેના સેવાકાર્યની આ યાત્રાને જરાય ઝાંખી ન પાડી. મને એ વાતનો વિશ્વાસ છે કે તેણે અનેક કેન્સરના દર્દીઓને સ્વસ્થ કરી તેમના નિયમિત જીવનમાં પાછા વાળ્યા હશે.

પરંતુ યોગેશ ફક્ત તેટલાથી જ ખુશ નહોતો. તેનું સ્વપ્ન વિશ્વમાં શાંતિ સ્થાપવાનું હતું. આ વિચારને લક્ષ્ય બનાવી તે તદ્દન ખાલી ખિસ્સે પદયાત્રા કરવા નીકળી પડ્યો. મેં ફરી એક વાર વિચાર્યું કે થોડી યાત્રા પછી, ભારતના પડકારરૂપ ગ્રામીણ વિસ્તારોમાં એકલા ચાલવાની મુશ્કેલીઓની જાણ થતા જ તે આ કાર્ય છોડી દેશે. પરંતુ ફરી એકવાર હું તદ્દન ખોટો પડ્યો! તે કેટલા રાષ્ટ્રોમાં અને કેટલા હજારો કિલોમીટર ચાલ્યો છે, મેં તે ગણવાનું જ છોડી દીધું છે. તારી હિંમત, દ્રઢતા અને ઉદાત્ત હેતુને ખૂબ ખૂબ સલામ, યોગેશ! કોઈપણ જાતની ભૌતિક સુખ-સગવડ વગર કેવી રીતે ખુશ રહેવાય અને તે ખુશી બીજા હજારો લોકો સુધી કેવી રીતે પહોંચાડી શકાય તેને તે ઉત્તમ રીતે ચરિતાર્થ કરી બતાવ્યું છે."



- અશાંક દેસાઈ
(માસ્ટેક કંપનીના સંસ્થાપક ડિરેક્ટર અને મારા જીવનના શિલ્પી)

આત્મખોજની યાત્રા

અંતે, એ દિવસ આવી પહોંચ્યો જ્યારે હું મારી ધ્યેયપ્રાપ્તિ માટે નીકળવાનો હતો. વહેલી સવારે સાડા ચાર વાગે હું ઉઠ્યો ત્યારે મારામાં સ્ફૂર્તિ - સંચાર અનુભવાયો, અને સાથે સાથે થોડી ગભરામણ પણ થતી હતી. અનેક લાગણીઓથી મારું હૃદય ભરાયેલું હતું. ઈશ્વરના પ્રાર્થના કરતા મેં કહ્યું, પ્રભુ મારું માર્ગદર્શન કરજો. મેં જે પણ કઈ કરવાનું નક્કી કર્યું છે તેની પાછળનો મારો હેતુ માત્ર ઉત્તમ જ છે. તમારા આશીર્વાદને સાથજ આ યાત્રા માટે આગળ વધ્યો છું. મારી આંખ ખુલી ત્યારે મારી પુત્રી ભૂમિ મારી સામે ઉભી હતી, પાપા પ્લીઝ તમારું ધ્યાન રાખજો, અને તમને કોઈ પણ મદદની જરૂર હોય કે કટોકટી ઊભી થાય તો તરતજ મારો સંપર્ક કરજો આંખમાં આંસુ સાથે તેણે મને કહ્યું. અને મેં તેને સ્મિત સાથે વિશ્વાસ અપાવ્યો.

યાત્રા માટે મેં ફક્ત બે જોડી કપડાં, ટુવાલ, બ્રશ અને બાએ આપેલા થોડા થેપલાં. આટલો જ સામાન લીધો હતો. એ અવઢવમાં હતો કે કેવી રીતે આ બધુ થશે? શું મારે ભીખ માંગવી પડશે? ના ના હું ભૂખથી મરી જઈશ પણ ભીખ તો નહીં જ માંગુ, મેં નક્કી કરી લીધું. યાત્રાની પેલે પાર મારા માટે શું પ્રતિક્ષા કરી રહ્યું છે તેની મને કોઇ જાણ નહોતી પણ શંકર ભગવાન ના આશીર્વાદ લઇ, હું મારા ઘરના આંગણાને પગે લાગ્યો, એવું બની શકે કે હું ફરી કદી એને પાછું ન જોઈ શકું. મોટાભાઈ અને બા મારી આ યાત્રાથી પૂર્ણ રીતે સહમત નહોતા અને તેનું કારણ કદાચ મારે માટેની અને દીકરીઓ ની તેમની ચિંતા જ હતી. પણ તેઓ મને દરવાજા સુધી વળાવવા આવ્યા હતા. મને લાગ્યું કે જો મારી યાત્રા સફળ થશે તો કદાચ તેઓ મને સમજી જશે. ભૂમિ પણ મારી સાથે મારી યાત્રા વિશે વાતો કરી રહી હતી. અને તેટલામાં જ વિજયભાઈ આવ્યા યોગાનુયોગે તે સમયે જ સૂર્યોદય થયો. વિજય ભાઈ સાથે મારે લોહીનો સંબંધ નહોતો પરંતુ તે મારા ખૂબ જ અંગત હતા. મારા પરિવારની પ્રત્યેક જરૂરિયાત માં તેઓ મારી પડખે હતા. મારી નોકરી છૂટી ગયા પછી પણ બીજી નોકરી શોધવાને બદલે તેમણે મારી સાથે રહેવાનું પસંદ કર્યું હતું. તેમણે કહ્યું, યોગેશભાઈ, મને તમારી સાથે લઈ જાવ. મેં તમને સુટ પહેરી ઓફિસ અને મિટિંગમાં જતા પણ જોયા છે. એપ્રિલ મહિનાની ગરમીમાં મુંબઈ અમદાવાદ ના હાઈવે પર જ્યારે તમે ચાલતા હશો ત્યારે તમને ભોજન પાણી વગેરે વ્યસ્થા કરી આપીશ. તમને કોઈ સમસ્યા થશે તો તમારું ધ્યાન રાખીશ. જો મને સાથે લઈ જશો તો હું તમને મદદ કરીશ અને બધું જ તમારે જાતે નહીં કરવું પડે.

મેં તમને આલિંગન આપતાં કહ્યું, ચિંતા ન કરો જો કંઇ પણ થશે તો તમે પ્રથમ વ્યક્તિ હશો જેને હું તેની જાણ કરીશ. બસ, મારી ગેરહાજરીમાં મારા પરિવારનું ધ્યાન રાખજો. અને વિજયભાઈએ તે માટે મને નિશ્ચિંત થઈ જવાનું કહ્યું. ભૂમિ અને સાક્ષીને પ્રેમથી આલિંગન આપી હું પ્રયાણ શરૂ કરતો હતો ત્યારે ભૂમિ અને વિજયભાઈ એ થોડા અંતર સુધી મારી સાથે આવવાનું નક્કી કર્યું. તેમણે કહ્યું કે આ મહાન કાર્યમાં તેમનું આ નાનું યોગદાન રહેશે. દહીસર ચેકપોસ્ટ સુધી લગભગ પાંચ કિલોમીટર જેટલું ચાલ્યા પછી તેઓ પાછા વળ્યા, પરંતુ વચમાં જ રસ્તા પર થી વિજયભાઈને એક સિક્કો મળયો અને મેં સાથે મારી શાંતિયાત્રાનો શુભ પ્રારંભ કર્યો.

શેરીઓમાં બહાર દરમિયાનમા મેં નોંધ્યું કે વહેલી સવારે નાના બાળકોના રમવાને કારણે આજુબાજુનું વાતાવરણ કેટલું સુંદર બની જાય છે. એક છાપાવાળો છોકરો છાપાની લારી

લઈ નીકળ્યો હતો. સવારનો પહેલો કપ ચા પી રહેલા વૃદ્ધોને સવારનું છાપું પહોંચાડવાની આ એક બીજી પદ્ધતિ હતી. પછી મારું ધ્યાન શાકભાજી વેચવાવાળી વ્યક્તિઓ પર પડ્યું, જે તાજું શાક લાવી વેચીને તેમનું ગુજરાન ચલાવતા હતા. જેમ જેમ હું આગળ વધતો હતો તેમ તેમ અનેક લોકોની નજર પણ મારી તરફ પડતી હતી. કોઈ સામે જોઇ હસતા, કોઈ ધ્યાન ન આપતા તો કોઈ મારા કાર્ય વિશે પૂછપરછ કરતા.

મારા માર્ગમાં વચ્ચે જ મારા જીજાજી દિવ્યેશની ઓફિસ આવતી હતી. મેં ત્યાં વિશ્રામ લીધો. મારી બહેને મારા માટે ભોજન મોકલ્યું હતું. મારી યાત્રાની વાત સાંભળી તેઓને નવાઈ લાગી હતી પરંતુ, થઈ શકે તે બધી જ રીતે તેઓ મને સહાયરૂપ બન્યા હતા. મારા જીજાજી એ મને આગળના પ્રવાસ વિશે ચેતવણી આપતા કહ્યું, તમારી યાત્રા ખૂબ જ લાંબી છે તેથી માર્ગમાં આવતા લોકોથી સાવધાન રહેજો, થોડા માઇલ આગળ જતા રસ્તામાં, મનોર નામનું ગામ આવશે, ત્યાંના ગામવાસીઓ ખૂબ જોખમી છે, રાહદારીઓને તેઓ મારી અને લૂંટી લે છે.

મેં તેમને હૈયાધારણ આપતાં કહ્યું, માર્ગમાં આવતી બધી મુશ્કેલીઓ સામે લડી લઈશ અને સ્વસ્થ પણ રહીશ. ભગવાન શંકર મારું રક્ષણ કરે છે. મારા જીજાજી એ મને બીજી સલાહ આપી કે હું જૈન મંદિરોના માર્ગ પર મારી યાત્રા આગળ વધારુ જ્યાં મને આરામ કરવાની સુવિધા મળશે. ત્યાંથી નીકળી હું સાંજ સુધી સતત ચાલતો રહ્યો, સાંજે 6:30 વાગે વિરાર, સિરસાદ જૈન મંદિર, 'મહાવીર ધામ' માં પહોંચ્યો. મેં તે દિવ્યસ્થાન પર આરામ કરવાનું પસંદ કર્યું. પરંતુ ત્યાં ફક્ત પરિવાર સાથે આવેલી વ્યક્તિઓને જ આરામ કરવાની પરવાનગી હતી. તેમણે મને નજીકમાં ધૂળ અને મચ્છરોથી ભરેલા પરિસરમાં મોકલી આપ્યો. હું ખુશ ન થયો પરંતુ, આ તરફેણ સ્વીકારીને પરિસર નો એક ખૂણો સાફ કરી ત્યાં આરામ કર્યો. રાત્રે જ્યારે બધા આરામ કરતા હતા ત્યારે હું મંદિર ના અધિકારીઓ પાસે ગયો અને મારી યાત્રાનું કારણ અને હેતુ સમજાવ્યા. જ્યારે તેઓએ મારી પુષ્ઠ ભૂમિકા અને મારા ભણતર તથા ચિકિત્સાના કાર્ય વિશે જાણ્યું ત્યારે તેઓએ તરત જ મારા માટે અટેચ બાથરૂમવાળા વ્યક્તિગત રૂમની તથા ભોજન વગેરેની વ્યવસ્થા કરી આપી.
જીવન એટલું અપ્રત્યાશિત છે કે આપણે ક્યારેય નથી જાણી શકતા કે આપણે કોની સાથે માર્ગ પસાર કરશું, અથવા કેવી રીતે તેમની હાજરી આપણી યાત્રા પર અસરકારક બનતી હોય છે. ઉચ્ચ અધિકારીના પદ પરથી શાંતિ અને એકતાનો સંદેશ ફેલાવવા શેરીઓમાં વિહાર કરવા સુધીની મારી યાત્રા ખરેખર એક ચમત્કાર જ હતો! જેનો હું પણ ઘણીવાર મારા પરજ વિશ્વાસ ન કરી શકતો.

વહેલી સવારે ચાલવું વધારે ખુશનુમા હોય છે, દિવસની શરૂઆત કરવા તે ઊર્જા પૂરી પાડે છે. હું ઘણું ખરું ચાલ્યો હોઈશ, સદ્નસીબે વાતાવરણ પણ સુંદર હતું. મસ્ત પવન ફૂંકાતો હતો. અને હું શાંતિથી મંદિરો કે આશ્રમમાં આરામ કરતો આગળ વધી રહ્યો હતો. માર્ગમાં મે જ્યારે નકશા નું નિરીક્ષણ કર્યું ત્યારે ખબર પડી કે આગળ 'મનોર' ગામ આવશે. મને મારા જીજાજી ની સલાહ યાદ આવી અને હું સાવધ થઈ ગયો. લગભગ બપોરનો સમય હતો અને હું ગામની એક તરફથી આગળ વધી રહ્યો હતો, અચાનક એક માણસ હાથમાં લાકડી લઈને આવ્યો મને મારી બાજુમાં ચાલવા લાગ્યો. તેને મારા વિશેની માહિતીના અને આટલા તડકામાં હું કેમ ચાલી રહ્યો છું તે વિશે થોડા પ્રશ્નો પૂછ્યા, થોડો સમય મારી સાથે વાતચીત કરી, મારા વિશે વધુ જાણવાની કોશિશ કરતો રહ્યો અને ત્યારબાદ હાથમાં રહેલી લાકડીથી અવાજ કર્યો, જાણે તે મને ડરાવતો હતો. પછી તેણે મારો થેલો ચેક કર્યો, મારા કપડાં જોયા. મેં તેને મારા

કાર્ય વિશે કહ્યું. તેને મારામાં વિશ્વાસ બેઠો અને અચાનક તે રડતો રડતો મને પગે લાગ્યો. તે જોઈ મને ખૂબ નવાઈ લાગી મેં તેને કારણ પૂછતા તેને જણાવ્યું, અમારું 'મનોર' ગામ ખૂબ નાનું છે. અને અહીં એવી કોઈ આવક નથી જેનાથી અમારી જરૂરિયાતો પૂરી થઈ શકે. તેથી અમે ગામવાળા ભેગા થઈ અહીંથી પસાર થતા લોકોને લૂંટી અમારુ ગુજરાન ચલાવીએ છીએ. મારી સાથે જે માણસ જોડાયો હતો તે મને લૂંટવા જ આવ્યો હતો પરંતુ મારો ચાલવાનો ઈરાદો જોઇ તેણે પોતાનો વિચાર બદલી નાખ્યો અને ઉપરથી મને મદદ કરવા તેના પાકીટમાંથી સો રૂપિયા આપ્યા. હું કંઈ કહું કે તેને પાછા આપુ એ પહેલાં જ તે ઝાડીઓમાં અદ્રશ્ય થઈ ગયો. જે ગામવાળા બીજાને લૂંટી પોતાનો નિર્વાહ કરતા હતા તેમણે પોતાની પાસેના બધાજ રૂપિયા મને આપ્યા! કેવો ચમત્કાર! આ ઘટનાએ મારા મનને હચમચાવી દીધું, મેં હાથ જોડી ઈશ્વરનો આભાર માન્યો.

મને એક વાત નિશ્ચિત પણે સમજાઈ ગઈ, કે સ્નેહ અને સલામતીની લાગણી પ્રત્યેક વ્યક્તિમાં એક સમાન હોય છે. આ મનોવૃત્તિ આપણને આપણા સ્વયં સાથે સાચા રહેવા પ્રોત્સાહિત કરે છે અને આપણામાં પ્રત્યેક વ્યક્તિ માટે દયા અને સંવેદનાનું પ્રત્યારોપણ કરે છે. આ એ ભાવના છે જે અજાણી વ્યક્તિને પણ પ્રેમ કરતા અને તેના દુઃખ દૂર કરવામાં સહાયક થવા પ્રેરે છે. આજની ઘટના વિષે વિચારતો અને તેને સમજવાનો પ્રયત્ન કરતો હું ક્યાંય સુધી ત્યાં જ ઉભો રહ્યો.

મારી સંપૂર્ણ યાત્રા દરમિયાન જાણીતા અને અજાણ્યા બંને પ્રકારના લોકો એ મારું આતિથ્ય કર્યું. કેટલીક વ્યક્તિઓ મારી સંબંધી હતી જ્યારે કેટલીક વ્યક્તિઓ પારસ્પરિક સંબંધ થી જોડાઇ હતી પરંતુ તેમણે એટલી ઉત્તમ રીતે મારી આગતાસ્વાગતા કરી હતી, કે તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. કેટલાક અનુભવો એ છે મારા હૃદય પર એવી ઊંડી છાપ છોડી કે હું ભાવવિભોર થઇ ગયો. મારા આ શાંતિમાર્ગમાં અનેક લોકો મારા સહાયક બન્યા.

મારી યાત્રામાં દિનેશભાઈએ મારું સ્વાગત કર્યું હતું, તે મારા મિત્રના મિત્ર હતા, અમે ક્યારેય એકબીજાને મળ્યા નહોતા કે વાત પણ નહોતી કરી. તેમ છતાં તેમણે મારું ખૂબ જ ઉષ્માભર્યું આતિથ્ય કર્યું હતું. તેમનું ઘર અને પરિવાર નાનો હતો પરંતુ હૃદય ખૂબ મોટું હતું. તેમના ઘરે એક જ હૉલ હતો, જેમાં તેમની પત્ની બાળકો અને બીજા પરિવારના સભ્યો સૂઈ જતા, તેજ હૉલમાં તેમને મારા પણ રહેવાની સગવડ કરી હતી. એક અજાણી વ્યક્તિ પર આટલો વિશ્વાસ મૂકી તેમને મને અભિભૂત કરી દીધો, અને તેમના પ્રત્યે ઊંડો આદર ઉત્પન્ન થયો.

પૈસા સાથેનું જોડાણ સમાજને વ્યક્તિગત શાંતિનો અનુભવ કરાવતા રોકે છે, તેથી આંતરિક શાંતિનો અનુભવ કરતા પહેલા બાહ્ય શાંતિ પ્રાપ્ત કરવા મહેનત કરવી વ્યર્થ છે. ભાવનાના મૃત્યુથી શાંતિ યોદ્ધા બનવા સુધીની મારી આ સફરે મને જીવનનો ઉત્તમ બોધ આપ્યો હતો, મારા જ્ઞાન અને મારી પહેલાની માન્યતાઓ વિશે પણ અનેક પ્રશ્નો કરી તેને બદલ્યા હતા. મારી યાત્રામાં હવે હું મારા ઉત્તમ ધ્યેયોની હિમાયત કરવા તૈયાર હતો. મેં આત્મખોજ કરી હતી. અને હવે એ સમય આવી ગયો હતો જ્યારે હું મારા નવા સ્વરૂપને આગળના નવા કાર્યો માટે તૈયાર કરુ.

માર્ગમાં મારી મુલાકાત કેટલાક પત્રકારો સાથે થઈ, તેઓએ ઉનાળાની મધ્યમાં થઈ રહેલી મારી યાત્રા વિશે કેટલાક સવાલો પૂછયા. મારી વાત સાંભળી તેઓ પ્રભાવિત થયા અને મારો ઇન્ટરવ્યુ લેવા માંગતા હતા. મેં એ તક સ્વીકારી લીધી અને મારું શિક્ષાત્મક ધ્યેય તેમની

સમક્ષ વર્ણવ્યું. મેં તેમને જણાવ્યું કે હું સંપૂર્ણ માનવજાતિને પ્રેમ કરું છું અને તેથી તેના સંરક્ષણ માટે કાર્ય કરવા માંગુ છું. હું મુસ્લિમ નથી, છતાં મુસ્લિમ ભાઈઓ અને બહેનોને પણ પ્રેમ કરું છું. પ્રેમ કેટલી જવાબદારીઓ માંગે છે જે આપણે પૂર્ણ કરવી જોઈએ. મેં સહૃદયતા પૂર્વક જણાવ્યું. મારી વાત લોકો સુધી પહોંચશે તે વિચારી હું ખુશ થયો અને મારા માર્ગ પર નિશ્ચિંતતાથી આગળ વધ્યો.

જીવન યાત્રામા જેમની સાથે મુલાકાત થઇ હતી તેવા moved બાય love પરિવારમાંથી 'નીતી' નો મને ફોન આવ્યો, દિવ્યતાની આ સફર પર તેના પુત્ર 'યશ'ને સાથે લઈ જવા તેમણે મને વિનંતી કરી જે મેં સ્વીકારી લીધી.

'યશ' ૧૮ વર્ષનો અને ઉત્સાહથી થનગનતો તરુણ યુવાન હતો, મારી સાથે તે સુરતથી જોડાવાનો હતો. શરૂઆતમાં તેને આ પદયાત્રાના હેતુ વિશે જાણ નહોતી એના માટે તે ફક્ત પગથી થનારું સાહસ હતું. તે ફરવા નીકળ્યો હોય તેમ આઇપોડ પર સંગીત સાંભળતો અને તેના એકાંત નો આનંદ માણતો હતો. હું તેને ચાલવાનું કારણ સમજાવી શકું તેમ નહોતો તેથી મેં શાંત રહેવાનું ઉચિત સમજ્યું. થોડા કિલોમીટર ચાલ્યા પછી અમે એક મંદિરમાં આરામ કરવા ઉભા રહ્યા. તેણે પૂછ્યું, આપણે જમશું ક્યાં? મને ખબર નથી, મેં ઉત્તર આપ્યો. આ સાંભળી તેના ગાલ પહોળા થઇ ગયા, શું જમવાનું નહીં મળે? આપણે ક્યાં રહીશું તેની પણ ખબર નથી? તમને નથી લાગતું આપણે ઘણું ચાલી લીધું છે? તેના મગજમાંથી અનેક પ્રશ્નો ઉઠતા હતા અને તેના મોઢા પર તેણે કરેલા નિર્ણય માટે આસંતોષના હાવ ભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. મેં તેને કંઈ સમજાવવાને બદલે માનવતાના અસ્તિત્વનો અનુભવ કરાવવા માટે રાહ જોઈ. જોકે મને પણ એ સ્પષ્ટ નહોંતુ કે હું તે કેવી રીતે કરીશ. તેટલામાં જ એક વ્યક્તિએ આવી અમારા ભોજન વિશે પૃચ્છા કરી. હા; અમે ભોજનની શોધમાં છીએ, અમે વિશ્વમાં શાંતિ અને એકતા સ્થાપવા યાત્રા કરીએ છીએ અને મુંબઇથી ચાલતા આવ્યા છીએ. મેં કહ્યું આ સાંભળતાતેને અમને મંદિરમાં ઉભા રહેવાનું કહી શહેરમાં જઈ તાજુ, ગરમ અને સ્વાદિષ્ટ ભોજનના બે પેકેટ લાવીને અમને આપ્યાં. ભોજન અમારી જરૂરિયાત કરતાં પણ વધુ હતું. અમે હજુ જમતા જ હતા કે એટલામાં મંદિરમાં આવેલા કોઈ દર્શનાર્થીએ અમારી પાસે આવી અમારી યાત્રા માટે ખુબ શુભેચ્છા આપી અને 500 પાંચસો રૂપિયા પ્રવાસના ખર્ચ માટે આપ્યા.

યશ ને કોઈ અજાણી વ્યક્તિએ જે રીતે અમારો સંપર્ક સાધી અમને ભોજન, પાણી તથા પૈસા આપી પ્રવાસની સગવડ કરી આપી તે જોઈ ખૂબ જ આશ્ચર્ય થયું! આ કેવી રીતે થયું તે હજી સમજી શક્યો નહોતો. પરંતુ તેની ઉત્તેજના શમી ગઈ અને માનવતામાં તેનો વિશ્વાસ સ્થાપિત થયો. માનવતાના સ્પર્શથી અહંકાર નીકળી ગયો અને અમે બંને ઈશ્વર ના આશીર્વાદ સતત આપણી જોડે છે તેનો પુરાવો મળવાથી આનંદિત થઇ ઉઠ્યા.

જ્યારે અમે કોઈ ગામમાંથી પસાર થતા ત્યારે ત્યાંના રહેવાસીઓ પાસે આશરો માંગતા, અને ગામવાસી ખુશીથી અમને આવકારતા. અમે અજાણ્યા હોવા છતાંય તેઓ અમારી બધી જરૂરિયાત પૂરી પાડતા, ગરમ ભોજન બનાવી જમાડતા. તેઓ માનવતામાં, ઈશ્વરમાં, અને વહેંચવાની ભાવનામાં વિશ્વાસ રાખતા હતા. અમને એ વસ્તુની ખૂબ નવાઈ લાગતી કે દિવસના કોઈ પણ સમય દરમ્યાન તેઓ તેમના દરવાજા બંધ ન રાખતા. અરસપરસ ના લોકો પ્રત્યે પૂર્ણ વિશ્વાસ રાખતા. તેમના ઘરે કોઈ પણ આવે તેને આવકારવા અને મદદ કરવા તત્પર રહેતા. તેઓ નિરાભિમાની અને ધૈર્યવાન હતા. તેમને જોઈ હું, ઉત્તમ ધ્યેય પ્રાપ્ત કરવા માટે વિશ્વાસની

ભાવના વિકસિત કરવી જોઈએ તે શીખ્યો. જ્યારે તમે તમારી જાતમાં વિશ્વાસ કરવા લાગો છો ત્યારે તમારી આજુબાજુની વ્યક્તિઓ અને વસ્તુઓ તમારા વિશ્વાસ સાથે જોડાઈ જતી હોય છે.

અમદાવાદથી લગભગ 120 કિલોમીટર દૂર આવેલા બરોડાથી, 'મૂવ્ડ બાય લવ ફેમિલી' ના નવા મિત્ર 'શીતલ સંઘવી' નો સાથ મળ્યો. અમે જયારે સાંજે કોઈ અજાણ્યા ઘરે મદદ લેવા અટક્યા હતા, ત્યાં મેં બે નાના બાળકોને રમતા જોયા આગળ જઈને તેના માતા પિતા વિશે મેં તે બાળકને પૂછ્યું!, તેટલામાં જ, પાછળથી લગભગ ત્રિસસેક વર્ષની સૌમ્ય ચહેરો અને તેજસ્વી આંખો ધરાવતી મહિલાએ અમને પૂછ્યું હતું, તમને શુ મદદ ની જરૂર છે? ત્યારે મેં મારા ઉદ્દેશ વિશે જાણ કરતા રાત્રિરોકાણ માટે વિનંતી કરી હતી. મને પિતા સમાન ગણી તેને આવકાર આપ્યો. ઘરમાં તે એટલી જ હોય તેવું મને લાગ્યું જેથી હું અંદર જતા અચકાતો હતો પરંતુ તેને સધિયારો આપતા કહ્યું કે મારા પરિવારના સભ્યો થોડી જ વારમાં આવી જશે. તે અંદર જઈ ભોજનની તૈયારી કરવા લાગી એટલામાં જ તેમના પતિ આવ્યા જેમને અમને કોઈ જ સવાલ પૂછ્યા વગર પ્રેમથી અમારું અભિવાદન કર્યું. આ પરિવારની પરસ્પર પ્રેમ અને વિશ્વાસ ની ભાવના જોઇ હું નવાઈ પામ્યો, ઘણી વખત એવું બનતું હોય છે કે આ રીતનો કોઇ નિર્ણય લેતા પહેલા સ્ત્રીઓ ઘરના સભ્યોની પરવાનગી માગતી હોય છે, પરંતુ અહીં આ મહિલાને તેના પરિવાર તરફથી પૂર્ણ આદર અને વિશ્વાસ પ્રદાન થયા હતા. એવું ઈચ્છું છું કે આપણો સમાજે પણ સ્ત્રીની અંદર અપ્રતિમ વિશ્વાસની ભાવના કેળવવી જોઈએ કારણકે સ્ત્રીઓ જ વિશ્વની શક્તિ છે.

પ્રેમ ના માર્ગદર્શન હેઠળ અને અનેક વિસ્મયકારક પ્રસંગો સાથે અમારી યાત્રા આગળ વધી રહી હતી. યશ ની અંદર અનેક ફેરફાર થયા હતા. તે વધુ સ્ફૂર્તિવાન અને બીજાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવાવાળો બન્યો હતો. તેનો સ્વર પહેલા કરતા વધુ સૌમ્ય બન્યો હતો. અને હજુ પણ તેને અમારી સાથે ઘટી રહેલી ઘટનાઓ પર વિશ્વાસ કરવાનું થોડું અઘરું લાગતું હતું. યુવા પેઢી ભાષાણો કરતા, નિરીક્ષણ અને બીજાઓની વર્તણૂક ઉપરથી વધુ જ્ઞાન પ્રાપ્ત કરતી હોય છે. મારા જીવનમાં હું બદલાવ લાવ્યો હતો, અને ઉચ્ચ ઉદ્દેશ્યો માટે કાર્યરત હતો તે વાત મને આનંદિત કરતી હતી. વર્ષો પહેલા જે અનેક મિત્રો સાથે નો મારો સંપર્ક છૂટી ગયો હતો જેવાકે ગિરીશ મેહતા અને વિનોદ ભાવસાર, તેમણે મારો સંપર્ક સાધ્યો, મને તેમના ઘરે બોલાવી પ્રેમથી આગતા સ્વાગતા કરી અને મારા પથ પર આગળ વધવાનું બળ આપ્યું. અમરા અમદાવાદના માર્ગ પર વિનોદભાઈ અમારી સાથે હતા, મને એ વાતનો વિશ્વાસ નહોતો કરી શકતો કે આટલે દૂર સુધી, ખાસ કોઈ સમસ્યાનો સામનો કર્યા વગર પહોંચી ગયો છું. પણ, આ નિર્ણય કરવા માટે મારી જાત ની સરાહના કરી શકતો હતો.

થોડા જ સમયમાં હું અમદાવાદ ગાંધી આશ્રમ પહોંચી ગયો, ત્યાં જયેશભાઈ મારી રાહ જોતા ઉભા હતા. તેમને મળતાની સાથે જ હું ગદગદ થઈ તેમને ભેટી પડ્યો. મારા જીવનમાં તેમણે કરેલા યોગદાન માટે, મને મજબૂત વિચારોનું પીઠબળ આપવા માટે મેં તેમનો અત્યંત આભાર માન્યો. મારા અહંકાર અને ખોટી માન્યતાઓ સામે લડવા તે મારા સહાયક બન્યા હતા. આજે હું અંત્યંત જુદી જ વ્યક્તિ બની તેમની સમક્ષ ઊભો હતો. મને જે પ્રેમ, કાળજી અને આધાર પ્રાપ્ત થઈ રહ્યા હતા તે અદ્ભુત હતા. અને ત્યાં દૂર ખૂણામાં મારી લાડકવાયી દીકરી ભૂમિ અને વિજયભાઈ ઊભા હતા જે મારું અભિવાદન કરવા ખાસ મુંબઈથી આવ્યા હતા અને મને પાછા ઘરે લઈ જવા મારી પ્રતીક્ષા કરી રહયા હતા.

મારી આ શાંતિ યાત્રાની અવધિ 19 દિવસની હતી જે બે રાજ્યોમાં, ખિસ્સામાં નીજી એકપણ રૂપિયો રાખ્યા વગર ૬૦૦ થી વધુ કિલોમીટર ચાલીને કરાઈ હતી. આંતરરાષ્ટ્રીય સ્તર પર શાંતિ યાત્રા કરવા માટે મારી જાતને તૈયાર કરવા માટેનો આ પહેલો અનુભવ હતો. પૈસા વગર કરાયેલી આ યાત્રાએ મને મૂળભૂત રીતે બદલી દીધો. તેણે માનવતાના મૂલ્યોના અનેક ઉદાહરણ પૂરા પાડ્યા અને 'અતિથિ દેવો ભવ' ની ભાવનાને ચરિતાર્થ થતી જોઈ. આપણી સંસ્કૃતિનું ઉત્તમ પાસું છે પરંતુ વર્તમાન સમયે અપેક્ષાઓના બોજ તળે દબાઈ ગયું છે. મેં જીવનનો ઘણો લાંબો સમય તેનો અર્થ શોધવા પાછળ વ્યતીત કર્યો હતો અને આજે મારી જાતને શોધી તેને પામી ગયો હતો.

હું જ્યારે ઘરે પાછો ફર્યો ત્યારે 'બા' અને 'મોટાભાઈ'ના આશીર્વાદ મેળવી હું ધન્ય થઇ ગયો. એની આંખોમાં મારા પ્રત્યે ગર્વની લાગણી દેખાઈ રહી હતી. ઘરે પાછા ફરવા થી મને મારા ધ્યેયો વધુ સારી રીતે પૂર્ણ થયા હોય તેવું અનુભવાયું પરંતુ હું જાણતો હતો કે આ ફક્ત શરૂઆત હતી, મારે હજી આગળ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે. થોડો આરામ કર્યા બાદ જ્યારે અમે બધા વાતો કરવા બેઠા ત્યારે મોટા ભાઈને કહ્યું "આ અદ્ભુત અનુભવ હતો; એવું લાગે છે કે કદાચ, અત્યાર સુધી હું તેને જ પ્રાપ્ત કરવા મથી રહ્યો હતો. તેની પાછળ ખર્ચાયેલી મારી પ્રત્યેક ક્ષણ મનને પ્રફુલ્લિત કરી રહી હતી. હવે હું પ્રેમથી પરિપૂર્ણ છું, અને મારા આત્માને પવિત્રતા અર્પી શાંતિનો અનુભવ કરી રહ્યો છું. મારી પદયાત્રા દ્વારા મેં પડી રહેલા લોકોને મદદ કરવાનો પ્રયત્ન કર્યો છે, હું પૈસા વગર એટલે ચાલ્યો કે સમાજને આ નિષ્કર્ષ ઉપર પહોંચવા માટે એક નવી શરૂઆત ની જરૂર છે. મેં મારા ઘાવ ને એ અભિલાષા થી વ્યક્ત કર્યા છે કે બીજા લોકો વધુ ઝડપથી સ્વસ્થ થાય. વાવાઝોડા ની અંદર હું ખડકની જેમ ઉભો રહ્યો અને સમજ્યો કે તે કરવું કેટલા ગર્વની વાત છે." મારા પરિવારે મારી બધી જ વાતો સાંભળી, તેઓ હજુ પણ ક્યાંક મારી અંદર જોયેલા બદલાવને, મારી અંદર ઉભરેલા નવા વ્યક્તિત્વને જોઈ સ્વીકારવા માટે થોડા દ્વિધામાં હતા.

મારા ઉદ્દેશ્યાત્મક જીવનની શરૂઆત થઇ ગઇ હતી. અને બીજી તરફ મારી પત્ની પીના મને છોડીને જતી રહી હતી, તે કારણથી હું ઘણો અસ્વસ્થ હતો. મેં તેને ફોન કર્યો તથા મેસેજ પણ કર્યો પરંતુ તેના તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળ્યો. ઘણી વખત મને એકલતાનો પણ અનુભવ થતો, પરંતુ મારા જીવન હવે ઉચ્ચ ધ્યાયો તરફ આગળ વધી રહ્યું હોવાથી મેં તેના પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું અને મારા ગુરુઓ સાથે સંબંધોને મજબૂત કરી બાકીની યાત્રા માટે તેમનું માર્ગદર્શન લેવાનું નક્કી કર્યું. મેં નક્કી કર્યું કે વિશ્વશાંતિની યાત્રા માટે હવે હું પાકિસ્તાન જઈશ. આપણા દેશના પાકિસ્તાન સાથે વણસેલા સંબંધો તથા વણઉકેલાયેલી અનેક સમસ્યા વિશે જાણતો હતો. પરંતુ મારો ઉદ્દેશ્ય ફક્ત આ બે રાષ્ટ્રો વચ્ચે શાંતિ અને એકતા સંબંધો સ્થપાય તે હતો.

મારી યાત્રાની અર્થપૂર્ણ અસર થશે જ એવું ખાતરીપૂર્વક નહોતો કહી શકતો પરંતુ મને એ એ વાતની ખાતરી હતી કે જ્યાં સુધી આ કાર્ય માટે મારુ યોગદાન પૂર્ણ નહીં કરું ત્યાં સુધી હું અટકવાનો નથી હું એ જાણતો હતો કે જેના પર નિયમો લદાયા હોય તે બધી જ વ્યવસ્થા નકારાત્મક અરાજકતામાં પરિણમતી હોય છે, અને શાંતિની પુનઃસ્થાપના માટે જ્યાં સુધી સંતુલન ન સ્થપાય ત્યાં સુધી સકારાત્મક અવ્યવસ્થાનું પ્રતિ રોપણ કરવું પડતું હોય છે. આ એટલી લાંબી મજલ હતી, કે પાર કરવા ધીરજ અને કરુણાની ખૂબ આવશ્યકતા હતી પરંતુ સમાજમાં માનવતાની પુનઃસ્થાપના માટેનો તે એક જ માર્ગ હતો.

મેં મારા અભિયાન માટે તૈયારી આરંભી દીધી. પાકિસ્તાનના રાજદૂત અબ્દુલ બૈસ્ત નો સંપર્ક કરી તેમના રાષ્ટ્રમાં મને આવવા દેવા માટે પરવાનગી માંગી. મારા ધ્યેય ને જાણી તેઓએ મને એટલો નૈતિક ટેકો ઓફર કર્યો કે હું આશ્ચર્ય ચકિત થઈ ગયો અને મને ખાતરી થઇ ગઈ કે આ મારા જીવનનો સૌથી આકર્ષક અને જ્ઞાનવર્ધક અનુભવ બની રહેશે. મેં તૈયારી આરંભી દીધી, અને તેના પ્રયત્નોમાં અનેક લોકો મારી સાથે જોડાયા, અને તેઓ મારુ પીઠબળ બની મારી સાથે છે તેનો સંકેત આપી રહ્યું હતું. અમારા ઉદ્દેશ્યોની સિદ્ધિ માટે આશીર્વાદ લેવા તથા આટલી લાંબી યાત્રાની તૈયારીના મહાવરા માટે અમે મુંબઈ થી શિરડી સુધી 300 km ચાલતા જવાનું નક્કી કર્યું.

મેં મારી સાથે એક પણ રૂપિયો નહોતો રાખ્યો, આ વખતે મને માનવતા અને મારા ભવિષ્ય પર પૂર્ણ વિશ્વાસ હતો, મારો આત્મવિશ્વાસ પણ ખૂબ વધ્યો હતો. મારું એક માત્ર ધ્યેય શાંતિની સ્થાપના હતું. મારા ઘરેથી મેં મારા અનેક મિત્રો સાથે ચાલવાનું શરૂ કર્યું હતું. થોડે અંતરે, માસ્ટેક કંપનીના સ્થાપક, આર. સુંદર અને રવિ ગોવિલ મારું અભિવાદન કરવા આવ્યા હતા, તેમણે કહ્યું, તારી અંદર હું અદ્ભુત પરિવર્તન જોઉં છું, તારી આંખોમાં અનોખી ચમક છે, હું સ્વીકારી નથી શકતો કે તું એ જ યોગેશ છે જે કોર્પોરેટ કારકિર્દીના દિવસોમાં અમારી સામે હતો. મેં હાસ્યથી તેમની વાતનો પ્રત્યુત્તર આપ્યો. પોતાના સ્થાન પર થી ઉભા થઇ કંઈક જુદું કરવું એ ખરેખર અજુગતું છે. અને તે માટે જ્યાં સુધી લોકો તમને ખુશ અને પ્રતિબદ્ધ નથી જોતા ત્યાં સુધી વખોડતા હોય છે. અમે છુટા પડ્યા એટલે મારી જાત સાથે હું ગણગણ્યો.
જેમ અમે ચાલતા ગયા તેમ મને 'મૂવ્ડ બાય લવ' (એમ.બી.એલ.) પરિવાર દ્વારા ખૂબ જ સહારો મળતો ગયો. 'મૂવ્ડ બાય લવ' પરિવારે મારી અંદર એક વાતનું આરોપણ કર્યું હતું કે આપણે ધરતી પર છીએ તેનું પાછળ કોઈ કારણ છે, આ વાત હંમેશા યાદ રાખજે. આપણા અસ્તિત્વની શોધ કે ફક્ત સુખ કે આનંદ મેળવવા માટે નહીં પરંતુ વૈશ્વિક ચેતના સાથે તાદાત્મ્ય સાધી એવું સ્થાન નિર્માણ કરવાનું છે જ્યાં આપણે આપણી જાતને ઓળખી શકીએ.

એકાદ અઠવાડિયા જેવું પુણે સુધી એકલા જ પણ વિજયભાઈ પાછળ પાછળ કારમાં આવી રહ્યાં હતા, પછી પુના થી મારી સાથે ત્રણ વ્યક્તિઓ જોડાઈ ગૌરીતા ઉલ્લાલ, મેઘના નાયર અને શીતલ સંઘવી. મારી સાથે ચાલવા માટે ઉંમરનો કોઈ બાધ ન હતો. બાળકો અને સ્ત્રીઓ બધા જ આ પવિત્ર યાત્રામાં મારી સાથે જોડાયા હતા. રસ્તામાં આવતા પડકારો અને ખુશીઓનો સામનો કરતા, અને અમારી પર વરસી રહેલા ઈશ્વરના આશીર્વાદનો અનુભવ કરતા અમે માઈલો સુધી પદયાત્રા કરતા હતા. પૂણેમાં અંતિમ ચરણ નું કેન્સર ધરાવતી એક મહિલાની મેં ચિકિત્સા કરી હતી, ગૌરીતા તેની પુત્રી હતી. જ્યારે મેઘના ગૌરીતાની પરિચિત અને જાત મહેનતથી ઉભી થયેલી વ્યવસાયિક મહિલા હતી. શીતલ ભાઈ એ અનેક શાંતિ યાત્રાઓ કરી હતી અને મારી અમદાવાદ સુધીની પ્રથમ શાંતિ યાત્રાના છેલ્લા ચરણમાં મારા સહભાગી બન્યા હતા.

જેમ અમે આગળ વધતા ગયા એમ રસ્તે મળનારી પ્રત્યેક વ્યક્તિ અમને સહારો આપવા તત્પર હતી આ જોઈ મારા સહયાત્રીઓ હું ખુશ થયા. અમે તેમના માટે સાવ અજાણ્યા હોવા છતાં તેમણે અમારી સાથે પ્રેમ વહેંચ્યો. તે જોઈ અમે અમારો માર્ગ અન્ના હઝારે, જેઓ કિસન બાબુરાવ અત્યારે તરીકે પણ જાણીતા છે તેમના ઘર તરફ, રાલેગણ સિદ્ધિ તરફ વાળ્યો. અન્ના હજારેજી ગાંધીવાદી વિચારધારા ધરાવતા ખુબ મોટા સામાજિક કાર્યકર્તા છે જેમણે ગામડાઓના ઉત્થાન માટે, જાહેર ભ્રષ્ટાચાર રોકવા તથા તેની તપાસ કરવા અને સરકારની

પારદર્શિતા માટે અનેક અભિયાનો કર્યા હતા. અમારી શાંતિયાત્રા વિશે જાણી તેમણે અમારો સંપર્ક કર્યો અને ખૂબ ઉષ્માભર્યું અભિવાદન કર્યું. "મને તમારામાં અને તમારા ઉદ્દેશ્યમાં પૂર્ણ વિશ્વાસ છે." તેમણે કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું, કે, 'સૌમ્ય રીતે તમે આખા વિશ્વને હલાવી શકો છો' ગાંધીજીએ કહેલી આ હંમેશાં યાદ રાખજો. આ સાંભળી મને, અમે યુવાન હતા ત્યારે મોટાભાઈનીએ કોઈને પણ મદદરૂપ થવાનુ કાર્ય શીખવ્યું હતું, એ વાતનું સ્મરણ થઈ આવ્યું. તેઓ હંમેશા કહેતા કે, ક્યારેય એવી નાની વાતોને નજરઅંદાજ ન કરવી જોઈએ જે ખૂબ મોટો તફાવત નિર્માણ કરી શકતી હોય. દયા કે કરુણાનો નાનું પણ કાર્ય જે તમારી નજરમાં ખાસ મહત્વનું ન હોય પણ તેમ છતાંય કોઈના જીવનને પ્રકાશિત કરી જતું હોય છે. અન્ના હઝારેજી ની વાત સાંભળી અમારું હૃદય આત્મીયતાથી ભરાઈ ગયું અને તેમનો આભાર વ્યક્ત કરી અમે છુટા પડ્યા.

અન્ના હઝારેજીની જેમ, તમારી માનસિકતા સાથે તાદાત્મ્ય અનુભવતા લોકો જેવા કે, ગિરીશ કુલકર્ણી, જે અહેમદનગર સ્થિત 'સ્નેહાલય' ના સ્થાપક હતા તેમણે અમને આમંત્રિત કર્યા. અહેમદનગરનમાં મોટા થયેલા ગીરીશભાઈ ત્યાંના મધ્યમવર્ગીય પરિવારોના પ્રેમ અને આદરપાત્ર વ્યક્તિ હતા. ગાંધીજીની વિચારધારાથી પ્રભાવિત થઇ તેઓ, સમાજની સૌથી ગરીબ વ્યક્તિઓની સેવામાં, તથા સામાજિક સ્થિતિને કારણે અન્યાયનો અને જાતીય શોષણનો ભોગ બનનારી વ્યક્તિઓને તેવી શિક્ષણ આપી તેમાંથી બહાર લાવવાના પ્રયત્નોમાં જોડાયેલા હતા. તેમને થતું કે, "કેવી રીતે હું થોડા પણ લોકોનું જીવન બદલી શકું?" ગામડાઓમાં જ્યારે એચઆઈવી અને એઇડ્સ જેવી બીમારીઓએ વિનાશ નોતર્યો ત્યારે તેમણે. 'ડેથ વીથ ડીગ્નીટી કાર્યક્રમની શરૂઆત કરી, જેના અંતર્ગત સડકના કિનારે નાના ઘરો ઉભા કરવામાં આવ્યા હતા તથા બાઇક સાથે ગાડું જોડવામાં આવ્યું હતું. જેમાં ભારતના સૌથી શરૂઆતના એઇડ્સનો ભોગ બનનારાઓની સારવાર કરવામાં આવતી હતી. તેમણે ત્રણ સેક્સ વર્કરોને ત્યાંના ટ્રસ્ટી બનાવ્યા હતા જે સંક્રમણ નો ભોગ બનનાર આ લોકોને સલાહ આપી તેમનું માર્ગદર્શન કરે તથા એચઆઈવી પ્રત્યે જાગૃતિ ફેલાવી તેમનું સામાજીક સ્થાન પણ પાછું પ્રાપ્ત કરી શકે. ગીરીશ ભાઈએ અમને ખૂબ પ્રેમથી આવકાર્યા, અને તેમના કાર્યમાં સહાયક બની નોંધપાત્ર ફાળો આપનાર અને સામાજિક ગૂંચવણો તથા પડકારોનો સામનો કરનાર તેમની સાથે અંતરંગ રીતે જોડાયેલા સજ્જન યુવાનોના કેટલાક પ્રસંગો જણાવ્યા. છેલ્લા બે થી પણ વધુ દાયકાઓથી ચાલી રહેલી ગીરીશભાઈ ની પ્રવૃત્તિઓએ એ સાબિત કર્યું હતું કે નાના કાર્યોની પણ ખૂબ મોટી અસર થતી હોય છે. પ્રેમ અને કરુણાથી લોકોનું જીવન બદલી શકાય છે તેનું ગીરીશભાઈ મૂર્ત સ્વરૂપ હતા.

ગીરીશભાઈ અને તેમના કાર્યો ની સ્મૃતિ સાથે અમે એમની ટીમ સાથે આગળ વધ્યા. ખુબ જ આહલાદક સવાર હતી, પક્ષીઓનો કલરવ સંભળાઈ રહ્યો હતો અને મારા સહયાત્રીઓ સવારના સમયે કઈ પણ બોલ્યા વગર ચાલવા માટે તે ટેવાઈ ચૂક્યા હતા. કઈ પણ બોલ્યા વગર અમે અમારા વિચારોનું નિરીક્ષણ કરતા હતા અને તે જ અમારું ધ્યાન તથા અમારા કાર્યનો પ્રવાહ હતો. મારી સાથે સહયાત્રી બનેલી બંને મહિલાઓની પ્રતિબદ્ધતાથી હું ખૂબ જ પ્રભાવિત થયો હતો. ખોરાક-પાણી તથા રહેઠાણ વિશે કોઈપણ જાતની અગવડતાનો અનુભવ કર્યા વિના ખૂબ જ સરળતાથી તેઓ અમારી બધી જ પ્રવૃત્તિ માં જોડાઈ જતા મુશ્કેલ માર્ગ પર ચાલી રહ્યા હતા.

થોડું અંતર કાપ્યા પછી અમે 'માવલી સેવા પ્રતિષ્ઠાન' સંસ્થા પાસે પહોંચ્યા. આ સંસ્થા ડૉ.

રાજેન્દ્ર અને ડૉ. સુચેતા ધામણેએ શરૂ કરી હતી, ભારતના રાજમાર્ગો પરથી રખડતી મળેલી ગરીબ, શારીરિક તથા માનસિક રૂપે બીમાર સ્ત્રીઓને લાવી તેમને આજીવન સારવાર તથા સંભાળ આપી તેમના પુનર્વસનનું કાર્ય કરતા હતા. આ સંસ્થા ફક્ત જરૂરિયાતો જ પૂરી નહોતી કરતી પરંતુ તેમનો ઉપચાર કરી તેમને સુરક્ષિત વાતાવરણ આપતી હતી જ્યાં તેઓ શાંતિ અને ખુશીથી જીવી શકે. આ સંસ્થાની નિરાધાર મહિલાઓ ફક્ત માનસિક રૂપે બીમાર નહોતી પરંતુ ટીબી, એઈડ્સ, મૂત્રપિંડ ની સમસ્યાઓ, વેનીરીઅલ સમસ્યા તથા કાર્ડિઓથોરેસિક અલાઈનમેન્ટ જેવી શારીરિક સમસ્યાઓથી પણ પીડાતી હતી. જીવનથી નાસીપાસ થઇ ચૂકેલી યુવાન તથા આધેડ મહિલાઓની સમસ્યાઓના અમે સાક્ષી બન્યા. આ સંસ્થાના પ્રયત્નોને કારણે તેમના જીવનમાં આશાનું કિરણ નિર્માણ થયું હતું. ત્યની એક મહિલાએ (મેન્ટલી ઇમબેલેન્સડ) અમારા માટે ભગવાન વિઠ્ઠલનું હૃદયસ્પર્શી સુંદર ભજન ગાયું. આ મહિલાઓ તેમના જીવન માં જે પરિસ્થિતિમાંથી પસાર થઈ હતી એ જોઈ મારી આંખ ભીની થઈ ગઈ. મારી માસ્ટેકની નોકરી દરમ્યાન મને આ હાર્ડ જીવનની વાસ્તવિકતા જોવાની તક મળી નહોતી, હું ક્યારેક કોઈ એવી વ્યક્તિના સંપર્કમાં નહોતો આવ્યો કે જે પોતાના કોઇ પણ જાતના સ્વાર્થ વગર ફક્ત માનવતાને સમર્પિત જીવન જીવતા હતા. આજે અહીં ઉભા રહી મેં મહાનકાર્યનો સ્પર્શ અનુભવ્યો હતો, મેં ફરી એકવાર મારી જાતને ઉદ્દાત કાર્યો માટે સમર્પિત કરવાની ઈચ્છા કરી.

ઉત્સાહપૂર્વક અમે આગળ વધી રહ્યા હતા અને માર્ગમાં મળનારી લગભગ પ્રત્યેક વ્યક્તિઓ દ્વારા દેખભાળ મેળવી રહ્યા હતા. એવો એક પણ દિવસ પસાર નહોતો થયો જ્યારે અમે ભૂખ્યા પેટે કે આશ્રય વગર સૂતા હોઈએ. હું એ જોઈ ખૂબ નવાઈ પામતો કે અનેક સ્વરૂપે દૈવી શક્તિ પ્રગટ થઈ અમારી પ્રત્યેક ચડતી-પડતી માં અમારી સાથે સાથે હતી.

સમાજ સેવા કરતી અને ક્રિયાશીલ વ્યક્તિઓ સાથે વાતચીત કરતાં કરતાં અમે શેરડી પહોંચ્યા અને અમારી પાકિસ્તાન સુધીની આવનારી શાંતિયાત્રા માટે સાંઈ બાબાના આશીર્વાદ લીધા. જ્યારે તમારી બુદ્ધિમત્તા તમારા આત્મા સાથે જોડાયેલી હોય છે ત્યારે તે તમને પ્રમાણિક અને નિરાભિમાની રીતે જીવતા શીખવે છે. ઠંડી હવામાં ફસાયેલું બાળક જેમ પોતાની આજુબાજુ સખત રીતે કપડા નું આવરણ લપેટી રક્ષણ ની ઈચ્છા રાખે એવો અનુભવ શરૂઆતમાં થાય, પરંતુ તે મૂલ્યો સાથે જોડાઇ રહેવાથી આગળ વધતા, તમે પણ નાના બાળકની જેમ ખુશીથી નાચી ઉઠો છો, કુદી ઉઠો છો અને આનંદ વ્યક્ત કરો છો. હવે હું મારા મુખ્ય લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો હતો અને તે હતું કે આપણા પડોશી રાષ્ટ્રોમાં યાત્રા કરી શાંતિ સંદેશ ફેલાવવો અને તે માટે હું પાકિસ્તાનથી શરૂઆત કરવાનો હતો. અમારી યાત્રા લગભગ ત્રણ મહિના જેટલી થવાની હતી, કદાચ વધુ પણ થાય પરંતુ હું સમય કે મહેનત ને ધ્યાનમાં લીધા વગર તેને પૂર્ણ કરવાનો હતો જેની મને ખાતરી હતી. મારા સહયાત્રીઓ તથા ગુરૂ પાસેથી મને માર્ગદર્શન મળી રહ્યું હતું. મારો પરિવાર સમજી ગયો હતો કે હું ઈશ્વરીય પ્રેરણાથી અને મારા માર્ગમાં આવનાર પ્રત્યેક વ્યક્તિના પ્રેમની સહાયથી લક્ષ્ય પ્રાપ્તિ માટે કટિબદ્ધ છું અને તેથી નૈતિક રીતે તેઓ મારા સહાયક બની રહ્યા. અનેક બીજા લોકોએ જ્યારે યાત્રા માટે નકારાત્મક વાત કરી ત્યારે પણ તેઓ મને સહાયક બન્યા. પ્રેમના સંદેશને પડોશી રાષ્ટ્રો સુધી પહોંચાડવા મારો નિશ્ચય અડગ હતો.

*****

" માનવીના પગમાં તેનું બીજું હૃદય હોય છે, "

યોગેશભાઈ તેમના ઉદ્દાત આશયો અને શાંતિ યાત્રાઓ થકી માનવીઓના હૃદયોને એકબીજા સાથે જોડી રહ્યાં છે.
આ વર્તમાન સમયમાં માનવીએ થોડા ધીરા પડવું આવશ્યક છે.

ડબલ્યુ (***W-Witness)*** **-** આપણી આસપાસ જે બની રહ્યું છે તેના સાક્ષી બનવું.
એ (***A-acceptance)*** **-** પરિસ્થિતિઓનો સ્વીકાર કરવો
એલ (***L-love)*** **-** વ્યક્તિઓ તથા પરિસ્થિતિને પ્રેમ કરવો અને આત્મવિકાસની યાત્રામાં અત્યંત ઊંડા
ઉતરવું.
કે (***K-know)*** **-** પોતાની જાતને ઓળખવી.

યોગેશભાઈ એ મારા અને સમગ્ર વિશ્વના અત્યંત પ્રિય મિત્ર છે. વિશ્વમિત્ર , છેલ્લા થોડા વર્ષોથી હું તેમની અંતર્યાત્રા તથા સમાજસેવાની યાત્રા ને જોઈ અત્યંત પ્રસન્નતા અનુભવું છું.

અત્યારે આખું વિશ્વ જ્યારે ખૂબ જ ઝડપથી દોડી રહ્યું છે , જે આવનારી પેઢી માટે અનેકવિધ વિક્ષેપો પણ ઉભા કરી શકે છે , યોગેશભાઇએ તેમના જીવનના વ્યાપક અનુભવો સાથે માર્ગ પર પદયાત્રા કરી લોકોના હૃદય ને જોડી અને સાથે સાથે અંતઃકરણની યાત્રાને પણ ચાલુ રાખી સમાજ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

હું હૃદયપૂર્વક વિશ્વમિત્ર તરીકે સમાજની સેવા કરવાના તેમના ઉત્તમ હેતુ માટે તેમને શુભેચ્છાઓ આપું છું.

તેમનું આ પુસ્તક , ' હોમ ઇન ઈન્ફિનિટ સ્પેસીસ ' અને તેની પાછળના આશયો આવનારી પેઢીને પ્રોત્સાહિત કરી પ્રકાશનું કિરણ દાખવી શકે તેવી અનેક શુભેચ્છાઓ તેમને પાઠવું છું.



- જયેશ પટેલ
(હરિજન સેવા સંઘના પ્રમુખ અને
મારા જીવનના શિલ્પી)

સરહદની પાર શાંતિ: પાકિસ્તાન

સમાજના દરેક ધોરણે વ્યક્તિથી થી લઈ વૈશ્વિક સ્તર સુધી જ્યારે સત્તાનું વિભાજન થાય છે, ત્યારે છેતરામણી રૂપે 'સંધિ' ઓ થતી હોય છે, અને સંભવિત રૂપે તેને કારણે જ સાચી શાંતિ પ્રવર્તતી નથી. આ યુદ્ધનું ફક્ત હળવું સ્વરુપ છે અને આ સત્યની જટિલતા જ આપણી સદીની પ્રગતિ માટે વિકટ છે. જ્યારે પ્રેમની શક્તિ, પ્રેમની શક્તિને જ ઓળંગી જશે ત્યારે જ આ વિશ્વ શાંતિ નો અનુભવ કરી શકશે.

હું ગાંધીજીના સાબરમતી આશ્રમમાં ગયો હતો ત્યારે અમદાવાદથી પડોશી રાજ્યોમાં શાંતિનો પ્રચાર કરવા સુસંકલ્પિત કર્યો હતો. સમય સાથે મારા માતા-પિતા અને પુત્રીઓ પણ મારા સહાયક બની રહ્યા હતા. મારી આ યાત્રા કેટલી લાંબી ચાલશે તેનું ચિંતન કરતા, હું તેમને પકડી રાખવા માંગતો હતો, અને ખૂબ જલદીથી તેમને ફરી મળવાની ઈચ્છા રાખતો હતો. આ વખતની મારી યાત્રા માટે તેઓ બધા જ મને અમદાવાદ મુકવા આવ્યા હતા, અને આ વાત, મારી વિદાય કરતાં વધુ તેઓ મારી સાથે છે તે દર્શાવવાની હતી. તેમના આશીર્વાદ લઇ, જેની હું ખૂબ લાંબા સમયથી ઇચ્છા રાખતો હતો તેવા સીમારેખાઓની પાર શાંતિનો સંદેશ ફેલાવવા હું બહાદુરીપૂર્વક આગળ વધ્યો.

બીજી ઓક્ટોબરના પવિત્ર દિવસે - જે દિવસે મારા પૂજ્ય પિતાશ્રી તથા મહાત્મા ગાંધી નો જન્મદિવસ છે તે દિવસે અમે 'સફાઇ વિદ્યાલય' ના પરિસરમાં ભેગા થયા અને ઉચ્ચ હેતુ માટે પ્રાર્થના કરી. અને તેની સાથે જ અમે ઉત્તર દિશા તરફ શાંતિથી અમારી પદયાત્રા આરંભી. અમારી ઘણી ના પાડવા છતાંય 85 વર્ષની આયુ ધરાવતા મોટાભાઈ, મને સહાયરૂપ થવા દઝાડતી ગરમીમાં અમારી સાથે થોડા કિલોમીટર સુધી ચાલ્યા. તે જોઈ મારું હૃદય આભાર અને પ્રેમ થી ભરાઈ ગયું. 'મૂવ્ડ બાય લવ' પરિવારના અનેક સભ્યો, ગાંધીવાદીઓ મિત્રો અને સહકાર્યકરો અમને વિદાય આપવા આવવ્યા હતા. અત્રે ખાસ રાજકોટથી દિપકભાઈ વ્યાસ અને સોહીલ પણ અમારી સાથે હતા અને મુંબઈથી નેહલ પારેખ અને કિયા સાચેરર (Kia Scherr - USA) પણ હતા.

વહેલી સવારે સુગઢથી અગસ્ત્ય કપૂર, નિપૂનભાઈ મહેતા, શીતલ સંઘવી અને વિજય યાદવ મારી સાથે જોડાયા અને અદમ્ય ઉત્સાહથી અમે અમારા સૌથી મોટા લક્ષ્યને પ્રાપ્ત કરવા ગતિમાન થયા.

કોઇ કલાકારે ચિત્રણ કર્યું હોય તેમ એકબીજાને પૂરક બની રહેલા અનેક રંગોથી આકાશ શોભાયમાન હતું. જ્યારે સમગ્ર વાતાવરણ પ્રકાશિત બની ગયું ત્યારે અમે એકબીજા સાથે વાતચીત કરવાનું શરૂ કર્યું. એવું લાગતું હતું જાણે જેનો ક્યારેય અનુભવ ન કર્યો હોય તેઓ નવો જ સૂર્યોદય થયો છે. હું થોડા વધુ સમય સુધી તેને નિહાળી રહ્યો. મોર તથા બીજા અનેક પક્ષીઓનો મધુર કલરવ આજુબાજુથી સંભળાવા લાગ્યા હતા. એવું લાગતું હતું જાણે સમસ્ત બ્રહ્માંડ અમારા માર્ગ પર અમારું માર્ગદર્શન કરી રહ્યું છે. અમે લગભગ 5 (પાંચ) કલાક જેટલું સતત ચાલ્યા. ત્યારબાદ અમે અનુભવ્યું કે શહેરના ધાંધલ ધમાલ તથા ટ્રાફિકની શરૂઆત થઇ ચૂકી હતી.

અમારો સમાવેશ કરવા સમાજની તત્પરતા જોઈ હું વ્યાકુળ થઈ રહ્યો હતો. હું વિશ્વાસ

નહોતો કરી શકતો કે પસાર થતી દરેક વ્યક્તિ અમને મદદ કરવા ઉત્સુક હતી. તેમણે પ્રેમથી અમારી સરભરા કરી અને થોડો સમય આરામ કરી અમે આગળ વધ્યા. અમારા પગ દુઃખી રહ્યા હતા પણ ઉત્સાહ મંદ નહોતો થયો.

અમે કેટલાક સ્થાનિક લોકો સાથે વાતો કરી અને અમારા ઉદ્દેશ્ય વિશે ચર્ચા વિચારણા પણ કરી. અમને બે તરફી પ્રતિભાવો મળ્યા હતા, કેટલાક લોકોનું માનવું હતું કે આ અદભુત વિચાર છે જ્યારે અમુક લોકોની માન્યતા એવી હતી કે આનુ પરિણામ નબળું આવશે. હું આ ધ્યેયપૂર્તિમાં મારા યોગદાનને મારી નૈતિક જવાબદારી સમજતો હતો,

મેં દિવ્ય કાર્ય માટે બધું છોડી દીધું હતું. આપણા આદરણીય પ્રાઈમ મિનિસ્ટર શ્રી નરેન્દ્ર મોદીજીના મોટાભાઈ સોમાભાઈ દ્વારા, તેમના વતન વડનગરમાં સંચાલિત વૃદ્ધાશ્રમ જોવાની અમને અનોખી તક મળી. અનેક શિક્ષણ સંસ્થાઓ, કોલેજો તથા હોસ્પીટલો દ્વારા પણ અમને આમંત્રિત કરવામાં આવ્યા, અને દરેક જણે પ્રેમપૂર્વક તથા પોતાની આગવી રીતે અમને મદદ કરી.

સવારનો નાસ્તો કર્યા પછી અમારી મુલાકાત 80 વર્ષના વૃદ્ધ યુવાન અને પરોપકારી મહિલા રમીલાબેન ગાંધી સાથે થઈ, તેમણે અમને હૃદયપૂર્વક આવકાર્યા.   તેમણે ઉલ્લેખ કર્યો કે કેવી રીતે, ઇ.સ.૧૯૫૦માં, આચાર્ય શ્રી વિનોબાજી ભાવેની 'ભૂદાન ચળવળ' હેઠળ શ્રીમંત જમીનમાલિકો પાસેથી જમીન લઇ ગરીબ ખેડૂતોને વહેંચવા તેમણે આખા દેશમાં પરિભ્રમણ કર્યું હતું. ત્યારબાદ તેઓ તેમના ઘરે, સિધ્ધપુર પાછા ફર્યા અને 'યોગાંજલી આશ્રમશાળા' ની સ્થાપના કરી. આ શાળા સિદ્ધપુરના વંચિત બાળકો માટેની પ્રથમ શાળા હતી. સમયાંતરે શાળાની પ્રગતિ થઈ અને હાલમાં લગભગ ૫૦૦ જેટલા બાળકો જીવનના દરેક ક્ષેત્રે આગળ વધે છે. તે સમયે સમાજમાં પુરુષોનું પ્રભુત્વ હતું, અને તેથી આ શાળા ઉભી કરવી એ લોઢાના ચણા ચાવવા જેવું કઠિન કાર્ય હતું. ગાંધીજી અને વિનોબાજીના પ્રભાવ હેઠળ આવી તેમણે ક્યારેય લગ્ન ન કર્યા અને તેમનું આખું જીવન વંચિત બાળકોના શિક્ષણ માટેની સેવામાં સમર્પિત કરી દીધું. તેઓ આત્મનિર્ભર મહિલા હતા. તેમણે માટી તથા પર્યાવરણને અનુકૂળ વસ્તુઓમાંથી પોતાનું ઘર બનાવ્યું હતું.

ત્યાર પછી તેઓ અમને તેમની શાળામાં લઈ ગયા, મને પણ એ પ્રતીતિ થઈ કે શાળામાં જવું જરૂરી હતું કારણકે બાળકો બદલાવ લાવવાનું મુખ્ય કારણ છે. હું તેમની સાથે સરસ રીતે જોડાઈ ગયો. તેમને સંબોધતા મેં કહ્યું "તમે કેવા પ્રકારના રાષ્ટ્રમાં રહેવા ઇચ્છો છો?" તેમણે ઉત્સાહથી જવાબ આપ્યો "સીમારેખાઓ અને ધર્મ વગરના વિશ્વમાં અમે રહેવા માંગીએ છીએ." તે સાંભળી હું વિચારી રહ્યો, કે નાના બાળકો પણ માનવજાતિ કેવી રીતે વિભાજિત થઈ ગઈ અને માનવતા પ્રત્યે આપણે કેટલા નીચે ઉતરી ગયા તે સમજી શકતા હોય છે. મને એ સ્વીકારતા ઘણી જ ખુશી થઈ કે આવતીકાલના આગેવાન બનનારા આ બાળકોના હાથમા રહેલું આપણું ભવિષ્ય ખૂબ જ ભવ્ય હશે.

આગળ વધી ચાર રસ્તા પર બેસીને અમે ટૂંકા સમય માટે આરામ લીધો. તે સમયે એવું લાગ્યું કે જાણે આજુબાજુના દરેક વ્યપારી, ગ્રાહક તથા બિલાડી અને કુતરા જેવા પ્રાણીઓ પણ અમારી તરફ તાકી રહ્યા છે. અમને ત્યાંના એક સ્થાનિક રહેવાસી તરફથી આમંત્રણ મળ્યું, જેણે અમારી યાત્રા વિશે સાંભળ્યું હતું. તે દોડીને અમને મળવા આવ્યા અને પુંજાભાઇ તરીકેની પોતાની ઓળખ આપી. બાજુમાં જ આવેલા તેમના નાના ઘરમાં અમને લઈ ગયા.

આજુબાજુમાં એકબીજા સાથે જોડાયેલા અનેક નાના-નાના મોહક અને પ્રકાશમય ઘરો હતા. જ્યારે અમે તેમના ઘરે જતા અમને અનેક દ્રશ્યો જોવા મળ્યા. ત્યાંના ધૂળિયા વાતાવરણની ઝીણી માટી અમારા પગને પખાળી રહી હતી, શેરીમાં રખડતો મોટો અને જાડો કુતરો અમારી તરફ ધસી રહ્યો હતો, નાના બાળકો આમતેમ દોડી રહ્યા હતા, એક તરફ એક યુવાન મહિલા વાસણ ધોઈ રહી હતી, અને ત્યાંની માટીની ભીંતો પર સુંદર આદિવાસી ચિત્રકળા પ્રદર્શિત થઇ રહી હતી. આજુબાજુ માં ગંદાપાણીની નીકો વહી રહી હતી અને બગડી ગયેલા ખાદ્ય પદાર્થોની વાસ પણ આવી રહી હતી. ભારતના ગરીબ અને પછાત છતાંય ઉત્સાહ અને પ્રેમથી ભરેલા ગ્રામ્ય પરિસરનો આ અદભુત અનુભવ હતો.

આગળ વધતા અમને ધ્યાન આવ્યું કે આ હરીજનવાસ હતો. સમાજ તેમને અછૂત ગણી તેમના પ્રત્યે ઘૃણા દર્શાવતો હતો. તેમણે ખૂબ પ્રેમ અને આદરથી અમારી આગતા-સ્વાગતા કરી. પહેલા તેમને અમને મીઠાઈ અને ડ્રાયફ્રૂટ આપ્યા, ત્યારબાદ તે જ વાસણમાં દાળ અને ભાતનું ભોજન કરાવી ઠંડી છાસ આપી. તે સમય દરમિયાન એક મહિલા અમને હાથથી પંખો નાખી રહી હતી, પ્રાચીન સમયમાં જેમ રાજાઓને નાખવામાં આવતો હતો તેમ. આપણે તેમને અલગ ઓળખ આપી દબાવ્યા અને કૂચડ્યા, પરંતુ તેમનું હૃદય પ્રેમથી સભર હતું. ગાંધીજીએ કહ્યું હતું કે "ઈશ્વરે ક્યારે એવા મનુષ્યોનો નથી બનાવ્યા જે બીજા મનુષ્યને અસ્પૃશ્ય ગણે."

પુંજાભાઈ, અમારા આગમનથી એટલા આનંદિત થઈ ગયા હતા કે ગામના પાદર સુધી અમને વળાવવા આવ્યા આ ખરેખર ભાવપૂર્ણ અને યાદગાર ઘટના હતી અને કદાચ જાતિ પાતીની સંકુચિતતા પર માનવતાનો વિજય હતો.

આ લોકોના હૃદય કોઈપણ જાતની અસમાનતાની ભાવનાથી મુક્ત હતા, કદાચ આપણે જ, વધુ શિક્ષિત પરંતુ અસભ્ય પ્રજા વિભાજનનું કારણ હતી. તેઓ અત્યંત સાદા અને સરળ હતા, તેમના હૃદય પ્રેમથી ભરપૂર હતા અને આંખોમાં આશાનું કિરણ હતું. મોટા શહેરોમાં રહેતા આપણે લોકો મહેમાનોનું આતિથ્ય કરવાનું ભૂલી ગયા છીએ, પરંતુ સમાજથી તરછોડાયેલા આ લોકો જ આપણી સંસ્કૃતિનું ગર્વ જાળવી રહ્યા છે.

અમારા સૌથી પ્રખર સહાયક જયેશભાઈ પટેલની આજ્ઞા મુજબ અમારી આગલી મુલાકાત પાલનપુર નજીક આવેલા રતનપુરમાં કિરણભાઈ ચાવડા દ્વારા સંચાલિત 'લોકનિકેતન' હાઇસ્કુલની હતી. અમને એ વાતનો જરાપણ અંદેશો નહોતો એ આ મુલાકાત અમારા માટેની સુખદ સ્મૃતિ બની જવાની હતી.

શાળાના પ્રિન્સિપાલે અમને મુખ્ય દ્વારથી આવવાનું કહ્યું, જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે અમારું સ્વાગત જોઈ સ્તબ્ધ થઈ ગયા. એક મોટું બેન્ડ (વાદ્ય મંડળ) અમારી પ્રતીક્ષા કરી રહ્યુ હતુ. મુખ્ય દ્વાર માં પ્રવેશ કરતા જ ભારતીય પરંપરા મુજબ સંગીતની સુંદર સુરાવલીઓથી અમારું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. અમારી આજુબાજુ લગભગ સો જેટલા બાળકો અને કેટલાક શિક્ષકો હતા જે અમને ગૌરવપૂર્વક પ્રાથનાખંડમાં લઈ ગયા. આજની યુવા પેઢી પાસે બદલાવ લાવવાની શક્તિ છે, એ લોકો પાસે, દ્રષ્ટિ, મૂલ્યો તથા શક્તિ આ બધું જ છે, જે કદાચ આપણી પાસે નથી. આટલા ઉત્સાહથી મારા કાર્યમાં સહભાગી થવાની તેમની ભાવનાએ મારી યાત્રા માટે, મારા લક્ષ્ય માટે મને જે નૈતિક આધારની આવશ્યકતા હતી તે પૂરી પાડી.

મેં વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું, "જ્યારે તમે વિભાજન કરીને વિજય મેળવો છો તે અરાજકતામાં પરિણમે છે, પરંતુ જ્યારે તમે જોડાયેલા રહીને વિજય મેળવો છો ત્યારે સમસ્યાઓનો ઉકેલ સાચી રીતે થતો હોય છે" પક્ષોના વિભાજનને કારણે થોડા સમય માટે સંધિ થાય છે, જે આગળ જઈ વધુ મોટી સમસ્યાનું નિર્માણ કરે છે. કાયમી શાંતિ અને સતત વિકસિત થતી સંસ્કૃતિ એકતાને કારણે મેળવી શકાય છે.

અમારી યાત્રા આગળ વધી. ઉત્તર ગુજરાતના અડાબીડ જંગલોમાં "બાલારામ-અંબાજી વન્યજીવ અભ્યારણ" માં આદિવાસીઓ સાથે જોડાવાની અમારી ઇચ્છા પૂર્ણ થઈ. ગ્રામીણ વિસ્તારના લોકો ખૂબ જ દયાળુ હતા. થોડી જ વારમાં હું તેમના બાળકો સાથે ખૂબ હળી મળી ગયો, હું તેમની ભાષા નહોતો બોલી શકતો અને બાળકો પણ મારી ભાષા ન જાણતા હોવાથી અમારી વચ્ચે કોઈ વાતચીત ન થઈ, પરંતુ હૃદયથી થયેલા હૃદયના જોડાણે અમારો માર્ગ મોકળો કરી આપ્યો.

આગળ વધતા, અમરગઢ જિલ્લાના, ખાટીસિતારા ગામમાં, મુસ્તુખાન ગ્રામ્ય શિલ્પી તથા તેના પરિવારે આદિવાસી પરંપરા મુજબ અમારુ ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું. આ નાનું ગામ ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર ગાઢ જંગલમાં અંદરની તરફ આવેલું હતું, અને નકશામાં પણ દેખાતું નહોતું. સરકાર અને જનતા બંને તરફથી ગામને વીસારે પાડી દેવામાં આવ્યું હતું. હવા ખાવાના પ્રખ્યાત સ્થળ માઉન્ટ આબુ ની નજીકમાં તથા રાજસ્થાન રાજ્યની સરહદ પર આ ગામ સ્થિત હતું. સરહદ પરના સ્થાનને તેના ફાયદા અને ગેરફાયદા બંને હોય છે, તેમ છતાંય ત્યાંના સ્થાનિક લોકો ઉર્જાવાન અને મહેનતુ હોય છે. તેઓએ અમને આરામદાયક સગવડ આપી. મુસ્તુખાનની ઈચ્છા ગ્રામીણ પ્રજાની સેવા કરવાની હતી. જ્યારે શહેરના મોટાભાગના યુવાનો વિદેશ જતા રહે છે અથવા સંપત્તિ અને નામના કમાવા માટે કાર્યરત હોય છે ત્યારે મુસ્તુખાન પોતાનું વતન ભાવનગર છોડી દૂર પોતાના રાજ્યનાજ ગ્રામીણ વિસ્તારોની સંભાળ રાખવા અહીં સ્થાયી થયા. આ સમુદાયને અપનાવ્યો અને સ્વદેશી આદિવાસીઓને સહાયક બનવાનું શરૂ કર્યું. શરૂઆતમાં આદિવાસીઓને એવું લાગ્યું કે આ વ્યક્તિ અમારી શાંતિનો નાશ કરશે તેથી તેમણે મુસ્તખાનનો ઘણો વિરોધ કર્યો પરંતુ તેઓ તેમના માર્ગ પર આગ્રહી હતા. તેમનો હેતુ શાળા શરૂ કરવાનો અને તબીબી સહાયના ક્ષેત્રમાં કામ કરવાનો હતો. વનવિભાગે તેમને જંગલમાં હોમસ્કૂલ ચલાવવાના તેમના નિર્ણય પર ઘણી વખત ચેતવણી આપી હતી. ત્યાં ઘણા ઝઘડા પણ થયા હતા. પરંતુ એક દિવસ તબીબી કટોકટી નિર્માણ થઈ, ત્યારે તેમણે ગ્રામવાસીઓની મદદ કરી તેમના હૃદય જીતી લીધાં.

એક મહિલાની પ્રસૂતિમાં સમસ્યા ઉભી થતા, તેમણે પોતાના અંગત લગ્નજીવનને જોખમમાં મૂકી બાળક અને અને માતા બંનેના જીવ બચાવી લીધા. આ ઘટનાએ તેમને હીરો નો દરજ્જો અપાવી દીધો. લગભગ બે વર્ષની સખત મહેનત બાદ મુસ્તુખાન ગામના સત્તાવાર માર્ગદર્શક છે અને ગામના મુખિયાએ તેમને જમીન ફાળવી છે તેના પર તેમણે ઘર અને શાળાનું નિર્માણ કર્યું છે. અત્યાર સુધી તેની આસપાસના વિસ્તારમાં કોઈ શાળા નહોતી અને વર્તમાન સમયે મોટાભાગના બાળકો શાળાએ જઈ મૂળભૂત શિક્ષણ પ્રાપ્ત કરે છે.

તેઓ તેમની પત્ની મુમતાઝ સાથે મળી આદિવાસી સમાજની સેવા કરે છે અને તેમની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. વન વિભાગ હવે તેમને સહાય કરે છે અને આ વિસ્તારમાં વધુ કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમણે ગામમાં ઇકો ટુરિઝમની શરૂઆત કરી જેને કારણે ગામ આત્મનિર્ભર બન્યું અને સામાજિક તથા આર્થિક રૂપે વિકસિત થયું. અહીંના

લગભગ ૧૩૫ જેટલા પરિવારો હવે ભારતીય નાગરિક તરીકે ઓળખાવા લાગ્યા છે.

આતંકવાદને કોઇ સીમા નથી હોતી. આપણે આપણો દ્રષ્ટિકોણ બદલી, આતંકવાદના ખરા સ્વરૂપને ઓળખી તેની સાથે જોડાયેલા લોકો સાથે શરતો કરવી જોઈએ. વૈશ્વિક ક્ષેત્રે મુસ્લિમો અનેક ઉદાત્ત કાર્યો કરી રહ્યા છે અને યુવાન મુસ્તુખાન તેનું ઉત્તમ ઉદાહરણ છે.

વીજળીના અભાવને કારણે અમે એક કેમ્પફાયરની આસપાસ તમારા જીવનના અનુભવોની ચર્ચા કરતા કરતા રાત્રિ પસાર કરી. ગામના મુખીયા અમને જંગલમાં ફેરવવા લઈ ગયા અને ત્યાંનું વિશ્વ બતાવ્યું. અમારી વચ્ચે ભાષા ની ભિન્નતાને કારણે સમસ્યા થતી હતી પરંતુ મુસ્તુખાને દુભાષિયા તરીકે ઉત્તમ કાર્ય કર્યું. અમે તેમની જરૂરિયાતો, ઇચ્છાઓ અને ભવિષ્યની કલ્પનાઓ વિશે ચર્ચા કરી. મને એ જાણીને ખૂબ જ નવાઈ લાગી કે તેમની ઇચ્છાઓ ખુબજ મૂળભૂત અને સાદી વસ્તુઓની હતી. તેમણે જીવનનું 'મેનુ' ઘણું નાનું બનાવ્યું છે. તેઓ શુદ્ધ પ્રેમને પોષે છે અને તેની જ ઝંખના રાખે છે. તથા લોભી વેપારીઓ અને રાજકારણીઓ દ્વારા નાશ પામવાનો તેમને ભય રહે છે.

અનેક છોકરા-છોકરીઓએ અમને અમારા ચાલવાના હેતુ તથા બહારના વિશ્વ વિશે અનેક પ્રશ્નો પૂછ્યા. મારા પ્રત્યે તેમણે સહાનુભૂતિ અને અનુભૂતિ દાખવી. કેમ્પફાયર બાદ અમે ત્યાંની મહિલાઓએ ઘરે બનાવેલા ભોજનની મિજલસ માણી અને તેની સાથે સાથે નૃત્ય અને સંગીત પણ હતું.

જે દિવસથી અમે શરૂઆત કરી હતી ત્યારથી બ્રહ્માંડ જાણે અમારું નિરીક્ષણ કરતુ હતું અને હંમેશા અમને તેના કૃપાપાત્ર બનાવ્યા હતા. રોજ રોજ અનુભવાતા ચમત્કારોથી હવે હું ટેવાતો જતો હતો. અમે અમારા આગામી મુકામ વિશે અનિશ્ચિત હતા, પરંતુ ફરીથી એક ચમત્કાર થયો. પાકિસ્તાનમાં આવેલા શિકારપૂરના ડૉ. આમિર અબ્બાસ સુમરો દેવદૂત બનીને મદદે આવ્યા અને અમારા માટે માઉન્ટ આબુમાં આવેલા બ્રહ્માકુમારીના, વર્તમાન સમયના સૌથી વિશાળ સંપ્રદાયોમાંના એક, ના આશ્રમની આધ્યાત્મિક સુવિધામાં રહેવાની વ્યવસ્થા કરી.

આ સ્વર્ગ વિશ્વના લોકપ્રિય હિલ સ્ટેશનનો પૈકી એક માઉન્ટ આબુની તળેટીમાં વસેલું છે. સીધા ઢોળાવવાળા નીચેના માર્ગ પર અમે આગળ વધ્યા. અતિશય ઠંડી હવા આવી રહી હતી અને માર્ગમાં અનેક વાંદરાઓના ટોળા પણ હતા. બ્રહ્માકુમારીના સભ્ય અને અમારી ફ્રેન્ચ યજમાન મોનાએ અમારું સ્વાગત કર્યું. દરેક વર્ષે લાખો અનુયાયીઓ આ 'આધ્યાત્મિક એકાંત કેન્દ્ર'ની મુલાકાત લે છે. તે દિવસ એક સંગઠનનો હતો જેમાં લગભગ સો (100) થી પણ વધુ રાષ્ટ્રોના લોકોએ હાજરી આપી હતી. દરેક જગ્યાએ લોકો ખૂબ જ ખુશ હતા. તેમના અનુયાયીઓએ સફેદ વસ્ત્રો પહેર્યા હતા, ચારે તરફ ખૂબ શાંતિ હતી. હું હંમેશા રાષ્ટ્રને એક વૈશ્વિક સમાજ રૂપે જોવા ની પરિકલ્પના કરતો હતો જેનો મને અહીં અનુભવ થયો. અહીંથી ખૂબ જ પ્રેમ અને સમર્થન પામી અમે જ્યારે પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે આ કેન્દ્રના અગ્રણી અને ખૂબ જાણીતા, દાદી જયંતિ અમારી પાસે આવ્યા તેમણે ખૂબ પ્રેમથી અમારી સાથે વાતો કરી અને અમને અમારા શૌર્યપૂર્ણ પ્રયાસો માટે આશીર્વાદ આપ્યા.

જ્યારે અમે નીકળ્યા ત્યારે અહીંના આદિવાસી ડાકુઓ વિશે તથા નવા બનેલા ડુંગરાળ રસ્તા વિશે ચેતવણી આપવામાં આવી. આ સ્વર્ગમાંથી બહાર નીકળવાનો રસ્તો અત્યંત પથરાળ હતો. તે ખૂબ જ લાંબો માર્ગ હતો અને વચ્ચે વચ્ચે લીલોતરી તથા આદિવાસી સમુદાયોના

વિસ્તારો આવતા હતા. અમે સાવધાની સાથે આગળ વધતા ગયા. રસ્તો ખૂબ નિર્જન હતો તથા ગરમી પણ હતી. 'વાવો તેવું લણો અને વિચારો તેવું પામો' એ ઉક્તિના આધારે અમને દૂરથી કોઇની ચીસ સંભળાઈ. અમે જ્યારે તરફ સાવધાનીથી જોયું અને અમને ધ્યાન આવ્યું કે અવાજ બાજુના પર્વતની ટોચ પરથી આદિવાસીઓના ઝુંપડા તરફથી આવતો હતો. અમારી નજીક આવી રહેલા તે માણસ ના ખભા પર એક થેલો હતો અમે ગભરાઈ ગયા અમે ધારી લીધું કે હવે લૂંટાવાનો સમય આવી ગયો છે. જેવો તે અમારી નજીક આવ્યો ત્યારે અમને ધ્યાન આવ્યું કે તે આદિવાસી વ્યક્તિ હતો અને તેના ખભા પર થેલામાં હથિયાર નહીં પણ શાકભાજી હતા. એક જ મિનિટમાં ખુલ્લા પગે દોડતો તે નીચે આવ્યો, તેના ખભા પર મોટી કાકડી હતી અમારી પાસે આવી તેણે અમારા વિશે પૂછપરછ કરી, સામે અમે પણ તેના વિશે પૂછ્યું. તે વ્યક્તિ પર્વતની ટોચ પરથી નીચે સુધી અમને કાકડી આપવા આવ્યો હતો. "હું ઘણા યાત્રાળુઓ ને અહીંથી ચાલતા જતાં જોઉં છું, પરંતુ ઉનાળાની આ ગરમીમાં તે ઘણું અઘરું છે. તમારા કાર્યમાં મારા તરફથી આ ફાળો આપું છું,"તેણે કહ્યું. તેને પ્રત્યુત્તર આપવામાં અમને સમય લાગ્યો, અમને પશ્ચાતાપ થયો કે આટલી દૂરથી તે દોડીને અમને સહાય કરવા આવ્યો હતો જ્યારે અમે તેને ડાકુ સમજી લીધો હતો. અમારી આ યાત્રામાં અનેક જુદી જુદી વ્યક્તિઓ દ્વારા અમારું સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં હરીજન, પૂજારી, આદિવાસી વ્યક્તિઓ તથા પ્રશિક્ષકો પણ હતા. પણ આ તો તદ્દન બાહ્ય વ્યક્તિ હતી, જો તેણે એ કાકડી વેચી હોત તો એને દિવસ પૂરતા રૂપિયા મળી ગયા હોત પરંતુ, તેણે અમને આપવાનું સ્વીકાર્યું. શુદ્ધ નિસ્વાર્થ કાર્ય તેણે કર્યું હતું.

અમારી યાત્રા શરૂ થયાને બે અઠવાડિયા થઈ ગયા હતા અને અમે લગભગ 350 કિલોમીટર જેટલી યાત્રા કરી ચૂક્યા હતા. ચાલતા, પ્રશંસા કરતા, વિસ્મય પામતા, એકબીજા સાથે જોડાતા જતાં, ક્યારેક અનુકંપાની લાગણી અનુભવતા અને ચમત્કારોનો અનુભવ કરતા કરતા અમારી યાત્રા આગળ વધી રહી હતી અમે ઉદયપુર પહોંચવા આવ્યા હતા. જ્યારે સામાજિક શાંતિ જોખમાય, રાજ્યમાં અંધાધૂંધી ફેલાય, ભય વધે અને અહિંસા ભડકી ઊઠે તે સમયે એકબીજાની લાગણીઓ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ જે વિવિધ કથાઓને બહાર લાવે છે. વ્યક્તિ તરીકે આપણે આદર અને સ્વીકારની ઈચ્છા રાખતા હોઈએ છે અને તેને આપણે પવિત્ર અને મહત્વનું ગણીએ છીએ કે આપણે વિસ્તૃત સમાજ દ્વારા સ્વીકૃત છીએ. પ્રત્યેક વ્યક્તિ માટે આ એક સામાન્ય વાત છે. અને તેથી સામાજિક શાંતિ ફરીથી સ્થાપવા માટેનું પ્રથમ પગથિયું એ છે કે એક વિચારધારા ધરાવતો જૂથ બીજી વિચારધારા ધરાવનાર પ્રત્યે કથાઓ કરવાને બદલે ભાવનાત્મકતા ની દ્રષ્ટિથી તેને જુએ. એક વખત આ સ્તર પર તેમની વચ્ચે બંધન સ્થપાઈ જાય પછી આગળ વધવાની સૂક્ષ્મ રીતો આપમેળે જોડાતી જશે. આ પ્રેમનો માર્ગ છે. આપણે જ્યારે આ માર્ગને સમજવા જેટલા સામર્થ્યવાન થઈ જઈએ ત્યારે આપણે હકારાત્મક અરાજકતા છૂટી કરીએ છે જે નકારાત્મક અરાજકતા અને દૂર કરવાનો એકમાત્ર માર્ગ છે. એક વખત શાંતિ સ્થપાઈ જાય પછી કુદરતી રીતે મુક્તતા અને સલામતીની લાગણી અનુભવાય છે.

ઉદયપુર પહોંચ્યા પછી અગત્સ્યને લાગ્યું કે તે હવે આગળ યાત્રા નહીં કરી શકે, તેને તેની વ્યક્તિગત જવાબદારીઓ હતી. જીવનભરના સંસ્મરણોનો ખજાનો આપી તે અમારાથી છૂટો પડી રહ્યો હતો. અગત્સ્ય અત્યંત અનુકૂલનશીલ, સાચો સાથ આપનાર અને ઝડપી કાર્યવાહી કરનાર ખૂબ સરસ વ્યક્તિ હતો. તેની હાજરીને કારણે અમારો પ્રવાસ ખૂબ જ સમૃદ્ધ બન્યો હતો. તેના પ્રેમાળ સમર્થન માટે હું તેનો ઋણી રહીશ.

અમારી છેલ્લી યાત્રાથી ખૂબ જ પ્રેરિત થયેલો મારો યુવાન મિત્ર યશ વાલાવલકર ઉદયપુરથી મારી સાથે જોડાયો. યુવાન વયનો યશ તેની આત્મખોજની યાત્રા કરી રહ્યો હતો, જે તેની વય માટે ખૂબ જ અસામાન્ય હતી. તેની સ્વયં પ્રત્યેની સભાનતાથી હું ખૂબ જ ખુશ હતો. તે ખૂબ જ નમ્ર હતો. એક શાંતિપૂર્ણ યોદ્ધાની જેમ તેને જે સૂચના આપવામાં આવે તેનું પાલન કરવા તે તૈયાર રહેતો. જ્યારે તે ત્યાં આવ્યો ત્યારે તેની સાથે ખૂબ ઉત્સાહ લઈને આવ્યો હતો. અમે અમારી શાંતિયાત્રામાં પૂર્ણ રીતે ડૂબી ગયા હતા, પ્રત્યેક દિવસ અમારે માટે કંઈ નવું લઈને આવતો હતો. અમે સુંદર અને જીવંત શહેર 'પુષ્કર' પહોંચ્યા. જે સંપૂર્ણ રીતે દારૂમુક્ત અને વીગન હતું. એ સત્ય છે કે અહીં, ગોવા પછીના બીજા ક્રમે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ આવતા હોય છે પણ તેમ છતાંયે અહીંની રસપ્રદ વાત એ છે કે અહીંયા બ્રાહ્મણો તેમના આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે અંગ્રેજી ભાષામાં શ્રાદ્ધ પૂજા કરાવતા હોય છે. તે ઉપરાંત અહીંના ભિખારીઓ પણ અંગ્રેજીમાં વાત કરે છે. આ સમૃદ્ધ શહેરે અમને ખૂબ પ્રેમ અને સમર્થન આપ્યું. ત્યાંથી આગળ વધતા અમે અજમેર શરીફ દરગાહની મોહકતાથી આકર્ષાયા. મહોરમ મહિનાના દિવસોમાં અહીં વિશ્વભરના પ્રવાસીઓ આવે છે. દરગાહની શાંતિ અને વાતાવરણે મને સ્પર્શી રહ્યું અને એવી અનુભૂતિ કરાવી કે શાંતિ અને પ્રેમનો સંદેશો પહોંચાડવા હું પાકિસ્તાન તરફની મારી યાત્રા આગળ વધારી રહ્યો છું.

આ ઘટનાઓને વ્યક્તિગત રીતે નિહાળવી એ આશીર્વાદ સમાન હતું. ગામડાઓ તથા નાનાં શહેરોમાં થી પસાર થતી વખતે અમે માનવતાના ઉંડાણના સ્તર સુધી જોડાઈ શકયા. થોડા જ સમયની અંદર વિશ્વમાં જે સંદેશો પહોંચાડવાનો અમારો હેતુ હતો તે સમાજ સુધી પહોંચી રહ્યો હતો, અને જાણીતા તથા અજાણ્યા લોકો તરફથી અમને અદભુત સમર્થન મળી રહ્યું હતું. પોતાની ભૂખ સંતોષવા દિવસ રાત મહેનત કરતા ગ્રામીણ લોકો એ અમને અકલ્પનીય પ્રેમ અને વિશ્વાસથી આવકાર્યા અને પરિવારના સભ્યની જેમ અમારી સાથે વ્યવહાર કર્યો. અમારા વિચારને જે સમર્થન મળ્યું તેને કારણે અમારી યાત્રાનો અડધો હેતુ સિદ્ધ થઈ ગયો હોય તેવી પ્રતિતિ થઇ.

અમે રાજસ્થાનના ગામડાઓમાંથી પસાર થતા હતા ત્યારે દિલ્હીના અમારા એક મિત્ર અને સામાજિક કાર્યકરે 'હિમાંશુ ડુગર' સાથે અમારી ઓળખાણ કરાવી. ડુગર પરિવાર ખૂબ જ અદભુત હતો. માનવ સેવા સાથે તે નિરંતર રૂપે પ્રતિબધ્ધતાથી જોડાયેલો હતો. તેમણે ૧,૨૦૦ એકરમાં ફેલાયેલા 'ગાંધી વિધા મંદિર' ની સ્થાપના કરી હતી જેની અંતર્ગત અનેક શાળાઓ અને સંસ્થાઓ હતી જે હિન્દી તથા અંગ્રેજી બંને ભાષામાં શિક્ષણ આપતી હતી. તે ઉપરાંત તે જ પરિસરમાં 60 જેટલા બાળકો ધરાવતુ અનાથઆશ્રમ પણ હતું. સ્વામીશ્રી 'રામશરણજી ' જે તેમના પૂર્વાશ્રમમાં કનૈયાલાલ ડુગર તરીકે જાણીતા હતા, તેમની સાથે થયેલા અકસ્માતે તેમનું જીવન બદલી કાઢ્યું અને તરત જ તેઓ તેમનું સંપન્ન જીવન છોડી સંન્યાસી બની ગયા, અને નાની ઝૂંપડીમાં રહેવા લાગ્યા. પાછળથી તેમણે શિક્ષણ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું. ઈ.સ. ૧૯૬૫ માં ત્રણ સ્થાનિક વ્યક્તિઓને શિક્ષણ આપી તેમના પરિવારે તેમની મહેનતને ઔપચારિક સ્વરૂપ આપ્યું. ત્રણ વિધાર્થીઓથી શરૂઆત કરનાર 'ગાંધી વિધા મંદિર ફાઉન્ડેશન' આજે ૩૦ હજાર (30,000) થી પણ વધુ વિધાર્થીઓને શિક્ષણ આપે છે. અમે ત્યાંની મુલાકાત લઇ ત્યાંના શુદ્ધ વાતાવરણના સાક્ષી બન્યા. અમે જ્યારે ત્યાંથી છુટા પડ્યા ત્યારે તેમના પિતાજી અમારા માટે સૂકો મેવો, તથા માતાજી રસ્તા માટેનું ડ્રાયફ્રુટસની મીઠાઈ ભોજન લઇ આવ્યા. આ રીતે ભારતીય સંસ્કૃતિ સંપૂર્ણ રીતે તેના આતિથ્યને કારણે જ ઓળખાય છે.

હું વિચારી રહ્યો, કેટલાયે લોકો કોઈ પણ સ્વાર્થ વિના અને બીજાઓના ઉત્કર્ષ માટે જીવતા હોય છે. તેમ છતાંય, તેમના નામો અજાણ્યા, વણશોધ્યા રહી જાય છે અને તેમના કાર્યોના ઢોલ પીટાતા નથી હોતા.

રાજસ્થાન રાજ્યમાં લગભગ ૯૫૦ કિલોમીટર જેટલું ચાલ્યા પછી અમને કેટલાય અદભુત લોકોની મુલાકાત થઇ હતી, અકલ્પનીય આધ્યાત્મિક અનુભવો થયા હતા. અહીંની મોટાભાગની પ્રજા ખૂબ જ દયાળુ છે અને 'અતિથિ દેવો ભવ' ની ભાવનાને જાળવીને જીવે છે. તે ઉપરાંત, આ રાજ્યમાં પસાર કરેલા ૪૦ જેટલા દિવસોમાં અમને સતત ૪૫ ડિગ્રી ગરમી અને એક અંકીય ઠંડી (૧૦ ડિગ્રી તે નીચેની ઠંડી) ની પણ પરીક્ષા આપવી પડી હતી. અને તેમ છતાંય અમને હંમેશા આશ્રય મળ્યો હતો અને કાળજી પણ લેવાઈ હતી. ખરેખર, આ એક સમગ્રતાનો અનુભવ હતો.

રાજસ્થાની યાત્રાના થોડા સમય બાદ અમે, આ શાંતિયાત્રા પાછળના મુખ્ય ચાલકબળ સતીશ કુમારને મળવા દિલ્હી પહોંચ્યા. મને ફરી ફરીને એ વાતનું સ્મરણ થઇ રહ્યું હતું કે જ્યારે હું નવ વર્ષનો બાળક હતો ત્યારે કેવી રીતે મોટા થયા બાદ મને તેમના માર્ગનું અનુસરણ કરવાની ઈચ્છા થઈ હતી, જે વાસ્તવિકતામાં પરિણમી હતી. સતીશજીની ઉંમર ૮૦ વર્ષની હોવા છતાં હૃદયથી તેઓ એકદમ બાળક જેવા હતા તેથી જ્યારે અમારી વિશ્વ શાંતિ પદયાત્રા ને તેમના વ્યક્તિગત આશીર્વાદ મળ્યા ત્યારે અમને અતિશય આનંદ અને ગૌરવની લાગણી અનુભવાઈ. શાંતિ અને એકતા ના સંદેશને ફેલાવવાની તેમની સલાહ મને સાચી દિશામાં લઈ ગઈ હતી. આ સંપૂર્ણ પ્રક્રિયા માં તેમનું મને સતત માર્ગદર્શન મળ્યું અને તેમણે મને વચન આપ્યું હતું કે તેમનાથી થઈ શકે તે બધી જ મદદ તેઓ મને કરશે.

ત્યારબાદ અમને નિવૃત્ત કર્નલ. પ્રીતમ સિંહ તરફથી મળવાનું આમંત્રણ મળ્યું. પ્રીતમ સિંહ 'જાફના શાંતિ નિર્માણ દળ'ના સભ્ય હતા, ઓપરેશન 'બ્લુ સ્ટાર 'માં તેમની સેવા આપી ચૂક્યા હતા અને કારગિલ યુદ્ધમાં પણ સહભાગી થયા હતા. તેમણે સંવેદનાની અનુભૂતિ કરતા જણાવ્યું કે જ્યારે સંઘર્ષ થાય છે ત્યારે બંને તરફ ખૂબ જ હાનિ થાય છે અને તે માનવજાતિ માટે જરાય ફાયદાકારક નથી. ભાવપૂર્વક તેમણે જણાવ્યું આપણે જે બહાર જોઈએ છે તે આપણી અંદરના સ્વયંનું પ્રતિબિંબ છે. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન, આદરણીય શ્રી અટલ બિહારી બાજપેઈજીની એક વાત ટાંકતા તેમણે કહ્યુ, "કે જો એક વ્યક્તિ પણ પોતાની જાતને સંપૂર્ણ નિર્મળ બનાવે તો આજુબાજુની પ્રત્યેક વ્યક્તિઓ પણ સંપૂર્ણ રીતે બદલાઈ જતી હોય છે." નમ્ર છતાંય સરળ વ્યક્તિત્વના ધની પ્રીતમ સિંહે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે યુદ્ધોથી ક્યારેય કોઈ પરિણામો આવતા નથી હોતા તે ફક્ત વિભાજન તરફ લઈ જાય છે. શાંતિ જીવનનો સાચો માર્ગ છે, અને હું એ પથ પર ચાલી લોકોના માર્ગ પ્રશસ્ત કરી રહ્યો હતો.

પાકિસ્તાનની શાંતિ યાત્રા બરાબર તેના મધ્યબિંદુએ પહોંચી હતી. પાછલા ૬૦ દિવસોમાં, ભારતના ચાર રાજ્યોમાં, લગભગ 1,500 કિલોમીટર જેટલો પ્રવાસ કરી ચૂક્યા હતા. અમે ગુજરાતની પરસેવે રેબઝેબ કરી નાખતી ગરમી અને પંજાબની કાતિલ ઠંડીનો પણ અનુભવ કર્યો હતો. આટલા દિવસોમાં મને ક્યારેય ખોરાક-પાણી કે આશ્રયની અછત નહોતી પડી અને તેની સાથે જુદા જુદા રાજ્યો તથા ધર્મોના વિશિષ્ટ વ્યક્તિઓ સાથે અમારા સંબંધો બંધાયા હતા. હું જે સમયે પાકિસ્તાનના વિઝા મેળવવા પ્રયત્ન કરી રહ્યો હતો તે સમયે પાકિસ્તાનની ભયાનક દુર્ઘટનાના સમાચાર આવ્યા. ડિસેમ્બર ૧૬, ૨૦૧૪ના દિવસે સાત સશસ્ત્ર તાલિબાનોએ પેશાવરની લશ્કર દ્વારા સંચાલિત પ્રાઇમરી તથા સેકન્ડરી શાળા પર હુમલો કર્યો.

દોઢસો વ્યક્તિઓની (૧૫૦) હત્યા કરવામાં આવી જેમાંથી ૧૩૪ જેટલા નાના બાળકો હતા. બાળકો પર થયેલો અત્યાર સુધીનો આ સૌથી અધમ અને ઘોર હુમલો હતો. સમગ્ર વિશ્વ ખળભળી ઊઠયું હતું તેનો પ્રશ્ન હતો, માનવતા ક્યાં છે?

આ સમાચારે મને અતિશય વિસ્મયમાં મૂકી દીધો હતો. વિશ્વમાં શાંતિ ફેલાવવાના જે સંદેશ સાથે હું જ્યાં જવા નીકળ્યો હતો તે રાષ્ટ્રની હું મુલાકાત નહિ લઈ શકું તે, ખૂબ મોટી હાર હતી. મારું હૃદય તે નિર્દોષ બાળકો માટે દ્રવિત થઈ ઊઠયું હતું, જેઓ માનવતાની ઘૃણા કરતી અધમ વ્યક્તિઓના યુદ્ધના પરિણામનો ભોગ બની ચૂક્યા હતા.

પાકિસ્તાનની એમ્બેસીનો જ્યારે મેં સંપર્ક કર્યો, ત્યારે તેમણે કહ્યું કે તેમનું રાષ્ટ્ર કટોકટીનો અનુભવ કરી રહ્યું છે અને તેમના પોતાના જ નાગરિકો સુરક્ષિત નથી. તેમણે જણાવ્યું કે શાંતિ યાત્રા માટેનો આ અનુકુળ સમય નથી. આ સાંભળી મારુ સ્વપ્ન ખંડિત થઈ ગયું, ઉદાત કાર્ય માટેની મારી પ્રથમ યાત્રા જ નિષ્ફળતામાં પરિણમી હતી. અમારી નકારવામાં આવેલી પાકિસ્તાનની વિઝા અરજી સાથે હું અમૃતસર પાછો આવ્યો. અમે પેશાવર દુર્ઘટના દરમિયાન મૃત્યુ પામેલાઓને સમર્પિત સ્મારકમાં પ્રાર્થના કરવાનું નક્કી કર્યું. અમૃતસરથી યશે તેની યાત્રા ટુંકાવી અને તેના ફેમિલી સાથે પાછો ગયો, ભારે હૃદયે પાછા ફરતી વખતે અમારી યાત્રામાં હું અને વિજયભાઈ બે જણ રહ્યા હતા.

મારી સમગ્ર યાત્રા દરમિયાન હું એક વાત સમજ્યો હતો કે આપણને શાંતિ ત્યારે જ મળે છે જ્યારે આપણે તેને આપતા અને લેતા શીખીએ છીએ. પ્રેમ હંમેશા આપણને સૌંદર્ય અને સ્થિરતાના માર્ગ પર લઇ જાય છે. આઘાત પામેલી અને દિગ્મૂઢ બની ગયેલી જનતાના ઘા જ્યારે ભરાઈ જતા હોય છે અને તે નિરાંતનો શ્વાસ લઈ શકે છે ત્યારે સાચી શાંતિ પ્રાપ્ત થતી હોય છે, તેમના પરિવારો ફરીથી જોડાઇ જતા હોય છે અને તેમની સંસ્કૃતિ પાછી મળતી હોય છે. અમે તેવી વ્યક્તિઓને તેમની જરૂરિયાત ની વસ્તુઓ આપી મદદ કરી હતી પરંતુ બદલામાં અમને જે પ્રાપ્ત થયું હતું, તે શાંતિ; તેનાથી ક્યાંય વધુ હતી.

આપણે જેની કાળજી કરતાં હોઈએ છે તેનું રક્ષણ કરતા પણ શીખવું જોઈએ. માનવતા જ મારો ધર્મ છે. હું સૌપ્રથમ હિન્દુ, મુસ્લિમ, શીખ કે ક્રિશ્ચિયન નહીં પરંતુ માનવી છું. હું જેટલો પ્રેમ માનવતાને કરું છું તેટલો જ પ્રેમ મારા મુસ્લિમ કે શીખ ભાઈઓ અને બહેનોને પણ કરું છું, અને પ્રેમની સાથે આવેલી બધી જ જવાબદારીઓ અને પણ સ્વીકારું છુ; મારી પાકિસ્તાનની યાત્રા નિષ્ફળ થઈ ગઈ હોવાથી આવેશમાં આવી હું મારી જાતને વ્યક્ત કરી રહ્યો હતો. મારા ઉદ્દેશને પૂર્ણ કરવા માટે મેં ખૂબ લાંબુ અંતર કાપ્યું હતું, સો (૧૦૦) દિવસ સુધી, ખીસામાં એક પણ રૂપિયા વગર મેં સતત ચાલ્યા કર્યું હતું, પરંતુ મને જરા પણ અંદાજો નહોતો કે વિશ્વ શાંતિ માટેની મારી આ પ્રથમ પદયાત્રા જ તેના ઉદ્દેશોને પૂર્ણ કરવામાં નિષ્ફળ જશે. હું નિરાશ થઇ પાછો ફરી રહ્યો હતો; એક તરફ મને લાગી રહ્યું હતું કે મારા અસ્તિત્વનું સમગ્ર કારણ માનવજાતિની સેવા કરવાનું છે અને મારા તે લક્ષ્યમાં દૈવી શક્તિ મારી સહાયક બની રહી હતી. પરંતુ વાસ્તવિકતા જુદી હતી, મારો પ્રથમ પ્રવાસ જ નિષ્ફળ રહ્યો હતો, મને લાગતું હતું કે હવે હું મારા પરિવારના સભ્યોને શું પ્રતિભાવ આપીશ? મારા ભાઈઓ જે પ્રથમથી જ મારી માન્યતાઓમાં વિશ્વાસ નથી ધરાવતા તેમને હવે મને નીચું જોડાવાની તક મળશે. મેં ઠોકર ખાધી હતી, પરંતુ તેમ છતાંય મારું અંતઃકરણ મને કહી રહ્યું હતું કે જે પણ બને છે તે સારા માટે બનતું હોય છે. અને તેથી મેં પરિસ્થિતિને સ્વીકારી લીધી અને મારી શાંતિ યાત્રા મેં ચાલુ રાખવાનો નિર્ણય કર્યો.

જેમ હું આગળ વધ્યો તેમ મારા ધ્યાનમાં આવ્યું કે મોટાભાગના લોકો શાંતિનું ખોટું અર્થઘટન કરતા હોય છે. શાંતિ યુદ્ધની ગેરહાજરી કરતા અનેકગણી આગળની વસ્તુ છે. જ્યારે સમય પસાર થઇ જાય છે ત્યારે આપણને સમજાય છે કે સાચી શાંતિ પ્રાપ્ત કરવા માટે પ્રેમથી જીવવાની જરૂર છે. જ્યારે તમારા બધા જ કાર્યો નિસ્વાર્થ ભાવનાથી પ્રેરાઈને થતા હોય છે ત્યારે તે ક્યારેય નુકસાન નથી કરતા, અને તમારો આત્મા મોક્ષની અનુભૂતિ કરી શકે છે.

દિલ્હી પહોંચી રાજઘાટ પર જઈ, પાકિસ્તાનના પેશાવરમાં જે નિર્દોષ વ્યક્તિઓએ પોતાના જીવન ખોયા હતા તેમના માટે અમે બાપુની સમાધિ પર પ્રાર્થના કરી. ત્યાંથી બહાર નીકળ્યા પછી દુઃખની લાગણી વ્યક્ત કરતા મેં કહ્યું, જે સમાજમાં હિંસામાંથી પોતાનો ફાયદો મેળવવામાં આવતો હોય છે તે સમાજમાં શાંતિ ક્યારેય સ્થપાઈ નથી શકતી. વિજયભાઈએ મારી તરફ જોઈ મારી પીઠ થાબડી અને કહ્યું, હવે આપણે આગળ વધી સાબરમતી, અમદાવાદ તરફ પાછા જઈએ. વિજયભાઈ પડછાયાની જેમ મારી સાથે રહેતા હતા, હંમેશા મને સહાય કરવા ઉત્સુક રહેતા, તેમણે મારી ઘણી જવાબદારીઓ ઉપાડી લીધી હતી. સમયસર મારું ખાવું પીવું, મારા ઉદ્દેશ્ય વિશે લોકો સાથે વાતચીત કરવી, રાત્રી રોકાણ કયાં કરવું તે ઉપરાંત આટલી લાંબી યાત્રા ની પ્રત્યેક ઝીણી ઝીણી વસ્તુઓનું ધ્યાન રાખવું આ બધા જ કાર્યો તે મને સતત ધ્યાનમાં રાખી કરતા હતા. તેમણે માસ્ટેક વખતે અને ત્યારબાદ સંપુર્ણ રીતે બદલાઈ ગયેલા એક જુદા જ વ્યક્તિ તરીકે પણ જોયો હતો, જે વિશે એમણે કોઈ ફરિયાદ નહોતી કરી.

ઘર તરફ પાછા વળવાની અમારી યાત્રા શરૂ થઈ અમે પંજાબના નાના નાના ગામડાઓમાંથી પસાર થઈ રહ્યા હતા. અમે જોયું કે ખેતી અને ઔધોગિક ક્ષેત્રે પંજાબ ભારતના બીજા અનેક રાજ્યો કરતાં, ઘણું જ આગળ હતું. સમગ્ર રીતે જોવા જઇએ તો શીખ સમુદાય બધી જ રીતે ખૂબ દયાળુ સમુદાય છે જે પ્રત્યેક જાતિના લોકોને તેમના 'લંગર' દ્વારા ભોજન કરાવે છે. કદાચ લંગર ને કારણે જ આખા રાજ્યમાં કોઈ ભિખારી નથી. આગળ વધતા થોડા દિવસ ખૂબ તણાવપૂર્ણ હતા પરંતુ તેમ છતાંય અમે ખૂબ આનંદ કરતા, રણવા છોડી અમે મોહાલી તરફ આગળ વધ્યા એ આખો વિશાળ રસ્તો બંને તરફ સુંદર વૃક્ષોથી સુશોભિત હતો જેણે અમને આવકાર આપ્યો. આ સુંદર રસ્તો પદયાત્રા દરમિયાન અમારી શાંતિમાં વધારો કરી રહ્યો હતો. એ વિસ્તારમાં અમે પ્રથમ વખત બહુમાળી મકાનો જોયા.

સો (૧૦૦) દિવસ સુધી સતત ચાલ્યા પછી હું અતિશય થાકી ગયો હતો, મારી ઇચ્છાશક્તિ અને નિયંત્રણ ગુમાવી રહ્યો હતો. અને તે જ સમયે માસ્ટેક કંપનીએ મને 'સ્પીરીટ ઓફ માસ્ટેક એવોર્ડ 'સ્વીકારવા માટે નિયુક્ત કર્યો હતો. હું ખૂબ ખુશ થઈ ગયો અને મારો આત્મવિશ્વાસ પાછો આવી ગયો. હું પ્રથમ ભૂતપૂર્વ માસ્ટેકીઅર હતો જેને આ સન્માન પ્રાપ્ત થયું હતું. પ્રામાણિકતાથી કહું તો, સામાન્ય રીતે માસ્ટેકે અને ખાસ કરીને સુધાકરે અને સંજય મુદનાની, મારી શરૂઆતના સફળતાના દિવસોથી વ્યક્તિ તરીકે મારામાં આવેલી પરિપક્વતા સુધી મારા જીવનમાં ખૂબ મોટું યોગદાન આપ્યું હતું. અત્યારે હું જે છું તેના પર એની ખૂબ મોટી અસર હતી. તેને કારણે મારા જીવનની યથાર્થતા અને જીવવાનું સ્તર બંને બદલાયા હતા. પારિતોષિક સ્વીકારતી વખતે માસ્ટેકીઅરથી ભરેલા ઓરડામાં કૃતજ્ઞતા અનુભવી રહ્યો અને મેં જોયું કે મારું જીવન, સારા સંદર્ભે કેટલું ઝડપથી બદલાઈ રહ્યું હતું.

૧૦૬ દિવસ સુધી સળંગ ચાલ્યા કરવું સહેલું નથી. માર્ગમાં અમને અનેક રસપ્રદ અનુભવો થયા અને વ્યક્તિઓ મળ્યા જેમાંના કેટલાક લોકોએ તો અમને નિશબ્દ કરી મૂક્યા. અમે જ્યારે

રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારથી લગભગ ૮૦ કિલોમીટર દુર આવેલા અને જ્યારે તરફ નદીથી ઘેરાયેલા 'બાનેશ્વર 'ના શંકરના મંદિરમાં પહોંચ્યા ત્યારે આવી જ એક ઘટના બની હતી. અમે જે ધર્મશાળામાં રોકાણ કર્યું હતું ત્યાં શૌચાલય હતાં પરંતુ પાણી નહોતું આવતું, લાઈટ લગાડી હતી પરંતુ ઇલેક્ટ્રિસિટી નહોતી અને બારીનું માળખું હતું પણ બારી નહોતી. ગરમી કે ઠંડી ના જુદા હવામાનની વચ્ચે યાત્રા વધુ કઠિન બનતી. ગરમીમાં પરસેવાથી રેબઝેબ થઇ જવાતું જ્યારે ઠંડીમાં શરીર નબળું પડી તેની કાર્યક્ષમતા ઘટી જતી, અવાર નવાર માંદા પડી જવાતું હતું. પરંતુ અંતે મને ખબર હતી કે હું શેના માટે આ બધું કરી રહ્યો છું.

ગુજરાતના ગામડાઓમાંથી પસાર થતી વખતે રાજેન્દ્રનગર માં 'સહયોગ કુસ્થા યોજના ટ્રસ્ટ' ની અમારો સંપર્ક થયો હતો. 'સહયોગ કુસ્થા યોજના ટ્રસ્ટ' ની સ્થાપના સુરેશભાઈ સોનીએ 33 વર્ષ પહેલાં નેશનલ હાઈવે ૮ ની બાજુમાં ૩૧ એકરની સુંદર જમીન પર કરી હતી. સુરેશભાઈ સોની જેવા વ્યક્તિ સાથે પરિચય થવું તે નસીબની વાત હતી, આ વ્યક્તિની સાદગી અને નમ્રતા વ્યક્ત કરવા મારી પાસે યોગ્ય શબ્દો નથી. તેઓ અમને તેની ગાયના છાણથી લીંપેલી માટીની ઝુપડીમાં લઇ ગયા. એ સત્ય છે કે સહયોગ ટ્રસ્ટની ઓફિસ અને તેમના રહેઠાણ માટેનો બંગલો કોંક્રીટથી જ બન્યો હતો પરંતુ તેમને માટીની ઝુંપડીમાં રહેવું અને કામ કરવું ખૂબ ગમતું હતું અને તેથી તેમની માટીની ઝુંપડીનો ઉપયોગ તેઓ વ્યક્તિગત કાર્યો માટે કરતા હતા. તેમના જ શબ્દોમાં તેમના કાર્યોની કથા સાંભળી હું ખરેખર તેમની સમાજ પ્રત્યેની સમર્પિતતા જોઈ ગદગદ થઈ ગયો. મને લાગ્યું કેજો વધુને વધુ લોકો સમજીને તેમનું જીવન સાદાઈથી વ્યક્ત કરે તો જીવનના પ્રત્યેક ક્ષેત્રે સ્પર્ધા ઓછી થઈ જાય.

સુરેશભાઈ, ગાંધીવાદીઓની જેમ ફક્ત ખાદી પહેરતા અને ઘણી વખત બાબા આમટે કે પ્રકાશ આમટે જેવું ખાદીનું હાફપેન્ટ પણ પહેરતા. અમે એક ૨૪ કલાક ખુલ્લા રહેતા અનોખા મંદિરમાં ગયા જેને કોઈ દરવાજા નહોતા. બધી જ પ્રતિમાઓ તેની પ્રતિષ્ઠા કર્યા વગર કુદરતી રીતે જ મૂકવામાં આવી હતી. મંદિરનો દીવાન ખંડ ધીરે-ધીરે ભરાઈ ગયો અને પરિસરમાં રહેલા યુવાનોએ પ્રાર્થના કરી. પ્રાથના પૂર્ણ થતા મેં એમનું સંબોધન કર્યું અને ત્યાર પછી અમે તે સ્થળને જોવા બધે ફર્યા, તે દરમિયાન અમે રક્તપિતથી પીડાતા ખુશ યુગલોને અને એકલા વૃદ્ધોને જોયા. ત્યાં મંદબુદ્ધિના બાળકો પુરુષો અને સ્ત્રીઓના પણ જુદા જુદા વિભાગો હતા. લગભગ ૧૦૦૦થી વધુ લોકો આ ગ્રામ્ય પરિસરમાં રહેતા હતા. જેમાં શાળા, હોસ્પિટલ, માર્કેટ અને સ્મશાન પણ હતું. આ સંસારમાં કેટલીક એવી વિરલ વ્યક્તિઓ હોય છે જે ફક્ત અને ફક્ત બીજાના જીવનને સમૃદ્ધ કરવા પોતાનું જીવન સમર્પિત કરતા હોય છે, અને સુરેશભાઈ આવી જ એક વ્યક્તિ હતા. તેમનાથી છુટા પડ્યા પછી પણ મારું હૃદય તેમની સાથે જોડાયેલું રહ્યું.

અમારી યાત્રા હવે પૂર્ણ થવા આવી હતી, માર્ગમાં અમને અનેક કુતરાઓ, પક્ષીઓ અને નાના દેડકાઓ, ટોડલર્સ જોવા મળતા હતા. માસ્ટેકના મારા જીવન દરમિયાન આવા સુંદર વાતાવરણનું, નાના ગામડાઓનું કે વન્યજીવનનું કોઈ ખાસ અસ્તિત્વ ન હતું. મેં ક્યારેય ધાર્યું નહોતું કે હું મારી સમૃદ્ધ ઓફિસને છોડી શાંતિના માર્ગે આગળ વધીશ. પરંતુ, તે જ યથાર્થ હતું.

થોડા જ સમયમાં અમે ૩૦મી જાન્યુઆરી ના દિવસે, અમદાવાદ પહોંચી ગયા. વહેલી સવારે અમે વાંકાનેરડા ગામમાં સુરેશભાઈ પરમાર સાથે 'પ્રભાતફેરી' કરી, તે દિવસે બાપુની મૃત્યુતિથિ હતી તેથી ત્યાં પ્રાર્થના કરી . અમારી શાંતિ યાત્રાનો તે અંતિમ દિવસ હોવાથી

પ્રાર્થના પછી ઈએસઆઈ, સુઘડ થઈ સાબરમતી આશ્રમની યાત્રા કરી. તે દિવસે મારી પરિકલ્પના મુજબની પ્રથમ શાંતિ યાત્રા સમાપ્ત થઈ હતી. ૧૨૦ દિવસની અને ૩,૫૦૦ કીલો મીટર સુધી કરેલી પદયાત્રામાં અમે ભારતના સાત રાજ્યોમાં પ્રેમ અને માનવતાનું પ્રત્યારોપણ કર્યું હતું અને તે વાત મને અદમ્ય શાંતિનો અનુભવ કરાવી રહી હતી.

આ યાત્રામાં હું માનવતાનો સાક્ષી બન્યો હતો અને તેણે મને જીવનનો એ અદભૂત અનુભવ આપ્યો હતો જેને હું હંમેશ માટે જાળવી રાખીશ. આ યાત્રા દરમિયાન મને કંઈ સૌથી વધુ મળ્યું હોય તો એ એવા લોકોનો પ્રેમ અને આત્મીયતા છે જેઓ પોતાની દૈનિક જરૂરિયાતો માટે ખૂબ સંઘર્ષ કરતા હોય છે પરંતુ જ્યારે તેમના ઘરે કોઈ અતિથિ આવે ત્યારે તેનું ખૂબ પ્રેમ અને કાળજીથી આતિથ્ય કરતા હોય છે. સંસ્કૃતિ અને સભ્યતાનો તફાવત હોવા છતાં એવા કેટલાય લોકો હતા જેમણે સીમારેખાની આસપાસ શાંતિનો સંદેશ પહોંચાડવામાં મારી ખૂબ મદદ કરી, કેટલા યુવાન બાળકો મારી સાથે લાગણીના તંતુથી જોડાઈ ગયા. મારી આ યાત્રા દરમિયાન પ્રત્યેક પગલે મને ઈશ્વરીય સહાય પ્રાપ્ત થતી રહી અને નિસ્વાર્થ ભાવના સાથે ઉદારતાથી સમાજના લોકો અમને સહાયક બની રહ્યા. અમસ્તા જ કરવામાં આવેલા દયાના કાર્યોના પરિણામરૂપે મારું હૃદય ખુશી અને લાગણીઓથી પરિતૃપ્ત થઈ ચૂક્યું હતું. આ યાત્રા નહોતી પણ એક સુંદર માર્ગ હતો જેને જીવનમાં મેં સ્વૈચ્છાએ સ્વીકાર્યો હતો.

*****









विश्व शांति के लिए 3200 किलोमीटर की पैदल यात्रा

मुंबई से पाकिस्तान तक पैदल यात्रा पर निकले योगेश रवींद्र मथुरिया व उनके दो साथी पहुंचे अजमेर, शहरवासियों ने किया भोजन-आवास का प्रबंध

भास्कर न्यूज़ | अजमेर

विश्व शांति का संदेश लेकर मुंबई से पाकिस्तान के लिए पैदल यात्रा पर निकले योगेश रवींद्र मथुरिया व उनके दो साथी यश बालावलकर और विजय प्रकाश यादव बुधवार को अजमेर पहुंचे। सोशल मीडिया के माध्यम से मथुरिया के संपर्क में आए शहरवासियों ने भी विश्व शांति के लिए पुष्कर तक उनके साथ पैदल यात्रा कर कदम से कदम मिलाए। 47 दिनों से इस यात्रा पर निकला यह दल रोजाना 30 किलोमीटर चलता है। मुंबई से खाली जेब निकलने के बावजूद अब तक उन्हें किसी भी राज्य में, जिले में और गांव में पैसों की जरूरत महसूस नहीं हुई। लोगों की मदद से सुविधाएं मिल रही हैं।

अमेरिका की आईटी कंपनी में करोड़ों का पैकेज छोड़ विश्व शांति के लिए उद्देश्य से पैदल यात्रा पर निकले योगेश रवींद्र मथुरिया मुंबई में वैलनेस लांज का संचालन कर बगैर दवा लोगों के रोग दूर करने में जुटे हैं।

उन्होंने बताया कि विश्व की नामचीन आईटी कंपनी में बतौर चीफ पार्टनर रिलेशनशिप के पद पर काम करते थे। अमेरिका, आस्ट्रेलिया, कनाडा सहित कई अन्य देशों में 30 सालों तक आईटी कंपनी में काम किया। 2004 में पत्नी के साथ भारत लौटे तो पता चला कि पत्नी कैंसर से ग्रस्त है। इलाज के लिए कई बड़े अस्पतालों के चक्कर काटे मगर पत्नी की मृत्यु हो गई। इसके बाद जीवन की दिशा बदल गई। मेडिकली क्वालिफाइड नहीं होने के बावजूद भी इस शोध में जुटा कि आखिर ह्यूमन बॉडीज में डिजीज क्यों होते हैं? शोध के दौरान 95 किलो से वजन घटाकर 72 किलो किया और ब्लड प्रेशर, डायबिटीज और कोलेस्ट्रोल जैसी बीमारियों को शरीर से निकाल फेंका। यह सब कुछ 4 सालों से दवा नहीं लेने के कारण ही संभव हो पाया।



विश्वशांति के लिए पैदल यात्रा पर निकला दल अजमेर पहुंचा। साथ में हैं पुष्कर तक पैदल यात्रा करने वाले शहरवासी।

सोच में बीमारी, इलाज नहीं है दवा

मथुरिया का दावा है कि उनकी रिसर्च में सबसे ज्यादा चौंकाने वाली बात यह सामने आई कि कोई भी बीमारी इंसान के सोच में होती है, उसका इलाज दवा नहीं है। ब्लड प्रेशर, डायबिटीज और कोलेस्ट्रोल पर काबू पाने के लिए एलोपैथी ट्रीटमेंट चल रहा था। रोजाना 8 से 10 टेबलेट लेनी होती थी। रिसर्च के दौरान टेबलेट लेना बंद किया और परिणाम देखा कि इलाज हो गया। ब्लड प्रेशर कंट्रोल, डायबिटीज जड़ से समाप्त और कोलेस्ट्रोल नहीं बचा। ।

दवाओं का साइड इफेक्ट है मौत की वजह : पहली हार्ट अटैक, दूसरी कैंसर और तीसरी एलोपैथी दवाओं के साइड इफेक्ट। लोगों में जागरूकता फैलाने के लिए मुंबई से पाकिस्तान विश्व शांति के संदेश के साथ यह यात्रा दिसंबर में समाप्त होगी। इसमें अब तक 1100 किलोमीटर की यात्रा पूरी की जा चुकी है, जबकि कुल 3200 किलोमीटर तक चलना है। गांधी जयंती पर प्रारंभ की गई यह यात्रा 30 जनवरी 2016 को दिल्ली के राजघाट पर पहुंचकर समाप्त होगी। दल पाकिस्तान के पंजाब प्रांत में लाहौर, इस्लामाबाद व रावलपिंडी में 24 दिनों तक विश्वशांति संदेश देगा।

सोशल मीडिया के माध्यम से जुड़े शहरवासी : अजमेर से पुष्कर तक इस यात्रा में रोमिल जैन, रमेश टेहलानी और प्रीति शर्मा ने शामिल हो विश्व शांति का संदेश दिया। रमेश टेहलानी ने बताया कि सोशल मीडिया के माध्यम से उन्हें इस यात्रा और मथुरिया के उद्देश्य के बारे में मालूम चला। दोस्तों की मदद से यात्रा दल के लिए भोजन-आवास का प्रबंध किया गया।

Mumbaikar peacenik walks 2,200 km to reach Amritsar

WALK FOR PEACE

NEHA SAINI
TRIBUNE NEWS SERVICE

AMRITSAR, DECEMBER 13

A peace warrior, Yogesh Ravindra Mathuria, arrived in the city after covering a distance of over 2,200 km on foot in 90 days. Starting from Mumbai, without money or worldly possessions, on a peace pilgrimage, the Mumbai-based life coach has been walking across five states with his team with the aim of promoting the message of peace and happiness.

He reached Amritsar with a hope to cross over and extend the message, but was denied visa.

"I am disappointed as I really wanted to travel through Pakistan and give purpose to my peace walk. It did not happen this time, but I am sure it will succeed later," said spirited Mathuria.

Sharing his story of transformation, Yogesh (58), an IT professional and hi-flier, who has travelled across 15 countries and lived in luxury, said his life changed when he lost his wife. He said, "I was living a comfortable life in the US, when we decided to move back to India. But my wife was diagnosed with cancer only a week after we relocated. When I lost her to cancer, I realised the vanity of all of it. So, I decided to dedicate my life to help others and bring about change."



Yogesh Mathuria (centre) has walked across five states to reach Amritsar as a peace initiative. PHOTO: VISHAL KUMAR

Believing that inner transformation and world peace go hand in hand, Yogesh started from Mumbai, without money or thought, but only an intention. "I walk for seven to eight hours a day, covering almost 20 to 30 km. We have heard of old Indian tradition of "Atithi devo bhava". Now, for over 90 days, we are experiencing it by living with people. We are so much blessed that all these days, we were fully taken care off may it be food or shelter. We saw the real India in cities and villages. It is an experience for me as well as a mission, which I will continue despite the odds."

He has also gained a few supporters like Yash Walavalkar and Vijai Yadav, who have been walking with him.

Mathuria will walk to Delhi next where he is scheduled to meet Prime Minister Narendra Modi and also organise a peace prayer at Rajghat.

His final destination is Gandhi Ashram in Ahmedabad. "I believe in the ideals of Mahatma Gandhi. Be the change you want to see in the world and so I started my peace walk with this mantra."

Mathuria said he wanted to visit Pakistan, Bangladesh, Sri Lanka, Nepal, Bhutan and China through peace pilgrimages.

નવું શહેર

આપણી અંદર રહેલી સુખદ સ્મૃતિઓ જીવનમાં આવતા પડકારોના સમયે આપણને આપણી યોગ્યતા અને પ્રેમની શક્તિનુ સ્મરણ કરાવતી હોય છે. મારો જ્યારે એક નાનો અકસ્માત થયો ત્યારે મને આ વાતની અનુભૂતિ થઈ. મારા જમણા હાથમાં ફ્રેક્ચર થયું હતું જ્યારે ડાબા હાથમાં ઘણી ઈજા થઈ હોવાથી એના પર પાટાપિંડી કરવામાં આવી હતી અને તેને કારણે પૂર્ણ રીતે અશક્ત થઈ ગયો હતો. આ સમયે મને મારા જીવન વિશે વિચારવાની તક મળી. મારી શાંતિ યાત્રામાં મેં જે વસ્તુઓનો સામનો કર્યો હતો તથા મને જે અનુભવો થયા હતા તે બધી વાતોનું સ્મરણ થયું. અન્ય લોકો દ્વારા દર્શાવતો માનવીય પ્રેમ, સ્નેહનું ભાથું અને સમર્પણ. કોણે વાતનો વિશ્વાસ કરશે કે આજના આ આધુનિક યુગમાં પૈસા વગર રહેવું શક્ય છે અને અતૂટ પ્રેમ અને કાળજી મેળવી શકાય છે? મને એમ લાગ્યું કે તે મારા જીવનનો શ્રેષ્ઠ સમય હતો. એક લાંબા અરસા પછી પ્રથમ વખત મને એવી પ્રતીતિ થઇ રહી હતી કે મને હવે વધારે પૈસા કે પ્રતિષ્ઠાની આવશ્યકતા નથી; પરંતુ મને વ્યક્તિગત સંબંધો, પ્રેમ અને અન્યની કાળજીની વધુ જરૂરિયાત છે.

વર્ષો સુધીની મારી કોર્પોરેટ કારકિર્દી દરમિયાન મારી અતિવ્યસ્ત જીવનશૈલીમાં, માનવીના અસ્તિત્વનો શું અર્થ છે તે જ ભૂલી ગયો હતો, આ ક્ષણ સુધી મને મારા ખરા સ્વરૂપની સમજ જ નહોતી. ભાવના મારાથી કેટલી પ્રસન્ન થશે, અને મારું આજીવન બદલાવા પાછળ ભાવનાનું અને પીનાનું પણ કેટલું મોટું યોગદાન છે તે વિચારી મારી આંખમાં આંસુ આવી ગયા. મને તેની અત્યંત ખોટ સાલે છે અને સાથે-સાથે હું તેઓનો ખૂબ આભારી પણ છું કે આજે હું જે છું તેવી વ્યક્તિ તરીકે મને અને મારા જીવનને તેઓએ આકાર આપ્યો હતો.

મારી કારકિર્દી જ્યારે ટોચ પર હતી ત્યારે હું વૈભવી વિસ્તારમાં અને અધ્યતન જીવનશૈલીમાં રહેતો હતો. પરંતુ મારી નોકરી છૂટી ગયા પછી આટલા ખર્ચા પૂરા કરવા મુશ્કેલ બની ગયું હતું. એક રીતે જોઈએ તો મારી આર્થિક આવક કઈ જ નહોતી, અને અત્યાર સુધી મેં જે કંઈ બચત કરી હતી તે પણ ઘણી ખરી વપરાઇ ગઇ હતી. હું અવઢવમાં હતો કે શું કરવું? તે સમયે દર વખતની જેમ મારી પુત્રી ભૂમિ, મારી રક્ષક બની મારી પાસે આવી.

તેણે જોયું કે મારી કોર્પોરેટ કારકિર્દીમાં હવે હું આગળ વધવાનો નથી અને તેથી મુંબઇ જેવા મહાનગરમાંનો ખર્ચ પરવડી શકે તેમ નહોતું. તેથી તેણે પ્રસ્તાવ મૂક્યો કે આપણે એક નાના શહેરમાં જતા રહીએ જ્યાં ખર્ચ પણ ઓછો થાય અને આપણી આંતરિક યાત્રા પણ વધુ સારી રીતે ઉજાગર થઇ શકે. તેની નાની ઉંમરમાં જ માતાનું મૃત્યુ થઈ ગયું હોવા છતાં મારી પુત્રી કેટલી પરિપક્વ બની ગઈ હતી તે જોઈ હું વ્હાલથી તેના તરફ જોઈ રહ્યો.

જ્યારે હું માસ્ટેક કંપનીમાં કામ કરતો હતો ત્યારે મેં ભવિષ્યના રોકાણ કરવા માટે પુણેમાં એક ઘર વસાવ્યું હતું. તેથી મેં અને મારા પરિવારે મુંબઈની ભાગાદોડી છોડી પુણેમાં સ્થાયી થવાનું નક્કી કર્યું. જીવનમાં ૫૭ વર્ષ મુંબઈમાં વિતાવ્યા પછી તેને છોડવું થોડું અઘરું હતું તેમ છતાંય મને એ વાતની ખુશી હતી કે મારા માતા-પિતાએ મારી વિનંતી સ્વીકારી લીધી. મારી ઈચ્છા મારું બાકીનું સમગ્ર જીવન સામાજિક સેવાઓ તથા સમાજના ઉન્નતીકરણ માટે વિતાવવાનું હોવાથી મેં સ્થળાંતર કરી મારા જીવનનો નવો અધ્યાય શરૂ કરવાનું નક્કી કરી દીધું.

મારી પુત્રીઓની શાળા ચાલુ હોવાને કારણે પ્રથમ હું ત્યાં એકલો ગયો અને બધી વ્યવસ્થા કરી. મારું ઘર શહેરની ભાગદોડી અને વ્યસ્તતાથી દૂર શાંત, સ્વચ્છ અને કુદરતી વાતાવરણ ધરાવતા વિસ્તારમાં હતું. તે ભીડભાડથી દૂર હોવા છતાંય ખૂબ સૂમસામ વિસ્તાર નહોતો પરંતુ આજુબાજુના રહેઠાણો સાથે સારી રીતે જોડાયેલો હતો. ત્યાંના રહેવાસીઓ પ્રેમાળ હતા અને મને મારા નિર્ણય માટે ખુશી થઇ રહી હતી. મારી ઈચ્છા સમાજ સાથે જોડાઈ તેની સેવા કરવાની હતી તેથી જ્યારે મારો પરિવાર અહીં પૂર્ણ રીતે સ્થાયી નહોતો ત્યારે મેં એક રૂમ કોઈની સાથે વહેંચવાનું નક્કી કર્યું, આ નિર્ણયમાં મારી પુત્રીઓ મારી સાથે જોડાઈ. અમે અમારા સુખ અને દુઃખ સાથે વહેંચતા હતા. ધીરે-ધીરે પુણે, મારી વાસ્તવિક સારવાર બની રહ્યું હતું.

થોડા જ સમયમાં અમને નજીક માંઝ એક સુંદર બંગલો ભાડે મળી ગયો, જેનું નામ અમે બાપુ ના ઘર પરથી 'હૃદય કુંજ' રાખ્યું હતું. અહીં અમે ઘણી વખત અલગ અલગ એનજીઓમાંથી આવતા લોકોને જગ્યા આપતા, તે ઉપરાંત અમે અહીં દૈનિક પ્રાર્થના & ધ્યાન, સાપ્તાહિક વિડીયો પ્રક્ષેપણ અને પુસ્તક વાંચન સત્રો શરૂ કર્યા. સામુદાયિક ઘર અનેકવિધ પ્રવૃત્તિઓથી અને લોકોથી ભરાવા લાગ્યું. મેં મારા સમાજ ઉત્કર્ષના કાર્યો ચાલુ રાખ્યા અને થોડા જ સમય પછી મારા બાળકો તથા માતા-પિતાએ પણ તેમાં જોડાવાનું શરૂ કર્યું. અહીં તેઓ અનેક પરિચિતો મેળવ્યા અને ત્યાંના સ્થાનિક સમુદાયના સભ્યો સાથે તેમના સંબંધો બંધાવા લાગ્યા. મારા પુણે જવાના નિર્ણયથી મારો પરિવાર જોખમમાં નહોતો આવ્યો એ જાણીને મને રાહત થઇ હતી. જે એક જ વ્યક્તિ મારી સાથે ન જોડાઈ તે મારી પત્ની 'પીના' હતી. તેણે મને તિરસ્કૃત કરી મારા કોઈપણ કાર્ય સાથે જોડાવાની ના પાડી દીધી. તેના પ્રત્યે અનન્ય પ્રેમ, આદર અને સ્નેહ હોવા છતાં તે મને જોવા પણ પાછી ન ફરી. હું તેને સ્વીકારવા તૈયાર હતો અને એને ઘરે પાછી લાવવા પ્રયત્નો પણ કર્યા પણ તેણે મારાથી મોં ફેરવી લઈ મારો વિરોધ કર્યો. પરંતુ, આનાથી વધારે હું કઈ કરી શકું તેમ નહોતો, પરંતુ હું પીનાને ખુબ પ્રેમ કરું છું અને મને વિશ્વાસ છે એક દિવસ તે મને જરૂર સમજી શકશે.
થોડા મહિનાઓ પસાર થયા બાદ મેં 'વોક ઇટ આઉટ ટોક ઈટ આઉટ' - (ડબલ્યુ.આઇ.આ.ટી.આઇ.આ. - WIOTIO) નામના જૂથ સાથે જોડાયો. આ જૂથ ચાલવા દ્વારા શારીરિક સ્વસ્થતા અને માનસિક સ્વાસ્થ્ય મેળવવાને પ્રોત્સાહન આપવા માટે કાર્યરત હતું. મે તેમની સાથે ફરીથી ચાલવાનું શરૂ કર્યું જેને કારણે પૂણેના સ્થાનિક રહેવાસીઓ સાથે ઓળખાણ વધારવામાં અને સંબંધો કેળવી મારા કાર્યનો સંદેશો લોકો સુધી પહોંચાડવા મદદ મળી. હું 'સાધુ વાસવાની મિશન' નો પણ સભ્ય અને સક્રિય કાર્યકર્તા બન્યો. સિંધી સભ્યોનું આ જૂથ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ અને સમાજસેવા સાથે જોડાયેલું છે. મારા ઉદ્દેશ્યો પ્રત્યે તેમણે સમર્થન આપ્યું અને શાંતિ માટેની મારી યાત્રાઓ માટે ધ્યાન કેન્દ્રિત કરવાનું કહ્યું.

પરિસ્થિતિ બદલાતાં મારા માતા-પિતાએ સક્રિય રીતે સાપ્તાહિક જાગૃતિ સત્રોમાં (અવેકીન circle) ભાગ લેવાનું શરૂ કર્યું જેને કારણે તેમનું વર્તુળ અને બીજાઓ સાથે વાતચીત પણ વધવા લાગી, તેમના ધ્યાનનો સમય પણ વધવા લાગ્યો. 'અવેકીન circle' બહુધા સાંભળવા માટેનું જૂથ હતું. મને એવું લાગે છે કે સારી શ્રવણ શક્તિથી જીવનના ઘણા પ્રશ્નોનો ઉકેલ મેળવી શકાય છે. ધ્યાન પછી અમારું સાંભળવાવાળુ જૂથ. પ્રત્યેક વ્યક્તિને ખુલ્લા મને બોલવા આમંત્રણ આપતા, અને ત્યારબાદ 'અવેકીન circle' ના બધા સભ્યો ભેગા મળી રાત્રિનું ભોજન લેતા. વોલિયન્ટર્સ અને મારી પુત્રીઓ સાથે મળીને ભોજન બનાવતા અને પીરસતા.

ઘણી વખત મારી આંખમાં એ જોઈને આંસુ આવી જતા કેવી રીતે લોકો સાથે સંબંધો બંધાયા; કેવી રીતે મારા ધ્યેય સાથે અનેક લોકો જોડાયા અને મને વધુ ને વધુ કાર્યો કરવા ઉત્સાહિત કર્યો. માનવજાતિ સાથે જોડાઈને હું અસ્તિત્વનું શુદ્ધ સ્વરૂપ અનુભવી રહ્યો હતો, મારા તથા જેની હું કાળજી કરતો હતો તેમના જીવનમાં સકારાત્મક બદલાવ આવી રહ્યો હતો. મેં મારા ચાલવા પ્રત્યેક ફરીથી ધ્યાન કેન્દ્રિત કર્યું અને શાંતિનો સંદેશો વધુ લોકો સુધી પહોંચાડવાનો દ્રઢ નિશ્ચય કર્યો.

અમારા 'હૃદય કુંજ' માં વિશ્વભરમાંથી આવતા અનેક મહેમાનો આવતા હતા. 'સ્વરાજ યુનિવર્સિટી' માંથી આવતા 'ખોજીઓ' અને 'સ્વધા શાળાના' આંતરરાષ્ટ્રીય તાલીમાર્થીઓ ત્યાં આવતા. આ તાલીમાર્થીઓમાંથી અનેક વિધાર્થીઓ અમારા 'બીઇંગ વોલેન્ટિયર્સ' સાથે જોડાઈ સેવા આપતા તથા કેટલાય યુવાનો ચિકિત્સક તરીકે કાર્યભાર સંભાળતા. એક સમયે એવું બન્યું કે ચેન્નઈથી ચૌદ ડોક્ટરો, જે એક આધ્યાત્મિક કાર્યક્રમ 'શિવયોગ' ના મુખ્ય સભ્યો હતા તેઓ પુણે આવ્યા હતા. ડૉ. સાંઈલક્ષ્મી જે આ કાર્યક્રમના આયોજક હતા, તેમણે મારી પૃષ્ઠ ભૂમિ જાણ્યા પછી મને આ કાર્યક્રમમાં ભાગ લેવાનું અને ત્યારબાદ અમારા અતિથિ બનવાનું કહ્યું, જે મેં સહર્ષ સ્વીકારી લીધું. તેઓ જ્યારે મહેમાન બન્યા ત્યારે મેં તેમને સવારના નાસ્તામાં દક્ષિણ ભારતીય ભોજન પીરસવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે ડૉક્ટરો એ અમારા રસોડામાં જઈ કામ કરવાની પરવાનગી માંગતા કહ્યું, કે તેને કારણે સમાજ અને ડોક્ટરો વચ્ચે વધુ આત્મીયતા સ્થાપિત થશે. આ જાણી, મને અહોભાવની લાગણી થઇ આવી, ખરેખર તો મારા રસોડામાં આટલી વ્યક્તિઓના ભોજનની પૂરતી સામગ્રી નહોતી. પરંતુ મારું કાર્ય અને આ સામૂહિક ઘર માટે અમારા અતિથિ બનેલા ડૉક્ટરોએ અમને ₹ ૬૦,૦૦૦ નું દાન કર્યું આ જોઈ હું સાનંદાશ્ચર્ય થઇ ગયો.

આ ઘટનાએ મને સમાજને ઉપયોગી થવાના કાર્યો માટે પીઠબળ પૂરું પાડ્યું અને વ્યવસ્થિત માળખાકીય સામુદાયિક ઘર બનાવવા માટે બીજી જગ્યા લીધી. મારા આ કાર્યોથી મારો પરિવાર હવે પ્રસન્ન રહેતો હતો અને તેના પરિણામ સ્વરૂપ અમારી વચ્ચે વધુ ઘનિષ્ઠતા ઉદ્દભવી હતી. હું સ્થિર થવા માંડ્યો હતો પરંતુ મારી અંદરનુ કંઈક મારા જીવનનું લક્ષ્ય, શાંતિ યાત્રા પ્રતિ આસ્થા ધરાવતું હતું. જ્યારે મેં આગળની શાંતિ યાત્રાઓ વિષે ચર્ચા કરી ત્યારે કેટલાક લોકોએ મને પ્રોત્સાહિત કરતા વધુ મહેનત કરવાનું કહ્યું, જ્યારે અમુક લોકોએ તે માટે આપવા પડતા મારા સમય અને અતિશય મહેનત વિશે ચિંતા વ્યક્ત કરી હતી. સામાન્ય રીતે, મને ઘણી વખત એવું પૂછવામાં આવે છે કે મારી યાત્રા સમાજમાં બદલાવ લાવવામાં શું યોગદાન આપે છે? આ યાત્રાઓએ મારા જીવન પર, મારા પરિવારના જીવન પર અને મારી આસપાસના ખુબ નજીકના લોકો પર ખૂબ મોટી અસર કરી છે, અને તેથી તેને બદલાવ લાવનારુ યોગદાન ગણી શકાય છે. આ કાર્યોમાં મારું યોગદાન નહિવત હોવા છતાંય, મહત્વની વાત એ છે કે હું વિશ્વશાંતિ માટે કાર્યરત છું. મારી મહેનતના પરિમાણોની
ગણના કરવાનો મારો કોઇ ઇરાદો નથી, પરંતુ તેની નજીવી અસર પણ ભવિષ્યમાં આ ક્ષેત્રમાં કામ કરવાવાળી વ્યક્તિઓ ઉપર પડશે તો હું મારી જાતને અત્યાર સુધીની સૌથી વધુ સફળ વ્યક્તિ માનીશ.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भुर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતાના આ જ્ઞાનને આધારે હું ફક્ત કર્મ કરવા માંગતો હતો; વિશ્વમાં પ્રેમ અને શાંતિના બીજ વાવવા માંગતો હતો.

છેલ્લા કેટલાક વર્ષોમાં લેવા કરતા, આપવાનું મહત્વ કેટલું વધારે છે તે મને સમજાયું હતું. જ્યારે તમે આપો છો ત્યારે બદલામાં મળેલા પ્રેમના બે શબ્દોથી જ તમારું હૃદય પરિતૃપ્ત થઈ જાય છે.

મારી અંદર આવેલા બદલાવની અનેકવિધ અસરો થઈ હતી. જેનું છેલ્લું પરિણામ એ હતું કે મારા મિત્રો તથા ભાઈઓ હવે ફરીથી મારી સાથે જોડાવા લાગ્યા હતા. મારા સંકલ્પોને હવે તેઓ સીધી રીતે અવગણતા નહોતા તેમજ મને નાસીપાસ પણ નહોતા કરતા. તેઓ મને પુણે સુધી મળવા આવતા અને અમે કલાકો સુધી મારા ગણનાપાત્ર અને અદભુત અનુભવો વિશે વાતો કરતા હતા. મારા આ સંપૂર્ણ કાર્યોમાં મને ઈશ્વરીય સહાય અને પ્રોત્સાહન કેવી રીતે મળ્યા હતા તે પણ હું તેમને જણાવતો અને તેઓ અહોભાવથી મારી સમક્ષ જોતા. તેઓએ ક્યારેય એવી અપેક્ષા નહોતી રાખી કે હું આ ક્ષેત્રે કામ કરીશ. તેમણે પહેલેથી જ મારું પ્રભાવશાળી વ્યક્તિત્વ જોયું હતું તેથી તેમના માટે એ વિશ્વાસ કરવું અઘરું હતું કે હું પહેલા કરતા ક્યાંય વધુ નમ્ર અને શાંત બની ગયો છું. આટલા વર્ષો સુધી કરેલી ભાગદોડ પછી મને જ્યારે તે વિશે પૂછવામાં આવ્યું, ત્યારે મેં નમ્રતાથી ઉત્તર આપ્યો હતો કે "સાચી શાંતિ સાદગીમાંથી પ્રાપ્ત થતી હોય છે." મને એ ખબર નહોતી કે હું ક્યાં જઈ રહ્યો છું પરંતુ એ વિશ્વાસ અવશ્ય હતો કે વર્તમાન સમયે હું સાચા માર્ગ પર છું.

જ્યારે મને મારી બીજી યાત્રા વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે મેં અંતઃસ્ફુરણાથી ઉત્તર આપ્યો હતો, કે "સૌંદર્યવાન રાષ્ટ્ર 'શ્રીલંકા' માં હું મારી આગામી પદયાત્રા કરીશ."

*****

સરહદની પાર શાંતિ: શ્રીલંકા

"નિયમિત પ્રયત્નો વગર જોવાતા સ્વપ્નો એ કેવળ ઈચ્છાઓ છે"

મેં મારું સંપૂર્ણ ધ્યાન મારી શ્રીલંકાની યાત્રા પર કેન્દ્રિત કરી તેના માટેની યોગ્ય તૈયારીઓ આરંભી દીધી હતી. હું નિયમિતરૂપે કસરત કરતો અને ઘરથી સાધુ વાસવાણી ના કેન્દ્ર થઈ દગડુશેઠના મંદિર સુધી 16 km ચાલતો. પૃથ્વી પરના માનવીઓ, પશુઓ, પક્ષીઓ તથા પ્રત્યેક વસ્તુઓમાં એક જ જીવન રહેલું છે તે સત્યની પ્રતીતિ કરાવવાનું કાર્ય સાધુ વાસવાની મિશન દ્વારા કરવામાં આવે છે. તેઓ માને છે કે જીવનમાં આધ્યાત્મિક અભિગમ હોવો ખૂબ જરૂરી છે અને દૈનિક રૂપે પ્રાર્થના, કીર્તન અને ધ્યાન કરવા માટે પ્રોત્સાહિત કરે છે. તેઓનું સૌથી મહત્વનું કાર્ય એ છે કે તે બધાને જ પ્રેમ કરતા શીખવે છે. આપણે બધા જ જીવો સંપૂર્ણતાનો જ એક ભાગ છીએ અને કોઈ આપણાથી અલિપ્ત નથી આ અભિગમ કેળવી તે બધાને પ્રેમ કરતા શીખવાડે છે.

હું રોજ દાદા વાસવાણીના આશીર્વાદ લેતો હતો. જે સમયે ધર્મના અવરોધોને કારણે વિશ્વમાં અનેક વિભાજનનો થઈ રહ્યા છે ત્યારે દાદાએ તમામ ધર્મોના પ્રશિક્ષણ ને એકત્ર કરી ઈશ્વરની એકતાનો સંદેશ ફેલાવ્યો છે. તેમની અંતઃસ્ફુરણા એટલી શક્તિશાળી હતી કે તેમના સંપર્કમાં આવનાર કોઈપણ વ્યક્તિને તેમના શુદ્ધ 'ઑરા' ની, આભાની અનુભૂતિ થતી. તેમની કૃપાથી મેં અનુભવેલી આધ્યાત્મિક ઉન્નતિ માટે હું મારા તરફથી કંઈક આપવા ઈચ્છતો હતો, મારા મિત્ર દિનેશ વાસવાણી તે સમયે શિરડીમાં સત્રો લઇ રહ્યા હતા અને તેથી 'દાદા' ના સ્વાસ્થ્ય માટે મેં શિરડી થી પુણે સુધી ચાલવા નું નક્કી કર્યું. મારી સાથે સંગ્રામ પાટીલ, મહેશ શિરસાગર, સોમનાથ ભોંસલે અને સુપ્રિયાએ જોડાવાનું નક્કી કર્યું. સાત દિવસમાં અમે ૨૪૪ કિલોમીટરની શિરડી સુધીની તે યાત્રા પૂર્ણ કરી. તે જ મહિનાના અંતે મે 'વારી યાત્રા' નામની બીજી યાત્રા કરી - વારી યાત્રા કદાચ વિશ્વાની મોટામાંમોટી યાત્રા છે. અમે ઉત્સાહી લોકોના ટોળા સાથે જોડાયા અને માર્ગમાં ઈશ્વર ભજન અને કીર્તન નામ સ્મરણ કરતા હતા. આ યાત્રા દરમિયાન, ત્યાં જ રહ્યો હોવાથી હું વિનોબા ભાવેજીથી પરિચિત થયો અને જલંધરને ચાનોલે મળ્યો. આ યાત્રાને મેં મારા રાષ્ટ્રની સીમા પાર કરવાના મોટા હેતુના પ્રયત્ન રૂપે ગણી હતી.

વ્યક્તિગત સિદ્ધિઓ જ્યારે માનવજાતિ અને પર્યાવરણને લાભ આપે છે ત્યારે અદભુત સંતોષ આપતી હોય છે, અને તેથી; વ્યક્તિ માટે પોતાની જાતને સૌથી વધુ ખુશ કરવાનું ધ્યેય અને બીજાઓને ખુશી આપવા માટે કાર્ય કરવું તે બંને એક બીજાના પર્યાય રૂપ બની જતા હોય છે. બ્રહ્માંડના આ સત્યને આત્મસાત્ કરવાથી જ તમે તમારી યાત્રાનો આરંભ કરી શકો છો.

પડોશી રાષ્ટ્રો સુધી ચાલતા જવું એ મારું ધ્યેય હતું પરંતુ તેને શરૂ કરવું એટલું સહેલું નહોતું. ઘણી વખત હું ખૂબ થાકી જતો, હતોત્સાહ થઈ જતો અને બીમાર પણ પડતો હતો. પરંતુ પછીથી મેં દુર્બળ ન બનતા મારી જાતની જ તાકાત બનવાનું નક્કી કર્યું. મારા જીવનના યુવાન લોકોને મદદરૂપ થવા મેં મારી સમસ્યાઓનો સામનો કરવાનું નક્કી કર્યું. હું જાણતો હતો કે હું ફક્ત ફરવા માટે ચાલવાનો નથી પરંતુ ઉદાત કાર્ય માટે પદયાત્રા કરવાનો છું. ક્યાંથી શરૂઆત કરવી તે સમજાતું ન હતું તેથી મેં શ્રીલંકા ની આજુબાજુ મારા જીવનની સૌથી લાંબી શાંતિયાત્રા કરવાનું નક્કી કર્યું જેમાં છ મહિનાની અંદર 5,600 કિલોમીટર જેટલું અંતર કાપવાનું હતું.

આંતરરાષ્ટ્રીય વિશ્વ શાંતિ દિવસ - સપ્ટેમ્બર 21 2016, ના દિવસે મારા ગુરુજન જયેશભાઈ પટેલ (વર્તમાન સમયના ગાંધી સમાન) ની આગેવાની હેઠળ પ્રાર્થના કરીને મેં મારા ઘર 'શિવના આવાસ' થી યાત્રા શરૂ કરી. મારી બંને દિકરીઓ તથા વૃદ્ધ માતા-પિતાને ઘરે એકલા મૂકી જઈ રહ્યો હોવાથી હું થોડો લાગણીશીલ બની ગયો હતો, દગડુ શેઠના મંદિર સુધી પહોંચી મેં થોડો વિરામ લીધો. મારા જીવનપથ પર હું અનેક પ્રેમાળ વ્યક્તિઓ સાથે જોડાતો ગયો હતો. તેમાંના એક હતા લગભગ ૨૬ વર્ષની આયુ ધરાવતા યુવાન સોમનાથ ભોંસલે, જે મારા સહકાર્યકર તથા શ્રીલંકાની શાંતિ યાત્રાના મારા સહયોગી હતા. મારી સાથે યાત્રામાં જોડાવાનો તેમનો મુખ્ય હેતુ મને મળવાનો હતો. વિજયભાઈ જ્યારે તેમના ગામ પાછા વળ્યા ત્યારે અમે લોકોએ એક એવા ડ્રાઈવર ની શોધ ચાલુ કરી જે અમારા મેનેજર તરીકે પણ કાર્ય કરે. અમારા ખોરાક-પાણી રહેઠાણ વગેરેની વ્યવસ્થા કરે અને અમારા સામાનની ગાડી ચલાવતા અમારી સાથે આગળ વધે.

ખૂબ જ થોડા સમયમાં આટલી લાંબી શાંતિ યાત્રા માટે નવો ડ્રાઇવર શોધતા શોધતા અમે થાકી ગયા હતા. સોમનાથ મારાથી આકર્ષિત થયો હતો અને તે પણ આ યાત્રાનો ભાગ બનવા ઇચ્છતો હતો. તેના ડ્રાઇવિંગની ક્ષમતા વિશે તે ખોટું બોલ્યો હતો, અને તેણે કબૂલાત કરી કે તેને ડ્રાઇવિંગ વિશે કોઈ જાણકારી નથી પણ તેમ છતાંય, આ મહાન કાર્યમાં તે તેનો ફાળો આપવા માંગતો હતો. જ્યારે તેણે તેના મારી સાથે આવવાની અને આ યાત્રામાં મને સહાયરૂપ થવાની અદમ્ય ઈચ્છા વ્યક્ત કરી એટલે મેં તેને ગાડી શીખવવાનું નક્કી કર્યું. હું માનતો હતો કે આ યુવાનને ગાડી ચલાવવા વિશે મારે ઘણું બધું શીખવાડવું પડશે પરંતુ જે રીતે તે મારી અપેક્ષાઓને અતિક્રમી, ગાડી સિવાય બીજા અનેક ક્ષેત્રે પણ આગળ વધી ગયો તે જોઈ મને ખરેખર ખુશી થઇ. મૂળે મહારાષ્ટ્રીયન હોવાથી તે સમગ્ર મહારાષ્ટ્રના રહેવાસીઓ સાથે મરાઠી સહેલાઈથી બોલી શકતો અને તેને કારણે પણ અમને અનેક રીતે ફાયદો થયો. તે ઉપરાંત તે ખૂબ જ નમ્ર અને ઉદાર હતો અને કોઈપણ કાર્યમાં મદદ કરવા તત્પર રહેતો.

મારી આ યાત્રા મારા બીજા સહભાગી હતા અમદાવાદના વૃદ્ધ યુવાન શ્રી સબાલશીહ વાલા (78), જેવો આ પહેલાજ ત્રણ લાખ (૩,૦૦,૦૦૦) કિલોમીટર એટલે કે લગભગ આપણા પૃથ્વીના ગોળાની છ વખત પ્રદક્ષિણા જેટલું ચાલી ચૂક્યા હતા. જ્યારે અમે નાના નાના રસ્તાઓમાંથી આગળ વધ્યા ત્યારે અમે જોયું કે અનેક ચહેરાઓ અમને તાકી રહ્યા હતા અને તેમના મોઢા પર મિશ્ર ભાવો દેખાતા, કોઈ સ્મિત કરતુ તો કોઈને નવાઈ લાગતી કે અમે આમ રસ્તા પર આવી ગરમીમાં કેમ ચાલી રહ્યા છીએ? અમને મળતા પ્રત્યેક અજાણ્યા લોકો સાથે અમે સ્મિતની આપ-લે કરતા અને એકબીજા પ્રત્યે શુભેચ્છાઓ પાઠવતા. "યોગેશ, શાંતિનો સંદેશો પ્રસરાવવો એ જીવનનો ખૂબ જ અદભુત અનુભવ છે. જ્યારે વ્યક્તિ અજાણ્યા લોકો પાસેથી પ્રેમ અને કાળજી પ્રાપ્ત કરે છે ત્યારે માનવતાનો જન્મ થાય છે, અને તેમ છતાંય તેનાથી વિપરીત પણ એટલું જ સાચું છે." સબાલશીહે મને કહ્યું અને મેં તેમાં સંમતિ આપી.

અમે થોડું અંતર કાપ્યું હશે ત્યાં જ ટેલિવિઝનનો કર્મચારી સમૂહ અને પત્રકારોના મોટા જુથે અમારું સ્વાગત કર્યું. તેમને અમારા યુવાન મિત્ર અને પ્રેરણા સ્તોત્ર શ્રી અમિત જૈન તરફથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. અમિત જૈન 'મિટ્ટી કે રંગ' (એમ.કે.આર.) નામની સંસ્થા જે વિધવાઓની અને બાળકોની જરૂરિયાતો પૂરી પાડી તથા આધાર આપી તેમના સશક્તિકરણ માટે માટે કાર્ય કરતી વિશ્વનો સૌથી મોટો યુવા સમુદાય હતો. અમિતભાઈએ આ યાત્રા એ ધ્યેય સાથે શરૂ કરી હતી કે ભવિષ્યમાં આ એકલી મહિલાઓને કે વિધવાઓને તેમના પરિવાર

તરફથી ફરીથી બોલાવવામાં આવે અને તેઓ નવેસરથી પોતાનું જીવન શરૂ કરી શકે; મારી જેમ જ, અમિતભાઇ તેમની કોર્પોરેટ કારકિર્દી છોડી સમાજ અને માનવતા સાથે ખુબ યુવા ઉંમરે જોડાયા હતા. લોકોના આશીર્વાદ મેળવતા અમારી યાત્રા આગળ વધી, અને અમિતભાઈએ સેંકડો યુવાનો પર પાડેલી તેમની અસરની વાર્તાઓ કહી.

અમે દગડુશેઠ ગણપતિમાં દર્શન કરવા ગયા, ખુશી અને પરમઆનંદની લાગણીથી હું છલકાઈ ઊઠ્યો, મને સિદ્ધિવિનાયક મંદિરમાં થયેલા ચમત્કારની યાદ આવી ગઈ જેણે મારા જીવનનો માર્ગ સંપૂર્ણ રીતે બદલી નાખ્યો હતો. મેં ભગવાન શ્રી ગણેશ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી અને તેમના આશીર્વાદ મેળવ્યા. ભગવાન મારી પીઠ પસવારી રહ્યા હોય અને મારી યાત્રા માટે મને સહાય કરી રહ્યા હોય તેવી પ્રતીતિ મને થઈ રહી. મારા પરિવારના સભ્યો, મિત્રો, અને પરિચિતો અને સમુદાયના સભ્યો મને અહીં સુધી વિદાય આપવા આવ્યા હતા.

અમે અમારી યાત્રાની શરૂઆત મહારાષ્ટ્રના નાના નાના ગામડાઓથી કરી હતી, જુવાર, મકાઈ, દાડમ વગેરેના લીલાછમ ખેતરો કે વાડીઓમાંથી પસાર થતાં થતાં અમે ભરપૂર કુદરતી સૌંદર્યને માણી આગળ વધતા હતા. રસ્તામાં ખેડૂતો દ્વારા અમારું પ્રેમથી સ્વાગત કરવામાં આવતું હતું. ખૂબ જ સંઘર્ષથી તેઓ પોતાને માટે પણ મુશ્કેલીથી પૂરતી જગ્યા, કે બે સમયનું ભોજન મેળવતા હતા તેમ છતાંય અમારી આગતા સ્વાગતામાં કોઈ કસર ન છોડતા, અમને સ્વાદિષ્ટ ભોજન જમાડતા અને રહેવાની પણ સગવડ કરતા. પ્રત્યેક હૃદયમાં માનવતા વસી રહી છે તેનું તેઓ જીવંત ઉદાહરણ હતા. અમારી શાંતિયાત્રાનો પ્રત્યેક દિવસ પ્રેમ સંભાળ અને આતિથ્યના ધોરણે વધુ ને વધુ સમૃદ્ધ થતો જતો હતો, અમે ખેડૂતો સાથે અમારી રાતો વિતાવતા હતા અને જીવનને બદલતા અનુભવો મેળવતા હતા. ગાંધીબાપુએ કહ્યું હતું, ભારતનું સાચું અસ્તિત્વ તેના ગામડાઓમાં છે અને આપણી પારંપારિક મૂલ્યો જાળવતી 'અતિથિ દેવો ભવ' ની પ્રથા અહીં રોજ જીવાતી જોવા મળતી હોય છે.

મહારાષ્ટ્રના ભવ્ય રસ્તાઓ પર અમે અમારી યાત્રા આગળ વધારી, મૂળભૂત રીતે તે બંને તરફ સર્વિસ લેન સાથે ૬/છ લેનનો રાજમાર્ગ હતો. તેમજ રસ્તાની મધ્યમાં તથા બંને બાજુએ વાડ સાથે પદયાત્રીઓ માટે ચાલવાનો માર્ગ પણ હતો. થોડા આગળ ચાલ્યા પછી અમારો ઉત્સાહ ઘટતા અમે થોડો સમય આરામ કરવાનું નક્કી કર્યું. જ્યારે અમે અટકયા ત્યારે અમારું ધ્યાન સવિતાદેવી તરીકે ઓળખાતી એક વૃદ્ધ મહિલા તરફ ગયું. જે તેના ઘેટાઓને ચરાવી રહી હતી. તે મહિલાની આંખોમાંથી સજ્જનતા પ્રગટતી હતી, તેનો ચહેરો ચમકી રહ્યો હતો, તેણે ટીપકીવાળી લીલી સાડી અને લાલાશ પડતો બ્લાઉઝ પહેર્યો હતો અને તેની વાણીમાં જુસ્સો હતો. તેના દેખાવ પરથી એવું લાગતું હતું તે તેના યુવાનીના દિવસોમાં પણ તે ખૂબ જ સુંદર હશે. દિવસના મધ્યાન સમયે પણ આ વૃદ્ધ મહિલા આટલું કામ શા માટે કરતી હશે તેની મને નવાઈ લાગી! અને તેથી તેની પાસે જઈ મેં તેને આ પ્રશ્ન પૂછ્યો, તેણે જણાવ્યું કે, તેના પતિ અને પુત્રએ છેલ્લા છ મહિનામાં તેનું ઘર છોડી દીધું હતું અને પરિણામે, પરિસ્થિતિને વશ થઈ જીવનનિર્વાહ કરવા માટે તે ઘેટા બકરા ચરાવતી હતી. મેં તેને મારી પાસેથી ખાવાનું મેં થોડી વસ્તુઓ આપી, બદલામાં કંઈ કહ્યા વગર તેણે ખુબજ સુંદર સ્મિત કર્યું.

એક માનવી પોતાના જીવનમાં કેટલા અવનવા સંજોગોનો સામનો કરતો હોય છે અને તેને સહન કરવા તેણે ઘણું બધું કરવું પડતું હોય છે ! અને તેમ છતાંય આ શૂન્યતાની સાથે જીવનમાં પ્રત્યેક તબક્કા માટે પ્રેમ અને આભારની એક નાજુક લાગણી અનુભવાતી હોય છે.

આવા અનેક વિચારો કરતો હું આગળ વધી રહ્યો હતો. ઔસા, ગામ તરફની પગદંડી પાસે અમે લોકોએ, એક મોટા ટોળાંને જેમાંના ઘણા ખરા લોકો યુવાન હતા, હાથમાં મશાલ લઈ ખુલ્લા પગે દોડતા જોયા. આ મશાલો તુળજાપુરમાં આવેલા 'દેવી માં તુળજાભવાની' ના મંદિરમાં તેઓ લઈ જઈ રહ્યા હતા, અને આ રીતે તેઓ 'દેવી માં' ને તેમના ઘરે આમંત્રિત કરી રહ્યા હતા. ગામની વ્યક્તિઓ તુળજાપુર જતા આ યાત્રાળુઓને ભોજન તથા પાણી આપી રહ્યા હતા. આખું નગર પ્રકાશિત થઈ ગયું હતું. અને આ બધો જ વિસ્તાર મશાલોની રોશનીથી રાત્રિના સમયે પણ ઝળહળી ઊઠયો હતો. તથા કેટલાય વૃદ્ધ અને યુવાન સ્ત્રી પુરુષો ખુલ્લા પગે માં ના આશીર્વાદ લેવા આ યાત્રા કરી રહ્યા હતા. આખું શહેર જ્યારે સાંજની રોશનીથી ઝળહળી ઊઠ્યું, ત્યારે ભાવના અને મારા પરિવારની સ્મૃતિઓ મારી અંદર ઉભરાવા લાગી. હું વ્યથિત થઈ ગયો, મારી સુકી આંખો તેનું ચિરપરિચિત હાસ્ય, અને તેની એક દ્રષ્ટિ મેળવવાની જાણે યાચના કરવા લાગી. મને યાદ આવ્યું કે ગરબાની રાતે હું તેને માટે લાવેલો તે રંગબેરંગી ઘાઘરામાં તથા તેની ગુલાબી અને લીલા રંગની બંગડીઓમાં તે ખૂબ જ સુંદર લાગતી હતી. મને એ પણ યાદ છે કે તેણે કેવી રીતે મેકઅપ, લીપસ્ટીક તથા આઈલાઈનર કર્યા હતા. ભાવનાને હંમેશાથી નવરાત્રીની ઉજવણી માટે ખૂબ ઉત્સાહ રહેતો, અમે અનેક કોમ્પિટિશનમાં ભાગ લેતા અને અમે ઈનામો પણ લઈ આવતા. આ બધી સ્મૃતિઓની સાથે મારા ગાલ પરથી આંસુઓ વહી રહ્યા. મારો સાથી સોમનાથ મારા જીવનની આ બધી ઘટનાઓ પ્રત્યે અજાણ હતો અને તેથી જ્યારે હું આજુબાજુની નિષ્ક્રિયતાને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો ત્યારે તે શાંતિથી મને જોઈ રહ્યો.

શાંતિયાત્રાનો હિસ્સો બન્યા પછી મારા તથા સોમનાથમાં કેટલા બધા બદલાવ આવ્યા હતા, તે હું અનુભવી રહ્યો. સોમનાથે માર્ગમાં આવતા જરૂરિયાત મંદ મનુષ્યો તથા પ્રાણીઓને મદદ કરવાનું શરૂ કર્યું હતું. તે ઉપરાંત, રાત્રીના રોકાણ માટે અમારા યજમાન તરફથી અમને જે ખંડ આપવામાં આવતો તેને તથા બાથરૂમ અને શૌચાલયને સ્વચ્છ કરી વધુ સારી સ્થિતિમાં પાછો આપતો.   તેવી રીતે એને અમે કરતા દરેક કાર્ય માટે આભારની લાગણી વ્યક્ત કરવાનું શીખી લીધું હતું. તે ઉપરાંત તે મને જ્યારે એકલાને આટલું લાંબું અંતર આપવા માટેનું કષ્ટ લેતા જોતો તેથી તેણે પણ મારી સાથે રોજ થોડું અંતર ચાલવાનું નક્કી કર્યું હતું. સોમનાથના આ આવકારદાયક પગલાંએ મારો ઉત્સાહ વધારી થોડી સરળતા કરી આપી હતી. હું તદ્દન અજાણ્યા પ્રદેશની સીમાંત રેખાઓ પર હોવાથી સ્વાભાવિક રીતે વિજયભાઈને અને આત્મીયતા ભર્યા તેમના આધારની હું ખોટ અનુભવી રહ્યો.
હિન્દુ તથા મુસ્લિમ બંને પ્રકારની માન્યતાઓ ધરાવતા યુવાનો યાત્રાધામ પર યાત્રાળુઓની સેવા કરવા બંને તરફ ઊભા રહી ગયા હતા. દરેક ભક્તોને તેઓ સમાન રીતે ખોરાક પાણી વગેરેની સેવા આપતા હતા. અમે અમારી યાત્રા ચાલુ રાખી હતી અને આગળનો પડાવ સૂરવંશીજીના નિવાસ સ્થાને હતો અને ત્યાંથી અમે કલાપંઢરીની ઓફિસ જવાના હતા અને ત્યાંના સામાજિક કાર્યકરો નું મારે સંબોધન કરવાનું હતું. મારી આ શાંતિ યાત્રાના વિચારથી ત્યાંના કાર્યકરો ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેમણે આ અભિયાનમાં સાથ આપવા થોડા કિલોમીટર સુધી અમારી સાથે ચાલવાની વિનંતી કરી હતી. "આ એક અદભુત કાર્ય છે" તેમણે કહ્યું હતું. યાત્રા પછી જ્યારે તેઓ છૂટા પડ્યા ત્યારે તેમના ઓફિસરને મેં કહ્યું, કે" મને ખરેખર એ વાતની ઘણી ખુશી થઈ છે એ તમારી આખી ટીમ મારી સાથે જોડાઈ." હું હંમેશાથી પ્રેમ અને સાચા આદરની ઈચ્છા રાખતો હતો, હું સમાજને એ સમજાવવા માગું છું કે માનવતા કેવી રીતે એકબીજાની અંદર વિશ્વાસ ઉત્પન્ન કરે છે.

અમે નાના નાના ગામડાંઓમાંથી તથા ત્યાંના રહેવાસીઓ સાથે વાતચીત કરતા કરતા આગળ વધતા હતા, ગરીબીમાં જીવતા ખેડૂતોની દારુણ પરિસ્થિતિની જોઈ અમે હતોત્સાહ થયા હતા. એક પરિવારમાં અમે જોયું કે તેના માતા-પિતા બંનેએ રૂપિયા તથા મદદના અભાવને કારણે જીવન છોડવાનું સ્વીકાર્યું હતું. તેમની પાસે ખૂબ જ મર્યાદિત સાધનો હોવા છતાં, તેઓ અમારી ખૂબ સંભાળ રાખતા હતા, તેમના નાના ઝૂંપડાઓ પણ જાણે અમારું જ ઘર હોય તેવી પ્રતીતિ કરાવતા. તેમના ઘરના નાના નાના હતા પરંતુ, હૃદય ખૂબ જ વિશાળ હતા. આજ, ભારતની સાચી ભવ્યતા અને જાહોજલાલી છે.

આગળ વધતા અમે ચારે તરફ જંગલોની ટેકરીઓની વચ્ચે ઘેરાયેલા 'ખાનધર' નગરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઘાટ પર ચાલતી વખતે અમે જોયું કે ત્યાં અનેક તરુણ બાળકો જોગીંગ કરી રહ્યા હતા. ૧૬ થી ૧૯ વર્ષ ની આસપાસના ૧૫ જેટલા યુવાનો દોડતા અમારી પાસે આવી, અમે મુસાફર છીએ કે કેમ? તેવું અમને પૂછવા લાગ્યા.

તેમના મોઢા ખુશીથી ઝળકી ઊઠયા હતા. તેમણે કહ્યું, અમે રોજના ત્રણ કિલોમીટર જેટલું જોગીંગ કરીએ છે પરંતુ અમે આ ઘાટ ઉપર ક્યારે તમારી ઉંમરની કોઇ વ્યક્તિને ચાલતા જોઈ નથી. તેમના સ્વરમાંથી ઉત્સુકતા તથા વધુ કરીને મારા વિશે જાણકારી મેળવવાની બાળ રમુજ વ્યક્ત થતી હતી. મેં દરેક બાળકનું અભિવાદન કરી મારી યાત્રા અને તેના ઉદ્દેશ, કારણ અને યથાર્થતા વિશે તેમને જણાવ્યું. મારા શર્ટ ઉપર વિશ્વશાંતિના પ્રતીકની છાપ હતી. પ્રથમ જ્યારે તેમણે આ અભિયાન વિશે જાણ્યું ત્યારે તેઓને એ જાણવાની ઉત્સુકતા થઈ એ મારી પદયાત્રા સીમારેખાની પરિસ્થિતિ સાથે કેવી રીતે મેળ ખાશે? મેં ભારે હૃદયથી પ્રતિઉત્તર આપતા કહ્યું, કે, "હું જો ફક્ત તે એક વ્યક્તિના જીવન પર પણ અસર પાડી શકું તો એ મારું ઉત્તમ યોગદાન હશે." જ્યારે અમે ઘાટ પસાર કર્યો ત્યારે એક છોકરાએ પંપમાંથી કાઢેલું ચોખ્ખું પાણી મને આપતા કહ્યું, આ લો, તમારી બોટલના પાણી કરતા આ અવશ્ય ખૂબ જ સારું પાણી છે. ત્યાર પછી અમે ઘણો લાંબો સમય સુધી વાત કરી અને જ્યારે નગરની લાઈટો અને ઘોંઘાટ વધવા લાગ્યો ત્યારે અમે છૂટા પડવાનું નક્કી કર્યું. ત્યાર પછી આ બાળકોએ અમને અમારા કામ માટે સલામ કરી અને હું અવાચક બની, તેમના માયાળુ પ્રતિભાવનો સ્વીકાર કરતાં આગળ વધ્યો.

નાંદેડની ડિસ્ટ્રિક્ટની એક બીજી શાળાએ રાત્રી રોકાણ માટે અમારું આતિથ્ય સ્વીકાર્યું હતું. આ જગ્યા, ક્રિશનૂરની જાદુઈ શાળા હતી જેનું વાતાવરણ ખૂબ જ પવિત્ર હતું. આ શાળાની કાયાપલટ કરવા માટે ત્યાંના પ્રોફેસરોએ ભેગા મળી ₹ 1,00,000/- જમા કર્યા હતા. અહીંના પ્રિન્સીપાલ શ્રી ઉદ્ધવ ધાગે, ખૂબજ ઉત્સાહી યુવાન જેમણે નગરના સ્થાનિક લોકો પાસે જઈ તેમણે વધારાના ₹ 4,00,000/- ભેગા કર્યા હતા. અને તે જ દિવસેથી શાળાનું આંતરબાહ્ય બધું જ સમારકામ પૂર્ણ થયું હતું. આ વર્ષથી જ તેમણે અંગ્રેજી માધ્યમની પણ શરૂઆત કરી હતી. શાળાના શિક્ષકો માટે ઔપચારિક ગણવેશ પહેરવું આવશ્યક નહોતું, પરંતુ વિધાર્થીઓથી તેઓ અલગ તરી આવે માટે તેઓ તેને ધારણ કરતા હતા. યોગ્ય જીવનનું દૃષ્ટાંત પૂરું પાડતા આવા વિચારો અને માનવતા નું શિક્ષણ ક્યાંથી ઉદ્ભવ્યુ હશે?

મોટાભાગની સરકારી શાળાઓમાં મૂળભૂત જરૂરિયાતોનો અભાવ હોય છે. દરેક આંતરે વર્ષે સરકાર તરફથી મ્યુનિસિપલ શાળાઓને ફક્ત ₹ 10,000/- ભથ્થું મળતું હોય છે. પોતાના ગામમાં ન હોય તેવી શાળાઓમાં ભણાવવા જતા શિક્ષકો માટે આ કેટલું યોગ્ય છે કે દર મહિને તેઓ તેમનો પગાર છોડી દે? છતાં, આવા ગામડાઓમાં દરેક ઘરના સંસ્કાર અને

વડીલો માટેનો આદર જોઈ હું આશ્ચર્યચકિત થઇ ગયો હતો. અહીંના પ્રશિક્ષકો અને ગામ વચ્ચેના સમન્વયે આ શાળાને અતિપવિત્ર બનાવી હતી. તેમના આતિથ્યની અમારી ઉપર મોટી અસર થઇ હતી. મને જો એક જ શબ્દમાં આ શાળામાં વિતાવેલા એક દિવસ વિશે પૂછવામાં આવે તો હું કહીશ, 'ઘર જેવી આત્મીયતા.'

નાંદેડ હોલીટાઉન થી અમારી યાત્રામાં નતાશા પટેલ, નામની મહિલા ડોક્ટરે અમારો સાથ આપ્યો હતો. તે હમણાં જ કેનેડાથી ભારત પાછા આવ્યા હતા અને આ અભિયાન વિશે જાણી, તેમની ઈચ્છાથી આમાં જોડાયા હતા. પોતાની સલામતીની ચિંતા કર્યા વગર અને આગળની પરિસ્થિતિઓ વિશે અજાણ હોવા છતાં આત્મવિશ્વાસથી તેઓ અમારી સાથે જોડાયા હતા, તેઓ હિંમતના પ્રતીક સમાન હતા. શરૂઆતમાં સોમનાથને તે ગ્રામવાસી હોવાથી, ડોક્ટર નતાશાને અમારી સાથે સ્વીકારવામાં સંકોચ થતો હતો, તેના ચહેરા પરથી સ્પષ્ટ રીતે અસ્વસ્થતા જોવા મળતી પરંતુ થોડા દિવસો પસાર થતાં જ અમારી વચ્ચે એક મજબૂત સાયુજ્ય નિર્માણ થઈ ગયું. ડૉ. નતાશા મહિલા સશક્તિકરણના પ્રતીક સમાન હતા અને અમારી યાત્રામાં જોડાવા માટે તેમણે કેટલીય મહિલાઓને પ્રેરણા આપી હતી. તેમના હાસ્યમાંથી સકારાત્મકતા અને આત્મવિશ્વાસ પ્રદર્શિત થતા હતા.

લગભગ રોજ, અતિથિ દેવો ભવ ના હૃદયસ્પર્શી અનુભવો કરતા રહી અમે લગભગ ૭૦૦ કિલોમીટર જેટલી મહારાષ્ટ્રની પદયાત્રા પૂર્ણ કરી તેલંગણામાં પ્રવેશ્યા. મહારાષ્ટ્રની અમારી ૨૫ દિવસની યાત્રામાં અમારા પ્રત્યેક જણની લગભગ બધો જ સમય સંભાળ લેવાઈ હતી. અમે તેમના સુંદર આતિથ્યનો અનુભવ કર્યો હતો અને અમારો સંદેશ તેમના હૃદય સુધી પહોંચ્યો હતો.

હૈદરાબાદના મનોહર ગામડામાંથી થઈ રહેલી અમારી શાંતિપૂર્ણ યાત્રાએ અમને મંત્રમુગ્ધ કર્યા હતા. માર્ગમાં મારા એક પરિચિત 'વિશ્વા,' જે નખશિખ દક્ષિણ ભારતીય પારંપારિક લાક્ષણિકતા અને સંસ્કૃતિ પરત્વે ખૂબ જ પ્રધાનતા ધરાવતા હતા. અમે લોકોએ વિવિધ ચિકિત્સા પદ્ધતિઓ વિશે ખૂબ લાંબો સમય ચર્ચા કરી.

લગભગ એક મહિનો સાથે ચાલ્યા પછી ડૉ. નતાશા હવે અમારી વિદાય લેવાના હતા તેમણે પોતાના અનુભવોને વર્ણવતા કહ્યું, એક મહિનાની પદયાત્રા ખરેખર જીવન બદલી નાખનાર અનુભવ હતો. તેઓ મને ખૂબ ઓછા સમયથી ઓળખતા હોવા છતાંય તેમણે ક્યારેય પોતાની વ્યક્તિગત જવાબદારીઓ નિભાવવામાં પાછીપાની નહોતી કરી. ઘણી વખત, અનેક ગ્રામવાસીઓ તેમને જોઈ પ્રશ્ન પૂછતા કે શા માટે એક મહિલા પદયાત્રા કરે છે, કદાચ તેઓ તેની સલામતી માટે વધુ ચિંતિત હતા. પરંતુ ડૉક્ટર નતાશાએ તે તરફ દુર્લક્ષ કરી તેમની યાત્રા ચાલુ રાખી, અનેક યુવાન મહિલાઓ માટે માપદંડ સ્થાપિત કર્યો હતો. તેમણે સિદ્ધ કરી બતાવ્યું હતું કે કોઈપણ કાર્યમાં પોતાની જાતને સમગ્રપણે જોડી દેવાથી આપણે ઇચ્છીએ તે મેળવી શકતા હોઇએ છીએ. આ યાત્રામાં તેમની હાજરીએ નારીના શક્તિ અને વિશ્વાસની પરાકાષ્ઠા દર્શાવી હતી.

અમારી આગળ વધતી યાત્રામાં દિવાળીનો તહેવાર આવ્યો. દિવાળી એટલે પ્રકાશનો તહેવાર, જે તેજસ્વી ચમક સાથે અવતર્યો હતો. જ્યારે અમે હૈદરાબાદના રસુલપુરા ગામમાં પહોંચ્યા ત્યારે મને મારી પુત્રી સાક્ષીની એક સ્મૃતિ ઉભરી આવી, મારી નાની દીકરી સાક્ષી એક વખત અમારી નજીકના પોલીસ સ્ટેશનમાં મને મીઠાઈ આપવા લઈ ગઈ હતી. તેણે મને સમજાવતા

કહ્યું હતું, પપ્પા આપણે બધા ઘરે છીએ અને તહેવાર ઉજવીએ છીએ. પરંતુ, આ પોલીસ અધિકારીઓ આપણી સલામતી માટે સતત કાર્ય કરતા હોય છે, બીજા લોકો સારી રીતે રહી શકે તે માટે તેઓ તેમનો કીમતી સમય તેમના પરિવાર સાથે ન વિતાવતા ફરજ પર રહેતા હોય છે. જો આપણે તેમના દિવસને આનંદમય બનાવીએ તો એ સારું કામ નહીં હોય? અમે જ્યારે પોલીસ સ્ટેશનમાં બધાને મીઠાઈ આપી ત્યારે તેમના ચહેરા પર ઝળકી ઉઠેલી ખુશી અણમોલ હતી. આ અનુભવ, સમગ્ર યાત્રા દરમિયાન મારી સાથે રહ્યો અને તે જ કારણથી, મેં ફાળો આપવાનું નક્કી કર્યું. ત્યાંના સ્થાનિક લોકોની મદદથી અમે નજીકના પોલીસ સ્ટેશનમાં મીઠાઈનું વિતરણ કર્યું. કંઈક વહેંચવાની ખુશી અવર્ણનીય હોય છે. તેઓ દિવસ-રાત જોયા વગર સમાજને મદદ કરતા હોય છે. રાષ્ટ્રનું કોઈ રક્ષણ કરી રહ્યું છે તે વાતની આપણને ખાતરી હોય છે અને તેને કારણે જ આપણે સલામતીની ભાવનાથી તહેવારોની ઉજવણી કરી શકતા હોઈએ છીએ. "અમારો દિવસ - રાત ગુનેગારો સાથે પનારો પડતો હોય છે, અને કદાચ, તેને કારણે અમે પણ માનસિક રીતે ગુનેગાર જેવા બની જઈએ છીએ. તમારા જેવા લોકો જો અમારી સાથે તહેવાર ઉજવવાનું કાર્ય કરે તો અમે પણ માનવતા પ્રત્યે પાછા ફરતા હોઈએ છીએ." પોલીસ અધિકારીએ ખુશી વ્યક્ત કરતા અમને ઉપરોક્ત વાત કહી.

રસુલપુરામાં આવેલી 'ક્રિયા સંઘ સોસાયટીના' નઈમ શેખ અને તેના સાથીઓએ અમારું સ્વાગત કર્યું. નઈમભાઈને હું ઈ.સ. ૨૦૦૯ માં, 'ભૂમિ ફાઉન્ડેશન' ના ટ્રેનિંગ કાર્યક્રમ દરમિયાન મળ્યો હતો. 'ક્રિયા સંઘ સોસાયટી' મહિલાઓ માટે તાલીમ આપી રોજગારની તક ઊભી કરવામાં તથા બાળકોને શિક્ષણ માટેની તકો આપવાનું અદભુત કાર્ય કરતા હતા. આ આખું ગામ પણ ત્યાંના સ્થાનિક રહેવાસીઓ દ્વારા સુંદર રીતે સંચાલિત થતું હતું: બીજા વિસ્તારોની જેમ અહીં ઊંચનીચના ભેદભાવ પ્રમાણમાં ખુબ જ ઓછા હતા. નઈમભાઈ જેવી વ્યક્તિઓ, જે સમાજ માટે બધું જ કરવા છતાં બદલામાં કોઈ અપેક્ષા રાખતા નહોતા. અને આ જ , પ્રેમ નું સૌંદર્ય હતું જેને નિહાળી અમને ઘણી ખુશી થઈ. નિસ્વાર્થ સેવાનું આવું જ એક બીજું પ્રતીક એટલે વિપીનભાઈ, જે મારા માટે તદ્દન અજાણ્યા હતા અને મને સ્વામિનારાયણ મંદિરમાં મળી ગયા હતા. વિપીનભાઈને હૃદયની બીમારી હતી, જ્યારે તેમના પત્ની મધુબેનને કેન્સરની સમસ્યા હતી પરંતુ બંને જણ હિંમતવાન અને આત્મનિર્ભર હતા. વિપીનભાઈ રસુલપુરાના પછાત વિસ્તારમાં રહેતા હતા. વિપીનભાઈ રોજ ટ્રાફિક સિગ્નલ પાસે ફરતા, ભીખ માંગતા યુવાન બાળકોને શોધી ઘરે લઈ આવતા. તેમને નવડાવી, નખ કાપી, તેમના વાળ ઓળી આપી સ્વચ્છ કરતા. ત્યારબાદ તેમને ભોજન અને કપડા આપતા અને તેમને તથા તેમના માતા-પિતાને શાળાએ જઈ ભણવા માટે પ્રોત્સાહિત કરતા. તે ઉપરાંત તેઓ શાળામાં જઈ, તેમનો દાખલો (એડમિશન) પણ કરાવી આપતા અને તેમની નિયમિત હાજરીનું પણ ધ્યાન રાખતા. આખા વર્ષ દરમિયાન ત્યાંની સ્થાનિક શાળાઓમાં તેમણે સેંકડો છોકરાઓનું એડમિશન કરાવ્યું હતું. સ્વામિનારાયણ મંદિરમાં જઈ તેઓ લોકોએ કાઢી નાખેલા કપડા ઘરે લઈ આવતા અને તેને ધોઈ, સ્વચ્છ કરી અને જરૂરિયાત હોય તો તેને સાંધી, બટન લગાડી ઈસ્ત્રી કરાવતા. તેમના ઘરનો એક ખંડ આવા કપડાંઓથી ભરેલો રહેતો. તેમની આ વિલક્ષણતા, યુવાન વયે મારા પિતા જે કાર્યો કરતા તેની સાથે સામ્યતા ધરાવતી હતી. તેમનું આ કાર્ય અને તેની સિદ્ધિ જોઈ આભારની લાગણીથી મારું હૃદય ગદગદ થઈ ગયું. મારા મતાનુસાર આવી વ્યક્તિઓ વિશ્વ સુધી પહોંચવાને લાયક હોય છે પરંતુ તેમ છતાંય તેમની મહેનતની કદર ઘણી ઓછી થતી હોય છે.

અમારી શાંતિ યાત્રાના ૪૫માં (પિસ્તાળીસમાં) દિવસે અમે એક હજાર (૧,૦૦૦) કિલોમીટરનું

અંતર પૂર્ણ કર્યું હતું અને ચેન્નઈથી ૬૦૦ કિલોમીટર જેટલા જ દૂર હતા. અમારી યાત્રા કઈ હંમેશ માટે સરળ નહોતી, તેમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા હતા. આવો એક અનુભવ અમને નાલાગોન્ડા ગામમાં થયો હતો. ત્રણ મંદિરોએ અમને રાત્રી રોકાણ માટે ના પાડી દીધી હતી. સતત એકસરખું 31 કિલોમીટર ચાલ્યા પછી પણ રહેવા માટે જગ્યા ન મળવાથી અમે ખૂબ જ અકળાઈ ગયા હતા, અને તેને કારણે અમને ભોજન કરવા પણ ન મળ્યું. એ દિવસે અમે બપોરનું ભોજન પણ નહોતું કર્યું. લગભગ ૨૨૦ થી વધુ દિવસની મારી અનેક યાત્રાઓમાં પ્રથમ વખત એવું બન્યું હતું કે હું આખો દિવસ ભોજન વગર રહ્યો અને રાત્રે હાઇવે પર સુઈ ગયો હતો. અમે એટલા થાકી ગયા હતા અમે રસ્તા પર જ રોકાઈ જવાનું નક્કી કર્યું હતું. તેનું તાત્પર્ય મેં એવું કર્યું હતું, કે ઈશ્વર મારા ધૈર્યની પરીક્ષા કરી રહ્યા હતા. મેં તેની પાસે કઈ જ માગ્યું ન હતું કે ફરિયાદ પણ નહોતી કરી. ઈશ્વર પર પૂર્ણ વિશ્વાસ રાખી મેં મારો આભાર વ્યક્ત કર્યો હતો.

ઘણી વખત જ્યારે અમે અતિશય થાકી જતા ત્યારે અમારો ઉત્સાહ થોડો ઘટી જતો, તેમ છતાં અમારો ઉદ્દેશ્ય અમારી યાત્રાને સુંદરતાને જાળવી રાખતો હતો. એક યાત્રાથી આ ક્યાંય વધુ પ્રત્યેક દરવાજે આ માનવતાનો અનુભવ હતો. માર્ગમાં પ્રાપ્ત થયેલી અને પ્રેમાળ લાગણીઓ માટે હું ધન્યતા અનુભવી રહ્યો હતો. ભારતીય સંસ્કૃતિની 'અતિથિ દેવો ભવ' ની ભાવનાને મેં હિન્દુ, મુસ્લિમ, ક્રિશ્ચિયન, પ્રત્યેક સાથે આદાન-પ્રદાન કરી હતી.

બીજે દિવસે સવારે જ્યારે અમે યાત્રા શરૂ કરી ત્યારે, રામારાવ નામના વ્યક્તિ હાઈવેના ખૂણામાં વડાપેલ્લી પાસે કોફી લઈને ઊભા હતા. હાઈવે પાસે તેમની ચાની દુકાન હતી, કામ કરતી વખતે તે આવતા જતા લોકો સાથે વાતચીત કરવામાં આનંદ અનુભવતા. તેમને જ્યારે અમારા અભિયાન વિષે ખબર પડી ત્યારે તેમણે અમને કોફી આપી અને અમારી પાસેથી એક પણ રૂપિયો ન લીધો અને અમને જવા દીધા. તે હિન્દુ વ્યક્તિએ અમારા ગયા પછી અમારે માટે પ્રાર્થના કરી.

આગળ વધતા વડાપેલ્લીના ખાસીમ અલી અને તેમના પરિવારે જ્યારે અમારા કાર્ય વિશે જાણ્યું ત્યારે તેમના દ્વારા ખૂબ પ્રેમથી અમારું સ્વાગત કરવામાં આવ્યું. સાંજે જ્યારે અમે તેમના ઘરેથી નીકળ્યા ત્યારબાદ 'નરસરાઓપેટ' ના રસ્તા પર એક વૃદ્ધ વ્યક્તિ - જોસેફે અમારો સંપર્ક કર્યો અને તેલુગુમાં વાતચીત શરૂ કરી. પરંતુ , મારી વિનંતી ને માન આપી તેણે અંગ્રેજીમાં અમારી પદયાત્રાના કારણ વિશે પૂછવાનું શરૂ કર્યું! મેં તેમને એક પણ રૂપિયા વગરની મારી શાંતિયાત્રા વિષે જણાવ્યું, ત્યારે તેઓ મને નજીકમાં આવેલા તેમના ઘરે લઈ ગયા અને તેમના ભાઈ તથા જમાઈ સાથે મારી ઓળખાણ કરાવી. આ જોઈ હું દિગ્મૂઢ થઈ ગયો. તે જ દિવસે મને ક્રિશ્ચયન સમુદાયના બીજા સભ્યો દ્વારા પણ આવકારવામાં આવ્યો હતો. કોણ એ વાતનું અનુમાન લગાવી શકશે કે વિવિધ ધર્મોના મથાળા નીચે સૌથી મોટો માનવતાનો ધર્મ રહેલો છે. હું ઇચ્છું છું, કે વધુને વધુ લોકો આને સમજે, અને જાણે કે માનવતા કોઈપણ ધર્મ, જાતિ કે રંગ દ્વારા નહીં પરંતુ કેવળ પ્રેમના તાંતણે બંધાયેલી છે.

પ્રેમ; ભાષાની સીમા રેખાઓથી બંધાયેલો નથી આનો અનુભવ અમને શ્રી વ્યાસ આશ્રમમાં થયો હતો. ગુડુરથી 70 કી.મી. ચાલીને જયારે અમે ચેરપડુના શ્રી વ્યાસ આશ્રમમાં પહોંચ્યા ત્યારે ત્યાં વીસેક વર્ષની યુવાન કન્યા સલામતી અધિકારી તરીકે સામે આવી તે ફક્ત તેલુગુ ભાષા બોલી શકતી હતી. મેં મારી બધી શક્તિ તેને એ સમજાવવામાં લગાડી દીધી કે અમે યાત્રા માટે નીકળ્યા છીએ મને આ આશ્રમમાં રાત્રી મુકામ કરવા માંગીએ છીએ, તેની આંખમાં

અમને મદદ કરવાની ઈચ્છા જોઈ શકાતી હતી પરંતુ, અમારી વચ્ચે ભાષા અવરોધક બનીને ઊભી હતી. એટલામાં જ ત્યાં, પ્રેમાનંદજી નામના વૃદ્ધ સજ્જન અમારી મદદે આવ્યા. યુવાન કન્યાએ તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને જરા પણ સમય લગાડ્યા વગર તેમણે અમારા હાથમાં મહેમાન કક્ષની ચાવી મૂકી અમને રહેવાની રજા આપી દીધી. અમે જ્યારે આશ્રમના દરવાજા તરફ પાછા ફર્યા ત્યારે તે યુવતીના મોઢા પર આનંદ હતો કે અમને મદદ કરવાનો તેનો પ્રયત્ન સફળ થયો હતો. એક હૃદય જ્યારે બીજા હૃદય સાથે જોડાઈ જાય છે ત્યારે ભાષા ગૌણ બની જાય છે. પ્રેમના કથાબોધનો ઉપદેશ વહાવતા અમે આગળ વધી રહ્યા હતા. આગળ જતા અમારું સ્વાગત ગાંધીવાદી મહિલા આદરણીય કૃષ્ણમ્મમાલાજી, જેમને અમે અમ્મા કહેતા તેમના દ્વારા કરવામાં આવ્યું. અમ્મા ૯૦ વર્ષની આસપાસના વૃદ્ધ મહિલા હતા, અને જીવનના આ અનેક વર્ષો દરમિયાન તેમણે પદ્મવિભૂષણ, જમનાલાલ બજાજ, તથા વૈકલ્પિક નોબેલ શાંતિ પુરસ્કાર જેવા અનેક સન્માનો તથા નામાંકનો પ્રાપ્ત કર્યા હતા.

અમ્માએ ગાંધીજી તથા વિનોબા સાથેના તેમના અનુભવો વર્ણવ્યા. તેમણે કહ્યું, "મનુષ્યજીવન એ તેના સંસ્કારો અને વારંવારની ક્રિયાઓથી વિકસિત થતી પ્રકૃતિ છે." તેમના જેવી અનેક વ્યક્તિઓએ મને સમાજને સમગ્ર પોતાની દ્રષ્ટિથી જોવા માટે પ્રોત્સાહિત કર્યો હતો. અમ્મા સ્વયંને અતુટ રીતે વ્યક્ત કરતા હતા. સમાજ પ્રત્યેની તેમની ભાવના અને સેવા જોઈ હું તેમને નમન કર્યા વગર ન રહી શક્યો અને ભારે હૃદયે ત્યાંથી વિદાય લીધી.

અમારી યાત્રામાં પોડેચરીમાં અમારું સ્વાગત 'સ્વામી વિવેકાનંદ રુરલ કમ્યુનીટી કોલેજ- (એસ.વી.આર.સી.સી. / SVRCC)' દ્વારા કરવામાં આવ્યું હતું. મેં ભારત તથા વિદેશની અનેક કોલેજોની મુલાકાત લીધી છે પરંતુ, એસ. વી. આર. સી. સી. એ અમારી પર તેની એક આગવી અસર ઊભી કરી. આ ફાઉન્ડેશન જી. વી. સુબ્રમનીના આજના રિષી દ્વારા સંચાલિત હતું. તેણે કહ્યું કે તેની અને તેની પત્નીની ઈચ્છા, લેનારમાંથી આપનાર બની સમાજને કંઈ પાછું વાળવાની હતી. મુંબઈથી પોંડિચેરી આવી તેણે એક નાના તંબુમાં પોતાની કલ્પના મુજબની શાળાની સ્થાપના કરી હતી. આ શાળા નાપાસ થયેલા અથવા શાળામાંથી કાઢી મૂકેલા વિધાર્થીઓ માટેની હતી. આ શાળાને સરકાર તરફથી કોઈ આર્થિક સહાય મળતી નહોતી તે ફક્ત ભારત તથા આંતરરાષ્ટ્રીય ઉધોગ પતિઓ દ્વારા ફંડ એકત્ર કરી ચલાવવામાં આવતી હતી. તેમની પાસે કાર્યકર્તાઓનું જૂથ હતું જે એન્ડ્રોઈડ (Android) અને ઓટો કેડ (AutoCAD) પર ધ્યાન કેન્દ્રિત કરતુ હતું અને ભવિષ્યમાં તેઓ સીએનસી (CNC) મશીનનું પ્રશિક્ષણ આપવાના હતા. શાળાનો મુખ્ય હેતુ કર્મચારીઓ નહીં પરંતુ સફળ વેપારીઓ કે ઉધોગપતિઓ ઉભા કરવાનું હતું.

ભારતમાં અઢી હજાર (૨,૫૦૦) કિલોમીટર નું અંતર કાપી અમે કોલંબોના માર્ગ પર આવી ગયા હતા. જીવનમાં પ્રથમ વખત હું બીજા કોઈ રાષ્ટ્રમાં પૈસા વગર મુસાફરી કરી રહ્યો હતો, અને તેમ છતાંય હું આનંદિત હતો. અત્યાર સુધી, મારા મુલાકાત લીધેલા સ્થાનોમાં તામિલનાડુ પર્યાવરણીય રીતે સભાનતા ધરાવતું રાજ્ય હતું. અનેક વૃક્ષો કાપી નાખ્યા હોવા છતાંય તે અત્યંત સુંદર રાજ્ય હતું. આ રાજ્યના પ્રાકૃતિક સૌંદર્યનું એક મુખ્ય કારણ વૃક્ષારોપણ અને છોડોના સંવર્ધન વિશે અહીં જાગૃતિ વધી રહી હતી. પ્રકૃતિ રક્ષણ માટેની અનેક સામાજીક પ્રવૃત્તિઓનો હું અહીં સાક્ષી બન્યો હતો અને તૈયાર થઈ જવા આવેલા ચોખાના લીલાછમ ખેતરો પણ જોયા હતા.

અહીંના લોકો બીજની સાથે પ્રેમ પણ વાવતા હોય છે જે આશીર્વાદ થઈ સુંદર ઉત્પાદનના રૂપે

ખીલી ઊઠે છે. તામિલનાડુ તેના સુંદર મંદિરો અને કલાકૃતિઓ માટે પણ ખૂબ પ્રસિદ્ધ છે. વહેલી સવારે અમે જ્યારે ચાલતા જતા હોઈએ ત્યારે અમે મંત્રોચ્ચાર કે આઝાનના મધુર ધ્વનિ પણ સાંભળ્યા છે. અહીં હિંદુ, મુસ્લિમ કે ક્રિશ્ચિયન કોઈપણ ધર્મ હોય તેઓ તમિલ ભાષામાં જ વાતચીત કરતાં. ધાર્મિક એકતા માટે તે નિર્ણાયક વાત હતી. તામિલનાડુ એટલે આંતરબાહ્ય સૌંદર્યનું પ્રતીક.

જ્યારે અમે રામેશ્વરમ નજીક પહોંચ્યા ત્યારે અમારા માટે એક મુશ્કેલ ક્ષણ આવીને ઊભી રહી જેમાં કાર્ય માટેનો સ્નેહ તથા ચિંતા બંને ઉભરી આવ્યા હતા. અમને સમાચાર મળ્યા કે અહીંના મુખ્ય મંત્રી જયલલિતાની તબિયત બગડી રહી હતી. ત્યારે અમારા એક પરિચિત, ડૉ. ઉમાએ મારું ધ્યાન રાખવા મને બોલાવ્યો અને અમને અતિથિગૃહમાં લઈ ગયા. તેમને અંદેશો હતો કે કદાચ સાંત્વના આપવાના કારણથી શહેરને બંધ કરી દેવામાં આવે, તેથી દૂર સુધી જઈ અમારા માટે ભોજનની વ્યવસ્થા કરી. ડૉ. ઉમાના અંકલ ધરમરાજ, કરફ્યુ વચ્ચે પોતાની જાતને જોખમમાં મૂકી મદદ માંગતા માંગતા ૨૧ કિલોમીટર (one way) દૂર સુધી અમને 3 વખત ભોજન આપવા આવ્યા હતા. સખત કરફ્યુ જેવી હાલતમાં, જ્યારે એક પણ વ્યક્તિ બહાર નહોતી તેવે સમયે ડોક્ટર ઉમા અને તેમના અંકલે અમારા માટે ઘણું કષ્ટ ઉઠાવ્યુ હતું. અને ફરી એક વખત પ્રેમની ભાષા બીજી બધી જ ભાષાઓ ને અતિક્રમી ગઈ હતી.

અમારી શાંતિયાત્રામાં સબાલશીહ વાલા રામેશ્વરમથી અમને ફરીથી જોડાયા. સબાલશીહ ઉર્જા અને ધીરજનો સ્ત્રોત હતા, તેમની ગતિ ઘોડા જેવી તેજ હતી, અને તેઓ તેમની ખાનપાનની આદતો માટે, તથા રોજિંદા અનેક કામો જેમ કે વહેલા ઊઠીને કસરત કરવી, પોતાની વ્યક્તિગત વસ્તુઓની ગોઠવણ કરવી કે ચાલવું અત્યંત શિસ્તબદ્ધ હતા. તેમણે તેમની કારકિર્દીની શરૂઆત સંસ્કૃતના અધ્યાપક તરીકે કરી હતી પરંતુ પછીથી સરકારી નોકરીમાં જોડાયા હતા. તેમના જીઆઇડીસીના (GIDC) કાર્યક્ષેત્રે પણ તેમને ખૂબ પ્રગતિ કરી હતી. નિવૃત્ત થયાને ઘણો સમય વીતી ગયા હોવા છતાં તેઓ હંમેશા કાર્યરત રહેતા. તેમણે ત્રણ લાખ કિલોમીટરની પદયાત્રા કરી હતી જે આખા વિશ્વમાં છ વખત ચાલવા જેટલી હતી, જે કોઈ નજીવી સિદ્ધિ નહોતી. એમની નમ્રતા અને જીવન પ્રત્યેના તેમના સમર્પણ ને જોઈ હું ખરેખર ગદગદ અને સ્તબ્ધ થઈ ગયો હતો. મારી યાત્રામાં તેમનું સાથે હોવું, એ ખૂબ મોટા આશીર્વાદ હતા.

અમે વિમાનમાં બેસી કોલંબો પહોંચ્યા. અમારું સ્વાગત કરવા ડૉ. એ. ટી. અરિયારત્નેજીની સંસ્થા 'સર્વોદય' નો કર્મચારી વર્ગ તથા શ્રીલંકાના લોકો આવ્યા હતા જેમણે અમને સસ્મિત આવકાર્યા. 'સર્વોદય' શ્રીલંકાની એક મોટી સંસ્થાઓમાંની છે જે ગાંધીજીના આદર્શો પર ચાલી માનવતાના કાર્યો કરે છે. વયોવૃદ્ધ અને કથળેલુ સ્વાસ્થ્ય હોવા છતાં ડૉ. એ. ટી. અરિયારત્નેજી અમને મલયા અને અમારી યાત્રાને તેમના આશીર્વાદ આપ્યા હતા. તે ઉપરાંત તેમણે અમને એક ભલામણ પત્ર પણ આપ્યો હતો જેનો ઉપયોગ અમે શાંતિ યાત્રા દરમિયાન અમારા સંક્ષિપ્ત ઉદ્દેશ્યો, જેમ કે અમારું ભોજન અને કોઈપણ મંદિરો, ચર્ચ કે મોનાસ્ટ્રી (monastery) માં રહેઠાણ, કે કોઈ સામાન્ય માણસ ને ત્યાં નિવાસ માટે પણ કરી શકીએ તેમ હતા.

અમે અમારી શાંતિ યાત્રા શ્રીલંકાના અંતિમ દક્ષિણ બિંદુ, માતારાના ભગવાન વિષ્ણુના મંદિરથી કરી. (જેમ ભારતનું સૌથી દક્ષિણ બિંદુ કન્યાકુમારી છે તેવી રીતે) શ્રીલંકાનો મોટાભાગનો તટીય પ્રદેશ અદભુત દરિયા કિનારાઓથી સીમાંત થયેલો છે. કેટલાક

દરિયાકિનારા હતો એટલા સુંદર હતા કે મેં આજ સુધી ક્યારેય નહોતા જોયા. વિષુવવૃત્તીય વાતાવરણ ભેજ, તોફાની પવન અને ગાજવીજ તથા વીજળીના ચમકારાવાળુ હતું. વિસ્મય પ્રેરિત લીલોતરી, અદભુત ગ્રામ્ય પરિવેશ અને મનોહર માનવીય હાસ્ય જોતા જોતા અમે આગળ વધતા હતા. ત્યાંના અનેક સ્થાનિક લોકોએ અમારું આતિથ્ય કર્યું હતું, જેમાંના મોટા ભાગના લોકો બૌદ્ધ સાધુ હતા. તેમની સુંદર મોનેસ્ટ્રીઓમાં અમે નિવાસ કર્યો અને અમને અકલ્પનીય મદદ મળી. ત્યાંના સાધુઓનું જીવન અતિ ભવ્ય હતું, જેને તેઓ સમાજમાં મૂલ્યો સ્થાપિત કરવામાં વ્યતિત કરતા હતા. તેમનો દૈનિક કાર્યક્રમ અતિ કઠોર રહેતો, જેમાં સવારે વહેલા ઊઠવું, કલાકો સુધી ધ્યાન કરવું, આખા દિવસ દરમિયાન ચિકિત્સાનો પ્રસાર કરવો, જીવનના મૂળભૂત સિદ્ધાંતોનું પાલન કરવું અને નાનામાં નાના જીવની પણ અત્યંત કાળજી લેવી. એક સાધુ સાથેના નિવાસ દરમ્યાન મને શીખવા મળ્યું કે તમારા પ્રશ્નોના ઉત્તર તમારી અંદર જ રહેલા હોય છે. એક વાસ્તવિક મોનેસ્ટ્રીની તાલીમના ભાગરૂપે સાધુ ક્યારેય તેના શિષ્યના પ્રશ્નોના સીધા ઉત્તર ન આપી શકે, પરંતુ જો એ પ્રશ્ન ખૂબ વિચાર વિમર્શ ને અંતે બહાર આવ્યો હોય તો જ તેનો ઉત્તર આપી શકાય.

એક ચાઇનીઝ કહેવત અનુસાર, "શિક્ષક તમારે માટે દરવાજો ખોલે છે, પરંતુ અંદર પ્રવેશ તમારે જાતે કરવો પડે છે." ઝેન બુદ્ધિઝમના કેટલાક પંથો (પ્રકારો) પણ આ સમાન પદ્ધતિ અનુસાર તાલીમ આપતા હોય છે.

એક જૂના કહેણ, તાઓ ધર્મના એક સાધુના, કહેવા અનુસાર : "એક ટેબલ (મેજ)ના ચાર ખૂણા બનાવવા માટે શિક્ષક વિધાર્થીને ફક્ત ટેબલનો એક જ ખૂણો બનાવતા શીખવે છે, અને ત્યારબાદ, બાકીના ત્રણ ખૂણા કઈ રીતે બનાવવા એ શોધી કાઢવાનું કાર્ય એ વિધાર્થીનું કાર્ય હોય છે." વિધાર્થી વાસ્તવિક જીવનમાં આવતી સમસ્યાઓને સમજી અને સારી રીતે તેનો સામનો કરી શકે તે માટે તૈયાર કરવા તેમને આ રીતનું શિક્ષણ આપવામાં આવતું.

મને આ વાત અત્યંત રસપ્રદ લાગી, કારણકે જે રાષ્ટ્રમાં તમે ત્યાંની સ્થાનિક ભાષા ન બોલી શકો ત્યારે તમારે તમારી અંતઃસ્ફુરણા પર વધુ ધ્યાન આપવું જોઈએ, તે મને સમજાયું. મને મારી સાથે ઘટેલી એક ઘટના યાદ આવી, એક સમયે હું એક સ્થાનિક વ્યક્તિ ને મારો ઉદ્દેશ્ય સમજાવા તકલીફ અનુભવી રહ્યો હતો, તેને અંગ્રેજી નહોતુ આવડતુ તેથી મેં બહાર જઈ જ્યાં સુધી મને સમજવાવાળું કોઈ મળ્યું નહીં ત્યાં સુધી અનેક લોકોને પૂછ્યા કર્યુ. જ્યારે પણ આપણે જીવનમાં કોઈ નવો પ્રયત્ન કરીએ, ત્યારે નવી જગ્યાએ આપણે, આપણી પાસે ખૂબ ઓછી માહિતી લઈને જવું જોઈએ. વાસ્તવિક જગત આપણા બધા પ્રશ્નોના ઉત્તર નથી આપી શકતું, સૌથી મોટો ગુરુ આપણી અંદર જ હોય છે.

શ્રીલંકાએ અમારા પ્રત્યે ખૂબ જ દયા દાખવી હતી, પ્રત્યેક પ્રાણી તથા પ્રત્યેક ધર્મના લોકોએ નિષ્ઠાપૂર્વક અમારી સેવા કરી હતી. અમારા કાર્યમાં, અમારા ઉદ્દેશ્યનો પ્રસાર કરવામાં અમારા સહાયક બનનાર અનેક સ્થાનિક રહેવાસીઓ સાથે મારો સંબંધ સ્થપાયો હતો. હનન, નામની આવી જ એક અજાણી વ્યક્તિ સાથે, પુટ્ટાલમના દરિયાકિનારે અમારી મુલાકાત થઈ હતી તેણે અમારી ઓળખાણ અંગ્રેજી તથા ગણિતના બે શિક્ષકો સાથે કરાવી અને, મને મારી શ્રીલંકાની શાંતિયાત્રા માટેનું કારણ આપવાનું કહ્યું, ત્યાર પછી તેઓ અમને પુટ્ટાલમની મુખ્ય મસ્જિદમાં લઈ ગયા. અમે ત્યાં શાંતિથી ઉભા રહ્યા, અને નમાઝ પડવા ત્યાં ભેગી થયેલી મેદની દ્વારા થઈ રહેલી નમાઝની બધી પ્રક્રિયાઓને નિહાળી. અમે ત્યાં સામાન્ય નાગરિકો ન હોવાથી બધાનું ધ્યાન અમારી તરફ ગયું. જરૂરી એવી બધી પરવાનગી લઇ આવ્યા પછી

તેમણે, મને ત્યાં ભેગા થયેલા લગભગ ૩૦૦ જેટલા જનસમૂહને સંબોધવાનું કહ્યું, મસ્જીદમાં જઈ જનસમૂહને સંબોધવાનો આ આગવો અનુભવ હતો.

"સારપનો પુરસ્કાર બીજું કંઈ નહીં પણ સારપ જ હોઈ શકે" મેં કુરાનમાંથી એક કથન ટાંક્યું. વિશ્વ શાંતિ યાત્રાનું મારું આ ધ્યેય શ્રીલંકાના રહેવાસીઓ સાથે વહેંચતા હું રોમાંચ અનુભવી રહ્યો હતો અને એથી પણ વધુ, જ્યારે લોકોએ મને પ્રશ્નો પૂછ્યા ત્યારે હું આનંદ અનુભવી રહ્યો હતો. મેં લગભગ પાંચ મિનિટ સુધી મારા મુસ્લિમ ભાઈઓને સંબોધ્યા અને પચીસ મિનિટ સુધી અમારી વચ્ચે પ્રશ્નોત્તરી થઈ. આની પહેલા હું અનેક મોટા જૂથો સામે બોલી ચૂક્યો હતો પરંતુ મસ્જિદની અંદર આટલા મોટા જનસમૂહ નું મેં પ્રથમ વખત સંબોધન કર્યું હતું. જે ખરેખર ખૂબ આનંદની વાત હતી. ત્યાર પછી અમે નાના ઓરડાની અંદર ટ્રસ્ટીઓને મળ્યા અને થોડી સામૂહિક ચર્ચા કરી. અમારું હૃદય અહીંની ઉદારતા અને અમારી યાત્રા માટેના તેમના સમર્થન ને જોઈ તૃપ્ત થઈ ગયું.

સુંદર દરિયા કિનારાઓ સાથેનો ઉત્તર તરફના પ્રાંતનો ભવ્ય રસ્તો પસાર કરતા અમને અકલ્પનીય અનુભવો થયા. અમારો નિવાસની ગોઠવણ અરીપ્પુ કિલ્લામાં, મોટાભાગના કેથલિક ક્રિશ્ચયન પરિવારોની વસાહતમાં કરવામાં આવી હતી. મારું જીવન આટલું સુંદર બનશે તેની મને જરા પણ કલ્પના નહોતી. ઉત્તર શ્રીલંકામાં અમે ખુબ જ ચમત્કારિક આશીર્વાદ મળ્યા હોય તેવા દિવસો પસાર કર્યા. ૩૧મીએ શનિવારે જ્યારે અમે મન્નાર પહોંચ્યા ત્યારે મારા નિવાસ માટે મેં સર્વોદય કેન્દ્રનો સંપર્ક કર્યો. મિસ્ટર ઉદયન, જે કેન્દ્રના પ્રમુખ હતા તેઓ પ્રવાસ પર હોવાથી અમારી મુલાકાત વિશે અજાણ હતા. વર્ષના અંતિમ દિવસે હવે અમે ક્યાં જઈશું તે વિચારે અમે દુઃખી હતા પરંતુ ઈશ્વરે પહેલેથી અમારે માટે સર્વોદય સેન્ટરમાં ગોઠવણ કરી રાખી હતી.

'ઉલગાનાથન ધુસ્યાનધન' જે નાણાકીય વિભાગના પ્રમુખ હતા તેમની પાસે વૈકલ્પિક ચાવીઓ હતી અને તે યુવાન વ્યક્તિએ સપ્તાહના અંતના દિવસોમાં અમારા ત્યાં નિવાસની બધી જ સગવડ કરી, અમારો નિવાસ સગવડદાયી બને તે માટેના પણ તેમને બધા જ પ્રયત્નો કર્યા અને ત્યાર પછી સર્વોદય કેન્દ્રની નજીકમાં આવેલી હોટેલમાં અમને બપોરના ભોજન માટે લઈ ગયા. વહેલી સવારની પદયાત્રા અને ભરપેટ ભોજન કર્યા પછી અમે શાંતિથી નિદ્રા માણી. જ્યારે અમે ઉઠ્યા ત્યારે અમને જાણ કરવામાં આવી કે 'થુસ્યાનનથમ' ના ઘરેથી અમને રાત્રીભોજન માટે આમંત્રણ આપવામાં આવ્યું છે જે અમે ખુશીથી સ્વીકારી લીધું. તેઓ અમને લેવા આવ્યા અને મન્નાર ફોર્ટ લઈ ગયા. મનાર ફોર્ટ પ્રાચીન સમયમાં દરિયાકિનારાની સામે બાંધવામાં આવેલો અકલ્પનીય કિલ્લો હતો. ત્યાંથી અમે વિશ્વનું સૌથી લાંબુ ઝાડનું થડ જોવા ગયા, જે ૧૦ વ્યક્તિઓ તેમના હાથ ભેગા કરી વર્તુળમાં ઉભા રહે તેટલું મોટું હતું. પરંતુ કમનસીબે તે સમયે અંધારું થઈ ગયું હતું. પરંતુ, આટલા મોટા ઝાડના થડની સંવેદના કોઈ પણ વ્યક્તિ માટે અવિસ્મરણીય હતી. લગભગ 30 મિનિટ સુધી અમે ખુલ્લા મને વાતચીત કરી અને ત્યારબાદ નાસ્તો કરી પિક્ચર જોવા ગયા. ત્યારબાદ ત્યાંના નાગરિકોની કમિટીના સભ્યો દ્વારા થઈ રહેલી મુખ્ય માર્ગ પર પ્રતિકાત્મક શાંતિ પદયાત્રામાં જોડાયા. અમને પર્વતના પ્રતિબંધિત વિસ્તાર વિશે જણાવવામાં આવ્યું કે, મહાકાવ્ય રામાયણના અનુસાર રામ રાવણની લડાઈ વખતે હનુમાનજી હિમાલયથી જે પર્વત લઈ આવ્યા હતા તે એ જગ્યા હતી. પ્રાચીન મહાકાવ્યનું કદાચ એકમાત્ર પ્રતીક હતું જેને અમે લાંબા અંતરથી જોઈ શકતા હતા.

લીલાછમ ખેતરોમાંથી ચાલવાનો એ આકર્ષક અનુભવ હતો. અમે જ્યારે 'પૂનેરીન' પહોંચ્યા

ત્યારે અમે નક્કી કર્યું કે આગળ ઈચાક્કચચીમાં આવેલા પાપજી ના આશ્રમ જવા આપણે બસનો ઉપયોગ કરીશું અને તરત જ અમે આશ્રમ પહોંચ્યા. અમને એ સમજાયું કે અહીંયા આવવાનો અમને ખૂબ મોટો લાભ મળવાનું હતો. એવું લાગતું હતું જાણે હવામાંથી શુદ્ધ પ્રેમનો પ્રવાહ આવી રહ્યો હતો. અમારી ૧૮૦ દિવસ અને ૫,૬૦૦ કિલોમીટરની અત્યાર સુધીની પદયાત્રા દરમિયાન શ્રીલંકામાં મને, આપણી ભારતીય પરંપરાગત માન્યતા "વસુધૈવ કુટુંબકમ" - સમગ્ર વિશ્વ એક પરિવાર છે તેની પ્રત્યક્ષ અનુભૂતિ થવા લાગી હતી. હું બીજા કોઈ પણ ધર્મ પહેલા માનવતામાં વિશ્વાસ કરવા લાગ્યો હતો કારણ કે પ્રત્યેક માન્યતાઓ કે રાષ્ટ્રો માનવીઓથી જ નિર્માણ થતા હોય છે. મારા માટે મારી શાંતિયાત્રા એ મારા આત્મવિકાસની સાધના અને તપશ્ચર્યા હતી. સમગ્ર પૃથ્વીમાતા પર શાંતિનું બીજારોપણ કરવા માટે અમે અમારી રોજની પદયાત્રા અને સમૂહપ્રાર્થના પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. શ્રીલંકાની અમારી ૨૪ દિવસ અને લગભગ ૬૫૪ કિલોમીટરની પદયાત્રા ઉત્થપાલાવન્તથી શરૂ કરી અને જાફનાના, કંકેસંથુરાઇ શંકરના મંદિરમાં સમાપ્ત કરી હતી. શ્રીલંકાના જીવંત ગાંધી ડૉ. એ. ટી. અરિયારત્નેજી ની આગેવાની હેઠળની 'સર્વોદય'ની ટીમ દ્વારા અમારી શાંતિયાત્રાને પૂરો સહયોગ આપવામાં આવ્યો હતો. 'સર્વોદય' ની બીજી અનેક મદદ અમને પ્રત્યેક ક્ષેત્રે ખૂબ ફાયદાકારક રહી હતી એ ઉપરાંત વિવિધ પૃષ્ઠભૂમિ ધરાવતા જેમ કે બૌદ્ધ સાધુઓ હિન્દુ મંદિરો અને મુસ્લિમ અને ખ્રિસ્તી ભાઈઓ તથા બહેનો દ્વારા અમને ઘણું મોટું સમર્થન મળ્યું હતું. અમે શ્રીલંકાના સ્થાનિક લોકો માટે પણ ખુબ જ આભારી હતા કારણ કે તેમને અમારા રોજિંદા ખોરાક પાણી તથા અમારા રાત્રિના માટેની અને સગવડ અમને પૂરી પાડી હતી.

એ વાત તદ્દન સત્ય છે કે ત્યાંની સ્થાનિક વ્યક્તિઓ સાથે અમે ફક્ત પ્રેમની ભાષાથી જ વાતચીત કરતા હતા પરંતુ તેમ છતાંય તેમણે અમને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું હતું. શ્રીલંકામાં અમને અનેક મિત્રો મળ્યા જે મોટે ભાગે ત્યાંના સ્થાનિક યુવાનો હતા. અમારી આ સમગ્ર યાત્રા અમારી સફળતાની નિર્ણાયક હતી અને ઘણી વધુ સારી રીતે અમારી અપેક્ષાઓને અતિક્રમી ગઈ હતી. શ્રીલંકાની અમને સૌથી વધુ પુરસ્કૃત કરનારી અમારી શાંતિ યાત્રા પૂર્ણ થઇ ગઇ હતી અને અમારા પાછા ફરવાનો સમય આવી ગયો હતો.

અનેક લાગણીઓ, સંસ્મરણો અને નિર્મળ આશીર્વાદ સાથે અમે ભારત પાછા ફર્યા. અહીં અમારું સ્વાગત ગોવિંદપુરગામના યુવાન 'કાનન ટી. અને નેડિયા' તથા બહુમુખી પ્રતિભા ધરાવતી, અને ઘરે જ શિક્ષણ લેતી તેમની પુત્રી માહિરલ મલાર દ્વારા કરવામાં આવ્યું હતું. ટી. કાનન મારી જેમ જ આઈટી પ્રોફેશનલ હતા, તેમણે એન્જિનિયરિંગ સાથે એમ.બી.એ પણ કર્યું હતું પરંતુ હવે પોતાની જાતને 'દિવસે ખેડૂત અને રાત્રે પ્રશિક્ષક' તરીકે ઓળખાવતા હતા. તેમના અનેક આત્મીયજનોની ઈચ્છા હોવા છતાં તેઓ શહેરથી દૂર અને પ્રકૃતિની નજીક આવી વસ્યા હતા. તેમના પત્ની નેડિયા અનુભવી દાંતના ડોક્ટર હતા અને તેમણે પોતાના પતિને સહાયક બનવા માટે પોતાનો નફાકારક વ્યવસાય છોડી લીધો હતો. તેમની પુત્રી માહિરલ મલાર ઘરેથી જ થતું શિક્ષણ તેમના માટે ખૂબ મહત્વનું હતું. મને તેની આંખમાં નિશ્ચિત ભવિષ્ય દેખાયું હતું તે ઉપરાંત તેનો સ્વર પણ ખૂબ મધુર હતો. જ્યારે તેણે મારા માટે કબીર નું ભજન ગાયું ત્યારે હું લાગણીવશ થઈ ગયો. આજે આપણે ચંદ્ર અને તેનાથી પણ વધુ દૂર સુધી પહોંચી ગયા છીએ પરંતુ સાદગીપૂર્ણ જીવનમાંથી પ્રાપ્ત થતા આનંદનો કોઈ જ અસ્વીકાર કરી શકે એમ નથી.

શ્રી ટી. કાનનના પરિવારની રજા લઇ અમે પ્રકૃતિપ્રેમી બીજા દંપતી રઘુ અને નિશાને મળ્યા.

તેઓ અમેરિકા છોડી કોઇમ્બતુરના બાહ્ય પરિસરમાં સ્થાયી થયા હતા જ્યાં તેમનું 'ગ્રીન ઓર્ગેનીક ફાર્મ' હતું. રઘુ ને હું ઈ.સ.૨૦૦૦ની શરૂઆતમાં કેલિફોર્નિયામાં અને ત્યારબાદ મુંબઈના વિલે પાર્લેમા, સાંચીના ઘરે નિપૂનભાઈ સાથે મળ્યો હતો. અમે લોકોએ તેમના પ્રકૃતિ પ્રેમ અને તે પ્રત્યે તેના સેવા કાર્યો વિશે પણ અને યાત્રાઓ કરી હતી અને ત્યારબાદ, મૂવ્ડ બાય લવ (એમ.બી એલ.)ના કાર્યક્રમો દરમિયાન અમે અનેક વખત મળ્યા હતા. તેમણે અમને એક સુંદર પર્યાવરણને અનુકૂળ ઘરમાં ઉતારો આપ્યો હતો. મારી જેમ તેઓ પણ કોર્પોરેટ કારકિર્દીમાંથી બહાર નીકળ્યા હતા અને પ્રકૃતિ તથા સમાજ સાથે જોડાયા હતા. એના પછીનો અમારો મુકામ શ્રી સત્યમંગલમની ઓફિસ, રાઇટ્સ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર, (આર.ઈ.એ.ડી. / READ)મા હતો. જ્યાં અમે કૃપાસ્વામીની આગેવાની હેઠળ આવેલા દલિત કાર્યકરોના જૂથને તથા સ્થાનિક સમાચારપત્રના અનેક સભ્યોને મળ્યા. આ બધા જ યુવાનોનું હૃદય પ્રેમથી ભરપૂર હતું. અનેક કૃતજ્ઞતાઓ સાથે અમે તામિલનાડુની વિદાય લીધી.
મારા સહયાત્રી સોમનાથ ભોંસલેનો હું અત્યંત આભારી હતો તેના વગર મારી શાંતિયાત્રા થવી અશક્ય જ હતી. તેણે પોતાના જીવનને, ૨૬ વર્ષની નાની વયે માનવતાના ઉદાત્ત કાર્ય માટે સમર્પિત કરવાનું સ્વીકાર્યું તે વાત જ તેના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરાવી જાય છે. તે અદભુત, હંમેશા સાથે ચાલવાવાળો અને અમે જ્યાં જઈએ ત્યાં સરળતાથી સબંધો બનાવી શકવાની ક્ષમતા ધરાવતો હતો.

અમારી યાત્રા શરૂ કર્યાના ૧૩૫ માં દિવસે અમે ૪,૩૫૦ કિલોમીટરની પદયાત્રા પૂરી કરી ૭૫% ટકા જેટલો માર્ગ અમે કાપી ચૂક્યા હતા. આગળ વધતા, તુમકુરના, શ્રી સિદ્ધગંગા મઠના, ૧૦૯ વર્ષના અત્યંત વિનમ્ર અને આદરણીય વયોવૃદ્ધ, શ્રી શિવકુમારસ્વામિલ દ્વારા અમને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. તુમકુરમાં તેઓ તદન નિઃશુલ્ક રૂપે ૧૦,૦૦૦ વિધાર્થીઓનું ગુરુકુળ ચલાવતા હતા જેમાં ભોજન તથા રહેઠાણની પણ વ્યવસ્થા હતી.

સમગ્ર વિશ્વમાંથી લોકો તેમને સહાય મોકલતા હતા. કર્ણાટકમાં, શ્રી શિવકુમારસ્વામિલને ઈશ્વર સ્વરૂપ ગણવામાં આવે છે, લગભગ ૫૦ કિલોમીટર આગળ જતા સો જેટલા વિધાર્થીઓ તથા કેટલાક પ્રશિક્ષકો દ્વારા તુમકુર હાઈવે પર અમારું સ્વાગત કરવામાં આવ્યું, અને ત્યાંથી લગભગ ત્રણ કિલોમીટર ચાલી અમે સાથે શાળાએ ગયા. લગભગ બધી જ ઉંમરના અનેક બાળકો, પ્રશિક્ષકો અને મારુતિ ઇન્ટરનેશનલ શાળાના સંચાલકો ડૉ. વિશાલ તથા શ્રીનિવાસ રાવ અમને મળવા આવ્યા. ભાસ્કર ની બહેન છાયા પણ બધો જ સમય અહીં હતી અને મારી પ્રત્યેક જરૂરિયાતનું ધ્યાન રાખતી હતી. તેઓ ખરેખર એક ઉત્તમ યજમાન હતા.

ત્યારબાદ અમે બેલગામ ના રામકૃષ્ણ મિશનમાં આવ્યા. જે ચારે તરફ કાળજીપૂર્વક રોપણી અને સંવર્ધન કરેલા લીલાછમ મેદાનોથી ઘેરાયેલું હતું. ત્યાંનું મુખ્ય મંદિર અતિ ભવ્ય અને વિશાળ હતું. એવું કહેવાય છે કે ત્યાંની એક નાની ઓરડીમાં સ્વામી વિવેકાનંદજી નવ દિવસ રહ્યા હતા. તે કુટીર ને મંદિર તથા ધ્યાન માટેના ખંડમાં ફેરવવામાં આવી હતી. મિશનનો ઉત્સાહ અકલ્પનીય હતો, બીજા પ્રત્યેક સ્થાનો ની જેમ અહીં પણ પ્રેમ અને કાળજીથી અમારું આતિથેય કરવામાં આવ્યું હતું.

ગોવાના, પણજીમાં મારા ભત્રીજા રાહુલના પરિવારને અને ભત્રીજી શ્રુતિને જોતા હું રોમાંચિત થઇ ઉઠ્યો. તેઓ મુંબઈથી અહીં આવ્યા હતા. પરિવારના સભ્યોને તથા મારી ભત્રીજીના પુત્ર આહાનને મળી હું લાગણીવશ થઈ ગયો. રાહુલે પણજીના મધર ટેરેસા નર્સિંગ હોમમાં

બપોરના નાસ્તનું સત્ર ગોઠવ્યું હતું. તે જ સમયે મારા મોટાભાઈ હર્ષદ અને નંદિતા ભાભી પણ અમારી સાથે જોડાયા. હું અત્યંત ખુશ થઇ ઉઠ્યો, એવું લાગતું હતું જાણે ગોવાની અંદર અમારા પરિવારનું છ મહિનાની જુદાઈ પછી ફરીથી જોડાણ થઈ રહ્યું છે. અમારી વચ્ચે મતભેદો હોવા છતાં મારા ભાઈ સાથે હું લાગણીમાં વહી ગયો, અમારી બાળપણની બધી જ સ્મૃતિઓ ઉભરી આવી. મારા જીવનની પ્રત્યેક ચડતી - પડતી માં તેઓ મારી સાથે રહ્યા હતા, અને જ્યારે તેઓ મારા અભિયાનનું સમર્થન નહોતા કરતા ત્યારે પણ હંમેશા મારી કાળજી રાખતા હતા.

એક અઠવાડિયા જેટલા ગોવામાં અમારા મુકામ દરમિયાન અગણિત સ્મૃતિઓ, અદભુત આતિથેય, એક લાંબા સમય પછી નું પારિવારિક જોડાણ અને પ્રસાર માધ્યમોનો અકલ્પનીય સહયોગ અનુભવ્યો. લીલાછમ વાતાવરણની અંદર સમય કેવી રીતે પસાર થઈ ગયો તેનું ધ્યાન ન રહ્યું અને છૂટા પડવાનો સમય આવી ગયો. અમે અમારી શાંતિ યાત્રા આગળ વધારી અને મહારાષ્ટ્રના નાના નાના ગામડાઓમાંથી પસાર થતા, માર્ગમાં આવતા અનેક સ્થાનિક લોકો સાથે સમય પસાર કરતા, શ્રીલંકાના અનુભવોની વાતો કરતાં, માનવતાનો સંદેશ ફેલાવતા અને ઈશ્વરના નિર્મળ આશીર્વાદ તથા અનાદિકાળથી ચાલી આવેલી ભારતીય સંસ્કૃતિનો અનુભવ કરતા કરતા એ હ્દયસ્પર્શી ક્ષણ આવી ગઈ જ્યારે અમે કરાડ ના બાહ્ય પરિસરમાં આવેલા 'સંગ્રામ પાટીલ' ના ઘરે પહોંચી ગયા.

મને બહાર ઊભા રહેવાનું કહેવામાં આવ્યું, થોડી જ ક્ષણોમાં સંગ્રામ પાટીલ હાથમાં ટેબલ, પાટલો અને પાણીની બાલદી લઈ આવી ગયા, મને આગ્રહ કરી પાટલા પર ઊભો રાખવામાં આવ્યો અને મારા પગ ધોવામાં આવ્યા. ત્યાર પછી મારા પગ અને માથા પર તેણે કંકુનો ચાંદલો કર્યો, કપાળ પર ચોખા લગાડ્યા અને આરતી કરી સ્વાગત કર્યું. આ બધી જ પ્રક્રિયા તેમના માતા-પિતાની દોરવણી દ્વારા કરવામાં આવી હતી. અત્યાર સુધી થયેલા મારા અનેક સ્વાગતોમાં આ એક હૃદયસ્પર્શી સ્વાગત હતું. આ જ આપણું ખરું ભારત અને તેના પારંપારિક મૂલ્યો છે.

મારા આ અભિયાનની પૂર્તિ માટે તેમણે મને અભિનંદન આપ્યા અને બાકી રહેલી થોડી યાત્રામાં મારી સાથે જોડાયા. બરોડાથી અક્ષય અને યશસ્વી તથા અમારા વીઓટીઓ (WIOTIO) જૂથના દિલીપભાઈ, મસ્તેકના Bhupender સિંહ પણ અમારી સાથે જોડાયા હતા. અમારી વિશ્વ શાંતિયાત્રા નો ૧૭૮મો દિવસ, જાણે સ્વપ્ન સાકાર થયું હોય તેવો દિવસ હતો. પૂણે થી શ્રીલંકા અને પાછા પૂણે એ જીવનને બદલી નાખનારો અનુભવ હતો. પૂણે પહોંચી 'સાધુ વાસવાની મિશન'થી 'શિવના આવાસ' સુધી સાક્ષી અમે ચાલતા ગયા. જેમ જેમ હું નજીક પહોંચતો ગયો મને મારા પ્રત્યે ગૌરવ અનુભવવા લાગ્યું. મારા મોઢા ઉપર આટલા દિવસની યાત્રાની અસર દેખાઈ રહી હતી. મારા માતા-પિતાના આશીર્વાદથી શ્રીલંકાની વિશ્વ શાંતિ યાત્રા પૂરી કરીને છ મહિના પછી હું પરિવારને ફરીથી મળી રહ્યો હતો તેને લીધે મારું હૃદય ભરાઈ આવ્યું. મોટાભાઈ મને ભેટી પડ્યા અને કહ્યું "તું જીતી ગયો કારણકે તું ક્યારેય તારા માટે રમ્યો જ નહીં. તે ટોળા નો ભાગ બનવાને બદલે તારા સ્વયંનો માર્ગ સ્વીકાર્યો અને તારા જીવનને અર્થ આપ્યો. તું જીતી ગયો કારણકે તે બીજાને પણ સમાન રીતે સહભાગી બનાવે તેવા વિજયની માંગણી કરી હતી. તારી જીતે જેટલો તને ફાયદો આપ્યો છે એટલો જ ફાયદો બીજાને પણ કરાવ્યો છે" આ સાથે જ તેમની આંખમાંથી આંસુ નીકળવાં લાગ્યા. હું તેમને કઈ કહી શકું તેમ નહોતો તેથી હાસ્ય રેલાવી અંદર તરફ ગયો. હું જાણતો હતો કે મેં

એક મોટું ધ્યેય સિધ્ધ કર્યું હતું પરંતુ આ હજી શરૂઆત હતી અને આગળ હજી ઘણી જીત મેળવવાની બાકી હતી.

*****


SRILANKA







'Lankans are for peace'



ON A MISSION: (From left) Sabalsihn Vala, Yogesh R. Mathuria and Somanath Bhosale, who were in Madurai on Wednesday during their 'World Peace Pilgrimage.' — PHOTO: R. ASHOK

SPECIAL CORRESPONDENT

MADURAI: The trio -- Yogesh R. Mathuria (60), Sabalsihn Vala (78) and Somanatah Bhosle (26) -- are on the final leg of the 'world peace pilgrimage,' walking in India and Sri Lanka. They have been spreading the message of peace in the last 112 days, traversing 3,450 km.

Meeting reporters after landing here on completion of the Sri Lanka leg on Wednesday, Mr. Yogesh said that their smiles and love had won many friends in Sri Lanka. There was overwhelming response to their endeavour from all communities of the island nation, where they undertook a 654-km padayatra from Matara to Kankesanthurai in 24 days. The peace pilgrimage was supported by a team of Sarvodaya workers, led by A. T. Ariyaratne. "For the Sri Lankan people, any peace initiative is welcome after the war," he said.

The trio had boarded a flight from here to Sri Lanka and also returned to Madurai after completing their padayatra. They have been travelling without money but with the support of people all the way. "We want to spread the message that humanity is one family, irrespective of the religions followed," said Mr. Yogesh.

The 'world peace pilgrimage' began in Pune and will end in Pune. They have planned to cover 2,150 km in 78 days. Mr. Yogesh's team will leave for Dindigul, where they plan to celebrate Pongal, on Friday.

A 5,600-km walkathon to promote global peace



Yogesh Mathuria started his walking mission in September. — PHOTO: SHAJU JOHN

STAFF REPORTER

CHENNAI: Decades ago, what Yogesh Mathuria saw as a child inspired him to start off on a journey to promote world peace. Around 60 days ago, he left home in Pune to travel to Colombo.

When he landed in Chennai, he told *The Hindu* that he plans to cover the 5,600 km journey without a penny in his hand. "I stay with the locals of each town, interact with them and educate them on the importance of world peace," he says.

Born and brought up in Pune and Mumbai, Mr. Mathuria says he vividly remembers two people visiting his residence in 1966 during their journey from Delhi to United States to promote world peace. "Coincidentally, I met them sometime back during one of my journeys," he says.

Mr. Mathuria went on to become a IT professional and shifted to the United States. Subsequently, on his

> Planning to cover the journey without a penny in his hand, Yogesh Mathuria intends to stay with the locals of each town and interact with them

return a few years ago, he decided to quit his job and start walking to neighbouring countries to promote world peace.

"Last year, I travelled from Mumbai to Wagah border, and next year, I plan to go to Bangladesh, and then eventually to Nepal and China. People in every city that I have travelled so far have been warm and welcoming. It has been a fabulous journey so far," he adds.

Ask him what urges him to continue with the journey, he says, there are surprises for him at each step of the journey. "Everyday I meet new people, hear new stories and encounter new challenges. That is what keeps me going," he adds.

પડકારો

તમારા ઉત્સાહનો પ્રતિસાદ દર્શાવતી પ્રસંશા તમારા માનસિક સ્વાસ્થ્યને ખૂબ જલદીથી ફરી સ્થાપિત કરતી હોય છે. શ્રીલંકાની મારી ૧૮૦ દિવસની વિશ્વશાંતિ યાત્રા પૂર્ણ કરી હું ૧૯ માર્ચ ના દિવસે ઘરે પાછો ફર્યો હતો. મારી સાથે જોડાયેલા પ્રત્યેક લોકો દ્વારા મારી સતત કાળજી, લેવાઈ રહી હતી, ધ્યાન અને સમર્થન મળી રહ્યું હતું. ઘણીવાર વધુ પડતી કાળજી અને પ્રેમ પણ સમસ્યા ઉભી કરતા હોય છે.

મારા માતા-પિતા મને ઘરે પાછો ફરેલો જોઈ ખૂબ જ આનંદિત થઈ ઉઠ્યા હતા. તેમની આંખમાંથી હર્ષનાં આંસુ સરી રહ્યા હતા. એક ક્ષણ માટે પણ મને એકલો મૂકવામાં આવતો ન હતો. બાએ પ્રેમથી મારા માટે ગરમ રોટલી, શાક, અથાણું અને મીઠાઈ જેવી વાનગીઓ બનાવી હતી. તે મને આરામ કરવાનું કહી, સતત મારી પડખે રહેતી. છ મહિના સુધી એકબીજાથી દૂર રહી પાછા ફર્યા પછી કેવું લાગ્યું કે ખોવાઈ ગયેલી યુવાનીના સમયની બધી જ લાગણીઓ પાછી ફરી છે. મને એ સમયની સ્મૃતિ થઈ આવી જ્યારે તે દિવસ-રાત કામ કરતી અને ઘરની વ્યક્તિઓની સેવા કરતી હતી. તેની પાસે ક્યારેય પોતાના માટે સમય નહોતો. તે તદ્દન નિસ્વાર્થ અને પરિવારનો સુપરહીરો હતી. જ્યારે મુશ્કેલીનો સમય આવ્યો ત્યારે પણ તેની મદદ અને સમર્થન હંમેશા અમારી સાથે હતા. ભાવનાઓના પૂરમાં હું એવો તો તણાઈ ગયો હતો કે મેં મારી રોજીંદી કસરત અને ચાલવાનું છોડી દીધું હતું. ઘણો ખરો સમય હું આરામ કરતો અને અનેક લોકોને મળતો. રોજિંદી દિનચર્યાઓ તથા સારી આદતોને કોરાણે મૂકી દીધી હતી. માનવીના સ્વભાવ મુજબ જ્યારે તે કોઈ સારું કે મહાન કામ કરે છે ત્યારે તે ઉત્સાહમાં આવી જઈને તેના કાર્યોના સાતત્યને કંઈક અંશે વિસારી દેતો હોય છે અને આવું જ મારી સાથે થયું હતું મારી જીતમાં હું એટલો વહી ગયો હતો કે મેં મારી ભવિષ્યની યોજનાઓ વિશે વિચારવાનું પણ છોડી દીધું હતું.

કદાચ, તેને પરિણામે મને હૃદયરોગનો હુમલો થયો. એક દિવસ હું ઘરે આરામ કરતો હતો અને મારી નાની દીકરી, સાક્ષી મારી બાજુમાં બેઠી હતી. અચાનક મને એવું લાગ્યું કે મારા આખા શરીરમાં સખત દુખાવો થઈ રહ્યો છે અને હું અસ્વસ્થતા અનુભવી રહ્યો હતો. સાક્ષી ખૂબ ગભરાઈ ગઈ અને શું કરવું તેની સમજમાં ન આવ્યું તેથી અમારા હૃદય કુંજ નિવાસી રાજેશભાઈને બોલાવી આવી. અમે અમારા પારિવારિક ફિઝિશિયન ડોક્ટર વી. એન. પાંડયા પાસે લઇ જવાનું વિચાર્યું, પરંતુ ખુબ વરસાદ ને લીધે રસ્તાઓ ઉપર પાણી ભરાઈ ગયા હોવાથી અમને ઘર પાસે આવેલી જ્યુપિટર હોસ્પિટલમાં જવાની ફરજ પડી. મને ટેક્સીમાં બેસવામા પણ તકલીફ પડી રહી હતી તેથી મારી દીકરીને થોડી ચિંતા થઈ પરંતુ તે મક્કમ બની મને સંભાળી રહી હતી. રસ્તામાં જ સાક્ષીએ મને સારું થઈ જાય તે માટે પ્રાણ ચિકિત્સા આપવાનું શરૂ કરી દીધું હતું. મને ખૂબ વેદના થઈ રહી હોવા છતાંય મને એવી લાગણી થઈ આવી કે બાળકોને ઉછેરવામાં હું સફળ રહ્યો છું. મારી બંને પુત્રીઓ તેમની માતા વગર મોટી થઈ હતી, પરંતુ તેમણે ક્યારેય કોઈ વાત માટે મને ફરિયાદ કે માંગણી નથી કરી અને હંમેશા યોગ્ય કામ કર્યું છે. તેઓ ખૂબ જ ડાહી અને આત્મનિર્ભર હતી. મને સમજાઈ ગયું કે તેઓએ પોતાની સંભાળ રાખવાની તાકાત કેળવી લીધી છે. જો કદાચ! આજે રાતે જ મારુ મૃત્યુ થાય, તો પણ મને વિશ્વાસ હતો કે તેઓ જે રીતે આગળ વધી રહ્યા છે મને અવશ્ય ગૌરવ અપાવશે. સાક્ષીએ તરત જ મુંબઈમાં મારા ભાઈઓ અને પીનાનો સંપર્ક કર્યો હતો. મારી મોટી પુત્રી

ભૂમિ બેંગ્લોરથી બીજા જ પ્લેનમાં અહીં આવી ગઈ હતી. 'હૃદય કુંજ' ની મારી ટીમ તરત જ મારા માતા પિતાને લઈ હોસ્પિટલ આવી ગયા હતા. ડૉક્ટરે જણાવ્યું કે તે હૃદયરોગનો હુમલો (હાર્ટ એટેક) હતો. મને તેમજ મારા પુરા ફેમીલી માની શકતું નહોતું કે મને હૃદયરોગનો હુમલો આવી શકે.હૃદયરોગનો
સ્વાસ્થ્યનો અર્થ ખૂબ જ વિસ્તૃત છે, ઘણી વખત તેને સ્પષ્ટપણે લેવાને બદલે આપણે સહજ રીતે લેતા હોઈએ છીએ. સ્વાસ્થ્ય આપણા જીવનની લાગણીઓ સાથે પણ સંકળાયેલું છે અને શબ્દો જે માહિતી આપે તેના કરતાં વધુ તેની સાથે વાત કરતું હોય છે, શારીરિક અંગો, માનસિકતા અને લાગણીઓ વ્યક્તિની આ સંપૂર્ણતાને આવરી લેતો તે પવિત્ર વિચાર છે.

મને તરત જ હોસ્પિટલના ક્રિટિકલ કેર યુનિટમાં લઈ જવામાં આવ્યો અને શારીરિક તપાસ શરૂ કરવામાં આવી. પ્રથમ વખત હું ખૂબ અશક્તિ અનુભવી રહ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજવા માટે કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રાહુલ પાટીલે એન્જીઓગ્રાફી કરાવવાનું કહ્યું, અને માંદગીના યોગ્ય નિદાન માટે હું એન્જોગ્રાફી અને બીજી જરૂરી પ્રક્રિયાઓ માટે તૈયાર થઈ ગયો. મારી ત્રણ નળીઓ બ્લોક હતી, જેમાંની એક તો ૯૭% જેટલી બ્લોક હતી. ડૉ. રાહુલ પાટીલે ત્યાર પછી એન્જિયોપ્લાસ્ટી કરવા માટે મારા પરિવારને સંમત કર્યો, તેઓ ખૂબ જ ચિંતામાં આવી ગયા હતા. ડોક્ટરે મને જણાવતા કહ્યું કે જો તાત્કાલિક પગલા નહીં લેવામાં આવે તો બીજા ત્રણચાર કલાકની અંદર મને ફરીથી હાર્ટ એટેક આવી શકે છે. પલંગમાં સૂતા સૂતા હું મારા વિકલ્પો વિષે વિચારી રહ્યો હતો અને ડોક્ટર મને એન્જિયોપ્લાસ્ટી માટે લઈ ગયા. મેં આધ્યામિક સલાહ માંગી અને મને આરામ કરી મારી કુદરતી સ્થિતિમાં પાછા ફરવાની મને સલાહ આપવામાં આવી. મને ખાતરી હતી કે આ તબીબી કાર્યવાહી મારા સિદ્ધાંતો સાથે તર્કસંગત નહોતી. હું એમ નથી કહેતો કે તે અસરકારક નહિ હોય, પરંતુ મને તેની ખાતરી હતી કે મારા ભોજન અને જીવનશૈલીમાં ફેરફાર કરીને હું સ્વસ્થ થઇ શકું એમ છું. મેં ચિકિત્સા પદ્ધતિનો ઉપયોગ શરૂ કરી દીધો અને મને વિશ્વાસ હતો કે તેના પરિણામરૂપે હું જરૂરથી સ્વસ્થ થઈ જઈશ. બીજી તરફ મારો પરિવાર વ્યાકુળ થઈ મને કહેવામાં આવેલી, એન્જિયોપ્લાસ્ટી કરાવવાની સલાહ આપી રહ્યો હતો. મારી પાસે વિરોધ કરવા, કે છટકી જવા સિવાય પણ બીજો નાનો વિકલ્પ બચ્યો હતો. ઓપરેશન થિયેટરના પલંગ ઉપર હું સૂતો હતો, અને જાણતો હતો કે મારી વાત સાથે કોઈ સહમત નહીં થાય પણ હું ત્યાંથી વિશ્વાસપૂર્વક ઊભો થઈ ઓપરેશન રૂમમાંથી બહાર નીકળી ગયો. ત્યાંથી હું ઉરલીકાંચન, પૂણે માં આવેલા ગાંધીજીના નેચરોપેથી સેન્ટરમાં ગયો. મારો પરિવાર મારાથી ખૂબ નાખુશ થઈ ગયો. મારો મેડિકલ ઇતિહાસ જોઈ તેઓએ મને દાખલ કરવાની ચોખ્ખી ના પાડી દીધી. પૂણે અને તેની આજુબાજુના વિસ્તારોમાં આવેલી બીજી અનેક નેચરોપેથી સંસ્થાઓમાં હું ગયો પરંતુ દરેક જગ્યાએ આજ સ્થિતિ હતી. છેવટે ભુજમાં આવેલા 'નવજીવન નેચર ક્યોર 'ના પ્રમુખ અને મારા મિત્ર ડૉ. સંતોષ મોહાપાત્ર ની મદદ માંગી. તેઓએ મારી વિનંતી સ્વીકારી અને તેમના કેન્દ્રમાં મને આમંત્રિત કર્યો. તેમણે મને એ સુચના આપી દીધી હતી કે તેઓ જે કરી રહ્યા છે તેને માટે તેઓ ખોટમાં જશે. પરંતુ, અમારી વચ્ચેના આત્મીય સંબંધોને કારણે તેમણે મને મારા પ્રયત્નો ચાલુ રાખવાની સંમતિ આપી.

મને કોઈ પણ ક્ષણે ખોઈ નાખશે તેવા ડરને કારણે મારા માતા-પિતા મારી સાથે ભુજ આવીને રહ્યા. ત્યાંનું વાતાવરણ ખુબ જ સુંદર, અને ભવ્ય સગવડ હતી. આ કેન્દ્ર લીલાછમ બગીચાઓની વચ્ચે આવેલું હતું અને ત્યાં સમગ્ર વિશ્વમાંથી દર્દીઓ આવતા હતા. અહીંની દરેક વ્યક્તિનો શાંત દેખાવ અને સૌમ્ય સ્મિત જોઈ મને ખાતરી થઇ ગઈ કે હું જયારે અહીંથી જઈશ

ત્યારે સંપૂર્ણ રીતે સાજો થઈ ગયો હોઈશ.

બે મહિના સુધી મેં લગભગ ફક્ત કાચો ખોરાક જ ખાધો હતો. જેમાં ખેતરમાં તાજા ઉગેલા શાકભાજી અને ફણગાવેલો ખોરાક રહેતો તે ઉપરાંત મને ફક્ત ગરમ સુપ આપવામાં આવતો અને મસાજ, એનિમા જેવી પ્રાકૃતિક સારવાર દ્વારા શરીરને સ્વચ્છ કરવામાં આવતું હતું. અને તે ઉપરાંત પણ, બીજી અનેક સારવાર આપવામાં આવતી જેના પરિણામે મારી ત્વચા ચમકવા લાગી. આ ઉપચારોને કારણે ફક્ત શારીરિક રીતે નહીં પરંતુ ભાવનામય રીતે પણ મને પોષણ મળ્યું હતું. હું મારો ઘણો ખરો સમય ધ્યાનમાં પસાર કરતો અને સકારાત્મક ઊર્જા ગ્રહણ કરવાનો પ્રયત્ન કરતો. લાગણીનો વિકાસ, શારીરિક વિકાસ સમાન જ છે. જેમ તમે વધુ દયા, કરુણા અને સહાનુભૂતિ અનુભવો તેમ સાચી વસ્તુઓ કરવી વધુ ને વધુ સહેલી બનતી જાય. જો એ વાત ખૂબ જ મુશ્કેલ હોય તોપણ સહેલી લાગવા માંડે. જોકે એ વાત પણ એટલી જ સાચી છે કે, 'પીડા નથી હોતી, તો લાભ પણ નથી થતો.' વ્યક્તિએ હંમેશા પોતાની જાતને વધુ ને વધુ ઉન્નત કરવા માટે જરૂરી સમાધાનો કરવા જોઈએ. પીના જ્યારે મને મળવા ભુજ આવી ત્યારે તેને જોઈ હું ખુશ થઈ ગયો, અને તે પણ મારું સારું સ્વાસ્થ્ય જોઈ ખુશ થઈ.

મારા ખૂબ મુશ્કેલીના સમયમાંથી બહાર નીકળી ગયા પછી, મેં ભુજમાં, મારા પૂણેના મિત્રો શ્યામ અને બિંદીયા સાથે દસ દિવસની મૌન વિપશ્યના ધ્યાન પદ્ધતિની તાલીમ લેવાનું નક્કી કર્યું. આ તાલીમ પૂર્ણ કર્યા પછી મેં બે અઠવાડિયા જયેશભાઈની સીધી દેખરેખ નીચે સુગઢમા ઈએસઆઈ વિતાવ્યા, સુગઢ જે મારું બીજું ઘર બની ગયું હતું ત્યાં પસાર કર્યા. જયેશભાઈના આશીર્વાદ અને લીધે હું સંપૂર્ણ રીતે પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત કરી ચુક્યો હતો. ડોક્ટરો મારા વિશે ચિંતાતુર હતાં તેથી હું, ફરીથી મારા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રાહુલ પાટીલને મળ્યો, તેમણે જણાવ્યું, કે જ્યાં સુધી ફરીથી તારી એન્જિયોગ્રાફી કરવામાં નથી આવતી ત્યાં સુધી તું સ્વસ્થ થઈ ગયો છે એની અમને ખબર નહીં પડે. હું શું કરું તે માટે થોડો દ્વિધામાં હતો, અને મારા માતા-પિતા મેં સ્વીકારેલા વિકલ્પથી નારાજ હતા અને જ્યાં સુધી હું પૂર્ણ સ્વસ્થ છું તેવી તેમને ખાત્રી ન થાય ત્યાં સુધી તે મને આગળની શાંતિ યાત્રા પર જવા દેવા માગતા નહોતા. જેમની સાથે હું રોજ ચાલવા જતો હતો, તેમના ફોનનો જવાબ હું આપી શકું તેમ નહોતો. હું તેમની સલાહને ધ્યાનમાં લઈ અને રોજ થોડો સમય પ્રાણાયામની કસરતો કરવા લાગ્યો. જ્યારે હું ઘરે પાછો આવ્યો ત્યારે, મે ઘરે પુસ્તકો વાંચવાનું અને ચર્ચા સત્રોમાં જોડાવાનું અને બીજાઓની ચિકિત્સા સાથે સાથે મારી જાતને પણ સુધારવાનું નક્કી કર્યું. મારા મિત્ર, વિજયભાઈ ભટ્ટ, જેમને બે વખત આંતરડાનું કેન્સર થયું હતું અને તેમાંથી તેઓ સફળતાપૂર્વક તેમની ચિકિત્સા પદ્ધતિ દ્વારા બહાર નીકળી ગયા હતા. તેઓ પોતાની જાતના જ ચિકિત્સક બન્યા હતા અને તેને સમર્પિત કાર્યો કરતા હતા. તેમણે 'માય કેન્સર ઈઝ મી' નામનું પુસ્તક પણ લખ્યું હતું. કેન્સરમાંથી પુનઃ સ્વસ્થતા, દસ દિવસના આ આ કાર્યક્રમનું સંચાલન કરવાના હતા. મેં પણ મારી ચિકિત્સા પધ્ધતિને વધુ ઉન્નત કરવા માટે તેમાં મારું નામ લખાવ્યું. મારી આજુબાજુ બધા જ ખુબ ખુશ હતા અને યોગ્ય રીતે કાર્ય કરતા હતા તેમ છતાંય ત્રીજે દિવસે મને અસ્વસ્થતા લાગવા લાગી. મેં તેના પર વધુ ધ્યાન ન આપતા તેમાં જોડાયેલો રહ્યો, અને સાતમે દિવસે ફરીથી મારા શરીરમાં સખત દુખાવો થવા લાગ્યો અને અસ્વસ્થતા વધવા લાગી. મારા શરીરમાં સાકરનું પ્રમાણ ખૂબ વધી ગયું અને મને ફરીથી હાર્ટ એટેક આવ્યો.

જ્યારે મારી આંખ ખુલી ત્યારે પીના મારી બાજુમાં હતી, મુંબઈથી તે મારા ભાઈ મહેન્દ્રને લઈ મને તાલીમ શિબિરમાંથી લઈ જવા આવી હતી. હું નવાઈ પામી તેને જોઈ રહ્યો, મારી સામે

આંખો મેળવી તેણે મને ભોજન કરાવ્યું અને મારા પ્રત્યે કાળજી દર્શાવી. તેનો ચહેરો દર વખતની જેમ ઝળકી રહ્યો હતો અને તે પહેલાં જેટલી જ સુંદર લાગતી હતી. મારા તરફની તેની ચિંતા બતાવી રહી હતી કે આટલો લાંબો સમય એકબીજાથી દૂર રહ્યા છતાં અમારી વચ્ચે હજુ પ્રેમ જળવાઈ રહ્યો હતો. અમારો પ્રેમ એ બે મજબૂત થાંભલા જેવો હતો જે પોતાની રીતે ઊભા રહેવા સક્ષમ હોય અને છતાંય ઉભા રહેવા માટે તેને બીજાના ખભાની આવશ્યકતા હોય. આજુબાજુની પરિસ્થિતિઓને લક્ષમાં લીધા વગર તેઓ એકબીજા પ્રત્યે પ્રેમ દર્શાવી સાથે કાર્યરત રહી શકે.

તે મારા પ્રત્યે હંમેશા પ્રેમાળ રહી હતી અને જ્યારે તે મને છોડી ગઈ ત્યારે પણ મને વિશ્વાસ હતો કે અમારા પ્રેમ માટે હજુ તેનું હૃદય ધડકી રહ્યું છે. ઘણીવાર, મેં પણ તેને સમજવામાં ભૂલ કરી હતી. તેના સખત વર્તનની નીચે છુપાયેલા તેના માયાળુ હૃદય પ્રત્યે હું બેધ્યાન રહ્યો હતો. તેણે જે કર્યું તે કદાચ બરાબર હતું, જે વ્યક્તિ પ્રથમથી જ પીડા સહન કરતી આવી હોય તે આવી રીતે જ વર્તે. સંજોગોને અનુલક્ષીને તેણે મારો હાથ પકડ્યો હતો જે મારે માટે આશીર્વાદ સમાન હતો. હું હજીએ તેની સાથે પ્રેમમાં હતો અને તેની સાથે ફરીથી જોડાવા માંગતો હતો, પરંતુ લાચાર હતો.

જ્યારે હું ઘરે પાછો આવ્યો ત્યારે સારી રીતે સુઈ શકતો હતો. મારી જીવનશૈલી અને ખોરાકનું બરાબર ધ્યાન રાખવામાં આવી રહ્યું હતું. મારા સ્વાસ્થ્ય માટે હવે હું આશાવાદી બન્યો હતો. મારો પરિવાર મારા પ્રત્યે થોડો ક્રોધિત હતો અને પીના મને ફરીથી છોડીને જતી રહી હતી. મને એવું લાગી રહ્યું હતું કે હું મારા ઉદ્દેશ્યથી હું દૂર જઈ રહ્યો છું તેથી હું સવારે વહેલો ઉઠી શહેરમાં લટાર મારવા નીકળી પડ્યો. મેં ઘરથી દગડુશેઠ ગણપતિ મંદિર થી સાધુ વાસવાની મિશન. ૧૬.૫ કિલોમીટર જેટલું અંતર ચાલીને પૂરું કરવાનું શરૂ કરી દીધું હતું. કંઈ ન છોડવાના નિર્ધાર સાથે મેં મારી બધી શક્તિ ફરીથી કામે લગાડી દીધી હતી. થોડા જ સમયમાં મેં છ કિલો વજન ઉતાર્યું અને તેને જ મારી કાયમી જીવનશૈલી બનાવવાનું નક્કી કર્યું.

એક દિવસ સાક્ષી ફ્રેશ જ્યુસનો ગ્લાસ લઈ મારી પાસે આવી, અને મને કહ્યું કે છેલ્લા ઘણા દિવસથી તમારી શારીરિક સ્થિતિ સારી દેખાઈ રહી છે, તેને માટે, તમે શું કરી રહ્યા છો ? મેં તેને સસ્મિત સૌમ્ય રીતે, ઉત્તર આપતા કહ્યું કે "હું મારું ચાલવાનું ફરીથી શરૂ કરી રહ્યો છું". અને મેં તેને ખાતરી આપી કે હવે આવી કોઈપણ સમસ્યાઓમાં ફસાવાથી હું દૂર રહીશ. તે ઉપરાંત મેં તેને એમ પણ જણાવ્યું કે નિતીન સોનાવાનેએ મને સાઉથ આફ્રિકાની શાંતિ યાત્રામાં જોડાવાનું આમંત્રણ આપ્યું છે. અને, કેટલાક અઠવાડિયાની નબળી શારીરિક સ્થિતિ પછી પણ મેં કેવી રીતે મારું ચાલવાનું જાળવી રાખ્યું છે. મારી વાત સાંભળી સાક્ષી અસમંજસમાં મુકાઈ ગઈ અને તેણે વિરોધ કર્યો.

એવું નહોતું કે તે મારું સમર્થન નહોતી કરતી, પરંતુ તે મને ખૂબ પ્રેમ અને મારી કાળજી કરતી હતી અને તેથી તેણે ના પાડી. તેને મારા માતા-પિતાને જણાવ્યું કે હું મારું ચાલવાનું જાળવી રાખવા માગું છું આ સાંભળી તેમને ઝટકો લાગ્યો અને મને કંઈ પણ ન કરવા માટે મારી પર દબાણ કર્યું. મેં તમને મારા ચાલવાનું તથા મારા પોષણયુક્ત આહાર નું ગણિત સમજાવ્યું અને કહ્યું કે જો તમે મારી પર નિયંત્રણ રાખશો તો હું ખલાસ થઈ જઈશ. મારા સ્વપ્નોનો અંત લાવવો એ મારા જીવનના અંત લાવવા સમાન છે.

મારા જીવનની યાત્રામાં મારા સ્વાસ્થ્યના ઉપર આવેલા બધા જ પડકારો મારે માટે આશીર્વાદ

સમાન નીવડ્યા હતા. મારા હાર્ટ એટેકે મારી અંદરથી મૃત્યુના ભયને નાબૂદ કરી દીધો હતો અને મેં મારા શરીરના અંગોને દાનમાં આપવાનું નક્કી કરી મેડિકલ ઈન્સ્યોરન્સ ને પૂર્ણ રીતે બંધ કરી દીધો. ભાવનાના અકાળે થયેલા મૃત્યુએ મારા જીવનનો માર્ગ સંપૂર્ણ રીતે બદલી નાખ્યો હતો અને હવે હું ઉદ્દાત કાર્ય માટે જ મારું સ્વાસ્થ્ય ફરીથી મેળવવા માંગતો હતો. મને એ વાતનું સંપૂર્ણ જ્ઞાન હતું કે મેં એ રસ્તે ચાલવાનું શરૂ કર્યું હતું જ્યાં ઘણા ઓછા લોકો ગયા હતા, પરંતુ જો હું એકલો જ હોઉં તો પણ, મારે મારો માર્ગ બદલવો નહોતો.

" પ્રત્યેક માનવી તેના ભૂતકાળમાં બનેલી અગણિત ઘટનાઓનો સમન્વય હોય છે. આ ઘટનાઓ સારી પણ હોઈ શકે અને ખરાબ પણ હોઈ શકે પરંતુ મહત્વની વાત એ છે કે આપણે તેને કેવી રીતે સ્વીકારીએ છીએ અને તેમાંથી આપણી જાતને કેવી રીતે ઘડી વધુ સારા મનુષ્ય તરીકે સ્વયંને વિકસિત કરી શકાય છે. યોગેશભાઇએ તેમને જીવનમાં જે પ્રાપ્ત કર્યું છે તે અકલ્પનીય છે. પ્રેમનું વાવેતર અને ક્ષમા આ બે ઉદાત્ત ગુણોને તેમણે તેમના જીવનમાં ખીલવ્યા છે, જેનો અનુભવ મેં તેમની સાથેના પાંચ વર્ષોના સંબંધ દરમિયાન અનુભવ્યો છે."



- નિતીન સોનાવાને

(શાંતિમાર્ગના પદયાત્રી અને
મારા જીવનના શિલ્પી)

સરહદની પાર શાંતિ: સાઉથ આફ્રિકા

ધર્મ, ત્વચાનો રંગ કે તેની પૃષ્ઠભૂમિ ના કારણે બીજા પ્રત્યે ધિક્કારની લાગણી સાથે કોઈનો જન્મ થતો નથી. લોકોએ બીજાને ધિક્કારતા શીખવું જોઈએ અને જો તેઓ ધિક્કારતા શીખે તો તેમને પ્રેમ કરતાં પણ શીખવી શકાય છે, માટે જ માનવીના હૃદયમાં ધિક્કાર કરતા પ્રેમ વધુ નૈસર્ગિક રીતે ઉત્પન્ન થતો હોય છે - નેલ્સન મંડેલા.

નેલ્સન મંડેલાને કારાવાસમાં થયેલા તેમના અનુભવોએ અને ત્યારબાદ પોતાના આત્મા અને મન પર તેમની સાધનાઓએ તેમને હાર સ્વીકારવા નહોતી દીધી. આ પ્રસંગ તે સૌ માટે એક પ્રેરણાસ્રોત છે જે પોતાના જીવનને બદલી અને સંઘર્ષથી પ્રગતિનો માર્ગ શોધી રહ્યા છે.

જોકે આ રીતનો સંઘર્ષ ખૂબ અસામાન્ય હોય છે, આપણે માનવી તરીકે તેમાંથી શીખી તેને આચરણમાં મુકી શકીએ. આદરણીય મંડેલાનું જીવન મારી મૂળભૂત માન્યતાઓ ને જાળવી રાખવા અને તેમનું ઉલ્લંઘન કરવાથી બચવા માટે નૈતિક વિકલ્પોની હિતાવહ યાદ અપાવે છે

બીજી તરફ બાપુ જે 'મહાત્મા' તરીકે જાણીતા છે, તેઓ મારા જીવનના નિર્ણયો અને ઘડતરમાં મહત્વના સ્થાને છે. લોકોને ઘણી વખત એ ધ્યાનમાં નથી આવતું કે પ્રમાણિકતા, અહિંસા અને શાંતિ જેવા મૂલ્યોની અવગણના કરવાથી વિશ્વમાં જીવન મુશ્કેલી ભર્યું બનતું જાય છે. આ બધાની ઉપર ગાંધીજીએ સત્યને સ્થાન આપ્યું હતું. તેમણે એ ફક્ત શીખવાડ્યું નહોતું પરંતુ તેને જીવી બતાવ્યું હતું, તેનું આચરણ કરી બતાવ્યું હતું. 'આંખની સામે આંખ કાઢવાથી સમગ્ર વિશ્વ આંધળું બની જાય છે' તેમણે વિશ્વમાં અનેક લોકોના જીવનને બદલ્યું હતું અને અહિંસાના માર્ગ પર આગળ વધવા લોકોને સતત પ્રેરણા આપી હતી. નફરત અને દ્વેષથી ક્યારેય કંઇ મેળવી શકાતું નથી અને તે ખરાબ પરિણામો ઉત્પન્ન કરે છે તે વાત પર આપણે વધુ ધ્યાન નથી આપતા.

ઉપરાઉપરી બે હાર્ટ એટેક પરના હુમલા આવી ગયા હોવાથી મારા પરિવારે મારી યાત્રા માટે મારું સમર્થન ન કરવાનું નક્કી કર્યું હતું. આ વિશ્વમાં જન્મ લેતી કોઈપણ વ્યક્તિ તેના જન્મ પહેલાથી જ અમુક સંબંધો સાથે બંધાઈ ગઈ હોય છે. માનવીએ જીવનમાં જે પાત્ર નિભાવવાનું હોય છે પ્રથમથી જ નિર્ધારિત હોય છે અને હું પણ તેમાંથી બાકાત નહોતો. પિતા તરીકે હું મારી દીકરીઓ માટે, અને પુત્ર તરીકે મારા વૃદ્ધ માતા-પિતાની લાગણીઓ માટે જવાબદાર હતો જેમણે હું આજે જેવો છું તે માટે મારા જીવનનું ઘડતર કર્યું હતું. કોઈપણ કિંમતે હું મારી આ જવાબદારીઓને અવગણી શકું તેમ નહોતો. પરંતુ, હું જાણતો હતો કે વિશ્વ શાંતિ અને સંવાદિતાના વધુ મોટા ઉદ્દેશ્ય સાથે હું પ્રતિબદ્ધ હતો.

તેથી મારા પરિવારના વિરોધ છતાં ત્રણ મહિના પછી મેં નક્કી કરી લીધું કે હું ફરીથી શાંતિ યાત્રા કરીશ. મારી ઉંમર ૬૩ વર્ષની થવા આવી હતી અને મારા માતા-પિતા તેમના નેવુના દાયકામાં પ્રવેશી ચૂક્યા હતા અને મારી સાથે વધુ દલીલ કરી શકે તેવી સ્થિતિમાં ન હતા, તેમ છતાંય મેં મારા ઉચ્ચ ઉદ્દેશ્યની પસંદગી કરી અને તે માટે લોકો સાથે જોડાઈ યાત્રાની તૈયારીઓ શરૂ કરી.

મારી યાત્રા હું કયા સ્થાન પર કરું તે માટે હું નિશ્ચિત ન હતો. તેથી મેં પાકિસ્તાનના વિઝા મેળવવા પ્રયત્ન કરવાનો શરૂ કર્યો પરંતુ તે રાષ્ટ્રને નિર્ણય કરવા માટે પોતાના નિયમો હતા,

સંબંધો સ્થાપવા હું જેટલુ વધું કાર્ય કરતો તેટલું હું મારા અંતિમ ધ્યેય થી દુર ધકેલાતો. હું હતોત્સાહ થઈ ગયો પરંતુ મારા ઉદ્દેશ્ય પ્રતિ વળગી રહ્યો અને જલંધર સાથે વાત કરી જેને મને બાંગ્લાદેશની યાત્રા કરવાનો સુઈ સુઝાવ આપ્યો.
હું રોમાંચિત થઇ ઉઠ્યો અને ટિકીટ કઢાવવા માટે મેં નિતીન સોનાવાનેનો સંપર્ક કર્યો. શાંતિના ક્ષેત્રે નીતિનભાઈ યુવાનીના સમયથી જોડાયેલા હતા. ચાલીને તથા સાયકલિંગ દ્વારા તેમણે શાંતિ અને સંવાદિતાના સંદેશનું પ્રવર્તન કરવા તેમણે કોઈપણ વળતર વગર વિશ્વમાં પ્રવાસ કર્યો હતો. જ્યારે અમે મળ્યા ત્યારે અમે એકાદ કલાક જેટલી લાંબી વાતચીત કરી જેનું તાત્પર્ય હતું કે સાઉથ આફ્રિકાની અંદર શાંતિના ઉદ્દેશ્યને પ્રોત્સાહન આપી, "Gandhi@150 to Mandela@100" - (ગાંધી @૧૫૦ અને મંડેલા@૧૦૦) ના સૂત્ર સાથે શાંતિ યાત્રા કરવી. તેઓ ખૂબ સહજ અને સૌમ્ય રીતે વાત કરતા હતા, વિશ્વની અંદર આ બન્ને દિવ્ય જીવોના સ્મારક તરીકે તેમનો સંદેશ તથા શિક્ષાને પ્રોત્સાહિત કરવાના તેમના પ્રસ્તાવને મેં સહર્ષ સ્વીકારી લીધો. અને બાંગ્લાદેશની યાત્રા પાછી ઠેલી. ત્યાર પછી મેં મારા માતા-પિતા અને સંબંધીઓને સંદેશો મોકલ્યો કે હું, મારી જાતની સંભાળ રાખીશ અને સલામત રહીશ. પરંતુ તેમના તરફથી કોઈ પ્રત્યુત્તર ન આવ્યો કારણકે કદાચ તેઓ મને સમજાવીને કંટાળી ગયા હતા.

થોડા સમય પછી સાક્ષીએ કહ્યું, "ડેડ, જ્યારે પણ પૈસા વગર યાત્રા કરી, શાંતિનો સંદેશો ફેલાવવાની જ્યારે પણ વાત આવે છે ત્યારે તમે કેટલા ઉત્સાહી થઈ જાવ છો" પછી તેણે અટકીને કહ્યું, "હું તમારી સાથે આવી તેનો આપ અનુભવ કરવા માંગુ છું. મને મારી જાતે અનુભવ કરવો છે કે આ બધું કેવી રીતે થાય છે અને હું તમારી સાથે જોડાવા તૈયાર છું. હું તેના સાચા, પરંતુ થોડા શંકાસ્પદ ચહેરા સામે જોઈ રહ્યો, એવું લાગતું હતું કે તે મારી સાથે જોડાવામાં ખરેખર રસ ધરાવે છે પરંતુ તેની વાતો એ મને થોડો નિરાશ કર્યો હતો. આજના યુવાનો માટે વ્યવહારિકતા વિનાનું જીવન જીવવું અઘરું છે. તેને શાંતીનો સંદેશ ફેલાવવાના આશયમાં વિશ્વાસ નહોતો પરંતુ, તે મને જાણતી હતી અને મારા ઉદ્દેશ્યમાં વિશ્વાસ રાખતી હતી. "તું જરૂરથી આવી શકે છે, હું ઇચ્છું છું કે તુ તારી જાતે અનુભવે કે માનવતા કેવી રીતે ચારે તરફ હવાની જેમ પ્રસરી રહી છે, જેને વ્યક્તિ જોઈ નથી શકતી પરંતુ અનુભવી શકે છે." મારા મુખ પર સ્મિત સાથે અને હૃદયમાં ગર્વ સાથે મેં તેને પ્રત્યુત્તર આપ્યો. અને પરિણામે, સાક્ષી, મારા યુવાન સાથી તરીકે મારી સાથે આવવા તૈયાર થઈ ગઈ અને મને ખાતરી થઇ ગઈ કે હું સાઉથ આફ્રિકાની યાત્રા પૂર્ણ કરીશ.

તેને જાણવું હતું કે હું આટલું લાંબું અંતર ચાલીને કેમ પસાર કરું છું અને મારા શાંતિ ના માર્ગમાં હું શું જોઉં છું, કે શું અનુભવું છું! મેં મારા જે અનુભવો તેની સાથે વહેંચ્યા હતા તેને હવે તે જાતે અનુભવવા માંગતી હતી અને તેથી તેને મારી સાથે જોડાવાની વિનંતી કરી. એક રક્ષણ કરનારા પિતા તરીકે હું તેના માટે થોડો ચિંતિત પણ હતો અને એ વાતે નિશ્ચિંત પણ હતો કે મારી પુત્રી મારી શાંતિ યાત્રામાં મારી સાથે છે. સમય કેટલો ઝડપથી પસાર થઈ ગયો હતો તેનું મને ધ્યાન જ નહોતું, સાક્ષી મોટી થઈ ગઈ હતી, અને તેની પ્રેમાળ માતા પાસેથી તેના વિચારો, સૌંદર્ય અને આત્મવિશ્વાસને વારસામાં લઈને જન્મી હતી.

અંતે, મારા માતા-પિતાએ મને યાત્રા માટે આશીર્વાદ આપ્યા. જ્યારે મારો ભાઈ મહેન્દ્ર હજુ મારા પ્રત્યેની ચિંતાને કારણે તેનો વિરોધ કરતો હતો. મોટાભાઈ અને બાને ચિંતા થવી સ્વાભાવિક હતી પરંતુ મેં તેમને વચન આપ્યું કે જો કંઇ પણ થશે તો હું પાછો આવી જઈશ

અને તેમને તરત જ જાણ કરીશ. પરિવારના સ્નેહે હંમેશા મારા સપનાઓને સમર્થન આપ્યું હતું, હાર્ટએટેક આવી ગયા પછી મેં એક વાત નિશ્ચિત કરી હતી કે હું આ વિશ્વમાં હવે જેટલો પણ સમય પસાર કરીશ તે વિશ્વ શાંતિ માટેના મારા ઉત્તમ પ્રયત્નો હશે.

હાર્ટએટેકે મને પરિસ્થિતિને જુદી રીતે લેતા શીખવ્યું હતું, મને મૃત્યુનો ભય નહોતો રહ્યો અને માનવતાની સેવા કરવા હું મારાથી શક્ય હોય તે બધું જ કરવાનો હતો. તે ઉપરાંત, બીજી નોંધપાત્ર વાત એ હતી કે, મેં મારું મેડિકલ ઈન્સ્યોરન્સ કવરેજ બંધ કરાવી દીધું હતું અને મારા મૃત્યુ પછી મારા અંગોનું દાન કરી સમાજની મદદ કરવાની અને તમના દવારસ જીવવાની ઇચ્છા રાખતો હતો. આ વાત ક્યાંક મારા પરિવારને વધુ અસર કરી રહી હતી પરંતુ તેમના આશીર્વાદ સ્વીકારી હું આગળ વધ્યો.

અમે લોકોએ ગાંધી તથા મંડેલાના વારસાને વિશ્વમાં ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે તેમના શાંતિ માર્ગને અનુસરવાનું શરૂ કર્યું હતું. અમે લોકોએ "Gandhi@150 to Mandela@100' સૂત્ર સાઉથ આફ્રિકાની અમારી શાંતિ યાત્રા માટે પસંદ કર્યું હતું. તેનું મુખ્ય કારણ એ હતું કે તે વર્ષે ગાંધીજીની 150મી જયંતિ તથા આદરણીય મંડેલાનું

શતાબ્દી વર્ષ હતું. મારા આ અભિયાનમાં નીતિન સોનાવાને જે આજે ૩૦ વર્ષના એન્જિનિયર અને ગાંધી પીસ વોકર સંમિલિત હતા. તેઓ મહારાષ્ટ્રના નાના શહેર 'રાશિન' માંથી આવતા હતા અને તેમણે બાઈસીકલ પર યાત્રા કરીને વિશ્વમાં શાંતિ અને અહિંસાનો સંદેશ ફેલાવ્યો હતો. ત્યાંર સુધી તેમણે વિશ્વના ૧૭ રાષ્ટ્રોમાં, લગભગ ૨૫,૦૦૦ કિલોમીટર નો પ્રવાસ પૂર્ણ કર્યો હતો. અને તેમને સંપૂર્ણ ખાતરી હતી કે એક દિવસ આ નાનું શાંતિ અને સંવાદિતા નું કાર્ય સીમારેખાઓને અતિક્રમી દૂર સુધી જશે. અમારી સાથે તેમના ઉપરાંત જાપાનના બૌદ્ધ સાધુ ઇકેડા કાનસીન જોડાયા હતા. તે ઉપરાંત ભારતમાંથી સેવાગ્રામના 'જલંધરનાથ ચાનોલે' પૂણે શ્રીલંકા શાંતિ યાત્રા દરમિયાન મારા યજમાન બનેલા કરાડના સંગ્રામ પાટીલ, અને પુણેના WIOTIO જૂથના દિલીપ તાંબોલકર જેવા બીજા અનેક લોકો જોડાયા હતા. તે ઉપરાંત અમારી સાથે દિલ્હીના અરુણ કશ્યપ અને મારી તરુણ દીકરી સાક્ષી અમારી શાંતિ યાત્રાના સાથી હતા.

અમારી યાત્રાની શરૂઆત, આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ 21 સપ્ટેમ્બર ના દિવસે પૂણેથી થઈ હતી. વિદાયગીરી રૂપે અમને લોકો તરફથી અનન્ય પ્રોત્સાહન, અકલ્પનીય ભેટો અને અમારો બધો સામાન ખેંચી શકે તેવી મોટી ટ્રોલી આપવામાં આવી હતી. સોમનાથ અને વિજયભાઈ અમારી આ યાત્રા માં અમારા સામાનનું ધ્યાન રાખવા સાથે નથી તે જાણતા હોવાથી અમે સામાન રાખવા મજબૂત અને મોટી સ્ટીલની ટ્રોલી લીધી હતી જે સાઉથ આફ્રિકાના સખત વાતાવરણમાં ખરાબ ન થાય. તે વખતે તેને ઉચકવી થોડી ભારે હતી પરંતુ, રસ્તા પર અમારું વજન સહેલાઈથી ખેંચી શકતી હતી.

અમારો ચાલવાનો ઉદ્દેશ્ય ગાંધીજી અને મંડેલાના શિક્ષણનો પ્રસાર કરવાનો હતો અમે તેની શરૂઆત બાપુના તત્વજ્ઞાન, 'સ્વચ્છતા જાળવવી એ બીજા પ્રકારની ઈશ્વરભક્તિ છે'. આ વિચાર સાથે કરી હતી. બાપુ નો વિચાર 'સ્વચ્છ ભારત' ના આજુબાજુના વાતાવરણને સ્વચ્છ રાખવાના ખ્યાલ કરતા ઘણો આગળ છે કારણકે તેમાં વ્યક્તિગત સ્વચ્છતાનો પણ સમાવેશ છે અને આપણી ભાગદોડ ભરી જીવનશૈલીમાં તે ક્યાંક ચુકાઈ જાય છે.

ગાંધીજી તેમની આજુબાજુની બધી જ વસ્તુઓને ખૂબ સ્વચ્છ રાખતા અને બીજા પાસે પણ તેનો આગ્રહ રાખતા. સ્વચ્છતા માટે સમય આપવાથી તમે ફક્ત માંદગીને આવતી નથી રોકતા પરંતુ પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટે લાગતી શક્તિ અને પૈસા બંનેની બચત થાય છે. અમને લોકોને, અમારા યજમાનના અતિથિગૃહ, માસ્ટેકની બાજુમાં આવેલો વાશીનો સ્થાનિક બગીચો સાફ કરવાની ઉત્તમ તક મળી ગઈ. ગાંધી આશ્રમ, વર્ધાથી આવેલા મારા સાથી જલંધરભાઈ અને અરુણ કશ્યપજી, જે સામાજિક કાર્યકર હતા તેઓએ આ સંપૂર્ણ કાર્યની આગેવાની લીધી. અમે લોકો ફક્ત શાંતિ અને એકતાનો સંદેશો પહોંચાડવા નહોતા ચાલતા પરંતુ અમે જે કાર્યો કરતા તેનો પ્રચાર પણ કરતા.

સાઉથ આફ્રિકા જતા પહેલા હું મારા માતા-પિતાને મળવા ગયો, તેમની ઇચ્છા મને વિદાય આપવાની હતી. મોટાભાઈએ મને એક ચિઠ્ઠી આપી અને કહ્યું કે જ્યારે તું તારા ગંતવ્ય સ્થાને પહોંચી જાય પછી તેને ખોલજે. મારી આંખમાંથી આંસુ રહેવા લાગ્યા જયારે મોડી રાતે જ્યારે મેં સંદેશો વાંચ્યો, ત્યારે તેમાં લખ્યું હતું, "અમે હવે વૃદ્ધ થયા છીએ અને ક્યારે પણ અમારું મૃત્યુ ગમે ત્યારે થઇ શકે છે તો એવી પરિસ્થિતિમાં તું પાછો ન આવતો; અને તારું ધ્યેય સિદ્ધ કરજે. અમારા આશીર્વાદ તમારી સાથે છે" ખૂબ જ ગહન તથા ઉદ્દાત અભિવ્યક્તિ!

તે ઉપરાંત, મારી બહેન પ્રજ્ઞા મને રાખડી બાંધવા આવી હતી, તે મારી બધી જ યાત્રા પહેલા મને રાખડી બાંધવા આવતી હતી. પ્રજ્ઞા એ બધા સત્યાગ્રહી ભાઈઓને રાખડી બાંધી, આટલો ઉમળકાભર્યો સ્નેહ મેળવ્યા પછી બીજા રાષ્ટ્રમાં જઈ જુદી સંસ્કૃતિ ધરાવતા ત્યાંના લોકો સાથે સંપર્ક સાધવાનો મારો વિચાર મને જાણે સત્ય ઠર્યો હોય તેવી અનુભૂતિ થઈ.

કોને ખબર હતી કે માનવતાની શોધ માટે હું શાંતિ અને એકતાના માર્ગનું અનુસરણ કરીશ! જ્યારે હું પસાર થઈ ગયેલા સમય પર નજર નાખું છું ત્યારે હું કેટલે દૂર સુધી આવી ગયો તે જોઈ શકું છું. કદાચ, આ બધુ પૂર્વનિર્ધારિત હતું. અમે અમારી આ અદભુત શાંતિ યાત્રામાં દુબઈથી જ્હોનીસબર્ગ સુધી આગળ વધવા તૈયાર હતા.

જ્હોનીસબર્ગ માં અમે અમારો પ્રથમ દિવસ 'Ken Little' (કેન લીટલ), 'ધ હીલિંગ આફ્રિકા' સંસ્થાના, સીઈઓ (CEO)ને ગુરુદ્વારામાં મળવાથી કરી. કેન અમારી સાથે સ્વૈચ્છિક રીતે 1,200 કિલોમીટર જેટલા વિસ્તારમાં, મોરિંગા - સરગવાની સિંગના બીજ વાવવામાં જોડાયા. શાંતિ યાત્રાની શરૂઆત બાપુના જન્મદિવસે બીજી ઓક્ટોબરે શરૂ થવાની હતી. તે ઉપરાંત અમને ત્યાંના સ્થાનિક ગુરુદ્વારાઓમાંથી પણ ઘણી મદદ મળી હતી. ત્યાંના સ્થાનિક મહારાષ્ટ્રીયન, ગુજરાતી અને બંગાળી સમુદાયો દ્વારા પણ અમને ઘણું સમર્થન મળ્યું હતું. ભારતીય વારસો અમારા પ્રત્યેક પગથિયે અમારી સાથે હતો, અમે એ વર્ણવી નથી શકતા કે ત્યાંના સ્થાનિક લોકોમાં આ ઉદાત્ત કાર્ય માટે કેટલો બધો ઉત્સાહ હતો.

ઐતિહાસિક રીતે, અમે અમારી આ ઍપીક શાંતિયાત્રા જ્હોનીસબર્ગની 'કનસ્ટીટ્યુશન હીલ પ્રીઝન નંબર 4' થી શરૂ કરી હતી. ઓલ્ડ ફોર્ટ પ્રીઝન નંબર ફોર (4) આ એ સ્થાન હતું જેમાં ઈ.સ.૧૯૦૮ થી ૧૯૧૩ સુધી ગાંધીજીને જેલમાં રાખવામાં આવ્યા હતા.ગાંધીજી જ નહીં પરંતુ સાઉથ આફ્રિકાના રંગભેદ વિરોધી નેતા આદરણીય નેલ્સન મંડેલાને પણ જુદા સમયે, આ ઐતિહાસિક કિલ્લાની જેલમાં જ રાખવામાં આવ્યા હતા.

"અમારો સમય અલગ હોવા છતાં અમારી વચ્ચે એક જોડાણ છે. અમારા એક સમાન જેલના

અનુભવો, અન્યાયપૂર્ણ કાયદાઓ પ્રત્યે અમારો અસ્વીકાર અને સત્ય, જેને હિંસા દ્વારા અમારી શાંતિ અને સમાધાન માટેની આશાઓને નબળી પાડવામાં આવે છે." ગાંધીજી સાથે પોતાનું સગપણ વ્યક્ત કરતા મંડેલાએ ઉપરોક્ત વાત કહી હતી.

અમે અમારી શાંતિ યાત્રાની શરૂઆત, "Gandhi@150 to Mandela@100" સૂત્ર દ્વારા કરી હતી. ત્યાંના બંધારણ ગૃહમાં (કોન્સ્ટિટ્યૂશન હાઉસ) માં વિશાળ જનસમૂહને ભેગો થયો હતો અને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઇન્ડિયા ડૉ. કે. જે. શ્રીનિવાસે અમારી પદયાત્રાને આરંભ કરતો ધ્વજ ફરકાવ્યો હતો. અમારી યાત્રાના પ્રથમ દિવસે અમે અનેક ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી જેમાં, ગાંધી સ્ક્વેર, જે વકીલ તરીકે કાર્યરત રહેલા યુવાન ગાંધીનું ઘર હતું, તથા ચાન્સેલર હાઉસ, મંડેલા મ્યુઝિયમ અને હમીદા મસ્જિદની સામે ની જગ્યા જ્યાં ગાંધીજીએ રંગભેદનો બહિષ્કાર કરતું ક્રાંતિકારી પગલું ભર્યું હતું.
અમે દ્રઢ નિશ્ચયી બની આગળ વધી રહ્યા હતા. અમારી હમીદા મસ્જિદની મુલાકાત દરમિયાન અનેક મુસ્લિમભાઈઓએ અમારા ઉદ્દેશ્યને સમર્થન આપ્યું. મતભેદો હોવા છતાં તેઓ એ વાતનો વિશ્વાસ કરતા હતા કે અમારો ધ્યેય શાંતિનું છે. પુણેના વતની નિઝામભાઈએ અમને તેમના ઘરે આમંત્રણ આપી બોલાવ્યા જ્યાં ચા પીતા પીતા અમે લોકોએ કલાકો સુધી એ વાતની ચર્ચા કરી કે કેવી રીતે, લોકો જ બીજાઓને જુદા પાડે છે અને કેવી રીતે બીજા કોઇપણ જાતનો કરતા માનવતા વધુ સામર્થ્યવાન છે. વાતનો નિર્દેશ કરતા તેમણે કહ્યું કે, કે માનવીય સંબંધોના માર્ગમાં દંભ અને અહંકાર અવરોધક બની જાય છે જે માનવતાને વિકાસવાની પૂરતી જગ્યા નથી આપી શકતું. અને વ્યક્તિ આ વાતનો અનુભવ ત્યારે જ કરી શકે છે જ્યારે તે તેના અહમને ઓળંગી જઈ શાંતિના માર્ગ પર આગળ વધે છે. ત્યાંથી આગળ વધી અમે મી. પટેલ ના ઘરે ગયા જેમણે અમારું સ્વાગત કર્યું. ટૂંકમાં કહીએ તો, ખૂબજ ઓછા સમયમાં અમે ત્યાંના સ્થાનિક રહેવાસીઓ સાથે ઘનિષ્ઠ સંબંધો કેળવી લીધા હતા.

દક્ષિણ આફ્રિકામાં જાતિવાદ સાથે કાયદાકીય ભેદભાવનો રંગભેદના નષ્ટ પામવાથી અંત આવ્યો હતો પરંતુ ત્યાંની સરકાર દ્વારા આર્થિક ફેરફારોનું ધ્યાન રાખવા જાતીય વર્ગીકરણ હજુ પણ કરવામાં આવી રહ્યું છે. અને તેથી, જ્યારે અમે રસ્તા પર ચાલીને શાંતીનો સંદેશ ફેલાવી રહ્યા હતા ત્યારે સાઉથ આફ્રિકાના સ્થાનિક રહેવાસીઓ અમારી ઉપર હસી રહ્યા હતા. કેટલાક લોકોએ તો અમને ચેતવણી પણ આપી કે સલામતીના કારણોસર અહીં રસ્તા પર ચાલવું ખૂબ અસામાન્ય છે; અહીંના લોકો ગરીબી, જાતિભેદ અને લોભને કારણે કઈ પણ વિચાર્યા વગર ખુલ્લી રીતે લોકોને લૂંટતા હોય છે અને ચોરી કરતા હોય છે. જ્યારે, બીજા કેટલાક લોકોએ ઉત્સાહમાં આવી અમારી સામે હાથ હલાવ્યા અને કાંટાળા રાષ્ટ્રની અંદર અમારી પદયાત્રા કરવાના સાહસ માટે અમને અભિનંદન આપ્યા. જોકે, અમે અમારી જાતને ઘણા જ નસીબદાર સમજતા હતા અને ખુશખુશાલ હૃદયથી આભાર વ્યક્ત કરતા અમે દેશની અંદર નવા અનુભવોની શોધમાં ચાલી રહ્યા હતા.

અમે જ્યારે લીનેસીઆ, પહોંચ્યા ત્યારે અમારું સ્વાગત મૂળ ભારતીય મહિલા અનિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રેમાળ મહિલાએ ગાયત્રી મંદિરમાં અમારું આતિથ્ય કર્યું હતું અને બીજે દિવસે અમે ત્યાં ધામધૂમથી ગાયત્રી હવન કર્યો જેનો ઉદ્દેશ હતો શાંતિનો જ હતો.

ત્યાંનું હવામાન સતત બદલાતું રહેતું અને સખત ઠંડી શરૂ થઈ ગઈ હતી, ત્યાંના સ્થાનિક લોકો ઉદારતાથી અમને શિયાળા માટેનું ગરમ કપડા આપી જતા મને એ વાતનો વિશ્વાસ નહોતો થતો કે જેને આપણે ફક્ત થોડા સમય પહેલાં જ મળ્યા હોઈએ તેની સાથે આપણે અચાનક

આટલી બધી આત્મીયતા અનુભવીએ છીએ.

ગાયત્રી મંદિરમાં અમે મોહન હીરા અને જાવીરભાઈ ને મળ્યા, જેઓ મૂળ ભારત, ગુજરાતના હતા અને ખૂબ ઉદાર હતા તેમણે અમને અમારી શાંતિ યાત્રામાં થઈ શકે તે બધી જ મદદ કરવાનું વચન આપ્યું. ત્યારબાદ અમે મોહન હીરા ના ઘરે નિવાસ કર્યો હતો જે અમને 'ટોલ્સ્ટોય ફાર્મ' પર લઈ ગયા. 'ટોલ્સ્ટોય ફાર્મ' એ સ્થળ છે જ્યાં ગાંધીજીએ પ્રથમ વખત સત્યાગ્રહની શરૂઆત કરી હતી. ગાંધીજીએ સાઉથ આફ્રિકાની સત્યાગ્રહ ચળવળના ૧૯૦૮ થી ૧૯૧૪ સુધીના છેલ્લા તબક્કામાં ટોલ્સટોય ફાર્મ ની આધ્યાત્મિક શુદ્ધતા અને તપસ્યાની સરાહના કરી હતી. સાઉથ આફ્રિકાની ચળવળ દરમિયાન ઇ.સ. ૧૯૧૦માં ટોલ્સટોય ફાર્મનું નિર્માણ થયું હતું, જે સાઉથ આફ્રિકાની સત્યાગ્રહ ચળવળ દરમ્યાન નિર્માણ પામેલો પ્રથમ આશ્રમ હતો અને ભારતીયો સાથે થતા ભેદભાવો સામે કરવામાં આવતા પ્રતિકારનું મુખ્ય મથક હતો.

આશ્રમની મુલાકાત દરમિયાન મને અને મારા સાથીઓને ઉત્સાહની અનુભૂતિ થઈ, અમે ત્યાં બાપુની હાજરી અનુભવી રહ્યા અને તેમના જીવંત આત્મામાંથી અમને ઉર્જાનો સ્ત્રોત મળી રહ્યો હોય તેવું અનુભવાયું. હું જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે મને એવી અપેક્ષા હતી કે આશ્રમની મધ્યમાં લીલાછમ વૃક્ષોની વચ્ચે ગાંધીજીની પ્રતિમા હશે અને તેની આજુબાજુ અનેક લોકો તેના દર્શન માટે ઉભા હશે. પરંતુ, વાસ્તવિકતામાં, એવું કઈ જ નહોતું અમને એક ઉજ્જડ જમીનમાં ઉતારી દેવામાં આવ્યા હતા, જેની બહાર ફક્ત 'ટોલ્સટોય ફાર્મ' લખેલું બેનર હતું અને ગાંધીજીનું નાનું ચિત્ર દર્શાવવામાં આવ્યું હતું, આ જોઈ અમે ખૂબ નિરાશ થઈ ગયા. જે સ્થળે ઇતિહાસ રચાયો હતો તેને ગાયોના ચરવા માટેના ઘાસને સડવા દેવા માટે આપવામાં આવી હતી. આ જોઈ અમને ખૂબ જ દુઃખ થયું. મેં કહ્યું, કે ગાંધીજીએ માનવતા માટે આપેલા યોગદાન સાથે આ અન્યાય છે, અને મોહનભાઈને પ્રસ્તાવ મૂક્યો કે અધિકારીઓ સાથે વાત કરી અને અહીં ગાંધીજીનું પૂતળૂ મૂકાવે અથવા ઓછામાં ઓછું એટલું તો કરે, કે ગાંધીજીએ આપેલા યોગદાન અને આ સ્થળના ઇતિહાસ વિશે અહીં તકતી મૂકાવે જેથી અહીં મુલાકાત લેનારી આવનારી પેઢી પ્રેરણા મેળવી, નેતાઓએ શાંતિ અને સ્વતંત્રતા માટે કેવી રીતે યોગદાન આપવું જોઈએ તે શીખે.

મોહનભાઇએ મારી વાતનો સ્વીકાર કર્યો અને આ ઉમદા કાર્ય માટે ત્યાંના અધિકારીઓ સાથે સંપર્ક કરવાની તૈયારી બતાવી. સાથે સાથે અમે તેમને વિનંતી કરી કે આ સુંદર ફાર્મમાં જ અમારા રહેઠાણની વ્યવસ્થા કરાવે. થોડા સમયમાં અચાનક જ ત્યાં હવામાન ખૂબ ખરાબ થઈ ગયું અને તંબુઓમાં મેં આશ્રય લીધો.

યાત્રા દરમિયાન અમને ત્યાંના સ્થાનિક લોકોએ અમને ચેતવ્યા હતા કે અહીંની પોલીસ ઘણી જ ભ્રષ્ટ છે, અમારી પૂછપરછને તે અવગણી શકે છે અને અમારી શોધમાં અમને અવરોધવાનો પ્રયાસ પણ કરી શકે છે. આ સાંભળી અમે થોડા નાસીપાસ અને સાવધાન બંને થઈ ગયા, પરંતુ જ્યારે અમે 'વાલ પોલીસ સ્ટેશન' ના પરિસરમાં આવ્યા ત્યારે અમે તેમની મદદ લેવાનું નક્કી કર્યું. જેમ જેમ અમે તેમની સાથે અમારા ઉદ્દેશ્ય વિશે વાત કરતાં ગયા ત્યારે એ જાણવામાં આવ્યું કે ગાંધીજીને આજ જેલમાં રાખવામાં આવ્યા હતા. અમે જ્યારે રહેવા માટે જગ્યા માંગી ત્યારે તેમણે તેમના પરિસરમાં જેલની બાજુમાં અમને જગ્યા આપી. ગાંધીજી આ જ જેલમાં રહ્યા હતા તે જાણીને અમે થોડા વ્યથિત થઈ ઊઠ્યા, અને થોડો સમય જેલની તે જ કોટડીમાં પસાર કરવાનું નક્કી કર્યું, જ્યાં ગાંધીજીને રાખવામાં આવ્યા હતા.આટલા વર્ષો પછી પણ આ સ્થાનમાં તેમની અલૌકિક ચેતનાનો અનુભવ થયો. ત્યાંના

પોલીસ અધિકારીઓ અમારી અપેક્ષા કરતા મારા પ્રત્યે વધુ નમ્ર અને ઉદાર હતા અને તેથી તેમણે અમને જેલની કોટડીમાં રાતવાસો કરવાની રજા આપી. બીજે દિવસે અમે આગળ વધવા તૈયાર થયા.

પોલીસ અધિકારીઓ અમારા પ્રત્યે ખૂબ જ દયાળુ હતા, અને અમને આગળના સ્ટેશનમાં રહેવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો તે ઉપરાંત તેમને ખાતરી આપી હતી કે અમારો સામાન તેઓ સીધો બીજા સ્ટેશન પર લઈ આવશે. આ સમયે મને વિચાર આવ્યો કે વાસ્તવિકતા ની ચકાસણી કર્યા વગર કેવી રીતે એક મનુષ્ય બીજા મનુષ્યના કાર્ય માટે પોતાનો ચુકાદો આપી દેતો હોય છે! હું તેમના તરફથી મળી રહેલા અદભુત સહકાર ને જોઈ નવાઈ પામ્યો હતો; અને આગળ વધતા મેં તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી.

સાઉથ આફ્રિકાના રસ્તા સીધા નહોતા તેમાં ઘણા જ ઉતાર-ચઢાવ આવતા હતા, થોડા સમય પૂર્વે જ મને હાર્ટએટેક આવી ગયો હોવાથી મને ચાલવામાં તકલીફ થઈ રહી હતી, અમુક દિવસે મને શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી અને તેના બીજે દિવસે મને છાતીમાં સખત દુખાવો થતો હતો. દિવસ અને સમયના અનુસંધાનમાં અહીંનું વાતાવરણ બદલાતું રહેતું, ત્યાંની સવાર અતિશય ઠંડી રહેતી, બપોરના સમયે દઝાડતી ગરમીનો અનુભવ થતો અને સાંજના સમયે ક્યારેક ક્યારેક પડતા વરસાદ સાથે પવન અને ઠંડીનો અનુભવ થતો. હું મારો આત્મા સંયમ જાળવી રાખી મંત્રોચ્ચાર કરતો કરતો ચાલી રહ્યો હતો મને ખબર હતી કે મારો ઉદ્દેશ્ય મારી બીમારી કરતાં વધુ મોટો હતો.

'Gandhi@150 to Mandela@100' શાંતિ યાત્રાનો અમારો પંદરમો દિવસ હતો અને અત્યાર સુધી અમે ૬૦ દિવસમાં ૧,૨૦૦ કિલોમીટરના નિર્ધારિત લક્ષ્યમાંથી ૧૪ દિવસમાં અમે ૩૪૪ કિલોમીટરનું અંતર પૂર્ણ કર્યું હતું. અમારો સહયાત્રી નિતીન જુદી જુદી સંસ્કૃતિના સભ્યો સાથે સંબંધ સ્થાપિત કરવામાં માહિર હતો. અમારી યાત્રામાં, ત્યાંના અનેક સ્થાનિક ગુજરાતીઓએ અમારું સ્વાગત કર્યું હતું, અમારા અનેક યજમાનો તેમના ૭૦ના કે ૮૦ નાં દાયકામાં અહીં પહોંચી ચૂક્યા હતા તેમ છતાં તેમણે ભારતીય આતિથ્યની, 'અતિથિ દેવો ભવ' ની પરંપરા જાળવી રાખી હતી.

મોહનભાઈ, નવસારી, ગુજરાતના ગુજરાતી હતા પરંતુ તેમનો જન્મ, સ્ટેન્ડરટોન, સાઉથ આફ્રિકામાં થયો હતો. તેઓ ખૂબ જ દયાળુ અને ઉદાર હતા. તેમણે અને તેમના પરિવારે સમાજમાં ઉદાર યજમાન તરીકે ખૂબ પ્રતિષ્ઠા મેળવી હતી. તેમના બન્ને સંતાનો અને ભાઈ શશીકાંત પણ તેમના જેવા જ સહ્રદયી વ્યક્તિઓ હતા. તેમના ઘરે અમે પારંપારિક ગુજરાતી ફરસાણ ઢોકળા, તથા સેન્ડવીચ, ફ્રુટસ, અને ઠંડા પીણાનો નાસ્તો કર્યો. ત્યારબાદ, શશીકાંતભાઈ અમને પત્રકાર પરિષદ માટે તેમની ઓફિસ લઈ ગયા. ત્યાંથી અમે વહેલા ભોજન માટે ઘરે પાછા મોહનભાઈ ની ઈચ્છા હતી કે અમે બીજા પત્રકારોને મળીએ અને સમગ્ર શહેરમાં અમારી યાત્રાનું જીવંત પ્રસારણ (લાઈવ-ટેલીકાસ્ટ) બતાવવામાં આવે તેથી અમે ભારતીય સમુદાય કેન્દ્ર તરફ આગળ વધ્યા.અમે અહીં ઘણા ભારતીય લોકોને મળ્યા,નાની ફિલ્મો શૂટ કરી અને અનેક લોકો સાથે ડાઉનટાઉનમાં સહેલ કરી. મોહનભાઈની સાથે કરવામાં આવેલી આ સહેલ ખુબ જ આનંદદાયક હતી અને અમે તેને સીટી સેન્ટર પર પૂર્ણ કરી. ત્યાં અમે કેટલાક ફોટા પડાવ્યા અને ત્યારબાદ મોહનભાઈ અમને ખરીદી કરવા લઈ ગયા. અંતે અમે રાત્રીના ભોજન માટે ઘરે આવ્યા જેમાં સોયા બર્ગર તથા ઘરે બનાવેલી ફ્રેન્ચ ફ્રાઈઝ હતી. આ નવરાત્રિના દિવસો ચાલતા હોવાથી ચારે તરફ ઉત્સવનું આનંદદાયક

વાતાવરણ હતું. કમલભાઈ અમને સમુદાયના ગરબા હૉલ પર લઈ ગયા જ્યાં અમે ત્યાંના સ્થાનિક લોકો સાથે ગરબા ફરી આનંદથી સમય પસાર કર્યો. અમે તેમની સાથે ખુબ જ અદ્ભુત સમય પસાર કર્યો હતો, તેથી તેમનો આભાર માની અમે છુટા પડ્યા અને ડેનહૈઝર ખાતે પીટર રમગુલામ તરફ.

રામગુલમના ઘરે જવા નીકળ્યા, જ્યારે અમે જઈ રહ્યા હતા ત્યારે લોકોનું મોટું ટોળું અમારી સાથે જોડાઈ ગયું અને પોલીસ અમારી આગેવાની ચાલી રહ્યું હતું. માર્ગમાં અમારી બંને તરફ ત્યાંના નાગરિકો અને શહેરના મેયર જોડાયા હતા. આ જોઈને અમે અચંબિત થઈ ગયા. લોકોનું સમર્થન જોઈ અમારો ઉત્સાહ ખૂબ વધી ગયો હતો. પરંતુ હવે દિલીપ તાંબોલકર અહીંના હવામાન અને ખોરાક સાથે તાલમેળ નહોતો સાધી શકતો અને તેથી તેણે યાત્રા છોડી દેવાનું નક્કી કર્યું. પિટર અને શામી તથા તેમનું પૂરું કુટુંબે ખુબ સરસ આતીથ્યા કર્યું.

અંતે હવે અમે ડુંડી તરફ આગળ વધ્યા પરંતુ પંદરેક મિનીટ ચાલ્યા હોઈશું ત્યાં જ વરસાદ પડવો શરૂ થયો તેથી અમે એક દુકાન નીચે અટકી, વરસાદ નું જેકેટ પહેરી અમારી યાત્રા આગળ વધારી. વરસાદને કારણે ફક્ત પાણી જ નહીં પરંતુ ઠંડી હવા પણ આવી રહી હતી, તેથી ખભા પર બેગ અને વરસાદના જેકેટ સાથે ચાલવું અઘરું થઈ રહ્યું હતું. થોડો સમય આરામ કર્યા પછી અમે 'તાલાના મ્યુઝિયમ' પહોંચ્યા. જ્યાં અમે ગાંધીજી અને કસ્તુરબાએ તેમના સાઉથ આફ્રિકાના નિવાસ દરમ્યાન કરેલા કાર્યોની જાણકારી મેળવી.

રવિવારે સવારે વાતાવરણ ખૂબ ખુશનુમા હતું અને અમે કુદરતી સૌંદર્યની વચ્ચે ઘાસમાં અમારી સહેલનો આનંદ મેળવી રહ્યા હતા. માર્ગમાં કરવા પડતા અમારા નાના નાના વિરામોને બચાવતા અમે સતત આગળ વધી રહ્યા હતા. અમારી યાત્રામાં આગળ વધતા, અમે લેડીસ્મિથમાં આવેલા 'સનાતન ધર્મ મંદિર' માં પહોંચ્યા. ત્યાં તેઓ ૧૦૮ હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન કરી રહ્યા હતા. ખૂબ જ સદભાગી હતા કે સાઉથ આફ્રિકામાં અમને આવા યજ્ઞનો ભાગ બનવા મળ્યું અને ત્યારબાદ અમે ત્યાંના જનસમૂહનું શ્રી આનંદભાઈ દિગ્હા ની સહાયથી સંબોધન કર્યું. શ્રી આનંદભાઈ ૮૧ વર્ષના યુવાનીથી તરવરતા વૃદ્ધ હતા અને અમારા ઉદ્દેશ્યમાં વિશ્વાસ રાખી સમર્થન આપતા હતા. અહીંનું વાતાવરણ ઘણું ખરાબ થઈ રહ્યું હતું, મને ભારતની પણ યાદ આવી રહી હતી.

શરદ પૂર્ણિમા - કોહજગીરી ની મધુર રાત્રી હતી. અમારો મુકામ ત્યાંના સ્થાનિક રહેવાસી હિલ્ટન ગ્રીન નાં ત્યાં, જેમણે ઉદારતાથી તેમના ફાર્મ હાઉસમાં પાંચ દિવસ રહેવાની પરવાનગી આપી હતી, ત્યાં હતો. રાત્રે નદી કિનારે આવેલા ફાર્મના ખુલ્લા વાતાવરણમાં, મધુર ચાંદનીમાં બેસી આલ્હાદક સંગીત સાથે અમે કેમ્પફાયર કરી રહ્યા હતા, રાત્રે તંબુમાં સૂઈ જતા હતા. આ એક અદ્ભુત અનુભવ હતો. અમારી શાંતિ યાત્રામાં સ્થાનિક આફ્રિકાનો તથા ભારતીય અકલ્પનીય રીતે અમારી મિત્રતા કેળવી અમને સહકાર આપી રહ્યા હતા.

જ્યાં જ્યાં અમને આવશ્યકતા ઉભી થઇ ત્યારે ત્યાંની પોલીસે પણ અમને ખૂબ સહકાર આપ્યો હતો. યાત્રા પછી થોડો આરામ પછી પાછી યાત્રા અમારી યાત્રા અવિરત ચાલી રહી હતી. ૨૪ દિવસમાં અમે ૫૯૫ કિલોમીટર જેટલું અંતર પૂર્ણ કર્યું હતું. અમે અમારા તંબુઓ પૂર્વ અને પશ્ચિમ દિશાની મધ્યમાં ઊભા કરતા હતા. નવેમ્બર મહિનો શરૂ થઈ ગયો હતો, દિવાળી આવી રહી હતી તેથી અમે ત્યાંના સ્થાનિક મંદિર તરફ આગળ વધ્યા. ન્યુકૅસલ પહોંચી અમે વિનોદભાઈ અને તેમના પરિવાર સાથે દિવાળી સંમેલનમાં જોડાયા. તે ખૂબ જ સુંદર સાંજ

હતી. ત્યાંના સંગીત બેન્ડ દ્વારા ભાવભર્યા ભજનો અને બૉલિવૂડના યાદગાર ગીતોનો સુંદર કાર્યક્રમ યોજાયો અને ત્યારબાદ સ્વાદિષ્ટ ભોજન કર્યું.

સાઉથ આફ્રિકાની અમારી આ યાત્રા માટે હું નીતીનનો આભારી હતો, અને તેથી વધુ આભાર ઈકેડા કેનસીનને તેની સાથે લાવવા માટે હતો. અમારા એક મહિનાના સહવાસ પછી હું ઈકેડા પાસેથી ઘણું શીખ્યો હતો. તે તેના દ્વારા અપાયેલા શિક્ષણે મારા જીવનને આકાર આપ્યો હતો. તેની અંદર હું, ગાંધીજી, આદરણીય મંડેલા, વિનોબા ભાવે, જયેશભાઈ પટેલ તથા નિપુનભાઈ મહેતાની શક્તિઓનો સમન્વય જોતો હતો. તેનું હાસ્ય અને હાજરી બંને અમારી યાત્રા માટે ખૂબ જ મહત્વના હતા. તે સતત મંત્રોચ્ચાર કરતો, અને મને એવી પ્રતીતિ થતી કે તેને કારણે જ અમારા બધાની ચારે તરફ અમને રક્ષણ આપતું અદ્રશ્ય કવચ બની ગયું છે. માનવજાતિની સેવા કરવાનું તેને જાણે ઘેલું હતું. વ્યક્તિગત રીતે મારા પ્રત્યે પણ તે ખૂબ કાળજી રાખતો. તે બધા જ ધર્મસ્થાનોમાં જવાની, ત્યાંના રીતિરિવાજો અનુસરવાની અને ધાર્મિક પ્રાર્થનાઓમાં ભાગ લેવાની ઈચ્છા રાખતો જે તેને જ્ઞાનવર્ધક લાગતું. તે ઉપરાંત તે પ્રત્યેક પરિસ્થિતિ માં હસી શકતો અને તેની શક્તિ અમારી સમજણની બહાર હતી. તેનો બધો સામાન તે પોતાના ખભે ઊંચકીને ચાલતો અને દરેક સમયે, અટક્યા વગર ભગવાન બુદ્ધના લોટસ સૂત્રના એક ભાગનું રટણ કર્યા કરતો. જે આ પ્રમાણે હતું,

'Na Mu Myo Ho Ren Ge Kyo -
(नम्यो हो रेन गे कीयो)'

આટલું જ નહીં તે પ્રત્યેક સહયાત્રીઓને તે એક્યુપ્રેશર કરી આપી, મદદ કરવા હંમેશા તૈયાર રહેતો. તેની તીક્ષ્ણ આંખો કચરાના નિકાલની વ્યવસ્થા, સ્વચ્છતા, અને પોતાનો નાસ્તો લીધા પહેલા બીજા બધા ને આપવા માટે તે તત્પર રહેતો. ઈકેડા માટે હું આનાથી ક્યાંય વધુ લખી શકું એમ છું, કારણ કે તેનું પ્રત્યેક વર્તન હૃદયસ્પર્શી હતું. અમે ગાંધીજી કે આદરણીય મંડેલાજીના સમયમાં નહોતા પરંતુ ઈકેડાના સાનિધ્યમાં રહ્યા પછી તે ખોટ પૂરી થઈ ગઈ હોય તેઓ ચોક્કસપણે કહી શકાય.

અમે પીટરમેરીટઝબર્ગ થી ફક્ત 35 કિલોમીટર દૂર હતા. અમારી અપેક્ષાઓ કરતા ક્યાંય વધુ પ્રેમ અને સહકાર મળી રહ્યો હતો. થ્રોન હીલ છોડી અમે આગળ વધ્યા ત્યારે અમેરિકન ગાયક સ્નાતમ કૌર, દ્વારા સુંદર ભજનો સાથે તમારું સ્વાગત કરવામાં આવ્યું. તેમના મધુર સ્વરે સ્ટુડિયોના વાતાવરણમાં આધ્યાત્મિક અસર ઉભી કરી દીધી. તેમની સાથે અનેક વાતો કરી સમય પસાર કરી અમે તેમના નવા બની રહેલા સ્ટુડિયોના સ્થાન પર જઈ આશીર્વાદ માટે પ્રાર્થના કરી અને તે ભવ્ય સ્થળ છોડી યાદગીરી સાથે છુટા પડ્યા. અમે લોકએ રસ્તામાં આવતા વળાંકોને ધ્યાનમાં લઇ સાવધાની પૂર્વક આજુબાજુના ખેતરોને જોતા જોતા લગભગ 6 કિલોમીટર જેટલું અંતર પસાર કર્યું ત્યાં યુવાન પ્રતિભાશાળી અને ઉત્સાહી યજમાન કેન્ટેલેએ નોટિંગહામ રસ્તાની બહાર અમારું સ્વાગત કર્યું અને 'Braman હીલ હોટેલ' માં અમને ઉતારો આપ્યો. જ્યારે બાજુ પ્રકૃતિથી ઘેરાયેલી અને લીલાછમ પ્રાંગણમાં આવેલી આ ભવ્ય હોટેલ હતી. અમારા સાથી અને સહાયક લીમ્હાલ સુખરાજે બધા માટે સેવન સ્ટાર હોટલમાં રહેવાની સગવડ કરી આપી. હોટલમાંથી અમે ઝેબ્રા, જિરાફ તથા ખુલ્લા ઘાસના મેદાનોમાં ખુશીથી ચરતા હરણો જોવા સહેલ પર નીકળ્યા અને આનંદ કર્યો.

અમે અમારી યાત્રાના ૩૨માં દિવસે અમે ૬૯૩ કિલોમીટર પસાર કરી મહત્વના પડાવ અને સીમાચિહ્નરૂપ પીટરમેરીટઝબર્ગ પહોંઈગયા. ડેવિડ ગેંગન તથા તેની ટીમ અને સાક્ષી અમારી સાથે જોડાવા ભારતથી અહીં આવગયી. પ્રેમથી એકબીજાને મળી અમે સીટી હૉલ તરફ આગળ વધ્યા. ડેનહૈઝરના પીટર રામગુલમ જે અત્યંત દયાળુ હતા તેમણે મારી પુત્રી સાક્ષીની જ્હોનીસબર્ગ થી ડર્બન સુધીની વિમાનની ટિકિટ કઢાવી હતી. જ્યારે ડર્બનથી વિમાનઘર અહીં સુધી તેને લઈ જવાની જવાબદારી ડેવિડે સ્વીકારી હતી. બીજે દિવસે સવારે અમે અમારી યાત્રા ત્રણ ધાર્મિક સ્થાનોની મુલાકાત લઈને કરી જ્યાં અમે અનેક ઉમદા વ્યક્તિઓને મળ્યા. ત્યારબાદ અમે પ્રાચીન કારાવાસ મ્યુઝિયમ (એનશંટ પ્રીઝન મ્યુઝિયમ) ની મુલાકાતે ગયા જ્યાં ગાંધીજી કસ્તુરબા અને આદરણીય મંડેલાને તેમના જીવનના જુદા જુદા સમયે કારાવાસ આપ્યો હતો.

ત્યારબાદથી અમે ગાંધીજીને જ્યાં ટ્રેનમાંથી ફેંકી દેવામાં આવ્યા હતા તે પીટરમેરીટઝબર્ગ, રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી, આ એક ઐતિહાસિક સ્થળ હતું ગાંધીજીએ અહિંસક પ્રતિકાર, સત્યાગ્રહનો પાયો નાખ્યો આ સ્થળ પર ત્યાંના સ્થાનિક વહીવટદારોએ ભારત સરકાર સાથે મળીને ગાંધીજીનું ભવ્ય સ્મારક અને ડિજિટલ ઇન્ફર્મેશન રૂમ બનાવ્યો છે. ભારત સરકાર ગાંધીજીના 150 વર્ષની જન્મ જયંતી માટે અહીં યોજનાઓ બનાવી રહી હતી તે જાણી અમને અત્યંત આનંદ થયો. અહીં અમારી મુલાકાત , ભારત સરકારના વિદેશ રાજ્યમંત્રી હોન વી. કે. સીંગ સાથે અને ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગના સચિવ અરુણ ગોએલ સાથે પણ થઈ હતી. સુદર્શન અને પ્રિયા પણ દૂરથી, એસ્કોર્ટથી ગાડી ચલાવી અમને અહીં મળવા આવ્યા હતા.
ત્યાંથી આગળ વધી અમે લોકો ટાઉનહોલ અને ગાંધી પ્રતિમા તરફ ગયા જ્યાં અમે આ સ્થળોના ઐતિહાસીક મહત્વ વિશે જાણ્યું અને ફોટોગ્રાફ્સ પણ પડાવ્યા, અમારા કેટલાક મિત્રોએ અહીંના કલા પ્રદર્શનની પણ મુલાકાત લીધી. તે દિવસની અમારી અંતિમ મુલાકાત શાંત અને આધ્યાત્મિક સ્થળ રામબરાણજી આશ્રમની હતી, જ્યાં અમારું ખૂબ પ્રેમથી સ્વાગત કરવામાં આવ્યું. આશ્રમમાં અમે ખુલ્લા ચર્ચા સત્રમાં ભાગ લીધો અને ઘરે બનાવેલું પારંપારિક ભારતીય ભોજન જમ્યા. અને ત્યારબાદ ત્યાં સાંજની પ્રાર્થના કરી અને પીટરમેરીટઝબર્ગમાં આનંદદાયક દિવસ પસાર કરી અમારા નિવાસ્થાને પાછા આવ્યા. બે દિવસ પીટરમેરીટઝબર્ગમાં ખુશીની પસાર કરી અનેક લોકોને મળી અનેક ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઇ અને સાઉથ આફ્રિકન આતિથ્યનો ઉષ્માભર્યો અનુભવ કરી અમે લોકોએ અમારી શાંતિ યાત્રાને ડર્બન તરફ આગળ લઈ જવા તૈયાર થઈ ગયા.

જ્યારે અમે શહેરની બહાર નીકળ્યા ત્યારે અમને અહીંની સ્થાનિક પ્રીસ્કુલના તરુણ બાળકોને મળવાની તક મળી. શશિકા સેવલલની ઝડપી કાર્યવાહીને કારણ અમને લાંબો સમય સુધી બાળકોની વચ્ચે રહેવા અને આનંદ કરવા મળ્યું. ત્યાંથી ૨૧ કિલોમીટરની દૂર આવેલા કેમ્પરડાઉન તરફ હવે અમે જઈ રહ્યા હતા. માર્ગમાં એક સ્થાનિક રહેવાસી અમારી સાથે ચાલવા માટે જોડાયો, અને તેને અમને જણાવ્યું કે વિશ્વને શાંતિની ખૂબ જ જરૂર છે અને તેથી હું તમારી સાથે ડર્બન સુધી ચાલતો આવીશ. દિવાળીને દિવસે મને દીવાઓથી ઝળહળતા, આપણા દેશનું સ્મરણ થઈ આવ્યું. તહેવારોને દિવસે અબાલ વૃદ્ધ અને યુવાનનો દ્વારા ઉત્સાહથી થતી તેની ઉજવણી યાદ આવી, પરંતુ હું એક એવા રાષ્ટ્રમાં હતો જે પારંપરિક રીતિ રિવાજો નું ખાસ મહત્વ નથી અને કોઈ તેમનું અનુસરણ પણ નથી કરતા.

આગળ જતા અમારું સ્વાગત બિકાસ સિંગ અને તેના બહોળા પરિવાર જેમાં ૩૮ કુતરાઓ, બે બિલાડીઓ અને ચાર વ્યક્તિઓ રહેતી હતી દ્વારા અમારું સ્વાગત કરવામાં આવ્યું જ્યાં અમે ફક્ત સ્વાદિષ્ટ ભોજન જ નહોતા જમ્યા પરંતુ તેમના પરિવાર સાથે હું આનંદથી સમય પણ વ્યક્ત કર્યો હતો. તેના પછીના દિવસે ડર્બનમાં અમારું સ્વાગત ૭૮ વર્ષની વયના ગાંધીજીના પૌત્રી ઇલાબેન ગાંધી દ્વારા તેમના સુંદર ઘરે કરવામાં આવ્યું હતું. જેઓ અમને ત્યાંના ટાઉનહોલમાં મળ્યા હતા, તેમણે પોતાનું સમગ્ર જીવન ગાંધીજીના આદર્શો પર જ વ્યતીત કર્યું હતું. તેમનો જન્મ ઈ.સ ૧૯૪૦માં, સાઉથ આફ્રિકાના ફોનિક્સ સેટલમેન્ટમાં થયો હતો અને ૩૯ વર્ષ જેટલો લાંબો સમય તેમણે ત્યાં જ પસાર કર્યો હતો. આ શહેર છોડી દીધા પછી પણ ઈ.સ. ૧૯૮૦ના અંત સુધી, તેઓ ત્યાંની સંભાળ રાખતા. ઇલાબહેનનું જીવન ખૂબ ગરીબીમાં પસાર થયું હતું અને આફ્રિકાની રંગભેદની પ્રથાને કારણે તેમણે અનેક સંઘર્ષોનો સામનો કર્યો હતો. તેમના પિતાનું મૃત્યુ ઈ.સ ૧૯૫૬માં તેમના કારાવાસ દરમિયાન તેમણે સહન કરેલા અમાનવીય અત્યાચારોને કારણે થયું હતું અને તેમની માતાનું મૃત્યુ તેમની ફોનીક્સ સેટલમેન્ટ શહેરને ન છોડી શકવાની વ્યાકુળતાને કારણે ઈ.સ. ૧૯૮૮માં થયું હતું.

ઈલાબહેનને ભારતીય નાગરિકનું ત્રીજું સર્વોચ્ચ સન્માન પદ્મભૂષણ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમનું સમગ્ર જીવન માનવજાતિની જોવા માટે તેમને સમર્પિત કર્યું હતું. ઈ.સ.૧૯૯૪થી ઇ.સ.૨૦૦૪, ૧૦ વર્ષ સુધી તેઓ સાઉથ આફ્રિકાના, ફોનિક્સ પ્રાંતના, આફ્રિકન નેશનલ કોંગ્રેસ તરફથી સંસદ સભ્ય (મેમ્બર ઓફ પાર્લામેન્ટ) તરીકે તેમણે સેવાઓ આપી હતી. તેમની સાથે અમે કલાકો સુધી બેસી ગાંધીજીના આદર્શો, બા અને બાપુનું સાઉથ આફ્રિકાનું, અને ખાસ કરીને સેટલમેન્ટ માં પસાર કરેલા તેમના જીવન વિશે અનેક વાતો કરી. ગાંધીજી માટે પ્રવર્તી રહેલી કેટલીક માન્યતાઓ તથા ગેરસમજોને તેમણે દૂર કરી એટલું જ નહીં પરંતુ સાઉથ આફ્રિકામાં તેમના અસ્તિત્વ વિષેની અત્યાર સુધી અજાણી રહેલી અનેક માહિતીઓનો ખજાનો પણ તેમણે આપ્યો. ઈલાબેન ખૂબ જ પ્રેમાતળ, સૌમ્ય અને દયાળુ હતા. તેઓ એકલા જ રહેતા અને તેમના બધા કાર્યો પણ જાતે જ કરતા અને જાતે ઊભરી આવેલી વ્યક્તિઓના પ્રતીક સમાન હતા. ઘણા વયસ્ક હોવા છતાંય, તેમણે ખૂબ પ્રેમથી અમારું સ્વાગત કર્યું હતું. અમે અનેક સંસ્થાઓ શાળાઓ મસ્જિદો ચર્ચ અને સ્થાનિક સામાજિક સંસ્થાઓની તથા ફોનિક્સ સેટલમેન્ટની મુલાકાત લીધી. જ્યાં અમને એ જાણવા મળ્યું કે, બેરિસ્ટર ગાંધી મહાત્મા ગાંધી કેવી રીતે બન્યા.

સાઉથ આફ્રિકાની અમારી શાંતિ યાત્રાના હવે ફક્ત ૧૬ જ દિવસ બાકી હતા. અમે ૭૬૬ કિલોમીટરનું અંતર શુક્રવારે સાંજે પૂરું કર્યું હતું. અમારી ગણતરી મુજબ ૫૦ દિવસે જેટલું અંતર પૂર્ણ કરવા અમે ધાર્યું હતું તે યાત્રાના ૪૪મા દિવસે, જ તમે પૂરું કર્યું હતું. અમે IFAFA, બીચ પરથી પસાર થવાની બધી તૈયારી કરી દીધી હતી, ત્યાંની સ્થાનિક પોલીસ આગળના બે દિવસની જેમ અમારી સાથે રહેવાની હતી. અમારી ગાડીમાં અમે ખોરાક અને પાણી સાથે રાખ્યા અને સામાન ત્યાંજ રાખી 'હીબરડીન' છોડી આગળ વધ્યા. અત્યાર સુધીની અમારી યાત્રા તેના સ્થાનિક લોકો દ્વારા મળેલા પ્રોત્સાહનને કારણે અમારો આત્મવિશ્વાસ ખૂબ જ વધ્યો હતો. સાઉથ આફ્રિકાની અમારી શાંતિ યાત્રાના ૪૬માં દિવસે અમે ૮૫૦ કી.મી. નું અંતર પૂર્ણ કરી 'પોર્ટ શેપસ્ટોન' પહોંચ્યા.

મારી પુત્રી સાક્ષીને શરૂઆતના ૧૫ દિવસ બંને પગમાં અસંખ્ય ફોલ્લા થઇ ગયા હતા પરંતુ, યાત્રાના છેલ્લા ભાગમાં તે સમસ્યા ઘણીખરી ઉકલી ગઈ હતી. અને આ જ પરિસ્થિતિ માંથી

પસાર થયેલા ડૉ. ઋષિકેશ પણ મોઢા પર હાસ્ય રાખી આટલી લાંબી યાત્રાની મુશ્કેલીઓમાંથી બહાર આવી રહ્યા હતા.

અમારી આ યાત્રા રોલર કોસ્ટર જેવી હતી, આગળ શું આવશે તેનો કોઈ અંદાજ નહોતો રહેતો, હોસ્પિટલની નર્સ ટોન્યા યાત્રામાં અમને મદદરૂપ થવા આવી પહોંચી. તેની મદદને કારણે જ અમે ફેરહીલ કેરેવાન પાર્કમાં તંબુ ઉભા કરી શક્યા. જ્યાં, બેસીલ અને પ્રવેશીની દ્વારા અમને બિરયાની, દાળ અને સલાડનું ભોજન આપવામાં આવ્યું. તેઓ દૂરથી ફક્ત ભોજન જ નહીં પરંતુ સહદયી મિત્રની શુભેચ્છાઓ પણ લાવ્યા હતા.અમે લોકોએ સાથે બેસી ઘણી ચર્ચા કરી પરંતુ હવામાનને કારણે અમારે રાત્રી ભોજન જલ્દી કરવું પડયુ.

બેસીલ અને પ્રવેશીની પાછા વળી ગયા હોવાથી અમને થયું કે અમારો દિવસ હવે પૂરો થયો પરંતુ ટોન્યા એટલી ઉત્સાહી હતી કે તે અમને દરિયાકાંઠે લઈ ગઈ જ્યાં અમે નૃત્ય, કેમ્પ ફાયર, અને સંગીતનો આનંદ માણ્યો. અમારો સામાન અમે ગાડીમાં મૂકી, સુંદર સ્થળોએ ઝરમર ઝરમર વરસાદમાં અમારી પદયાત્રા ચાલુ રાખી હતી. અટક્યા વગર આખો દિવસ ચાલવાને કારણે સાક્ષીના પગમાં મોચ આવી હતી. તેને સમજાયું કે મારી પદયાત્રા દરમિયાન હું કેટલી તકલીફો સહન કરતો હતો, પરંતુ તેણે એ વાતની પણ સરાહના કરી કે અમે એક પણ રૂપિયો સાથે રાખ્યા વગર જ ચાલતા હતા અને છતાંય, પ્રત્યેક દિવસે પ્રેમ અને કાળજી ભરેલું આતિથ્ય પણ મેળવતા હતાં. બેસીલ અને તેનો સંપૂર્ણ પરિવાર અમને રાત્રીના ભોજન તથા રહેઠાણની જગ્યા મળી જાય તે માટે ખૂબ જલદી આવી ગયા હતા. ખૂબ જ ઉદાર સ્વભાવ ધરાવતી બસીલે બદલે અમારે માટે એક મોટી હોટલમાં ડબલ બેડ સાથેની ચાર રૂમોની વ્યવસ્થા કરી હતી અને એ પણ ધ્યાન રાખ્યું હતું કે તે દિવસની રાત્રે મોડું ભોજન તથા બીજા દિવસનો નાસ્તો અને ભોજનની વ્યવસ્થા પણ તેને કરી હતી. અમારી સાથે થોડો સમય સુધી ચાલીને વ્યક્તિગત રૂપે પણ અમારી યાત્રા માં યોગદાન આપ્યું હતું.

યાત્રાના ૪૯માં દિવસે અમારું ૯૦૦ કિલોમીટર જેટલું અંતર અને ૭૫% ટકા જેટલી યાત્રા પૂર્ણ થઇ ગયા હતા અને ફક્ત અગિયારસ દિવસ બાકી હતા. વહેલી સવારે 7:30 વાગે અમે સાઉથ આફ્રિકા નું પર્વતીય સ્થળોમાં વસેલા નાના શહેર 'લુગ્વીજીની' તરફ જવા નીકળ્યા. આ આખા પહાડી પ્રાંત ઉપર આફ્રિકાના સ્થાનિક લોકોનું પ્રભુત્વ હતું, જ્યારે તેમણે અમારા ધ્વજ જોયા, અને અમારા ઉદ્દેશ્ય વિશે જાણ્યું ત્યારે તેમણે બાપુ અને આદરણીય મંડેલાને તેમના નેતા તરીકે સ્વીકારી લીધા અને અમારી સમક્ષ ઝૂકી જઈ પ્રેમથી અમારું સ્વાગત કર્યું.

પ્રત્યેક દિવસે નવા ચમત્કારોનો અનુભવ કરતા કરતા અમારી યાત્રા ૫૧મા દિવસે આગળ વધી રહી હતી. અજાણી વ્યક્તિઓ પણ અમને જે રીતે મદદરૂપ થતી તેની લાગણીને વ્યક્ત કરવા મારી પાસે કોઇ શબ્દો નહોતા. આગળ વધતા અમે આદરણીય નેલ્સન મંડેલાના રંગભેદ વિરોધી ચળવળના ભૂતપૂર્વ સાથી, ઑલિવર ટોમ્બોના, ટોમ્બો હાઉસની પણ મુલાકાત લીધી અને 'ડુમસી' સુધીની યાત્રા ચાલુ રાખી. 'ડુમસી' જંગલ અને પર્વતોથી ઘેરાયેલું સ્થળ હતું અને ત્યાંના માર્ગનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું પણ તે માર્ગે જતાં અમારા ૨૨ કિલોમીટર બચી જતા હોવાથી આગળની મુશ્કેલીઓથી અજાણ અમે આગળ વધ્યા. ત્યાંના સ્થાનિક લોકો સાથે મળી અમે લગભગ ૧૦ કિલોમીટર જેવું અંતર હસી ખુશી ને પસાર કર્યું હતું, માર્ગમાં ત્યાંના યુવાનો સાથે અમે ફૂટબોલ પણ રમતા. અમે પર્વત ઉતરી નીચેના સપાટ પ્રદેશમાં આવ્યા. લાંબો પરંપરાગત માર્ગ ટાળવા ટુકડીએ પર્વતની બાજુમાં ચાલવાનું શરૂ કર્યું. આખો રસ્તો ખૂબ જ સુંદર અને મનોરમ્ય હતો અને કેટલાક સ્થળે ત્યાં અઘરા વળાંકો પણ આવતા

હતા. તેથી અમને ગાડી લેવાની ફરજ પડી. બાંધકામ હેઠળનો ધોરીમાર્ગ પર્વતોને જોડતો હતો. મારા સાથીઓ સુધી પહોંચવા માટે મેં મારા પાછલા 33 વર્ષોનો ડ્રાઇવિંગનો અનુભવ કામે લગાડી અંધારા માર્ગ પર ૧૨ કિલોમીટર સુધી ગાડી ચલાવતો આગળ ગયો અને તેમને સાથે લઈ પાછા વળવાનું શરૂ કર્યું. અચાનક ત્યાં જોરથી અવાજ આવ્યો, પરિસ્થિતિનો તાગ મેળવવા હું ગાડીમાંથી બહાર આવ્યો અને જોયું કે સ્ટેપનીનું ટાયર નીચે પડી ગયું હતું. અમે બધા આશ્ચર્યચકિત થઈ ગયા પરંતુ, વરસાદી રાતે અમે તેને ઉચકી ગાડીની અંદર મૂક્યું, અને નાના ગામડામાં લાઇટ વગર તથા ઈન્ટરનેટ કનેશકન વગર ડુમસી તરફ પ્રયાણ કર્યું. આ ખરેખર અઘરો માર્ગ હતો, ઘણા કલાકો સુધી અમે અવરોધો અશાંતિ અને અનિશ્ચિતતાથી ભરેલા પસાર કર્યા. તેમ છતાંય, પ્રત્યેક ક્ષણે મને મારી આજુબાજુ દૈવી હાજરીનો અનુભવ થયો હતો.

નીતિનભાઈ નો ઉત્સાહ અને આત્મવિશ્વાસ એટલો વધુ હતો કે અમારા ઉદ્દેશ્ય વિશે લોકોને જણાવવામાં કે વાતચીત કરવામાં કોઈ સમસ્યા નહોતી આવતી, તેથી હું અને નીતિનભાઈ, સતત બદલાતા હવામાન વચ્ચે માઉન્ટ ફ્રેર પર રહેઠાણ શોધવા ગયા હતા.અમે ચર્ચ પાસે અટક્યા અને ત્યાં અમારા રહેઠાણનો તંબુ બાંધવા દેવાની રજા માંગી, તેમણે તરત જ ધર્મના કોઈપણ બંધન વગર બધાને આવકાર્યા અને રહેઠાણ તથા બીજી આવશ્યક વસ્તુઓની મદદ કરવાનું વચન આપ્યું. અમે અમારી યાદોને કેમેરામાં કેદ કરી લીધી અને યાત્રાને આગળ વધારી.

લગભગ છ કિલોમીટર ચાલ્યા પછી આગળના મુકામે, મેં જોયું નિતીન તેની બેગ શોધી રહ્યો હતો, અમારા પાછલા ગેસ સ્ટેશનના મુકામ દરમિયાન મેં તેની બેગ જોઇ હતી. અને તેથી લગભગ દોઢ કલાક જેટલું અંતર કાપતા અમે પાછા ફર્યા અને ત્યાં જઈને જોયું તો ખરેખર એક ચમત્કાર થયો હતો. જે પ્રદેશમાં લગભગ રોજની ૧૨૦૦ જેટલી ચોરીઓ થતી હોય છે તે જગ્યાએ આટલા બધા માણસોની અવર-જવર વચ્ચે નિતીનની બેગ તદ્દન સહીસલામત હતી. તેની અંદરના રૂપિયા, કૅમેરા, મોબાઇલ ફોન અને ખાતાવહીને કોઈ અડ્યું પણ નહોતું. જે ખરેખર અદ્ભુત હતું. વરસાદમાં ચાલવું આલ્હાદક હોય છે, અને તેમાંય ત્યાંના સ્થાનિકો સાથે જોડાઈ નાચતા-ગાતા આગળ જવુ આનંદમય બની રહે છે. તે સાંજે અમે 'ઉમટાટા' ના હિન્દુ મંદિર પહોંચ્યા, જ્યાં અમારું સ્વાગત ત્યાંના સ્થાનિક ભારતીયો દ્વારા કરવામાં આવ્યું. મંદિરમાં અમે સાંજના સત્સંગમાં ભાગ લીધો અને રાત્રી ભોજન કર્યું. 'ઉમટાટા' માં અમે 'નેલ્સન મંડેલા મ્યુઝિયમ' ની મુલાકાત લીધી, ત્યાં આદરણીય મંડેલાને ભારત તરફથી મળેલા 'ભારતરત્ન' ખિતાબની કોઈ જ માહિતી ફોટોગ્રાફ નહોતા અને તેના સંદર્ભનો પણ કોઈ જ ઉલ્લેખ નહોતો તે જોઈ અમને ખૂબ નવાઈ લાગી. અમારી શાંતિ યાત્રાના ૧,૨૬૦ કિલોમીટર પૂર્ણ કરી ૫૯ માં દિવસે, અમે આદરણીય મંડેલા ના અંતિમસંસ્કારના સ્થળ કુનુ તરફ આગળ વધ્યા. ત્યાંના સ્થાનિક અધિકારીઓ અને પત્રકારો સાથેની ગોઠવણ મુજબ અમે કુનુના મ્યુઝીયમમાં પહોંચ્યા. આખો દિવસ અમે ત્યાંના મ્યુઝિયમમાં પસાર કર્યો જ્યાં અમે તેમના વ્યક્તિત્વ અને માનવતાવાદી કાર્યો વિશે વધુ જાણકારી મેળવી, આફ્રિકાની સંસ્કૃતિ, ત્યાંના લોકોની સમસ્યાઓ અને ભેટો જેવા અનેક વિષયો પર અમે ચર્ચા કરી.

'Gandhi@150 to Mandela@100' સૂત્ર સાથેની સાઉથ આફ્રિકાની જ્હોનીસબર્ગ થી ડર્બન થઈ 'મ્વીઝો' સુધીની 1,320 કિલોમીટરની અમારી શાંતિ યાત્રાના છેલ્લા ૧૧ કિલોમીટરનો જ પ્રવાસ બાકી હતો, સમય કેવી રીતે પસાર થઈ ગયો તેની અમને જાણ જ ન થઈ.

સાઉથ આફ્રિકાની યાત્રાનો અમારો અનુભવ ખૂબ યાદગાર રહ્યો, અને તે માટે ત્યાંના જનસમુદાયની અમે પ્રશંસા કરીએ એટલી ઓછી છે. સમાજના પ્રત્યેક વિભાગમાંથી, પ્રત્યેક ધાર્મિક સમુદાયો પાસેથી અને ખાસ કરીને લોકોએ જેનાથી અમને સૌથી વધુ ચેતવ્યા હતા, તેવી સાઉથ આફ્રિકાની પોલીસ પાસેથી અમને અકલ્પનીય સહાય મળી હતી. અમારી સાથે અનેક સ્થળોએ તેઓ અમારી સુરક્ષા અને સલામતી માટે અમારી સાથે રહ્યા હતા. પાંચ રાત્રીઓ અમે પોલીસ સ્ટેશનમાં અમારા રાત્રી રહેઠાણ તરીકે વિતાવી હતી. અમને ક્યારેય એવી અનુભૂતિ ન થઈ કે અમારું અભિયાન કોઈ અજાણ્યા રાષ્ટ્રમાં થઈ રહ્યું છે. અમારું મુખ્ય હતું કે મહાત્મા ગાંધી અને નેલ્સન મંડેલાના શાંતિ તથા અહિંસાના વિચારો ને અમે વિશ્વમાં ફેલાવીએ. સાઉથ આફ્રિકાનો આ પ્રવાસ મારા જીવનનું અત્યંત યાદગાર પ્રકરણ કહી શકાય. આ રાષ્ટ્રની ઉદારતાને અમે ક્યારેય નહીં ભૂલી શકીએ.

અમારી શાંતિ યાત્રા પૂર્ણ થઈ ચૂકી હતી અને અમે ભારત પાછા ફરવા માટે તૈયારી કરી રહ્યા હતા. આટલો લાંબો સમય સાથે વિતાવ્યા બાદ એકબીજાને પ્રેમથી ભેટી અમે પાછા ફરવા તૈયાર થયા. અમે પાંચ જણે 'ઊમટાટા' તરફ પ્રયાણ કર્યું ત્યાંથી બીજે દિવસે, શનિવાર અમે વહેલી સવારે ગાડીમાં ડર્બન જઈ ત્યાંથી 'ફોનિક્સ સેટલમેન્ટ' અને ત્યાંથી ઇસ્કોન સુધી જવાના હતા. અમે લોકોએ ૬૮ દિવસમાં, ભારત અને સાઉથ આફ્રિકા ૧,૫૫૫ કિલોમીટરની શાંતિયાત્રા ત્યાં આ સતત બદલાતા કઠોર વાતાવરણમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી પૂર્ણ કરી હતી. ત્યાંની પુષ્કળ ઠંડી, વિષુવવૃત્તીય વરસાદ અને દઝાડતી ગરમી સુધી ના પ્રત્યેક હવામાનનો, અત્યંત ઘેરા ધુમ્મસનો અને સીધા ઢોળાવવાળા પ્રદેશનો પણ અનુભવ કર્યો હતો. અમારી આ શાંતિ યાત્રાને હિંદુ-મુસ્લિમ ક્રિશ્ચયન બૌદ્ધ અને શીખ સમુદાયઓ દ્વારા ખૂબ જ સમર્થન મળ્યું હતું. અમે અમારાથી થઈ શકે તેટલા પ્રમાણમાં, અને પ્રત્યેક જીવમાત્ર, માનવીઓ, પ્રાણીઓ અને આપણી ધરતી માતા માટે પ્રેમનું બીજારોપણ કર્યું હતું. અને હવે અમને એ વાતની ખાતરી થઈ હતી, કે તેઓ તેને સાચવવા, તેનું સંવર્ધન કરવા અવશ્ય પ્રયત્ન કરશે કારણ કે પ્રેમ ક્યારેય મરતો નથી. માનવીની વેદનાઓને રોકવા માટે ઓછી કરવા તથા જીવન અને આરોગ્યની રક્ષા કરવા, અને માનવીય ગરિમાને પ્રોત્સાહન આપવા માટેનો આ નૈતિક સિદ્ધાંત એ જ માનવતાની શક્તિ છે.

આદરણીય નેલ્સન મંડેલા અને મહાત્મા ગાંધી આ બંને નું વ્યક્તિત્વ જટિલ છે, જેમને ક્યારેય એક સમયે કે એક ઘટના પરથી સમજી શકવાનું શક્ય નથી. તેમના જીવનમાં અનેક વખત તેમણે ખૂબ મોટા બદલાવનો સ્વીકાર કર્યો છે. જેની સમાજ પર ખૂબ મોટી અસર દેખાઈ હતી .તેમની સમજણ વિશે તેઓ ક્યારેય ઘમંડી નહોતા, અને જરૂરિયાત નિર્માણ થવા પર તેને બદલી શકતા. સાઉથ આફ્રિકા ખૂબ જ સુંદર રાષ્ટ્ર છે અને તેની અંદર ખરેખર, અદભુત લોકો વસે છે. તેઓએ ફક્ત અમારા ઉદ્દેશ્યોમાં જ વિશ્વાસ ન કર્યો પરંતુ, તેમણે તેમના નેતાઓની મહેનત અને પ્રાપ્તિ માટે સ્નેહ પણ વ્યક્ત કર્યો હતો. આપણે ભારતીયો મોહનદાસ ગાંધીના ઋણી છીએ કે જેમણે આફ્રિકામાં સત્યાગ્રહ કરી મહાત્મા ગાંધી નામ મેળવ્યું અને આપણને બ્રિટિશરો પાસેથી સ્વતંત્રતા અપાવી. ઘરે પાછા ફરવા હવે અમે પૂર્ણ રીતે સજ્જ હતા, અમારી સાથે સાઉથ આફ્રિકાની અનેક યાદો પણ ભારત આવી રહી હતી જે અમારી સ્મૃતિમાંથી ક્યારેય નામશેષ નહીં થાય.

*****




Peace Walk




WORLD PEACE


WORLD PEACE




Peace Walk
Love Human Being - Love Nature


WORLD PEACE

સરહદની પાર શાંતિ: બાંગ્લાદેશ

આત્મામાંથી જે વાસ્તવિક પ્રેમ ઉદભવે છે તે જ કરુણા છે કારણકે પ્રેમ એ ઘણું ખરું લાગણીનું જ સ્વરૂપ છે અને જ્યારે તે પ્રગટ થાય છે ત્યારે દયા અને કરુણા રૂપે વ્યક્ત થાય છે. હું મારા સત્ય સ્વરૂપને સમજ્યો હતો, જે વ્યક્તિ થવા હું જન્મ્યો હતો તે પ્રેમ આપવા અને લેવાવાળી હતી. મારી અંદર જે ભરાઇ ગયું હતુ તેને હું વ્યક્ત કરી શકું તેમ નથી. ભારતના અનેક રાજ્યોમાં તથા શ્રીલંકા અને સાઉથ આફ્રિકા જેવા પડોશી રાષ્ટ્રોમાં થયેલી મારી પદયાત્રાઓએ મારી અંદર સકારાત્મક વિચારો ભર્યા હતા. બીજાઓ પાસેથી મને જે પ્રેમ મળ્યો હતો તે મારી કોર્પોરેટ કારકિર્દી દરમિયાન મને મળેલી પ્રગતિ અને પ્રતિષ્ઠાની સરખામણીમાં અત્યંત અમૂલ્ય હતો.

'માનવતા' આ શબ્દ સાથે જોડાઈ લોકોનો પ્રેમ પ્રાપ્ત કરવા અને વિશ્વમાં શાંતિનો સંદેશો ફેલાવવા હું આગળ વધ્યો. મારા પરિવાર, મિત્રો, નજીકના પરિચિતો જેઓ મારા જેવી જ યાત્રાઓ કરી રહ્યા હતા તેમના સહકારથી મેં બાંગ્લાદેશ જવાનું નક્કી કર્યું. યાત્રાની શરૂઆત અદમ્ય ઉત્સાહ અને યાત્રાના મુખ્ય ઉદ્દેશ્ય શાંતિને પ્રેમ અને હાસ્યની વહેંચણી સાથે વિશ્વમાં ફેલાવવાના અદમ્ય ઉત્સાહ સાથે થઈ. આ વખતે મેં સંપૂર્ણ રીતે એકલા જઈ પોતાની સાથે રહી યાત્રા કરવાનું નક્કી કર્યું હતું. હું એકલો મુસાફરી કરતો હોવાથી રસ્તે પસાર થનારા અનેક લોકો દ્વારા મને અટકાવી પૂછવામાં આવતું "કે તમે આટલા ધોમધખતી ગરમીમાં શા માટે ચાલી રહ્યા છો?" તમારી યાત્રા નો ઉદ્દેશ્ય શું છે? મને અનેક વખત મારું કારણ સમજાવવામાં મહેનત કરવી પડતી, કારણકે કદાચ, લોકોને લાગણીપ્રધાન દેશ કરતા વ્યવહારિકતા ધરાવતા રાષ્ટ્રમાં વધુ વિશ્વાસ હોય છે. પરંતુ તેમ છતાંય હૃદયમાં ગર્વ અનુભવતા હું હંમેશા પ્રત્યુત્તર આપતો કે "જે પ્રવાસ કોઈ ધાર્મિક ઉદ્દેશ્ય સાથે કરવામાં આવતો હોય છે તેને 'યાત્રા' કહેવાય છે, તેમ છતાંય, કેટલીક યાત્રાઓ એવી હોય છે જેમાં ગંતવ્ય સ્થાન નિર્ધારિત કર્યા વગર સતત ભ્રમણ કરવામાં આવે છે. યાત્રાળુઓ વધુ કરી ને કોઈ ખાસ સ્થળ, કે વિશિષ્ટ સ્થાનની શોધ કરે છે જે દિવ્યતા અથવા તો કોઈ પવિત્ર વ્યક્તિ સાથે જોડાયેલી હોય છે. પરંતુ, મારા માટે યાત્રા એટલે વિશ્વભરમાં, અનંત સ્થાનોમાં શાંતિનો સંદેશ પહોંચાડવાનું કાર્ય છે."

મારી યાત્રા દરમિયાન હું અનેક નાના ગામડાઓમાંથી પસાર થયો છું. એ સત્ય છે કે હું એક પણ પૈસો સાથે રાખ્યા વગર પ્રવાસ કરતો હોવા છતાં લોકોએ મારા પ્રત્યે અનંત પ્રેમ અને કાળજી વહાવ્યા છે. હું ઘણી વખત ત્યાંના સ્થાનિક લોકો સાથે સમય ગુજારતો અને તેમના જીવન વિશે અનેક વાતો કરતો. અનેક વખત હું તેમની શાળાઓ કોલેજો અને તેમના ઘરની પણ મુલાકાત લેતો અને શાંતિનો સંદેશ ફેલાવાની મારા ઉદ્દેશ્યની પૂર્તિ કરતો. મહારાષ્ટ્રના ગામડાઓમાંથી પસાર થતી વખતે હું શિરુર ગામના 'માહેર અનાથાશ્રમ ' માં પહોંચ્યો. ઈ.સ.1997માં સિસ્ટર લ્યુસી કુરિયન, દ્વારા ગરીબ લોકોને મદદ કરવા માટે 'માહેર અનાથાલય ', જે અએક એનજીઓ હતું તેની શરૂઆત કરવામાં આવી હતી. (http://maherashram.Org) હું ઘણા વર્ષોથી સિસ્ટર લ્યુસીને ઓળખું છું. તે ખૂબ જ ઉદાત્ત મહિલા છે અને તેમણે પોતાનું સમગ્ર જીવન ગરીબોની સેવામાં સમર્પિત કર્યું છે. શિરુર કેન્દ્રના ડિરેક્ટર 'વિજય તવાર' સમાજની અંદર સારી પ્રતિષ્ઠા ધરાવે છે અને અત્યંત ગરીબ લોકોની મદદ કરવા માટે હંમેશા તત્પર રહે છે. હું ઘણો ખુશનસીબ હતો, કે જ્યારે અનાથાશ્રમ પહોંચ્યો ત્યારે ત્યાં મને એક જૂના મિત્રો મળ્યા. અમે લોકોએ મારી શાંતિ યાત્રા વિશે ના

અનુભવ અને ઉદ્દેશ્યો વિશે ચર્ચા કરતા ઘણો સમય પસાર કર્યો અને ત્યારબાદ સમુહપ્રાર્થના કરી ભોજન લીધું.

ત્યાંથી આગળ વધી હું 'રાલેગાવ સિદ્ધિ' ગયો અને અન્ના હઝારેજીને મળી તેમની સાથે અદભુત વાતો કરી. અન્ના હઝારેજી એટલે પ્રખર સામાજિક કાર્યકર્તા અને અનન્ય ગાંધીવાદી. મેં જ્યારે તેમને, સ્વામી વિવેકાનંદના જન્મદિવસે થનારી મારી નવી શાંતિયાત્રા વિશે જણાવ્યું ત્યારે તેમણે કહ્યું, "બહુ ઓછી વ્યક્તિઓ તેમના જીવનને કોઈ ઉદ્દેશ્ય કે ધ્યેય સાથે જોડી શકે છે. જ્યારે તેઓ જોડાય છે ત્યારે તેમને કેટલાય અવરોધો, ટીકા, પ્રતીકારો કે કદાચ મૃત્યુનો પણ સામનો કરવો પડે તો પણ તેઓ પાછા નથી પડતા." આ વખતે, મારું શરીર સાથ નહોતું આપી રહ્યું, મને થોડા થોડા સમયે આરામ કરવો પડતો પરંતુ મારી અંદર નો ઉત્સાહ જરાય ઓછો નહોતો થયો. અન્ના હઝારે જેવી વ્યક્તિઓ ના આશીર્વાદ મેળવી હું આત્મવિશ્વાસ કેળવતો અને મારી યાત્રામાં આગળ વધતો.

માવલી સેવા પ્રતિષ્ઠાન, જે માનસિક રીતે વિકલાંગ મહિલાઓની સહાય માટે કાર્ય કરે છે તેમાં હું જ્યારે ત્યાંના સ્થાનિકોનુ સંબોધન કરી રહ્યો હતો ત્યારે એક યુવાન મહિલા મારી પાસે આવી, તેનું નામ મોનિકા હતું જે પહેલા અહીંની દર્દી હતી પરંતુ હવે સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગઈ હતી અને તેણે હોસ્પિટલમાં સેવા આપવાનું નક્કી કર્યું હતું. તેણે બાજુમાં ઊભેલી મહિલા સાથે મારી ઓળખાણ કરાવી, આ એ જ મહિલા હતી જેણે પાંચ વર્ષ પહેલા અમારા માટે વિઠ્ઠલભજન ગાયું હતું. માનસિક રીતે વિકલાંગ અને સમાજથી તરછોડાયેલી મહિલાઓને અનુસ્નાતકની, PhDની, MBAની પદવી મેળવેલી જોઈ હું હતપ્રભ થઈ ગયો. જ્યારે ડૉ. રાજેન્દ્રએ ધામનેએ અમારી મુલાકાત લીધી ત્યારે વિશ્વની મહિલાઓ અને બાળકો તરફથી તેમના આ અતિસરાહનીય કાર્ય માટે મેં તેમનો આભાર વ્યક્ત કર્યો.

પ્રવારનગરના, 'મહાત્મા ગાંધી વિધાલય' માં, લગભગ ૨,૦૦૦ વિધાર્થીઓને સંબોધન કરી અમે અમારા દિવસની શરૂઆત કરી હતી. મારી મુલાકાત એવા અનેક યુવાનો સાથે થઈ જેવો સમાજ સેવાના કાર્યમાં જોડાયેલા હતા. આ યુવાનો લગભગ વીસથી પચ્ચીસ વર્ષની વચ્ચેની ઉંમરના હતા અને તેમના જીવનનો ઉદાત્ત કાર્ય માટે ઉપયોગ કરવા પ્રતિબદ્ધ હતા. આજની યુવાન પેઢી ને જુના મૂલ્યો શીખી તેનુ આચરણ કરતાં જોઈ પ્રેરણાની લાગણી થઇ આવી. શાળાના આચાર્ય શ્રી મધુકરજી અંત્યંત ઉત્સાહી હતા અમે તેમનો આભાર માની વિદાય લીધી.

મહારાષ્ટ્રના ગામડાંઓમાં ફરતી વખતે હું શ્રીલંકાના મારા સહયાત્રી સોમનાથ ભોંસલેને મળ્યો. તે મને આગ્રહ કરી સિલોડ, નજીક આવેલા તેના વતન વાકોડમાં લઈ ગયો. અમે ફુલામ્બરીથી વહેલી સવારે છ વાગે સખત ઠંડી અને અંધારામાં વાકોડ જવા નીકળ્યા. ડબલ લેન રસ્તાઓને પહોળા કરવામાં આવી રહ્યા હોવાથી અમને સિંગલ લાઈન ટ્રેક ઉપર ચાલવાની ફરજ પડી હતી. જલગાંવ પાસેના માર્ગમાં બે કિલો મીટરના રસ્તાની અંદર જ, અમે નવ હોસ્પિટલો જોઈ, અમને ખૂબ જ આશ્ચર્ય થયું કારણ કે એક સમયે ત્યાં ફક્ત હોટલ કે ધાબા જેવું જ રહેતું. આટલી બધી હોસ્પિટલો જોઈ તે વિસ્તારની બીમારીના પ્રમાણ વિશે, અને લોકોના સ્વાસ્થ્યની કથળેલી હાલત વિશે અમને ચિંતા થઈ આવી. આસપાસના આ પરિસરનું નિરીક્ષણ કરતા કરતા અમે સોમનાથના ગામે પહોંચી ગયા. જેવો હું તેના ગામમાં દાખલ થયો કે તરત જ, ત્યાંના અનેક સ્થાનિક લોકો ફુલ, આરતી અને શાલ સાથે અમારું સ્વાગત કરવા આવ્યા હતા. સોમનાથ સાથે મેં તેના ગામની મુલાકાત લીધી, નાના બાળકો દ્વારા કરાતી પ્રવૃતિઓ જોઈ હું ખુશ થયો. સોમનાથ મારી ઓળખાણ ત્યાંની એક મહિલા સંસ્થા સાથે

કરાવી જે પર્યાવરણ માટે કાર્યરત હતી, તે ઉપરાંત એ જિલ્લાના સૌથી મોટા પરિવારને મળ્યો, જેમાં ૪૦ વ્યક્તિઓ એક સાથે નિવાસ કરતી હતી, છ ભાઈઓ અને ત્રણ પેઢીઓનું પારિવારિક સહજીવન જોઈ મને અત્યંત સુખદ લાગણી થઇ આવી. સોમનાથને પણ તેની પોતાની અનેક સમસ્યાઓ હતી તેમ છતાંય તે સમાજઉદ્ધારક કાર્યોમાં જોડાયેલો રહ્યો હતો ને કદાચ તેનું કારણ, શાંતિયાત્રા દરમિયાન થયેલું તેનું પરિવર્તન હતું.

અમારી યાત્રાના પચીસમાં દિવસે મુંબઈથી કેટલાક MBAના વિદ્યાર્થીઓ નું જૂથ અમારી સાથે તે દિવસે સવારે જોડાયું હતું. દિવસની શરૂઆત ખૂબ સારી રીતે થયું હોવાથી અમે બધા બહુ ખુશ હતા. તેઓએ અમારી સાથે લગભગ એકાદ કલાક પસાર કર્યો જેમાં અમે અનેક વાતો કરી અને ગીતો પણ ગાયા, હું એટલો ખુશ થઈ ગયો હતો કે અમે ઘાટના રસ્તા પરથી પસાર થઇ રહ્યા હતા તેનું પણ ધ્યાન ન રહ્યું. અને અમે અનેક વાતો કરી જેમાં તેણે મને મારી યાત્રા દરમિયાનની અનેક ઘટનાઓ વિશે, તેના અનુભવો વિશે અને ખાસ કરીને, નકારાત્મક અનુભવો અને માર્ગની મુશ્કેલીઓ વિષે અનેક પ્રશ્નો પૂછ્યા. તેમનો પ્રશ્ન સાંભળીને મેં પહેલા તો હું હસ્યો, કારણકે મારી યાત્રામાં અનેક ઉતાર-ચડાવ તો જરૂરથી આવ્યા હતા પણ મેં નકારાત્મક વાતો ને બહુ યાદ નહોતી રાખી. પછી તેમને એક વાર્તા કહી, "એક સમયે બે સાધુઓ, ગુરુ અને તેમના શિષ્ય યાત્રા કરતા-કરતા એક નદી પાસેથી પસાર થયા, ત્યાં એક મહિલા, જે એકલી નદી પાર કરી જઈ શકતી નહોતી તેથી નદી કિનારે ઉભી ઉભી કોઇની પ્રતિક્ષા કરી રહી હતી, જ્યારે આ સાધુઓ ત્યાંથી પસાર થયા ત્યારે તેણે તેમને નદી પાર કરાવવા વિનંતી કરી. તેથી જે ગુરુ સાધુ હતા, તેમણે એક પણ શબ્દ બોલ્યા વગર તે મહિલાને ઉચકીને સામે પાર મૂકી આવ્યા. આ સાધુઓની પ્રતિજ્ઞા હતી, કે તેઓ ક્યારેય મહિલાઓનો સ્પર્શ કરી ન શકે. યુવાન સાધુએ જોયું કે ગુરુજીએ પ્રતિજ્ઞા તોડી છે તેથી તે ધૂંધવાયો પણ બોલ્યા વગર તેમની સાથે આગળ યાત્રા કરતો રહ્યો. ગુરુજી શાંતિથી આગળ ચાલી રહ્યા હતા પરંતુ તેના મનમાં શાંતિ નહોતી, ગુરુજીએ નિયમ તોડ્યો તે વિચારી વિચારીને તેના મનમાં અકળામણ થઈ રહી હતી. અંતે, ચારેક કલાક પછી તેણે મૌન તોડ્યું અને પૂછ્યું, "ગુરુજી, સ્ત્રીઓને ન અડવાનો આપણો નિયમ હોવા છતાં તમે શા માટે સ્ત્રીને હાથ લગાડયો?" આ સાંભળી ગુરુજીએ શાંતિથી પ્રત્યુત્તર આપ્યો, "બેટા, મેં તો તે સ્ત્રીને કલાકો પહેલા નદીની પેલે પાર છોડી દીધી હતી, જ્યારે તું તો હજી સુધી તેને ઊંચકીને જ ચાલી રહ્યો છે!" આ વાર્તા આપણને શીખવાડે છે કે ભૂતકાળમાં થઇ ગયેલી વાતોને કે કોઈ નકારાત્મક અનુભવોને પકડી રાખવાથી કઈ મળતું નથી. તેના કરતા આપણે સુખદ સ્મૃતિઓ પર લોકો પ્રત્યેથી મળેલા પ્રેમ અને સમર્થન પર જો ધ્યાન કેન્દ્રિત કરીએ વધુ સારી રીતે આગળ વધી શકીએ છીએ.

અમે વર્ધાના રસ્તા પર આવ્યા, મેં અને જલંધરભાઈએ અમારી શાંતિ યાત્રાનો નવુ બેનર બનાવ્યું હતું તે પકડી અમારી આગળની યાત્રા શરૂ કરી ત્યારે અમને ફૂલોથી અભિનંદન આપવામાં આવ્યા. આગળ વધી અમે ક્રિષ્ણાગીરીજી મહારાજ ના 'વિશ્વ શાંતિ આશ્રમ' પહોંચ્યા જ્યાં મયુર મહારાજ અને ત્યાના સ્થાનિક બાળકોએ અમારું સ્વાગત કર્યું. તે સમયે ત્યાં, ત્યાંના સ્થાનિક રામાયણની પ્રસ્તુતિ થઈ રહી હતી અને લગભગ પાંચેક હજાર જેટલા લોકો તેમાં ઉપસ્થિત હતા, અમને પણ આ લોકો સમક્ષ અમારી શાંતિ યાત્રા વિશે વિચારો વ્યક્ત કરવાનો લાભ મળ્યો. ત્યાંથી આગળ વધી અમે, યુવાનો સાથે વાર્તાલાપ કરતા, વિભા ગુપ્તાજી દ્વારા સંચાલિત બીજા ગાંધી આશ્રમ 'મગન સંગ્રાલય ' પહોંચ્યા. આશ્રમના રહેવાસીઓ તથા બીજા શુભેચ્છકો દ્વારા અહીં પણ અમારું પ્રેમથી સ્વાગત કરવામાં આવ્યું. આ આશ્રમના યુવાનો પોતાના ભણતર અને વિકાસ સાથે સાથે તે નગરના વિકાસના કાર્યોમાં

પણ ખૂબ જ સંલગ્ન હતા, અત્યારની યુવાન પેઢી પોતાની સાથે સાથે તેની આસપાસના વાતાવરણ પ્રત્યે પણ ખુબ જાગૃત છે, તે જોઈ આનંદ થયો એટલે. અમારી યાત્રાના ૩૧ દિવસ પુરા થયા હતા અને અમે ૮૪૮ કિલોમીટરનું અંતર પૂર્ણ કર્યું હતું. ઇશ્વરના આશીર્વાદથી બધી વસ્તુ સારી અને સરળ રીતે આગળ વધી રહી હોવાથી અમે હળવાશ અનુભવી રહ્યા હતા. માર્ગમાં મળતા અનેક વ્યક્તિઓ પાસેથી અમને વિવિધ અનુભવ થતા અને હજુ પણ લોકો ગાંધીજીના આદર્શોને વળગી રહી તેનું અનુસરણ કરી રહ્યા છે તે જોતા અમને ખૂબ ઉત્સાહ થતો.

દેવાજી તોફા, આવા જ એક પ્રખર ગાંધીવાદી હતા જે ગાંધીજીના આદર્શો પર ચાલીને ગ્રામ સ્વરાજની, એટલે કે ગાંધીજીના આદર્શોનું ગામ બનાવવા માટે તમામ અવરોધો સામે, જુદી જુદી સરકારી વ્યક્તિઓ સામે ત્યાંના સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતા લડત આપી જે ખરેખર પ્રશંસનીય હતું. તેઓ અહિંસાના પ્રખર હિમાયતી હતા. તેમના ગામ 'લેખા મેન્ધા' આ એકમાત્ર ગામ હતું જે 'ગ્રામ સ્વરાજ' સ્વપ્ન પરિપૂર્ણ કરતું હતું. ત્યાંથી અમે રમણીય કુદરતી સૌંદર્યમાંથી પસાર થતા 'ગઢચિરોલી 'તરફ આગળ વધ્યા. રામાયણમાં જેનો 'દંડકારણ્ય' તરીકે ઉલ્લેખ થયો છે તે સ્થળ એટલે જ 'ગઢચિરોલી' ના જંગલો. અહીંની ગીચ ઝાડીઓ નક્સલવાદી પ્રવૃત્તિઓ માટે ખુબ જ કુખ્યાત છે. આ દંડકારણ્યમાંથી પસાર થતી વખતે અમારી સાથે વર્તમાન સમયના સંત ડૉ. પ્રકાશ બાબા આમટે, ડૉ. અભય બંગ, અને દેવજી તોફા અમારી સાથે હતા. અમે એટલા ખુશકિસ્મત હતા કે આવી ઉદાત વ્યક્તિઓના સંગાથ અને ઈશ્વરના આશિર્વાદ ને કારણે અમે સહેલાઈથી તે રસ્તો પસાર કરી ગયા. અમને અમારા અનેક પરિચિતો એ ચેતવ્યા હતા પરંતુ અમારો સામનો કોઈ નક્સલવાદી સાથે થયો ન હતો. અને આ સાથે જ, મહારાષ્ટ્રમાં અમારો નિવાસ અને ૧,૦૦૫ કિલોમીટરનું અંતર પૂર્ણ કર્યું.

વર્તમાન સમયના ઋષિ ગણી શકાય તેવા, જલંધરનાથ ચાનોલે મારી સાથે આ યાત્રામાં સાથી તરીકે જોડાયા હતા. તેમણે તેમના જીવનના ત્રીસથી પણ વધુ વર્ષો 'સેવાગ્રામ ગાંધી આશ્રમમાં' પસાર કર્યા, તેમણે સમગ્ર ભગવદ્ગીતા ફક્ત શીખી નહોતી, પરંતુ કંઠસ્થ પણ કરી હતી. તે અત્યારના જીવંત ગાંધીવાદી સાધુ છે અને તેમના જેવા લોકો જ હજારોના જીવનને ઉન્નત પણ કરતા હોય છે.
મહારાષ્ટ્રથી, છેલ્લા ૧૨ કિલોમીટર નું અંતર પાર કરી અમે છત્તીસગઢ પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી અચાનક મારું મન ખૂબ ભારે થઈ ગયું હોય એમ લાગવા લાગ્યું. મારી અંતઃસ્ફુરણા મને કહી રહી હતી કે કંઈક બરાબર નથી. મેં મોઢા પર હાસ્ય રાખ્યું હતું, પરંતુ મારી અસ્વસ્થતા વધતી જતી હતી. શું થયું હશે તેવો હું વિચાર કરી રહ્યો હતો. ત્યાં જ મને મારા ઘરેથી ફોન આવ્યો કે મોટાભાઈની તબિયત બગડી ગઈ છે. શું થયું છે તે વિશે વારંવાર પ્રશ્નો પૂછવા છતાંય, તેઓને મને મારી યાત્રા ચાલુ રાખવાનું કહ્યું. હું થોડી દ્વિધામાં આવી ગયો હતો, શું વિશ્વ પ્રત્યેની મારી જવાબદારીઓ મારા પરિવારથી વધુ હતી? આ સવાલ મને થઈ રહ્યો હતો. હું ખૂબ ઉદાસ થઈ ગયો અને પાછા વળવાની મને ઈચ્છા થવા લાગી પરંતું , હું મારા ઉદ્દેશ્ય માટે, શાંતિ માટે બહાર નીકળ્યો હતો. મારા મિત્રે મને પ્રશ્ન પૂછ્યો, કે જો તારું મન જ શાંત નહીં હોય તો, બીજા સુધી શાંતિ કેવી રીતે પહોંચે અને એવી શાંતિયાત્રા નો શું અર્થ છે? મારી આંખ સામે રહી રહીને મોટાભાઈનું, જે રીતે તેમણે મારું ઘડતર કરી મને અહીં સુધી પહોંચાડ્યો હતો તેનું દ્રશ્ય મારા મન પર તરવરી રહ્યું. હું મારા એક પ્રિયપાત્રને ગુમાવી ચુક્યો હતો, અને હવે બીજાને ગુમાવવું મને પરવડે તેમ ન હતું, ઓછામાં ઓછું, તેમને બચાવવા ના બધા જ પ્રયત્નો કર્યા વગર જ, જો તે મારાથી દૂર જતા રહે તે મને ક્યારેય સ્વીકાર્ય નહોતું.

મેં નક્કી કરી લીધું એ મારે પાછા જવું છે અને હું ત્યાંથી સીધો મારા મોટાભાઈ જ્યાં હતા તનયા મહેન્દ્રભાઈ ને ઘરે ગયો. મને જોઈ મારા બા મને કહેવા લાગ્યા કે તારું કાર્ય જોડી તું પાછો કેમ આવ્યો? હા, એ બરાબર છે કે મેં તેમને આપેલું વચન નહોતું પાળ્યું, પરંતુ હું પણ માનવી હતો. મારી સમગ્ર કોર્પોરેટ કારકિર્દી દરમિયાન હું જીવનનો એક અંત્યંત મહત્વનો બોધપાઠ શીખ્યો હતો કે, "તમારી નોકરી કરતાં પણ તમારો પરિવાર વધુ મહત્વનો છે."

હું જે કંપનીમાં નોકરી કરતો હતો ત્યાં ખૂબ મહત્વના સ્થાને હતો અને કંપનીમાં સકારાત્મક અને મહત્વના બદલાવો લાવવામાં મારું મોટું યોગદાન હતું. મને હંમેશાં એવું લાગતું કે કંપની પર અને કંપનીમાં તથા વેપાર સાથે જોડાયેલી અનેક વ્યક્તિઓ ઉપર મારી ઘણી સારી અસર છે. તેની અસરરૂપે મારા અહંકારને પોષણ મળતું અને મારી અંદરનો અહમ વધુ વિકસિત થઈ ગયો હતો. મારી તાલીમ એવી હતી કે મારું કાર્ય એવું હોવું જોઈએ જેનાથી મને કંપની પાસેથી જે ફાયદો થાય તેના કરતા કંપનીને મારા કાર્યથી વધુ ફાયદો થવો જોઈએ, મેં મારા કાર્યો માટે પણ આ રીતના નૈતિક સિદ્ધાંતો બનાવ્યા હતા. પરંતુ મારા અભિમાનને કારણે આ વાતથી મારી અંદર એવું, હુંપદ વિકસી ગયું કે હું કંપની માટે અનિવાર્ય છું. મને એવું લાગવા લાગ્યું હતું એ જો હું કંપની છોડી દઈશ તો કંપનીને ઘણું નુકસાન થશે અને તે પાછળ હટી જશે. જોકે, એ વાત પણ સાચી હતી, કે મારો પરિવાર મારું ખૂબ જ સમર્થન કરતો અને મારી પ્રગતિમાં ખુશ હતો. હું ક્યારેય તેમના માટે સમય નહોતો કાઢી શકતો પરંતુ તેમ છતાંય તેઓ મને નવી તકો મેળવવા અને વધુ સાહસ કરવા પ્રોત્સાહિત કરતા. તમારા લોહીના સંબંધો જ તમને એકબીજાથી જોડી રાખતા હોય છે. શાંતિ અને પ્રેમ આપણા પરિવારમાંથી જ ઉદ્દભવે છે અને વિશ્વમાં ફેલાય છે.

આ યાત્રા નું તાત્પર્ય એ આવ્યું કે વ્યક્તિએ તેના પરિવારને સૌથી વધુ પ્રાથમિકતા અને પ્રેમ આપવો જોઈએ. મારી આ યાત્રા અધૂરી હતી પરંતુ હું જાણતો હતો કે મેં હાર નહોતી માની, પણ હવે પછીની મુસાફરીના દિવસો દૂર હતા. મોટાભાઈ જ્યારે સ્વસ્થ થવા લાગ્યા ત્યારે મેં મારી જાતને આધ્યાત્મિક રીતે કેળવી આગળની યાત્રા માટે ફરીથી તૈયાર કરી. વિનોબાજીનુ એક અવતરણ છે, 'જ્યારે તમારું જીવન તમારી મર્યાદાઓનો સ્વીકાર કરી આગળ વધે ત્યારે તેને એવી તાલીમ આપો કે તમારું મન મુક્ત થઈ જાય.'

*****


















" અનેક શાંતિ કાર્યકર્તાઓના અને શાંતિ સંસ્થાપકોના સંપર્કમાં આવ્યા પછી હું કહી

શકું કે વિશ્વ શાંતિના વિચારો માટે આટલી તત્પરતા ધરાવનારા યોગેશભાઈ સર્વશ્રેષ્ઠ છે. વિશ્વનાં પ્રત્યેક ખૂણે પ્રેમ અને શાંતિનો સંદેશ પહોંચાડવો એ જ તેમના જીવનનું એકમાત્ર સ્વપ્ન છે. આ પુસ્તકમાંથી યોગેશભાઈની શુદ્ધ ભાવનાઓનું પ્રતિબિંબ ઝળકે છે, અને તે યુવાનોને પ્રોત્સાહિત કરી તેમને ભવિષ્યમાં યોગેશભાઈ જેવું સ્વપ્ન જોઈ આગળ વધવા અને પ્રેમ તથા શાંતિથી સમૃદ્ધ વિશ્વનું નિર્માણ કરવા માર્ગદર્શન કરશે."



- રાજગોપાલ પી. વી.

(પીઢ ગાંધીવાદી, શાંતિ માટેના કાર્યકર્તા અને મારા જીવનના શિલ્પી)

વિશ્વ શાંતિ યાત્રા: જય જગત ૨૦૨૦

મારી પારિવારિક જવાબદારીઓ ને કારણે મેં જે રજાઓ પાડી હતી તેને પૂર્ણ કરી ફરીથી મારા સામાજિક કાર્યો સાથે જોડાઇ જવાનો સમય આવી ગયો હતો. મોટાભાઈની તબિયત હવે ઘણી સારી હતી અને તે અને બા હંમેશની જેમ ફરીથી મારા કાર્યો ના સમર્થનમાં જોડાઈ ગયા હતા. તેમણે મને સ્પષ્ટ કહ્યું હતું, કે અમારી ઉંમર હવે ૯૦ના દાયકામાં આવી ગઈ હોવાથી અમારી વધુ ચિંતા કર્યા વગર કે અમને કંઈ થાય તો અટક્યા વગર પણ, મારે મારા શાંતિનો સંદેશ ફેલાવવાના કાર્યોમાં જોડાયેલા જ રહેવું. મોટાભાઈ અને બાએ મને જે વાત કરી તેનાથી મારી ચિંતા ઘણી ઘટી ગઈ હતી પરંતુ મારે માટે તે એક ચેતવણી પણ હતી કે એક દિવસ મારે તેમને ખોઈ દેવા પડશે, અથવા તો કદાચ એવું પણ બને કે મેં પરિણામની ચિંતા કર્યા વગર જે માર્ગ સ્વીકાર્યો હતો તે માર્ગ પર આગળ વધતાં જો મારું મૃત્યુ થાય તો પણ હું સમાજની સેવા કરતા-કરતા મૃત્યુ પામવાનું પસંદ કરીશ.

છેલ્લા કેટલાક વર્ષોમાં હું પરમ ગાંધીવાદી બની ગયો હતો. ગાંધીજીના મૃત્યુને વર્ષો વીતી ગયા હોવા છતાંય જીવનને બદલી નાખનારા તેમના સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, સાદગી, શાકાહારી ભોજન પદ્ધતિ અને વિશ્વાસ જેવા ઉદ્દાત જીવનમૂલ્યો આજે પણ એટલા જ પ્રવર્તમાન છે. તેમના વિચારો અસરકારક રીતે સમાજમાં ફેલાઈ રહ્યા હતા. ગાંધીજી એક સમયે કહ્યું હતું, "પ્રત્યેક વ્યક્તિનું જીવન ગુલાબ જેવું સુંદર હોવું જોઈએ, જેવી રીતે તેની સુગંધ ચારે તરફ પ્રસરી જાય તેવી જ રીતે આપણા કાર્યો ની સુગંધ ચારે તરફ ફેલાવી જોઈએ" હું પણ આજ માર્ગનું શિક્ષણ આપતો હતો, સમાજની સેવા કરવા પ્રતિબદ્ધ હતો અને તે માટે મારા મિત્ર દીપકભાઈ વ્યાસે મારી વિશ્વ શાંતિ યાત્રા વિશે મારી પ્રશંસા કરી હતી. હું અને દીપકભાઈ આવી અમારી શાંતિ યાત્રાઓ, ચિકિત્સા કાર્યવાહી તથા ગહન ધ્યાન સાધનાની પ્રવૃત્તિઓ દરમિયાન એકબીજાના પરિચયમાં આવ્યા હતા. મારી પાછળ, તેમણે પણ સમાજસેવાના કાર્યો કરવાનું શરૂ કર્યું હતું. અમે લોકો જ્યારે અમારી યાત્રાઓ વિશે ખુલ્લી ચર્ચા કરતા, કે તેને કેવી રીતે અમારા જીવન પર ખૂબ મોટી અસર કરી હતી. તેમણે મને પૂછ્યું હતું કે, શું હું સૌથી મોટી અને સૌથી શક્તિશાળી વિશ્વ શાંતિ યાત્રા જે ભારત થી શરૂ થવાની છે તેના વિશે પરિચિત છું કે નહીં?

આંતરરાષ્ટ્રીય શાંતિ યાત્રા? પાડોશી રાષ્ટ્રોમાં યાત્રા કરી શાંતિનો અને સંવાદિતાનો સંદેશ પહોંચાડવો એ વિશ્વના લોકો સાથે કૂચ કરવાનો, સંવાદ સાધવાનો, અને સામાજિક મૂલ્યોને સ્થાપિત કરવામાં યોગદાન આપવું એ મારા માટે ક્રાંતિકારી કાર્ય હતું. અને તેને કારણે મારી જે પ્રગતિ થઈ છે તેની કિંમત આંકી શકાય તેમ નથી. દીપકેભાઈ મારી રસરુચિ જાણી મને આ અભિયાની શરૂઆત કરનાર પી.વી. રાજગોપાલજી સાથે મારો સંપર્ક કરાવ્યો.

પી. વી. રાજગોપાલજી જેને પ્રેમથી સમાજ 'રાજાજી' તરીકે ઓળખાતા તેઓ ગાંધીવાદી નેતા હતા અને ભારતની સૌથી મોટા લોક સંગઠન ચળવળ 'એકતા પરિષદ' ના સંસ્થાપક છે. તેઓ ગાંધીજીના આદર્શોના અત્યંત નિષ્ઠાવાન અનુયાયી હતા. જ્યારે તેઓ યુવાન હતા ત્યારે જ તેમણે સામાજિક કાર્યકર્તા બનવાનો નક્કી કરી રાખ્યું હતું. ઇ.સ. ૧૯૭૦માં જ્યારે તેમણે લોકોને કામ માટે સંઘર્ષ કરવા કરતાં હિંસા અને બળવાઓમાં ભાગ લેતા જોયા, ત્યારે તેમને, હિંસા અને નકારાત્મક કાર્યો સાથે જોડાયેલા યુવાનોને બદલી શાંતિ તથા ઉદ્દેશયાત્મક

કાર્યો પ્રત્યે વાળવાનો પ્રયત્ન કરવાનો હેતુ પ્રાપ્ત થયો હતો. અને ત્યારથી, રાજગોપાલજી ભારતના યુવા વર્ગના સશક્તિકરણ માટે સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયા હતા. આ કાર્યની શરૂઆત તેમણે મધ્યપ્રદેશથી કરી હતી અને પછી તેને સંપૂર્ણ ભારતમાં ફેલાવ્યું હતું. ગામડે ગામડે ફરી તેમણે યુવાનોને તાલીમ આપવાની શરૂઆત કરી હતી. એક સમુદાય સાથે બીજા સમુદાયના જોડાણ દ્વારા તેમણે યુવાનોનું ખૂબ મોટું સંગઠન બનાવ્યું હતું જે ગ્રામ્યક્ષેત્ર પરની સમસ્યાઓને ઉકેલવામાં સમર્પિત હતું. આ સમસ્યાઓ, પીવાના શુદ્ધ પાણીની અછતથી લઈ, ગ્રામ્ય વિસ્તારની સાફ-સફાઈ તથા તથા ખોદાણ કામગીરીના ઉદ્યોગો દ્વારા જમીન હડપી લેવાની સમસ્યાઓ સુધી વિસ્તૃત હતી.

તેઓ એ વાત નિશ્ચિત પણે માનતા કે, સક્રિયતા ને કારણે લોકોની પરિસ્થિતિ બદલાતી હોય છે, તેની ખાસ કરીને સૌથી વધુ અસર એ લોકોને થાય છે જે ભારતનો સૌથી ગરીબ વર્ગ છે. રાષ્ટ્રમાં જે અસમાનતા પ્રવર્તી રહી છે તેનું મુખ્ય કારણ આર્થિક નફાકારક પદ્ધતિઓ છે. તેના અને જમીનના સહારે જીવતા લોકો માટે તે વધુ ચિંતાનું કારણ છે. જ્યારે એકતા પરિષદની યુવા ચળવળ સંપૂર્ણ ભારતમાં ફેલાઈ ગઈ ત્યારે તે સંસ્થાએ, 'જય જગત ૨૦૨૦,' અભિયાનની કલ્પનાત્મક વિચારધારા સાથે જોડાવાનું શરૂ કર્યું. આપણા દેશની બહાર આ વિચારધારાને તાર્કિક રીતે પ્રોત્સાહન આપવા રાજગોપાલજી, જીલ દીદી, અને તેમની ટીમે વૈશ્વિક રીતે નાગરિકોમાં પરિવર્તન લાવવા આ ચળવળને કાર્યાન્વિત કરી.

વિશ્વ શાંતિ યાત્રા, શાંતિ અને અહિંસાને વિશ્વભરમાં પ્રોત્સાહિત કરે છે. આ અભિયાન સામાજિક અસમાનતાઓ, ગરીબી, જાતિ પ્રથા, એકબીજા સાથેના સંઘર્ષો અને પર્યાવરણીય નુકસાન સામે વિરોધ દર્શાવે છે. તેનો મુખ્ય હેતુ લોકોને અને નિર્ણયકોને અહિંસાના આદર્શ પર ચાલવા માટે પ્રેરણા આપવાનો અને લાંબાગાળાના વિકાસ લક્ષ્ય (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - SDGs) પ્રાપ્ત કરવાનો છે. બા અને બાપુની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહેલા ૫૦ પદયાત્રીઓને વિદાય આપવા વિશ્વના ૧૪ રાષ્ટ્રોમાંથી ૨૨૦ પદયાત્રીઓ આવ્યા હતા.

રાજાજી ના પત્ની જીલ કાર હેરિસે આ ચળવળને વિશ્વ સ્તરે લઈ જવા માટે સમર્થન આપ્યું હતું. કેનેડામાં જ બાળપણ વ્યતીત કરી, મોટા થયેલા જીલ કાર હેરિસને યુનાઇટેડ નેશન્સ સાથેના તેમના કાર્યના ભાગરૂપે જોડાઈ ભારત આવવાની તક મળી હતી. પાછળથી તેમણે ભારતમાં એક એનજીઓની પણ સ્થાપના કરી. પર્યાવરણ, સ્વાસ્થ્ય, સ્ત્રી સમાનતા અને વ્યક્તિગત વિકાસ માટેના તેમના કાર્યોએ તેમની સમક્ષ વર્તમાન વિકાસની સમસ્યાઓને ખુલ્લી કરી દીધી હતી. તેમણે સુધારાવાદી લોકોનું પ્રતિનિધિત્વ કરતા સામાજિક બદલાવ લાવવાના માધ્યમ રુપે ગાંધીજીના અહિંસાના આદર્શને ફરીથી કાર્યરત કર્યો હતો. જીલ અને રાજગોપાલજીએ જય જગત ૨૦૨૦ ના અભિયાન માટે સૈદ્ધાંતિક અને વ્યાવહારિક પદ્ધતિઓના સમન્વયથી કાર્ય કરવાનું શરૂ કર્યું હતું.

શરૂઆતમાં જીનીવા સુધી પદયાત્રા કરવાનો વિચાર હતો જેને કારણે ત્યાંના સ્થાનિક સમુદાયો સાથે ગાંધીજીની અહિંસાની, ટકાઉ અને ન્યાયપૂર્ણ વિચારધારા ને જોડી શકાય અને ગાંધીજી શું હતા તે લોકો સમજી શકે. જ્યારે, દરેક વ્યક્તિ પોતાના જ ઉત્કર્ષ માટે પ્રવૃત્ત થાય ત્યારે જ વિશ્વશાંતિ! વાસ્તવિકતા બની શકે. પર્યાવરણીય સંકટને ટાળવા માટે જો પ્રત્યેક લોકો પોતાની આજુબાજુના પર્યાવરણની અને અર્થવ્યવસ્થાની જવાબદારી સ્વીકારી લેતો તેની વધુ અસર અનુભવાશે અને સાથે સાથે તેને વૈશ્વિક સ્તર પર જોડવું પણ વધુ આવશ્યક છે.

ઉદ્દેશ્યની તીવ્રતાને જોતા, આ યાત્રા માટે ખૂબ ગહન આયોજન જરૂરી હતું, બાકીના રાષ્ટ્રો માટે આદર્શ રૂપે સેવા કરી શકે તેવા યોગ્ય ઉમેદવારોના જૂથની પસંદગી પણ મુશ્કેલ હતી. રાજગોપાલજીની પૃષ્ઠભૂમિ જોતા મને એક વાતની ખાતરી હતી કે તેમની સાથે રહેવાથી મારા જ્ઞાનમાં અત્યંત વધારો થવાનો હતો અને તેથી મેં તરત જ વ્યક્તિગત રૂપે તેમને મળવા માટે અરજી કરી દીધી. મારા અનુભવો વિષે જાણ્યા બાદ અમે એકબીજાનું અભિવાદન કર્યું. રાજાજીએ મને કહ્યું કે "જ્યારે અમે રસ્તા પર હોઇશું ત્યારે ત્યાં તાલીમના સત્રો, પરિષદો, અને મેળાવડાઓ યોજાશે જેમાં એકબીજાના અનુભવો અને અહિંસા વિશેના જ્ઞાનની અરસપરસ વહેંચણી કરવામાં આવશે જે ખૂબજ ધ્યાનમાં લેવા જેવી હશે." ત્યારબાદ તેમણે મને ખૂબ પ્રેમથી કહ્યું, યોગેશ, "તું તેમાં ફક્ત ભાગ લેવાને બદલે અમારી સાથે યાત્રાની આગેવાની કરી શકે છે." રાજાજીએ મારા પર વિશ્વાસ મૂક્યો અને હું ખુશીથી સ્વેચ્છાએ આ યાત્રાની બધી જવાબદારી સ્વીકારવા તૈયાર થઈ ગયો. આ સાદી શાંતિયાત્રા નહોતી, પરંતુ વિશ્વશાંતિ કૂચ હતી. તેથી મેં તે માટે જરૂરી બધી જાણકારી મેળવી કામ કરવાનું શરૂ કરી દીધું.

આ એક ભવ્ય શાંતિ યાત્રા હતી. ઇતિહાસની પ્રથમ એવી આગેકૂચ હતી, જેમાં ૬ રાષ્ટ્રોના સત્યાગ્રહીઓ સાથે મળી, એક વર્ષમાં ૧૦,૧૫૧ કિલોમીટરની કૂચ કરતા કરતા ૧૦ રાષ્ટ્રોમાંથી પસાર થવાના હતા અને જેનું ઉદ્ઘાટન કેટલાક અનુભવી તથા અમુક જીવંત ગાંધીવાદીઓ દ્વારા થવાનું હતું, જેમાં ઇન્ડોનેશિયાના શુક્લાજી, ભાઈજી તરીકે ઓળખાતા સુબ્બારાવજી અને બાલ વિજયજી જે બધા નેવું વર્ષની ઉપરના વયોવૃદ્ધ સદપુરુષો હતા, તથા તેમની સાથે સમગ્ર વિશ્વમાંથી ગાંધીવાદી વ્યક્તિઓ અને તે ઉપરાંત, કેટલાક રાજકારણીઓ તથા સિનેમા જગતના જાણીતા ચહેરાઓ તેના ઉદ્ઘાટનમાં હાજર રહેવાના હતા.

આગેકૂચમાં ગાંધીજી અને તેમના આદર્શોમાં વિશ્વાસ રાખનાર અનેક લોકો જોડાયા હતા. એ વાત નિશ્ચિત હતી, કે આટલી ભવ્ય યાત્રાની ભવિષ્યમાં આદર્શ સમાજનું નિર્માણ કરવા મોટી અસર થવાની હતી. મને એ પણ ખાતરી હતી કે ત્યાંથી તેઓને અનુભવ અને જ્ઞાન પ્રાપ્ત થવાનું હતું. આ લોકોને ધન પ્રેરણા નથી આપતું પરંતુ, તેઓ પથદર્શક બની શાંતિ અને એક્તાના આધાર પર રચાયેલા લાંબાગાળાના સમાજનું નિર્માણ કરવા પ્રતિબદ્ધ હોય છે.

અમે લોકો ગાંધીજીની જેમ જ શાંતિથી ચાલતા હતા, જ્યારે કેટલાક યાત્રીઓ ગાંધીવાદી સિદ્ધાંતો ઉપરની વાર્તાઓ કહેતા હતા અને બીજા કેટલાક યાત્રીઓ તેમના જીવનની ઘટનાઓનું એકબીજા સાથે નિરૂપણ કરતા હતા. વિશ્વના લોકો જેમાં એકત્રિત થયા હતા તેવા મોટા સમુહને આગેકૂચ કરતો જોઈ રસ્તે પસાર થનારા લોકો તેને જોવા ઉભા રહેતા. ઇંગ્લેન્ડ, સાઉથ અમેરિકા, ઓસ્ટ્રેલિયા તથા વિશ્વના બીજા ભાગોમાંથી અનેક યાત્રાળુઓ આવી આ યાત્રામાં જોડાવાના હતા. આ યાત્રામાં ખૂબ મોટી વૈવિધ્યતા અને સંવાદિતા હતી. અમારી યાત્રાના નગરોમાંથી જ્યારે પસાર થતી ત્યારે ખૂબ ઉત્સાહ અને પ્રેમથી નાના બાળકો પણ અમને જોતા, ખુશ થઈ જઈ, તેઓ અમને મળવા માટે ઉત્તેજનાપૂર્વક કૂદકા મારવા લાગતા. તેમના કપડાં ફાટેલાં હતા અને શર્ટના બટન પણ ખુલ્લા હતા તેમ છતાંય તેમના મુખ પરના હાસ્યમાંથી તેમની આતુરતાનો વ્યક્ત થતી હતી, તેઓ જેવા બનવા માંગે છે, એ આદર્શ અમે હોઈએ તેવી રીતે તેઓ અમારી તરફ સતત જોઈ રહ્યા હતા. નાના ગામડાઓ, ત્યાંના લોકોની ઉદારતા અને તેમની સાથેની વાતચીત એ ખરેખર ખૂબ જ ઉષ્મા ભરેલું હતું. તેમના ઘરો ફક્ત બે જ રૂમ ના હોવા છતાંય, તેઓ જરાય અચકાયા વગર અમને પ્રેમથી તેમાં આશ્રય આપતાં. બાબા ઘણી વખત કહેતા કે, "સમાજની આ વિલક્ષણ ઘટના છે કે ઈશ્વરે જેમને ગરીબ

બનાવ્યા છે તેમના હૃદય ખૂબ જ વિશાળ છે અને ઈશ્વરે જેમને ધનિક બનાવ્યા છે તેમના હૃદય કદાચિત્ત ખુબજ જ સંકુચિત છે." આ જીવનનું કડવું સત્ય છે. જ્યારે અમે સાથે યાત્રા કરી રહ્યા હતા ત્યારે એ જેટલી અઘરી હતી તેટલી દેખાઇ નહોતી રહી. અમે દરેક જણા એકબીજાની જરૂરીયાતોનું ધ્યાન રાખતા. આ યાત્રા સરળતાથી ચાલે તે માટે અમે ૧૬ ટુકડીઓ બનાવી હતી. પ્રત્યેક ટુકડીમાં એક આંતરરાષ્ટ્રીય નાગરિક, એક ભારતીય શહેરી નાગરિક તથા એક આદિવાસી નાગરિક હતા, અમે જે વૈવિધ્યતા સાથે આગળ વધી રહ્યા હતા તે પ્રત્યેક જગ્યાએ જળવાઈ રહે તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

"વિચારવંત અને પ્રતિબદ્ધ વ્યક્તિઓનો નાનુ જૂથ પણ વિશ્વની વિચારધારાને બદલી શકવા માટે સક્ષમ છે, તેની શક્તિનો અંદાજ ક્યારેય ઓછો ન આંકી શકાય, વાસ્તવિક રીતે,આ એકમાત્ર વસ્તુ છે જેણે આ સિદ્ધ કર્યું છે."
- મીડ માર્ગરિટ

રાજાજીએ રસ્તામાં અમારી ટીમની કારીગરીની સમીક્ષા કરવામાં રસ વ્યક્ત કર્યો, મારે માટે આ એક સુંદર આશ્ચર્ય હતું. તેમણે જણાવ્યું કે આપણે લોકો જય જગત ૨૦૨૦ની યાત્રામાં ફક્ત ચાલવા માટે નહીં પરંતુ, આપણા પર ચાલીને આપણા વર્તન અને જીવનશૈલી દ્વારા બીજી વ્યક્તિઓ માટે આદર્શ સ્થાપિત કરવા આ યાત્રામાં જોડાયા છીએ. મને પ્રથમ વખત આવો ઉદાત્ત બોધપાઠ મળ્યો હતો અને હું માનતો હતો કે, શાંતિયાત્રા દરમિયાન અમારામાં બદલાવ આવે તેવા યાત્રાના મુખ્ય ધ્યેય માટે રાજાજી, અમારા સત્યાગ્રહીઓ પાસેથી હવામાનની ગરમીની સાથે સાથે જીવનની ગરમીનો પણ અમને અનુભવ થાય તેવી ઈચ્છા રાખતા હતા. મેં પાછળ કરેલી શાંતિયાત્રાઓ કરતા આ શાંતિયાત્રા, તેના આ વિચારોને કારણે જુદી પડતી હતી.

અમે અમારી શાંતિયાત્રાની શરૂઆત ટેન્ટ્રાથી વિજયપુર સુધીનું ૧૭ કિલોમીટરનું અંતર પસાર કરવાથી કરી હતી. સૌથી લાંબો માર્ગ ૨૬ કિલોમીટરનો હતો, જે ગાસવાણી સુધી જતો હતો, પરંતુ ભારતમાં મેં કરેલી અત્યાર સુધીની ૨૨ રાજ્યોની શાંતિ યાત્રાઓમાં તે અત્યંત ખરાબ રસ્તો હતો જેને કારણે અમને ખૂબ મુશ્કેલી પડી. રાજાજીને પણ આ વાતનું ધ્યાન આવ્યું જ્યારે ત્યાંના રહેવાસીઓએ કહ્યું કે અહીંના સો કિલોમીટરના વિસ્તારમાં કોઈ જ હોસ્પિટલ નથી. આ રસ્તા પરની ટ્રાફિકની સમસ્યાને કારણે નવજાત શિશુઓના જન્મ સમયે સમયસર હોસ્પિટલ પહોંચી ન શકવાથી અનેક નવજાત શિશુઓ મૃત્યુનો પણ ભોગ બની જતા હતા. આજના આધુનિક સમયમાં પણ ગ્રામીણ વિસ્તારોમાં વર્ષો જૂની સમસ્યાઓ અને દારુણ પરિસ્થિતિ પ્રવર્તમાન છે. શહેરમાં રહેતી વ્યક્તિઓ તેમની સમસ્યાઓ ને કદાચ સારી રીતે નહીં સમજી શકે. ગીરવાણીનું સુંદર આતિથ્ય માણ્યા પછી આગળ વધતા અમે સુંદર નાના ગામ બાલાપુરમાં પહોંચ્યા. અમે જ્યારે ત્યાંના સ્થાનિક લોકોનો સંપર્ક કર્યો અને તેમની સાથે અમારી યાત્રા તથા એના ઉદ્દેશ્ય વિશે ચર્ચા કરી ત્યારે વિશ્વમાંથી અનેક સમુદાયોના અનેક લોકો, જેઓ એકબીજાથી જુદા હોવા છતાં તેમના ઉદ્દેશોને કારણે તેઓ એક સમાન હતાં તેમને જય જગત ૨૦૨૦ શાંતિયાત્રામાં જોડાયા છે તે જોઈ ખુશ થઈ.

ખતોરામાં અમે ગાયત્રી મંદિરથી અમારી યાત્રા શરૂ કરી હતી જેમાં મહેન્દ્રભાઈ તથા તેમના પરિવારના ખાસ સમર્થક અને ત્યાંના ભૂતપૂર્વ વિધાયક (MLA) અમારી સાથે જોડાયા હતા. આંતરરાષ્ટ્રીય સત્યાગ્રહીઓ જય જગત ૨૦૨૦ ની યાત્રાની આગેવાની કરી રહ્યા હતા. વિસ્તારોના વિકાસને ધ્યાનમાં લઇ સમય તથા અંતરનું આયોજન થતું રહ્યું અને અમે લોકો

યાત્રામાંથી અને નવી વસ્તુઓ શીખી રહ્યા હતા. ઘણી વખત અંતર ના આયોજન માટે ત્યાંના સ્થાનિક લોકો પર આધાર રાખવો ઘણું મુશ્કેલ થઈ પડતુ. સખત અંધારામાં અને ખાડા ટેકરાવાળા રસ્તાઓ ઉપર અમે બધા સાથે ચાલતા હોવાથી અમે થોડો પ્રયત્ન કરી વધુ અંતર પસાર કરી રહ્યા હતા. અમારા ઉત્સાહથી પ્રેરાઈને અમે લોકો જરા પણ અટક્યા વગર સતત યાત્રા કરતા હતા. સવારની અમારી યાત્રા લગભગ શાંત રીતે થતી. ત્યાર પછી ધીરે-ધીરે અમે સક્રિય બનાવવા માટે જય જગત રીધમ ગીત ગાતા.

જય જગત, જય જગત, જય જગત પુકારે જા
સર અમન પે વારે જા, સબ કે હિત કે વાસ્તે, આપના સુખ બિસારે જા

પ્રેમ કી પુકાર હો, સબસે સબ કા પ્યાર હો
જીત હો જહાં કી, ક્યોં કિસી કી હાર હો, ન્યાય કા વિધાન હો,
સબ કા હક સમાન હો, સબ કી અપની હો ઝમીન, સબકા આસમાન હો
રંગભેદ છોડ દો, જાતિપાતી તોડ દો માનવો કી આપસી, અખંડ પ્રીત જોડ દો

શાંતિ હવા ચલે, જબ કહે ભલે ભલે,
દિન ઉગે સ્નેહ કા, રાત રંજ કી ઢલે

ભૂતપૂર્વ રાજય સભાના સભ્ય અને વિધાયક (MLA) જય જગત ૨૦૨૦ ને સમર્થન આપવા સ્વયંસેવક તરીકે જોડાયા હતા તે ઉપરાંત અનેક ગવર્મેન્ટ અધિકારીઓએ પણ યાત્રાની તરફેણમાં સમર્થન દાખવ્યું હતું. અમે જ્યારે અશોક નગર પહોંચ્યા ત્યારે અનેક લોકોએ અમને અઢળક અભિનંદન આપ્યા. અમે ત્યાંની એ ગૌશાળાની મુલાકાત લીધી જે એક જૈન સાધુની પ્રેરણાથી બનાવાઈ હતી. ત્યારબાદ અમે કેનેડાના ડેવિડ ફ્લેચર તથા ત્યાંના સ્થાનિક પત્રકારો સાથે ઉત્તમ ચર્ચા સત્રો આયોજયા. અહીંથી અશોકનગરના, કોંગ્રેસના સ્થાનિક, વિધાયક (MLA) જયપાલસિંહજી જે બહુધા સાયકલ મેન તરીકે જાણીતા છે - જેઓ સાયકલને તેમના પ્રવાસ માટેના પ્રાથમિક માધ્યમ તરીકે વાપરતા હતા અને રોજ સાયકલ પર બેસી શહેરનું ભ્રમણ કરતા, તથા સરકારના મુખ્ય એસેમ્બલી હૉલ પર પણ સાઈકલ પર જતા, તેઓ અમારી સાથે યાત્રામાં જોડાયા અને તેમની સાથે અનેક યુવાનો પણ જોડાયા. શાંતિના ઉદ્દેશની સાથે સાથે બીજી પણ અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી જેને કારણે, આપણા નેતાઓ આપણને જે મહાન આદર્શો શીખવાડી ગયા છે તેનાથી સમાજના લોકો પરિચિત થાય. અશોકનગરના યુવાનોએ મહાત્મા ગાંધી ઉપર શેરી નાટક પ્રસ્તુત કર્યું હતું. ત્યારબાદ અમે ૫૦ સત્યાગ્રહીઓએ, અમારી રઘુવંશી ધરમશાળાને જોડાઇને આવેલા બગીચામાં વૃક્ષારોપણ કર્યું. અમારી આ પ્રકારની પ્રવૃત્તિઓ બાદ અમે અમે શહેરમાં કૂચ કરી અને વાસ્તુપૂજય શ્વેતાંબર જૈન મંદિર પહોંચ્યા. ત્યાર પછીની અમારી યાત્રા અશોકનગરના સૌથી ગરીબ વિસ્તાર, તકનેરી ગામમાં હતી જ્યાં અમે અમારા 'સહરિઆ આદિવાસી' પરિવારો સાથે મળીને દિવાળી ઉજવી. તેમની પાસે ખૂબ જ મર્યાદિત વસ્તુઓ હોવા છતાં તેઓ ખૂબ જ આનંદપૂર્વક જીવી રહ્યા હતા તે જોઈ મારું હૃદય ખૂબ દ્રવિત થઈ ઊઠ્યું, અને તેની વિપરીત રીતે જોઈએ તો, આપણી પાસે અનેક વસ્તુઓ, લગભગ બધું જ હોવા છતાંય, આપણને ક્યાંક અસંતોષ રહેતો હોય છે. અમારી ટીમમાં ૧૦ રાષ્ટ્રોમાંથી ૫૦ સહયાત્રીઓ હતા જેમણે જય જગત ને ખરેખર વિશ્વ શાંતિ યાત્રા બનાવી હતી. અમારી ટીમના લગભગ એક તૃતીયાંશ એટલે કે ૧૫ જેટલા સત્યાગ્રહીઓ ભારતની બહારથી આવ્યા હતા, ૧૫ જેટલા સત્યાગ્રહીઓ

ભારતના જુદાજુદા વિસ્તારમાંથી આવેલા આદિવાસી કાર્યકર્તાઓ હતા અને ૧૫ જેટલા યુવાનો મણીપુરથી કેરલા સુધી લઈને ભારતના વિવિધ ૧૦ રાજ્યોમાંથી આવ્યા હતા.અમારી સાથે ૨૦ મહિલા સત્યાગ્રહી, એટલે કે લગભગ એક તૃતીયાંશ ટીમ જેટલી મહિલા સત્યાગ્રહીઓ પણ હતી.

વર્તમાન સમયમાં પોતાનું ઘર, પરિવાર, નોકરી, વ્યવસાય વગેરે છોડી એક સંપૂર્ણ વર્ષ, માનવજાતિના ઉત્કર્ષ માટે સમર્પિત કરવું, માનવતાના કાર્યો માટે વચનબદ્ધ થવું એ ખૂબ જ અદભુત પ્રતિબદ્ધતા હતી. જ્યારે અમારા બીજા દેશના સાથીઓ, બીજા અનેક દેશોમાં જઈ ત્યાંની ભાષા, હવામાન, ખોરાક-પાણી, જીવનશૈલી અને નવી સંસ્કૃતિ સાથે વેઠવા પડતા સંઘર્ષોને, તેમના ઘર અને પરિવારથી દૂર રહી જ્યારે આ કાર્ય કરતા ત્યારે તે વધુ સરાહનીય બની જતું. અમારી સાથે દેશના ખૂણે ખૂણેથી, ઉત્તર-પૂર્વના મણિપુરથી લઈ દક્ષિણના કેરળ અને પશ્ચિમના ગુજરાતથી યુવાન અને આદિવાસી કાર્યકર્તાઓ અમારી સાથે જોડાયા હતા. અમારા યુવાન સભ્યો જે ટેકનોલોજીના ક્ષેત્રે ખૂબ જ કુશળ હતા તેઓ અમારી યાત્રાના આંતરરાષ્ટ્રીય સોશિયલ મીડિયા કમ્યુનિકેશન માટેના મુખ્ય આધારસ્તંભ બની રહ્યા હતા, જ્યારે અમારા આદિવાસી કાર્યકર્તાઓ જય જગત યાત્રાના ચાર મુખ્ય ઉદ્દેશ, ગરીબી દૂર કરવી, ઊંચનીચના ભેદભાવ દૂર કરવા, અહિંસાવાદી સમાજનું સ્થાપન કરવું અને ક્લાઇમેટ ચેન્જ, એટલે કે પર્યાવરણીય બદલાવ વિશે લોકોને માહિતગાર કરવા. તેના મુખ્ય આધારસ્તંભ બની તેઓએ ખૂબ કાર્ય કર્યું.

આ એક સંપૂર્ણ અનુભવ હતો, કેટલીય વસ્તુઓ અમે અમારી જાતે શીખ્યા અને કેટલીયે વસ્તુઓ અમે બીજાને શીખવાડી. હું જાણું છું જ્યારે યાત્રા પૂર્ણ થાય છે ત્યારે લોકો તેની સાથે, કંઈક એવું શીખીને ઘરે લઈ જતા હોય છે જેને બાકીનું સંપૂર્ણ જીવન તેઓ સ્મરણમાં રાખી શકે. અમે લોકોએ ભારતમાં પદયાત્રા કરી તેને તેહરાનથી આગળ વધારવાનું નક્કી કર્યું હતું. ઈરાનથી શરૂઆત કરી સ્વિટ્ઝર્લૅન્ડના જીનીવા સુધી પહોંચ્યા. જેમાં આઠ મહિનાની પદયાત્રા અને નવ (૯) રાષ્ટ્રો સમાવિષ્ટ થતા હતા. જય જગત ૨૦૨૦ યાત્રા નું સમાપન અમે ગાંધીજીની 151મી જયંતિ ના દિવસે ૨જી ઓક્ટોબર ૨૦૨૦ના દિવસે કરવા નિર્ધારિત હતું.

નવેમ્બર મહિનાની શરૂઆત ભારતના ઐતિહાસિક વણાટકાર્ય માટે પ્રસિદ્ધ શહેર ચંદેરી માં થઈ. લગભગ એક મહિનો સાથે પસાર કર્યા પછી સત્યાગ્રહીઓનો અરસ પરસ નો સંપર્ક હવે એક દૈનિક કાર્યક્રમની જેમ વિકસિત થઇ ગયો હતો, શાંતિયાત્રાન પ્રત્યેક સભ્યો, એક સમાન વિચારધારા ધરાવતા હોવાથી અમારી વચ્ચે જલ્દીથી સંબંધ સ્થપાઈ જતો હતો.

ઉત્તર પ્રદેશમાં અમને ભારતીય પરંપરા અનુસાર ખૂબ જ ઉત્તેજનાપૂર્ણ આવકાર મળ્યો હતો. રાકેશજીની આગેવાની નીચે અમે રાજઘાટ બંધ પર રાત વ્યતિત કરી. કેનેડાના ડેવિડ અને ડેબી ફ્લેચર 'એકતા પરિષદ' સાથે જોડાઈ અમારી ટીમના એકીકરણ માટે સતત કાર્યરત હતા. ડેવિડ, જે લોકો ખૂબ લાંબી પદયાત્રા કરી રહ્યા હતા તેમની આગેવાની કરી રહ્યા હતા, જ્યારે રાજાજી તાલીમાર્થીઓ તથા ગ્રામીણ બાળકોની આગેવાની કરી રહ્યા હતા. અમારી વર્કશોપ ખુબ જ આનંદ આપનારી અને જાણકારી આપી સમૃદ્ધ કરાવનારી હતી. બંને ટીમો અમારી સાંજની પ્રાર્થના પહેલા જોડાઈ એકબીજા સાથે ટૂંકાણમાં પોતાના કાર્યો અને વિચારોની આપ-લે કરતા. અમારી આ યાત્રામાં, 50 વ્યક્તિઓ એક સાથે ચાલતી હતી, અને તે બધાને એક સાથે જોડી રાખવા તાર્કિક રીતે ઘણું પડકાર ભર્યું બની રહેતું તેથી અમે ચાલવા માટે ફાળો ઉઘરાવવાની શરૂઆત કરી. અમારી આર્થિક પરિસ્થિતિએ સોશિયલ મીડિયા તથા વ્યક્તિગત

સંબંધો થકી અમારા ઉદ્દેશ્યને વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવાનો અમારા મુખ્ય હેતુ પ્રત્યેનો દ્રષ્ટિકોણ સંપૂર્ણ રીતે બદલી નાખ્યો. અમારી ઉત્તર પ્રદેશના, લલિતપુરની વધારાની મુલાકાત સત્યાગ્રહીઓની, ડેવિડ અને ડૅબી ફ્લેચર ની દ્વિભાગીય તાલીમ રૂપે તથા રાજાજીની આદિવાસી ગ્રામીણ યુવાનો માટેની તાલીમના ભાગરૂપે હતી. 50 સત્યાગ્રહીઓ માટે ત્યાંના સ્થાનિકોને એકસાથે ભેગા કરી યાત્રા ના ઉદ્દેશ્ય વિશે સમજાવવું, તથા તેમને એકત્ર કરવા એક ભગીરથ કાર્ય હતું. અગ્રણી હોવાથી વચ્ચે દખલ કરવાનો આનંદ મને મળતો.

આદિવાસી ગ્રામીણ યુવાનો જેઓ આ યાત્રાને પ્રોત્સાહિત કરવાના કાર્યોમાં ખૂબ જ સંલગ્ન હતા તેમના પ્રત્યે મને આદર થયો. તેઓ સ્થાનિકોની સાથે સંપર્ક સાધવામાં, તેમના સુધી શાંતિ અને સંવાદિતા નો સંદેશ પહોંચાડવામાં સતત કાર્યરત હતા. મોડું ભોજન કર્યા બાદ આદિવાસી ગામોના યુવાનો સુંદર ભજનો તથા હાસ્યપ્રેરક દ્રશ્યોની ભજવણી કરતા. જેમાં ખૂબ આનંદ આવતો અને ત્યારબાદ અહિંસાની વાતોચીતો પર આધારિત રસપ્રદ વર્કશોપનું આયોજન કરવામાં આવતું જેની આગેવાની ફ્રાન્સના મિશેલ કરતા.

લલિતપુર છોડી લગભગ ૨૦ કિલોમીટરની યાત્રા કરી અમે બિરધા પહોંચ્યા, અમે આખા શહેરમાંથી પસાર થયા પરંતુ વહેલી સવારનો સમય હોવાથી અમે ખૂબ ઓછા લોકોના સંપર્કમાં આવી શક્યા. શાળાના મેદાનમાંથી હાઇવે સુધી અમે વાહનમાં બેસીને ગયા અને આલ્હાદક વાતાવરણમાં ચાલવા લાગ્યા. મેં ઇન્ટરનેટ પર જોયું તો મને ધ્યાન આવ્યું કે તે દિવસે સુપ્રીમ કોર્ટેનો અયોધ્યા વિષયક નિર્ણય આવવાનો હતો. તે ઉપરાંત ઉત્તર પ્રદેશમાં 144ની કલમ લાગુ કરી કરફ્યુ લાદવામાં આવ્યો હતો. થોડા સમય માટે હું હતોત્સાહ થઈ ગયો પરંતુ રાજાજી, જે તેમના હૃદયથી, યથાર્થ ગાંધીવાદી હતા, તેમણે સુપ્રીમ કોર્ટના ચુકાદાને અનુલક્ષમાં લીધા વગર શાંતિ માટેની ખાસ પ્રાર્થનાઓ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. મને તેમની માનસિક સ્વસ્થતા તથા મોઢા પરની પરમ શાંતિ જોઈને તેમના પ્રત્યે આદર થયો. જલંધરનાથ, કૈલાસજી આદમી અને હું લલિતપુરથી ભોપાલ જતી ટ્રેનમાં બેઠા. આખા મુખ્ય માર્ગ પર કાયદો અને ન્યાયની વ્યવસ્થા જાળવવા માટે પોલીસ સજ્જ હતી. અમે જ્યારે ભોપાલ ઉતર્યા ત્યારે આખુ સ્ટેશન લગભગ નિર્જન જેવું હતું, રસ્તાઓ પણ તદ્દન સુમસામ હતા તે જોઈને મને ખૂબ જ નવાઈ લાગી. આ પરિસ્થિતિ વચ્ચેથી માર્ગ કાઢી અમે થોડો સમય આરામ કર્યો અને સેવાગ્રામ જવા માટે જ્યારે અમે રાતની ટ્રેનમાં બેઠા ત્યારે પરિવારના સભ્યોએ અમારું અભિવાદન કર્યું.

બીજે દિવસે લગભગ બધા જ સત્યાગ્રહીઓ સેવાગ્રામમાં એકત્ર થયા હતા. અમારા કાર્યક્રમની શરૂઆત અમે 'પવનાર વિનોબા આશ્રમ 'થી, 'બ્રહ્મવિધા મંદિર' સુધી લગભગ આઠ કિલોમીટર જેટલી પદયાત્રા કરીને કરી. આ યાત્રાની આગેવાની શાળાની શાળાની અનેક યુવાન વિધાર્થિનીઓએ કરી હતી. અમારી યાત્રા સમય કરતાં વહેલી શરૂ થઈ હતી. અમે લગભગ ૬૦૦ જેટલા સત્યાગ્રહીઓ એક સાથે મંત્રોચ્ચાર તથા કૂચ કરતા આગળ વધ્યા અને લગભગ ત્રણ કલાકની પદયાત્રા પછી સવારે 11:00 ના સુમારે અમે બ્રહ્મવિધા મંદિર પહોંચી ગયા જેના દરવાજા પર મંદિરના આશ્રમની રહેવાસી બહેનો, દીદીઓ દ્વારા અમારું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

"જ્યારે કોઈ વ્યક્તિ આ શરીર પર વિજય પ્રાપ્ત કરી લે તો વિશ્વમાં કોણ તેના પર શક્તિનો ઉપયોગ કરી શકે? જે વ્યક્તિ પોતાના સ્વયં પર વિજય મેળવી શકે છે તે વ્યક્તિ આખા વિશ્વ પર વિજય મેળવી શકે છે"

- વિનોબા ભાવે

તે દિવસે વિનોબા ભાવેજીની ૧૨૫મી વર્ષગાંઠ હતી અને તેથી તેમની અનેક વાતો પુનરાવર્તિત રૂપે સાંભળી રહ્યા હતા. આ નેતાઓ પાસેથી જ અમારી પદયાત્રા દરમિયાન તેમના આપેલા શિક્ષણને અમે સમાજમાં ફેલાવ્યું હતું. વિનોબાજીની વાતો સાંભળતા સાંભળતા, હું મારા વિચારોમાં ખોવાઈ ગયો કે મારી પ્રેમાળ પત્નીને ખોયા પછી તેના દુઃખમાંથી બહાર આવવું મારા માટે કેટલું કષ્ટદાયક હતું પરંતુ ત્યારબાદ મેં આત્મસંયમ કેળવી મારી લાગણીઓને સાચી દિશામાં વાળી આને પરિણામે હું મારી જાત પર વિજય મેળવી શક્યો અને આટલી સહેલાઈથી અહીં સુધી પહોંચી શક્યો. વહેલી સવારથી જ અમારી બધી પ્રવૃત્તિઓ શરૂ થઈ જતી હતી. સમગ્ર ભારતમાંથી અનેક લોકો આવ્યા હતા એવું લાગતું હતું જાણે અહીં મેળો જામ્યો છે. અનેક સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા જે ખાદી તથા ગ્રામીણ વસ્તુઓ અને સેવાઓ આપવા માટે કાર્યરત થઇ ગયા હતા. આખો દિવસ ગાંધીવાદી દિગ્ગજો દ્વારા યોજાતા અનેક સત્રો તથા બીજી અનેક પ્રવૃત્તિઓથી ભરચક રહેતો. તે દરમિયાન છત્તીસગઢમાં આવેલી ભારતની સૌથી મોટી એકતા સંસ્થા, એકતા પરિષદના તમામ સભ્યો ને મળવાનો મને મોકો મળ્યો.

મૈત્રી મિલનની અદભૂત શરૂઆત પછી આદરણીય સંત શ્રી મોરારીબાપુનું વિનોબાજી પર પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યાં અનેક સંખ્યામાં ત્યાંના સ્થાનિક રહેવાસીઓ પણ આવ્યા હતા. મોરારીબાપુ સમાજમાં આદરણીય અને સ્નેહપાત્ર વ્યક્તિ તરીકે ખુબ જાણીતા, અમે સંગીત તથા કવિતાઓ દ્વારા તેમનું અભિવાદન કર્યું હતું. તે ઉપરાંત અનેક વરિષ્ઠ ગાંધીવાદી વ્યક્તિઓ પણ અમારું સંબોધન કરવા અહીં જોડાયા હતા.

સુબ્બારાવજી અને ભારતના 'જળબાબા' તરીકે ઓળખાતા રાજેન્દ્રસિંહજી સત્ર લેવા સેવાગ્રામ પાછા આવ્યા હતા, તે ઉપરાંત 'આમિર અંજઆની' જે ત્યાંના સ્થાનિક મુસ્લિમ નેતા, હોટેલિયર અને પ્રખર ગાંધીવાદી હતા તથા જય જગત 2020 ના મિત્ર ડૉ મિલિન્દ બોકીલ આ સર્વ વ્યક્તિઓએ અહીં સત્રનું આયોજન કરી અમને સંબોધ્યા હતા. અમારી બધી ચર્ચા અને વાતચીતો ધર્મના અવરોધોને ઓળંગીને માનવતા અને સ્થાપિત કરવા વિશે હતી. આમીરજીએ અમારો બીજા અનેક નેતાઓ સાથે પણ સંપર્ક કરાવ્યો હતો. જય જગત ૨૦૨૦ની યાત્રા સાથે જોડાવું એ ખરેખર ખૂબ આનંદમય હતું. સેવાગ્રામ, વર્ધા અને નાગપુરમાં અમે જે પ્રગતિ કરી હતી તે વિશે હું રાજાજી અને જીલ દીદી ને માહિતી આપતો રહેતો હતો. રાજાજીએ અમારા હિંદુ, મુસ્લિમ, ક્રિશ્ચિયન, બૌદ્ધ અને જૈન બધા જ ધર્મોના લોકોને એકત્રિત કરી કાર્ય કરવાના પ્રયાસ માટે અમારી પ્રશંસા કરી. હવે મને એ વાતનો વિશ્વાસ આવી ગયો હતો, કે અમારી ભારતની યાત્રાનું અંતિમ ચરણ, જેમાં અમે મહારાષ્ટ્રના સેવાગ્રામ સુધી પદયાત્રા કરવાના હતા તે ખરેખર સંસ્મરણીય બની રહેવાનું હતું.

અમે લોકો શાંતિ અને સંવાદિતા નો સંદેશો ફેલાવવા માટે પદયાત્રા કરતા હોવા છતાં અમે એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું હતું કે અમે જ્યાં પણ જઈએ ત્યાં ગાંધીવાદી વિચારધારા અનુસાર ખૂબ જ ઉદારતા અને કૃતજ્ઞતાપૂર્વક બીજી અનેક પ્રવૃત્તિઓ જેમ કે બાથરૂમ સાફ કરવા, આસપાસનું વાતાવરણ સ્વચ્છ કરવું, બધી વ્યક્તિઓના બુટ ચંપલ ગોઠવીને હારબંધ મૂકી દેવા તથા લોકોને જરૂરિયાત મુજબ બીજી અનેક મદદ કરવી આવા અનેક કાર્યો પણ સતત કરતા રહેતા.

રાજાજી અને ઝીલ દીદી સાથે ખૂબ નજીકથી જોડાઈ મેં અનેક કાર્યો કર્યા હતા જેને પરિણામે, જય જગતના અનેક સમર્થકો સાથે મને વાત કરવાનો મોકો મળ્યો હતો. રાજાજીના સૌથી વધુ ઉત્સાહી સમર્થક રાજેશ મિશ્રા અને તેમના નાગપુરથી થતા કાર્યો એકતા પરિષદની ટીમને માટે અત્યંત મહત્વનું યોગદાન હતું. હું એ વાત થી ખુબજ આનંદ અનુભવતો હતો કે જગત ૨૦૨૦ને અનેક ઉચ્ચ પદાધિકારીઓ તરફથી ખુબ જ આશીર્વાદ અને સમર્થન મળ્યું હતું, જેમાં IAS (આઇએએસ) અધિકારીઓ, IPS (આઈ પીએસ) અધિકારીઓ, અનેક રાજદૂતો તથા અનેક સામાજિક કાર્યકર્તાઓ નો સમાવેશ થતો હતો. ખૂબ ઓછા સમયમાં આયોજન કરી પ્રાપ્ત કરેલી આટલી ભવ્ય સફળતા ને કારણે અમને અનેક પ્રશ્નો પુછવામાં આવતા, ત્યારે રાજાજી તેનો સુંદર પ્રત્યુત્તર આપતા કહેતા, પોતાની જાતમાં વિશ્વાસ મુકવો એ બીજાઓ તમારામાં વિશ્વાસ મૂકે તેનું પ્રથમ પગથિયું છે. "

યાત્રામાં આગળ વધતા અમારા યુવાન સ્વયંસેવકોએ પર્યાવરણને અનુકૂળ રંગમંચ તથા સ્ટોલ બનાવી અકલ્પનીય એકતાને પ્રદર્શિત કરી હતી. જય જગત યાત્રાના ચાર મુખ્ય આધાર સ્તંભો ઉપર થયેલી સૂચિતાર્થ વાતચીત દરમિયાન, અમારી સાથે અનેક તેજસ્વી પૂજ્ય પદાધિકારીઓ જોડાયા હતા જેમાં જયપુરના ગિરિધર સિંગ બાપનાજી, દિલ્હીના બસાવરાજ પાટીલ અને તે ઉપરાંત અનેક IAS તથા IPS અધિકારીઓનો સમાવેશ થતો હતો. યુવાન આર્કિટેક અજીત નાયર, જે શાંતિ અને સામાજિક કાર્યો માટે પણ સતત જોડાયેલા રહેતા તેમણે જય જગત ૨૦૨૦ વિશ્વ યાત્રામાં ખૂબ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. તેમના સ્ફૂર્તિયુક્ત વ્યહવારે અનેક લોકોને પ્રેરણા આપી હતી અને કાર્યપ્રત્યેનો તેમનો ઉત્સાહ અને ધીરજ જોઈ મારું હૃદય ગદગદ થઈ ગયું હતું.

"શાંતિ એ તેના પોતાનામાં જ પુરસ્કાર રૂપે હોય છે" - મહાત્મા ગાંધી

જય જગત શાંતિ યાત્રાના 89 માં દિવસે અમે લોકો મહારાષ્ટ્ર નજીક ભેગા થયા હતા. આ સંપૂર્ણ યાત્રા દરમિયાન અનેક સ્થાનિક રહેવાસીઓ દ્વારા ખુબજ ઉત્સુકતાપૂર્વક અમારું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યાંના અધિકારીઓ જેમકે જિલ્લા કલેકટર અને ssp ટીમ દ્વારા અમને જરૂરી એવી પ્રત્યેક સહાય પૂરી પાડવામાં આવી હતી. 'અતિથિ દેવો ભવ' ની ભાવનાને વાસ્તવિક રીતે ચરિતાર્થ કરતી એક સુંદર ઘટના અમારી સાથે બની હતી. અમારું સ્વાગત કરવા માટે હાઇવેની બંને તરફ અનેક નાની છોકરીઓ પારંપરિક ભારતીય પરિધાનમાં હાથમાં કળશ અને સોનેરી દુપટ્ટો લઈ હારબંધ ઊભી હતી. પાછળ જ હારબંધ રીતે ગામની મહિલાઓ સુંદર તેજસ્વી રંગોની સાડીમાં, હાથમાં સજાવેલી થાળીઓમાં ફૂલની પાંદડીઓ લઈ ઉભી હતી અને અંતે, સુંદર સજાવેલા અને રંગોળી કરેલા મુખ્ય દ્વાર પર અમારા સ્વાગત માટે પ્રતીક્ષા કરતા ગામના પુરુષો અને વૃદ્ધો હાથમાં ફૂલોની પાંદડીઓ સાથે ઉભા હતા.

મુલતાઇ ગામ તરફ જતા માર્ગમાં સાથી તરીકે સુખદેવજી અને તેમના સમર્થક સ્ટાફ સાથે ચાલવાનો એના પોતાનામાં જ એક અદભૂત અનુભવ હતો. લગભગ દરેક બે કિલોમીટર પછી અમારા સ્વાગતની તૈયારી રહેતી, જે આપણા પ્યારા ગાંધીબાપુ અને બા પ્રત્યે ભારતના લોકોનો પ્રેમ પ્રદર્શિત કરતી હતી. અને ગુરુદ્વારાઓની, મંદિરોની યાત્રાઓ તથા અનેક દિગ્ગજો દ્વારા અપાયેલાં વક્તવ્યો ગાંધીજીને ભવ્ય અંજલિ આપતા હતા. રાજગોપાલજીના વક્તવ્યોમાં તેમના 50 વર્ષોનું ગહન અધ્યયન અને વિશ્વના અત્યંત ગરીબ વર્ગ સાથે કામ કરવાના પ્રત્યક્ષ અનુભવોનો સમાવેશ હતો, જેને તેમણે અમારી સાથે વહેંચ્યો તેથી અમે બધા તેમના ખુબ આભારી હતા. આ યાત્રામાં નોંધપાત્ર વાત એ હતી કે અમારી ઉપર અઢળક ફૂલો તથા

ગુલાબની પાંદડીઓનો અભિષેક કરવામાં આવ્યો હતો જે નફરત અને શત્રુતા ઉપર પ્રેમ અને શાંતિના વિજયને દર્શાવતું પ્રતીક હતું.

મને એ વિશ્વાસ થઈ ગયો હતો કે ભારતમાં અમારી શાંતિ યાત્રાના અંતિમ ચરણમાં મહારાષ્ટ્રના સેવાગ્રામ સુધીની યાત્રા અત્યંત સંસ્મરણીય બની રહેનાર છે. અમારા સ્થાનિક ધારાસભ્ય, આદરણીય શશાંક ભવંરગાવજી જેઓ ગાંધીજીના આદર્શોના પ્રખર અને અંતઃકરણ પૂર્વક માનનારા અનુયાયી હતા, તેમની ઇચ્છા હતી કે અમે ત્યાંની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિધાર્થીઓ સાથે અમારી વિશ્વ શાંતિ યાત્રા ઉદ્દેશ્યો વિષે ચર્ચા કરીએ. અમે ખુશીથી તે માટે તૈયાર થઈ ગયા અને ત્રણ ટીમ બનાવી જે પ્રત્યેક ટીમ બે શાળાઓ / કૉલેજોનું સંબોધન કરવાની હતી. ભવંરગાવજી આ કાર્ય માટે એટલા ઉત્સુક હતા કે તેમણે તેનું આયોજન એવી રીતે કરાવ્યું કે પ્રત્યેક સત્રમાં એ હાજર રહી શકે. મેં મારું સંબોધન એમ. જી. એમ. શાળામાં ક્લએર સાથે અને ત્યારબાદ જીલ દીદી અને સની સાથે ખૂબ જ જૂની મ્યુનિસિપાલિટી કન્યાશાળામાં કર્યું હતું. રાજાજીએ સતી પરિસરના,પીસ પાર્ક (શાંતિ પાર્કનું) નું ઉદઘાટન કર્યું તે પહેલા જય જગતના પ્રત્યેક સત્યાગ્રહીએ વૃક્ષારોપણ કરી તેની બાજુમાં પોતાનું નામ કોતરાવ્યું. ત્યારબાદ રચનાત્મક કેન્દ્ર, 'સેન્ટર ઑફ એકસેલન્સ ફોર નોન - વાયોલન્સ ઇન હાયર એજ્યુકેશન' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. જીલ દીદી તથા ડૉ.ચૌહાણની વિચારશક્તિથી હું અત્યંત પ્રભાવિત થયો હતો.

જય જગત વિશ્વ શાંતિ કૂચ નો મુખ્ય ઉદ્દેશ શાંતિનો સંદેશ ફેલાવવો અને સમાજના લોકોની શાંતિ માટેની જાગૃતિ અને ક્ષમતા વિકસિત કરવાનો હતો. વર્તમાન ભૌગોલિક રાજકારણના સંદર્ભે ઈરાન હંમેશાથી અને ખાસ કરીને ઇ.સ. 1976ના બળવા પછી ઘણું ખરું અલિપ્ત જ રહ્યું છે. તે ઉપરાંત ઈરાન અને ભારતની સંસ્કૃતિ અને ઇતિહાસ હજારો વર્ષો જૂનો છે અને હવે, વર્તમાન સમયે તેઓ સિલ્ક માર્ગ દ્વારા દ્વિપક્ષીય રીતે રાજકારણીય, સાંસ્કૃતિક અને આર્થિક રીતે મજબૂત સંબંધોથી જોડાયા છે. જય જગત વૈશ્વિક યાત્રાના મૂળ આયોજનમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઇરાન આ ત્રણે રાષ્ટ્રોમાં મુલાકાત કરવાની હતી, જેમાં ત્રણ અઠવાડીયા જેટલો સમય અને 20 આગેકૂચોની ગણતરી કરવામાં આવી હતી. પરંતુ અમેરિકા સાથેના શિયા મુસ્લિમ વિશ્વના ક્ષેત્રમાં સંવેદનાત્મક પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, આ મુલાકાતોને શાંતિના સંદેશના પ્રોત્સાહન અને પ્રચાર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોની આપ લે તરીકે વધુ જોવામાં આવતો હતો. અને તે વાત, અમેરિકા અને ઈરાન વચ્ચે વધતી સમસ્યાઓને ધ્યાનમાં લેતા વધુ જટિલ બની જતી હતી. જાન્યુઆરીની મધ્યમાં, એક ઉચ્ચ ક્રમાંકિત ઈરાની કમાન્ડર કાસીમ સુલેમાનીના મૃત્યુથી જય જગત યાત્રાના જય જગત ના આયોજકોને તેમના આયોજનમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થઇ.

ચેક ઇન કાઉન્ટર પર, અમારી પાસે રિટર્ન ટિકિટ ન હોવાને કારણે અમને થોડી મુશ્કેલી ઊભી થઈ, પરંતુ, એરલાઇન્સનો નિરીક્ષક અમારી જય જગત વૈશ્વિક યાત્રાથી જાણકાર હતો તેથી તે અમારી મદદે આવ્યો અને અમને બોર્ડિંગ પાસ અપાવ્યા. આગળ જ્યારે અમે સિક્યુરિટી ચેકમાં ગયા ત્યારે બીજી મુશ્કેલી ઊભી થઈ મારા શરીર પર કોતરેલું ટેટુ જોઈ પોલીસ ઓફિસરે તેની પ્રશંસા કરી પરંતુ ઇમિગ્રેશન ડેસ્ક પર અધિકારીએ પહેલાં જણાવ્યું હતું એ ભારતીયોના ઈરાન સાથેના પ્રવાસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, પરંતુ, તેના સહકાર્યકર અધિકારીએ તરત જ તેને સુધારતા કહ્યું કે આ પ્રતિબંધ ફક્ત ઈરાક પર છે ઈરાન પર નહીં. અમે શા માટે ઇરાનની મુલાકાતે જોઈએ છે તેના કારણો સાંભળ્યા પછી અને મારા ટેટુ ઓ

જોયા પછી અધિકારીએ મારી સાથે, તેના નવા આવેલા પુસ્તક, 'માનવતા જ એકમાત્ર ધર્મ છે' વિશે અનેક વાતચીત કરી. મારી પાછળ લાઈનમાં ઉભેલા લોકો અમારી આટલી લાંબી વાતચીત વિશે જાણવા આતુર હતા, પરંતુ મને એ જાણીને ખૂબ હળવાશ અનુભવાઈ કે ઇમિગ્રેશન અધિકારી પણ મારા જેવો જ છે અને બીજા કોઈ પણ ધર્મો કરતા અને પ્રાંતીય સીમારેખાઓ કરતા માનવતાને જ અતિઉચ્ચ અને સૌથી ઉત્તમ જીવન મૂલ્ય તરીકે જુએ છે.

"અમે અમારી શોધખોળો કરવાનું ક્યારેય બંધ નહીં કરીએ, અને અમારી તમામ શોધખોળોનો અંત એ આવશે કે જ્યાંથી અમે શરૂઆત કરી હતી ત્યાં અમે પહોંચીશું અને તે સ્થાનને પ્રથમ વખત જાણીશું."

- ટી.એસ. એલિયોટ

અમે ત્યાંના સ્થાનિક સમય મુજબ સવારે છ વાગે શારજાહ પહોંચ્યા, ત્યાં એરપોર્ટ પર થોડા જ સમય પછી હૈદરાબાદથી આવતા વિમાનમાં રાજાગોપાલજી અને મઝહેર હુસૈનજી આવ્યા અને અમારી સાથે જોડાયા. ત્યાંથી અમે બધા સાથે જ તહેરાન જતા બીજા વિમાનમાં બેઠા. અમારી અપેક્ષા કરતાં વિમાન યાત્રીઓથી ભરચક હતું.

અમારા યાત્રા આયોજક, તથા સાથે સાથે દુભાષિયા તરીકે પણ અમારી સાથે રહેનાર 'પૂયાન ખોસખાબક્ત' દ્વારા જ્યારે અમારું સ્વાગત કરવામાં આવ્યું ત્યારે મને આપણા જ દેશમાં મારું સ્વાગત થઈ રહ્યું હોય તેવી અનુભૂતિ થઈ. પૂયાન સિવિલ એન્જિનિયરિંગ માં અનુસ્નાતકની ડિગ્રી મેળવી ચૂકેલો યુવાન હતો જેણે તેની કારકિર્દી તહેરાનના યાત્રા આયોજક તરીકે આગળ વધારવાનું નક્કી કર્યું હતું. થોડા સમયમાં અમારા બીજા સત્યાગ્રહી, અશોક સજ્જનહારજી જે યુરોપના અનેક રાષ્ટ્રોમાં ભૂતપૂર્વ રાજદૂત તરીકે કાર્યરત રહી ચૂક્યા હતા તે પધાર્યા. તહેરાનનું એરપોર્ટ શહેરની બહારના ભાગમાં સ્થિત છે અને તેની આજુબાજુનો બધો વિસ્તાર તદ્દન સૂકા રણ જેવો દેખાય છે, આ જોઈને મને અમેરિકાના ટેક્સાસ ની યાદ આવી ગઈ.

'આપણી જાતને શોધવાની સૌથી અસરકારક પદ્ધતિ એ છે કે આપણે આપણી જાતને બીજાઓની સેવામાં સમર્પિત કરી દઈએ' બરફ આચ્છાદિત શ્વેત ધવલ પહાડોના શિખર તથા શિયાળાની સૂકી હરિયાળી વચ્ચેથી ગાડીમાં ખૂબ લાંબું અંતર કાપી અમે ઈરાનીઅન આર્ટ અને કલ્ચરલ કેન્દ્ર પર પહોંચ્યા. જ્યારે અમે અમારી ઈરાનમાં થઈ રહેલી અમારી જય જગત શાંતિ યાત્રાના ઉદ્દેશ્યમાં વધુ ઊંડાણપૂર્વક કાર્યરત થઈ ગયા ત્યારે વધુને વધુ લોકોને તેના વિશે રસ જાગૃત થવા લાગ્યો. જ્યારે રાજાજી અને અશોકજી એ જય જગત ૨૦૨૦ પદયાત્રાનો અને ઈરાનની મુલાકાતના મુખ્ય હેતુનો ઉલ્લેખ કર્યો ત્યારે પરિસ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ. અનેક કલાકારો અમારી ટીમ સાથે સંપર્ક કરવા લાગ્યા. અમારી અપેક્ષા રહિત અમને તાલીમ માટેના કક્ષમાં પણ આમંત્રણ મળવા લાગ્યું જ્યાં લગભગ 50 જેટલી મહિલા કલાકારો તાલીમ કાર્યક્રમમાં જોડાઈ હતી. તેઓ અમને તેમના જૂથ સાથે વાર્તાલાપ કરવા આમંત્રણ આપવા લાગ્યા, ત્યાંની બધી મહિલા કલાકારો અમારી સાથે ફોટા પડાવવા લાગી અને તેમની તૂટીફૂટી અંગ્રેજીમાં અમારી સાથે વાતો કરવા લાગી. આ બધી જ વસ્તુઓ સિરામિક આર્ટ ગૅલેરીની, હાઈ ટી પાર્ટી આ વખતે તેની પરાકાષ્ઠાએ પહોંચી હતી. અનેક લોકો અમારી સાથે જૂથમાં ફોટોગ્રાફ પડાવતા, ખૂબ જ મૈત્રી ભર્યા સ્વરે ભારત અને ઈરાનના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધો પર વાતો કરતા હતા. આ પાર્ટીમાં પારંપારિક સૂકા મેવાની સાથે સાથે ચોકલેટ, ફળો, વિવિધ જાતના ઠંડા પીણા વગેરે અનેક ખાદ્ય પદાર્થો હતા. અને ત્યારબાદ અમે

રાત્રીના ભોજનની મીટીંગ સમયે ખદીજા કેથરિન ને મળ્યા જેઓ ખેડૂતો સાથે કામ કરતી એક નોન ગવર્મેન્ટ સંસ્થાના, NGO નાં આગેવાન હતા. અને બરાબર તે જ સમયે, તેમની સાથે વાતચીત દરમિયાન, ઈરાનમાં અમારા વધુ લાંબા નિવાસ માટેના મૂળ રોપાઈ ગયા હતા. અમે અમારી હોટેલ પર પાછા આવ્યા થોડો આરામ કર્યો અને ત્યારબાદ ઈરાનના અમારા વધુ રોકાણના વિચાર વિશે અન્વેષણ કરવામાં જોડાઈ ગયા.

કેટલાક લોકો એવું માનતા હોય છે કે ચમત્કારો પૌરાણિક કથાઓમાં જ થતા હતા, જ્યાં સુધી તમને એનો અનુભવ ન થાય ત્યાં સુધી તમને એની જાણ કેવી રીતે થાય? મારા માટે એ અવાર નવાર અનુભવાતી કથા જેવું હતું.

મને પોતાને એ વસ્તુનું ધ્યાન નથી કે હું કેવી રીતે આટલા ઊંડાણપૂર્વક આ દૈવી શક્તિઓ પ્રત્યે વિશ્વાસ રાખવા લાગ્યો હતો. એક સમયે હું વિદેશી ચલણી નાણાની વ્યવસ્થા સંભાળતો હતો, અને અમે જ્યારે હોટલ છોડી રહ્યા હતા ત્યારે મારી પાસે $ 5,000/- અને € 8,000 એટલે લગભગ ₹ 13,50,000/- નગદ રૂપિયા પડ્યા હતા તે હોટલમાં ભૂલી ગયો હતો. મારા આગળના નિવાસસ્થાન પર જ્યારે હું પહોંચ્યો ત્યાં સુધી હું તેનાથી તદ્દન અજાણ હતો. અમે હોટલ પર પાછા ફરી સામાન તપાસવા લાગ્યા. મારી આતુરતા એટલી તીવ્ર હતી કે મારા હાથ-પગ તદ્દન ઠંડા પડી ગયા હતા. એક જ ક્ષણમાં આટલી મોટી રકમ ખોવાઈ જવાને કારણે મને ડર લાગી રહ્યો હતો.

ત્યાં રૂમમાં સફાઈ કરવાવાળી મહિલાને જોઈ મને આશ્ચર્ય થયું અને, મેં મારી બેગ તેના જોવામાં કે ધ્યાનમાં આવી છે તે વિશે તેને પૂછ્યું. તેણે એકદમ ધ્યાનથી મારી વાત સાંભળી અને પછી અંદર જઈ મારા હાથમાં બેગ મુકી દીધી. મારા એક પણ રૂપિયા ને તેણે સ્પર્શ પણ નહોતો કર્યો. આ જોઈ મને શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ થયો. આ મહિલા સફાઇ કર્મચારીએ કદાચ તેની નબળી તબિયતને કારણે મજબૂરીમાં પૈસા લઈ, જે આટલી મોટી રકમ હતી તેના દ્વારા પોતાનો વ્યવસાય શરૂ કરવાનું પણ વિચાર્યું હશે, કોઈએ પણ તેના ભાગી જવાની અપેક્ષા રાખી હશે પરંતુ, તે એમાંથી થોડાઘણા પૈસા પણ કાઢી લીધા વગર ત્યાં જ ઉભી રહી હતી. મેં તેનો બે વખત ખૂબ આભાર માન્યો અને તેને થોડી ટીપ પણ આપવા માંડી પરંતુ તેનો તેણે ખૂબ જ નમ્રતાથી અસ્વીકાર કર્યો. ખરેખર એક ચમત્કાર જ હતો, જો આ રૂપિયા ચોરાઈ ગયા હોત તો ઈરાનમાં અને બાકીની બીજી બધી જ યાત્રાઓમાં અમારે માટે અત્યંત મોટું સંકટ નિર્માણ થયું હોત.

જ્યારે અમે 'કૉમ' માં અલીભાઈની ઓફિસે પહોંચ્યાં ત્યારે તેમણે અને તેમના સાથીઓએ ઓફિસના દ્વાર પર અમારું સ્વાગત કર્યું . અમે લોકોએ પોતપોતાની સંસ્કૃતિ વિશે, જે અમારા સહુનો રસપ્રદ વિષય હતો તેના વિશે અનેક વાતો કરી. અમને પ્રત્યેકને અલીભાઈએ, કરેલા તેમના કુરાનના ભાષાંતરની નકલ આપી, જ્યારે રાજાજીએ તેમને ગાંધીજીનું એક પુસ્તક ભેટમાં આપ્યું. અલીભાઈએ અમને સૌને તાજા ફળોની એક ટોકરી પણ ભેટમાં આપી અને અમને તેમની લાઇબ્રેરી બતાવી જે કુરાનને સમર્પિત હતી અને તેમાં સમગ્ર વિશ્વની વિવિધ ભાષાઓમાં કુરાન ઉપલબ્ધ હતા. ત્યાર પછી તેઓ અમને કૉમમાં આવેલી એક ખૂબ મોટી શિયા સમુદાયની મસ્જિદમાં લઈ ગયા, આ મસ્જિદનું બાંધકામ અત્યંત ભવ્ય હતું અને તે ખૂબ જ વિશાળ વિસ્તારમાં ફેલાયેલી હતી. એકબીજા સાથે પ્રેમની ભાષા વહેંચવાની અને એકબીજાના વિચારોનું અરસ પરસ આદાન પ્રદાન કરવાનો આ અમૂલ્ય અનુભવ હતો.

મસ્જિદથી અમે તહેરાન પાછા ફર્યા, જ્યાં અમારી ઈરાનના સ્વીઝ રાજદૂત સાથે મુલાકાત હતી. રસ્તામાં અમે બપોરના ભોજન માટે રોકાયા, તે ઉપરાંત સપ્તાહના અંતના દિવસો ચાલતા હોવાથી રસ્તા ઉપર ભરચક ટ્રાફિક હતો. જેને પરિણામે, સ્વીઝ એમ્બેસી સુધી પહોંચતા અમને લગભગ એકાદ કલાક જેટલું મોડું થઈ ગયું,પરંતુ, પરંતુ, રાજદૂત ત્યાંના સ્થાનિક ટ્રાફિકની સમસ્યાથી ઘણી સારી રીતે વાકેફ હતા અને અમારા મોડા પડવા માટે તેમણે અમારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી પ્રેમથી અમારું સ્વાગત કર્યું. ઈરાનના લોકોની આટલી બધી ઉદારતા, તથા આપણા 'અતિથિ દેવો ભવ' જેવી જ અકલ્પનીય આતિથ્યની ભાવના જોઈ મને ઈરાનના લોકો પ્રત્યે ખૂબ જ આભારની લાગણી વ્યક્ત થઈ આવી અને તેને કારણે જ અમને ઈરાનમાં વધુ લાંબો સમય મુકામ કરવા માટે ઉત્સાહ થયો. અમારા પ્રતિનિધિ મંડળે નક્કી કર્યું, કે જય જગતવિશ્વ યાત્રાના ચાર સભ્યો તેમની ઈરાનની યાત્રા 24 ફેબ્રુઆરી 2020 સુધી લંબાવાશે અને ત્યારબાદ ઈરાનની સાંસ્કૃતિક રાજધાની, શિરાઝથી કવાયત કરી આર્મેનિયા પહોંચશે. શિરાઝ સાંસ્કૃતિક પરંપરાઓથી સમૃદ્ધ શહેર અને આર્મેનિયા પહોંચતા પહેલા બંદર બુશહેર, જ્યાંથી જય જગતના બીજા સભ્યો જોડાવાના હતા, મેં ચાલવાનું નક્કી કર્યું હતું. શરૂઆતમાં અમે ઈરાનમાં ફક્ત ચાર જ દિવસની મુલાકાત નક્કી કરી હતી, કારણકે તે સમયની વર્તમાન પરિસ્થિતિને જોતા બધાની સલામતી, અને જય જગતના ભારતીય પ્રતિનિધિઓને ત્યાંથી કેવો પ્રતિસાદ મળે છે તે જોવું જરૂરી હતું, આ મુદ્દાઓને ધ્યાનમાં લઇ ચાર દિવસનો નિર્ણય લેવાયો હતો પરંતુ, આ મુલાકાત ખૂબ જ સફળ નીવડી, અને તેનો પુરાવા રૂપે ઈરાનની સરકારે અમને અમારો મુકામ વધુ લંબાવવા માટે આમંત્રણ આપ્યું હતું અને તે દરમિયાનમાં ઈરાનના મહત્વના સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા શહેરોની મુલાકાત નો પણ સમાવેશ થતો હતો. ઈરાનના ગામડાઓની સ્થાનિક હસ્તકળાની વસ્તુઓ, ખાસ કરીને ઈરાનના અતિપ્રસિદ્ધ કારપેટની બનાવટ અને તેની ઉપજને સારી રીતે સમજવા માટે ઈરાનની સરકાર તરફથી મળેલું આમંત્રણ અને અમારો વધુ લંબાવેલો નિવાસ અહીં ઉપયોગી બની ગયો હતો. ઈરાનના ગામડાઓ ત્યાંની સ્થાનિક અર્થવ્યવસ્થાનુ સંચલન કઈ રીતે કરે છે તે જાણવાની અમારી ઇચ્છા હતી, જેથી અમે પાયાની અર્થવ્યવસ્થા અને હસ્તકળાના સ્થાનિક ઉત્પાદનોની પારંપારિક ટકાઉ પદ્ધતિ વિશે જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ.

ઈરાનના અમારા સંપૂર્ણ નિવાસ દરમ્યાન ત્યાંના લોકો અમારી પ્રત્યે ખૂબ જ પ્રેમાળ, ઉદાર, મદદરૂપ અને મિત્ર જેવા બની રહ્યા હતા. તે ઉપરાંત ,અમે તેમની સાથે વાત કરી ન શકતા હોવા છતાં અમને હંમેશા સહાય કરવા તત્પર રહેતા હતા. તેમણે ક્યારેય પણ અમારી ઉપર એવી છાપ પડવા ન દીધી કે પશ્ચિમી જગત સાથેના અમારા સંબંધો જોખમી હતા. વિદેશી લોકો પ્રત્યે તેઓ વધુ નિસબત નહોતા ધરાવતા, આ વાત જય જગત ટીમના સભ્યો જેઓ ભારત તથા ફ્રાન્સ થી આવ્યા હતા તેમના માટે, તથા બીજા દેશોમાંથી આવેલા અનેક પ્રતિનિધિઓ માટે થોડી જટિલ બની ગઈ હતી.

અમારા ઈરાનના પંદર દિવસના મુકામ દરમિયાન અમને ક્યારેય પોલીસ કે આર્મી ની હાજરી જોવા નહોતી મળી. ત્યાંના નાગરિકો ભય અને ચિંતા મુક્ત થઈ આરામથી હરતા ફરતા હતા.
ફક્ત ત્યાંના ટ્રાફિક પોલીસ અધિકારીઓ સાથે અમારો રોજ સામનો થતો હતો અને લોકો પ્રત્યે તેમનું વર્તન ખૂબ જ સરળ હતું, જે તદ્દન જુદી વાત હતી અને ખાસ કરીને ભારતમાં ચાર મહિનાની યાત્રા કરીને આવ્યા પછી આ એક અદ્ભુત અનુભવ હતો. ત્યાંના સ્થાનિક ડ્રાઇવરો અને પદયાત્રીઓ ટ્રાફિકના નિયમોનું અતિ ચુસ્તપણે પાલન કરતા હતા. સંઘર્ષ અને મુશ્કેલીઓ ના મામલે અમે એક વાત નોંધી હતી કે દક્ષિણ એશિયા આફ્રિકા અને લેટિન

અમેરિકા કરતા અહીં જમીન અને જમીન આધારિત સંસાધનો અહીંના આંતરિક કલહ નું કારણ નહોતા. ઈરાનના જે સરકારી અધિકારીઓ સાથે અમે સંપર્કમાં આવ્યા હતા તેઓ શિક્ષિત તથા પ્રભાવશાળી હતા અને ત્યાંની સ્થાનિક સમસ્યાઓથી સારી રીતે જાણકાર હતા. નાગરિકો પ્રત્યેની તેમની ફરજ પ્રત્યે જાગૃત હતા, અને તેમની નીતિ ઘડવામાં અહિંસા તથા શાંતિને સંમિલિત કરવા પ્રતિબદ્ધ હતા. ઈરાનનો ઈતિહાસ તપાસીએ તો ધ્યાનમાં આવશે કે છેલ્લા 400 વર્ષમાં ઈરાને કોઈ પણ રાષ્ટ્ર પર હુમલો નથી કર્યો.

ઈરાનની રાષ્ટ્રીય ચૂંટણીઓ દરમિયાન અમે ત્યાં હતા, ઈરાનમાં ચૂંટણીઓ કેવી રીતે થાય છે તે જોવું ખરેખર રસપ્રદ હતું. ભારતની ચૂંટણીની સરખામણીમાં જોઈએ તો ત્યાંના સર્વોચ્ચ નેતા ચૂંટણીના પ્રચાર દરમિયાન અવશ્ય ઉપસ્થિત હતા, પરંતુ ત્યાં અહીં જોવા મળતા ધાંધલ ધમાલ, કોલાહલ, જોર જોરથી થતા સૂત્રોચ્ચાર અને અને કટ્ટરતાનો સદંતર અભાવ હતો. ઉમેદવારોની પોતાની ઓફિસો હતી જેમાં તેઓ મતદારોને મળી અને તેમની નીતિઓ પર ચર્ચા વિચારણા કરતા હતા. ઘણા વર્ષોથી ઈસ્લામિક રાષ્ટ્રો માટે એ ગેરસમજણ પ્રવર્તે છે કે ત્યાંની મહિલાઓ પર જુલમ કરવામાં આવે છે, અને તેઓએ બુરખો પહેરી ઘરમાં જ રહેવાનું હોય છે. પરંતુ વાસ્તવિકતા તેનાથી તદ્દન વિરુદ્ધ હતી. તેમની પરંપરા મુજબ ત્યાંની સ્ત્રીઓ તેમનું માથું હંમેશા ઢાંકેલું જ રાખતી પરંતુ બીજી પ્રત્યેક રીતે તેઓ સંપૂર્ણ રીતે સમય સાથે તાલ મેળવીને જીવતા હતા. ખરેખર તો આ મહિલાઓ જ ઈરાનીયન સમાજમાં થતી અનેક પ્રવૃત્તિઓનું મૂળ સ્તોત્ર હતી. ઈરાનના લોકોની આતિથ્ય ભાવના પણ હૃદયને લાગણીશીલ બનાવી મૂકે તેવી હતી. વિવિધ કળાઓ અને સંગીત પ્રત્યે તેમની અભિરૂચી પણ વખાણવા લાયક હતી. અમે ભારતીય મહેમાન અને કુશળતાથી તેમની ભાષા ન બોલી શકતા હોવા છતાંય તેમણે ક્યારેય અમને લઘુતાગ્રંથિ અનુભવવા નથી દીધી. વિદેશની ધરતી પર તેમની 'અતિથિ દેવો ભવ' ની ભાવના ખુબ જ ઉદાર અને કાળજી ભરેલી હતી. જ્યારે અમે ત્યાંથી યુનાઇટેડ આરબ અમીરાત (UAE) તરફ જવા છુટા પડ્યા ત્યારે મારું હૃદય પ્રેમની અનુભૂતિથી છલકાઈ રહ્યું હતું.

જ્યારે હું એરપોર્ટ પહોંચ્યો ત્યારે મને ધ્યાન આપ્યું કે હું મારો ફોન બસમાં ભૂલી ગયો હતો અને હવે મને સમજાઈ નહોતું રહ્યું કે હું મારાં મિત્રોનો કે મારા વિમાનનો સંપર્ક કેવી રીતે કરું? હું અહીંની ભાષાથી તદ્દન અજાણ હતો. મેં ત્યાંની સ્થાનિક વ્યક્તિ સાથે હાથના સંકેતથી તથા આંખના સંપર્કથી વાતચીત કરવાનો પ્રયત્ન કર્યો. કેટલીક વ્યક્તિઓ તે જોઈ ખરેખર મારી મદદ કરવા અટકી પરંતુ તેમને મારી વાત સમજમાં નહોતી આવી રહી. થોડા સમય પછી એક અજાણ્યા વ્યક્તિને મારી વાત સમજાતા તેણે તરત જ પોતાનો ફોન કાઢી મને રાજાજી સાથે વાત કરવા આપ્યો. તેમને મેં મારી પરિસ્થિતિ સમજાવી, હું ડ્રાઈવરનો સંપર્ક કરવા વિશેની માહિતી પણ મેળવી શક્યો, મેં અનેક વખત પ્રયત્નો કર્યા પણ છતાં પણ તેણે કોઇ પ્રતિસાદ ન આપ્યો. મને મારો ફોન પાછો મળે એવી કોઈ સંભાવના ન હતી. તેથી હું બોર્ડિંગ ગેટ તરફ આગળ વધ્યો. મારા વિમાન માટે મેં બીજા પાંચ કલાક વધુ રાહ જોવી પડે તેમ હતું. ફોન વગર હું થોડો મુશ્કેલીમાં મુકાઇ ગયો હતો. એટલામાં જ ડ્રાઈવરે મને પાછો ફોન કર્યો, ત્યારે સામે છેડે કોઈ અજાણી વ્યક્તિએ ડ્રાઈવરને મારો ફોન મને પાછો આપવા સમજાવવામાં મારી મદદ કરી. અને ઘણુ લાંબુ અંતર કાપી ડ્રાઇવર તેની માનવતા દર્શાવતો એક કલાકની અંદર મારી સામે આવીને ઊભો રહ્યો. તદ્દન અપરિચિત વ્યક્તિ માટે આટલું ઉપર અને દૂર સુધી જવું તે ફક્ત માનવતાનું જ શુદ્ધ સ્વરૂપ હતું.

અમે બધાએ યુએઇમાં (યુનાઇટેડ આરબ અમીરાત માં) પ્રવાસ કર્યો, તે દક્ષિણ પ્રાંતનો ખૂબ જ સુંદર અને નાનો વિસ્તાર હતો. યુએઈ ત્યાંના લોકોના કહેવા મુજબ તેના આતિથ્ય માટે અકલ્પનીય છે. અમને લોકોને ત્યાં સલામતીના કારણોસર પગે ચાલવાની રજા નહોતી મળી, અમે વેગનમાં બેસી ત્યાંના સ્થાનિક લોકો સાથે વાતચીત કરી, શાંતિનો સંદેશ ફેલાવી રહ્યા હતા. ત્યાંથી અમે નાના પરંતુ, અદભુત સૌંદર્ય ધરાવતા રાષ્ટ્ર આર્મેનિયામાં પ્રવાસ કર્યો. ઇ.સ. 1950માં જ્યારે ત્યાં લાખોની સંખ્યામાં લોકોને મારી નાખવામાં આવ્યા હતા તે સમયથી ત્યાં દેશના કદ કરતા વસ્તીનું પ્રમાણ લગભગ અડધું જ છે. 19મી સદીના અંતિમ દાયકામાં જ્યારે ઓટોમન સામ્રાજ્યની સીમા રેખાઓ તૂટી રહી હતી, ત્યારે આર્મેનિયનઓને, કોન્સ્ટેન્ટિનોપલના અધિકારીઓ દ્વારા 'પાંચમી કોલમ'ની વ્યક્તિઓ (શત્રુને સહાય કરતી વ્યક્તિઓ) ગણવામાં આવતી હતી. 1877-78 ના રુસો - ટર્કીશ યુદ્ધ દરમિયાન રોષ વધવા લાગ્યો હતો, ત્યારે તુર્કો એ પણ પોતાનો પ્રદેશ ગુમાવ્યો હતો, આ સામાન્ય નુકસાન નહોતું તેમણે તેમના 15 લાખ માણસોનો જીવ પણ ગુમાવ્યો હતો. 'તમામ શાંતિ સમાપ્ત કરવા માટે શાંતિ' બળાત્કાર અને કોઈને માર મારવો એ સામાન્ય વાત બની ગઈ હતી. જે લોકોને મારી નાખવામાં નહોતા આવ્યા તેમને ખોરાક-પાણી અને આશ્રય વગર પર્વતો અને રણમાંથી વગાડવામાં આવ્યા હતા. હજારો આર્મેનિયનનો આખરે મૃત્યુ પામ્યા હતા અથવા માર્યા ગયા હતા. આ ભૂતકાળની વાત સાંભળી અમને હૃદયપૂર્વકનો આઘાત લાગ્યો, અમે તે સમયની જાહોજલાલી અને તેના ચિત્રો જોયા. તિરસ્કારના કારણે અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો તે કઠોર વાસ્તવિકતા વ્યથિત કરી મૂકનારી હતી. તે દિવસે શાંતિના સંદેશને વધુ પ્રમાણમાં ફેલાવવો જોઈએ તેવું મને લાગ્યું.

જય જગત યાત્રાનું આયોજન રાજગોપાલજીએ કર્યું હતું. તેઓ હંમેશા વંચિત લોકોને મદદરૂપ થતા હતા, ભૂમિહીન લોકોના અધિકારો માટે તેઓ લડ્યા હતા અને ઘણી વખત તેઓ મહાત્મા ગાંધીના વિચારોથી વિપરીત રીતે કાર્ય કરતા. લોકો પોતાની સમસ્યાઓ વિશે ચર્ચા કરવા તેમની પાસે આવતા હતા. ભારત હોય કે વિદેશની ધરતી એ જ્યાં પણ જાય તેમની અંદરની તેજસ્વિતા ઝળકી ઉઠતી હતી. મારા માર્ગમાં હું તેમની પાસેથી ઘણું શીખ્યો. તેમણે અત્યંત વિનમ્રતાપૂર્વક, દૈવી શક્તિ પર વિશ્વાસ રાખીને અને હૃદયથી લોકોની મદદ કરી હતી. તેમની અંદર એક તેજસ્વિતા હતી જેને લોકો આદર આપતા હતા. તેમની સાથે વ્યતીત કરેલા સમયે મારા અનેક દ્રષ્ટિકોણોને બદલ્યા હતા. મારી આ સંપૂર્ણ યાત્રા દરમિયાન હું વિકસિત થયો હતો.

આર્મેનિયા રાષ્ટ્રના પ્રવાસ દરમિયાન ત્યાંના લોકોએ શ્રદ્ધા અને આદરથી અમારું અભિવાદન કર્યું હતું. અમે ત્યાં શાંતિ અને દયાનો સંદેશ લોકો સુધી પહોંચાડ્યો હતો. ત્યાંના નાગરિકો, અમારી વચ્ચે ભાષાનું બંધન હોવા છતાંય મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખતા અને હૃદયના ઊંડાણથી અમારી સાથે વાત કરતા. અમારું ધ્યેય ખૂબ જ શુદ્ધ હતું - શાંતિ અને સંવાદિતા .

નરસંહારથી પીડિત દેશ પહેલેથી હિંસાની તેમના ઉપર કેવી અસર થાય છે તેના વિશે જાણતો હતો. અને પરિણામે તેમને અમારા સંદેશને ખૂબ જ ખુલ્લા મનથી સ્વીકાર્યો હતો, અમારા આતિથ્ય તથા સલામતીનું ખૂબ ધ્યાન રાખ્યું હતું. તેમની રાષ્ટ્રભાવના અમને ખૂબ અસર કરી ગઈ. તેમની સાદગી અને તેમના પ્રેમ, કાળજી અને ઉદારતામાંથી વ્યક્ત થતી નમ્રતાને શબ્દોથી વ્યક્ત કરી શકાય તેમ નથી. અમે 50 વ્યક્તિઓ એક નવા સ્થાને જઈ રહ્યા હતા પરંતુ તેમણે અમને ક્યારે જુદા નહોતા ગણ્યા. જેને અમારા હૃદય પર અમીટ છાપ છોડી હતી અને અમારી

અંદરનો ઉત્સાહ ત્યાં સતત જળવાઇ રહ્યો હતો. ત્યાંના અધિકારીઓ પણ અમારુ ખરેખર ખૂબ રક્ષાણ કરતા હતા. જ્યારે મહામારીના ફેલાવાની ચેતવણી જાહેર કરવાનું નક્કી કરવામાં આવ્યું ત્યારે ત્યાંના અધિકારીઓએ અમને તે વિશે જણાવ્યું, અને અમારી ટિકિટની વ્યવસ્થા થાય ત્યાં સુધીનો અમને સમય આપ્યો. તેમણે એ વસ્તુનું ખાસ ધ્યાન રાખ્યું કે અમે સલામતીપૂર્વક ત્યાંથી નીકળી શકીએ. જ્યારે અમે પ્લેનમાં બેઠા ત્યારે મેં અનુભવ્યું કે અત્યંત સુંદર યાત્રા સમાપ્ત થઇ ગઇ હતી. જે યાત્રામાં શાંતિ અને ભક્તિ પ્રવર્તમાન હતી, તેણે એવી લાગણી જન્માવી હતી કે જેના સ્મરણોની મીઠી શૂળ મારી અંદર ભોંકાઈ રહી હતી. આટલા દિવસના મૈત્રીપૂર્ણ સંગાથ પછી, જ્યારે અમે યાત્રીઓ એકબીજાથી છૂટા પડ્યા ત્યારે અમે એકબીજાને વચન આપ્યું કે અમે અમારા ઉદ્દેશ્યને પૂરો કરવા ફરી પાછા મળીશું. અમે લોકો અમારી સાથે સંસ્મરણો કરતા બીજી અનેક વસ્તુઓ લઈ જઈ રહ્યા હતા. જ્યારે ઘણા ખરા લોકો પાછા ફરી ગયા હતા ત્યારે 'ઇકેડા' એ ત્યાં જ રહી તેની યાત્રાને આગળ વધારવાનું નક્કી કર્યું હતું. રાષ્ટ્રના લોકડાઉનનાના સમય દરમિયાન પણ ત્યાંના લોકોએ તેની સાથે ખુબ જ પ્રેમ પૂર્વકનો વ્યવહાર કર્યો હતો. આ માનવતાનું ઉત્તમ ઉદાહરણ હતું.

દરેક માણસ ધર્મ જાત - પાતથી ઉપર સર્વપ્રથમ એક મનુષ્ય છે અને દરેક હૃદયમાં માનવ પ્રત્યેની પ્રેમ ભાવના રહેલી હોય છે જે માનવને માનવ સાથે જોડે છે.

*****




Global March for Justice and Peace




JAI JAGAT 2020
जय जगत 2020







ભવિષ્યની યાત્રાઓ

"સુખ સોનું કે ચાંદી પ્રતિષ્ઠામાં જ નથી, પરંતુ તે આ બધા જ માધ્યમોની ઉપર અંતિમ પરાકાષ્ઠા સમાન છે."

જ્યારે હું વીસીના વર્ષોમાં હતો ત્યારે, જેમ બીજા બધાની હોય છે તેમ મારી પણ ઈચ્છા, મારા જીવનમાં બધી જ સુખ સગવડો પ્રાપ્ત કરી ભરપૂર વૈભવી જીવન વ્યતિત કરવાની હતી; રહેવા માટે વૈભવી ઘર, કોર્પોરેટ ઓફિસમાં નોકરી, પ્રેમાળ પરિવાર અને હું જે ઇચ્છું તે બધું જ મેળવી શકું તેવું કલ્પનાતીત જીવન હું જીવી રહ્યો હતો. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ હતો, કે "પૈસાથી સુખ ખરીદી શકાય ખરું?" તેનો ઉત્તર એટલો સરળ નથી.

હું એ વાતનો ક્યારેય અસ્વીકાર નહીં કરું કે, અબજો ડોલરની કંપનીમાં એક સફળ મેનેજર તરીકે મેં જે આગેવાની સ્વીકારી હતી તેનાથી હું મારા જીવનમાં અત્યંત ખુશ હતો. વિશ્વના અનેક દેશોનો પ્રવાસ અને ભવ્ય પાર્ટીઓ સોનામાં સુગંધની જેમ ભળી જઈ મારા જીવનને જીવવા જેવું અને સાકાર બનાવી દેતા હતા. પદ, પ્રતિષ્ઠા, પૈસા અને પાવર મારી પાસે બધું જ હતું, જીવનમાં કોઇ ઉણપ નહોતી. અને ત્યાર પછી, ખૂબ જ મહેનતથી પ્રાપ્ત કરેલું આ બધું જ છોડી દેવું, એ કોઈ ઉતાવળે લેવાયેલો નિર્ણય ન હતો. મારા જીવનના માર્ગે મને એ સમજણ આપી જેને આજે પણ સ્વીકારવા માટે લોકોને ખૂબ મહેનત કરવી પડતી હોય છે, તે સમજ હતી કે : વિશ્વમાં બીજી કોઈપણ વસ્તુ કરતાં સંબંધો અત્યંત મહત્વના છે. જ્યારે મેં ભાવનાને ખોઈ, ત્યારે મને સમજાયું કે મારા જીવનમાં આટલી પ્રેમાળ અને સુંદર બીજી વ્યક્તિ હવે ક્યારેય નહીં આવી શકે; મારા જીવનમાંથી જીવંત તત્વ, મારા હૃદય નો ટુકડો લઈ જઈ તે અદ્રશ્ય થઇ ગઇ હતી અને હવે તે ક્યારેય મને પાછો નહોતો મળવાનો.
મારા દુ:ખે મને એવી વ્યક્તિમાં બદલી નાખ્યો જેને ફક્ત પ્રેમ અને સ્નેહની જ અપેક્ષા હોય, અને તેને કારણે જ હું બીજાઓ સાથે જોડાયો અને માનવતાની શોધ કરવા નીકળી પડ્યો.

૨૧મી સદીમાં, આજના આધુનિક યુગમાં, જ્યાં પ્રત્યેક વસ્તુનું મૂલ્ય ફક્ત રૂપિયા માં જ ગણવામાં આવે છે તેવા સમયે, એક પણ રૂપિયો સાથે રાખ્યા વગર નાના-નાના ગામડાંઓમાં પદયાત્રા કરવી તે મારા અહંકાર સાથે અઘરું હતું પરંતુ તે મને એ ઊંચાઇએ લઇ ગયું, જે મને કોર્પોરેટ વિશ્વના મુખ્ય મથકમાં પણ નહોતી અનુભવાઈ.

મારા એકલાની યાત્રા સમયે જ્યારે મેં પ્રથમ વખત બીજા કોઈ વ્યક્તિ પાસેથી પ્રાપ્ત થયેલો પ્રથમ કોળિયો સ્વીકાર્યો ત્યારે મેં મારા અભિમાનને ગ્રહણ કર્યું હોય તેવુ મને લાગ્યું. મારી અંદર જે માન્યતા હતી કે કોઈની પાસે કંઈ માંગતા હું શરમ અનુભવશ, તે ક્યાંય ઊડી ગઈ, તેનું બાષ્પીભવન થઈ ગયું. સામાજિક ચુકાદાઓથી જીવન ક્યાંય વધુ છે, આપણા વિચારોના પરપોટા કરતા તે ઘણું જ દૂર સુધી વ્યાપ્ત છે.

જ્યારે હું બાળક હતો, ત્યારે જ મોટાભાઈએ મારી અંદર પ્રેમ અને દયાના બીજ વાવેતર કર્યું હતું. જેણે મારા સંઘર્ષ અને દુઃખના સમયમાં મને ટકી જવા માટે સહારો આપ્યો અને તે માટે હું તેમનો આભાર વ્યક્ત કરું છું. જ્યારે બીજી તરફ મારી માતાએ તેના શાંત વ્યવહારથી, તેની પ્રાર્થનાઓથી, અને તેના નિસ્વાર્થ પ્રેમથી મારા જીવનની આ સમગ્ર યાત્રામાં તેનું યોગદાન આપ્યું છે.

એ સત્ય છે કે શરૂઆતમાં, મારા પરિવાર અને મારા મિત્રો દ્વારા મને નજર અંદાજકરવામાં આવ્યો હતો. પરંતુ, મેં ક્યારેય હાર ન માની, મારા ઉદ્દેશ્યને ઘેલછા કહી શકાય તે હદ સુધી હું વળગી રહ્યો. શાંતિના સંદેશનો પ્રચાર કરવો એ ફક્ત મારી ફરજ નહોતી પરંતુ હું જે વેદનામાંથી પસાર થઈ રહ્યો હતો તેમાં તે મને સંતોષની લાગણી પણ પ્રદાન કરતી હતી. મારી પત્ની પીના, તેણે મારી સાથે રહેવા, તે કરી શકતી હતી તે બધું જ કર્યું તેમ છતાંય, એ સત્ય છે કે તે મારા કાર્યો પાછળના કારણોને ક્યારેય સમજી ન શકી. મારી પ્રાર્થનાઓમાં હું હંમેશા તેને મારી સાથે રાખું છું, અને મને વિશ્વાસ છે કે તે પણ એક દિવસ મારી પાસે જરૂર પાછી ફરશે. ભાવના પછી એક માત્ર તે જ વ્યક્તિ હતી જેણે મારા ભાંગી પડેલા હૃદયને સ્વસ્થ કરવામાં મારી સહાય કરી. તેની સૌથી વધુ જરૂરિયાતના સમયે તેની સાથે રહેવાની મારી અસમર્થતા ને કારણે મારો અંતરાત્મા પશ્ચાતાપ કરી રહ્યો છે. મારી બંને પુત્રીઓ તેમની માતાની અદલ પ્રતિકૃતિ સમાન છે, અને મારી જેમ તેમની આધ્યાત્મિક યાત્રાને આગળ વધારી રહી છે. ભૂમિ સાથે તેના જીવનની નાની-નાની વાતોમાં ખૂંપી જઈ, તેના અંતરાત્મા પરના ગહન પ્રતિબિંબ સાથે જે નાનાં નાનાં કાર્યો પણ કરે છે તેમાં શાંતિની શોધ કરે છે. જ્યારે સાક્ષી જીવન જીવવાના માર્ગને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરી, વિશાળ ફલક પર કાર્ય કરવા માંગે છે. તેઓની તરુણાવસ્થામાં જ તેમને એકલા મૂકી શાંતિના માર્ગ પર આગળ વધવું એ તેમની સાથે કરેલો અન્યાય જ હતો પરંતુ, મને જેની જરૂર હતી તે સમર્થન તેમણે મને આપ્યું હતું.

માસ્ટેક કંપનીમાં ઇન્ફર્મેશન ટેક્નોલોજીની વૈશ્વિક કારકિર્દીનાં અદભુત 30 વર્ષો વિતાવ્યા પછી અને મારી પ્રેમાળ પત્નીને ગુમાવ્યા પછી મેં જીવનના બીજા મહાન ઉદ્દેશ્ય માનવતાની સેવા કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું, અને તે માટે મારા કોર્પોરેટ પદ ને છોડી મેં વધુ તન્મયતાથી માનવતાની સેવા કરવાનું સ્વીકારી મારા જીવનનો બીજો અધ્યાય શરૂ કર્યો. પાંચ વર્ષ સુધી સ્વાસ્થ્ય અને સ્વચ્છતા પર ઊંડાણપૂર્વકના સંશોધનો કર્યા અને ત્યાર પછીના સાત વર્ષ વૈશ્વિક ફલક પર શાંતિનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું અને તે માટે મેં ભારતના 22 રાજ્યો અને વિશ્વના પાંચ રાષ્ટ્રોમાં કુલ 652 દિવસમાં 16502 કિલોમીટરની શાંતિ પદયાત્રાઓ કરી.
વર્તમાન સમયે ચાલી રહેલો આ કોરોના મહામારી નો દોર પૂર્ણ થતાં જ હું આપણા બીજા અને પડોશી રાષ્ટ્રો બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન, મ્યાનમાર, માલદિવ્સ, પાકિસ્તાન અને ચીનમાં શાંતિ યાત્રા કરવાની ઈચ્છા રાખું છું.

અને મારું સ્વપ્ન છે કે હું 'શાંતિ યાત્રા - અ વૉક અરાઉન્ડ ધ વર્લ્ડ' જેમાં વિશ્વના **108** દેશોમાં **51,000** કિલોમીટરની યાત્રા કરવી છે. આ યાત્રા પરમાણુ ઊર્જા કેન્દ્રો (ન્યુક્લિયર પાવર પ્લાન્ટ) ધરાવતા **9** રાષ્ટ્રો તથા વિશ્વની સૌથી આર્થિક આગેવાની ધરાવતા **20** રાષ્ટ્રોમાંથી પસાર થાય છે અને તેને પૂર્ણ કરતા લગભગ સાત વર્ષનો સમય લાગેશે.

મને એવું લાગે છે તે મારા જીવનના માર્ગમાં આવેલી વિપત્તિઓ મને વધુ હિતકારી બની રહી છે, પ્રત્યેક પ્રતિકૂળતાએ મને કંઈક નવું શીખવાડ્યું છે. મારા જીવનનો માર્ગ નિર્ધારિત કર્યો છે. 'શાંતિ યાત્રાઓ અને ચિકિત્સા સેવાઓ' એ જ હવે મારા જીવનનું ધ્યેય છે. મારી માતૃભૂમિ જેવી છે તેવી જ શાંતિપૂર્ણ રહે અને હું આત્મવિકાસ કરી શકું તે માટે જ હવે હું સરાહના, સાધના, અને તપસ્યા કરવા માંગુ છું. હવે માનવતા જ મારો ધર્મ છે અને હું, પ્રેમ કરવામાં, વસ્તુઓને યથાવત સ્વીકારવામાં, ક્ષમા કરવામાં અને માનવતાની સેવા કરવાની જ મહેચ્છા રાખું છું અને તેમાં જ મારા જીવનની યથાર્થતા સમજુ છું.

*****


विश्व शांति

विश्व शांति
WORLD PEACE




हे राम

આશીર્વચનો

મારા ગુરુજનો :

તારા જીવનના અનેક બહોળા અનુભવો જેમાં તદ્દન ખાલી ખિસ્સે , ભારતમાં તથા ભારતની બહાર પદયાત્રા કરવી એ સાહસની પ્રેરણા અને અનેક યુવક - યુવતીઓ માટે બોધપાઠ સમાન છે. હું જ્યારે તને મળ્યો ત્યારે મેં તારી અંદર એક તેજસ્વિતા જોઈ અને તેને કારણે, મને ખાતરી થઈ ગઈ કે તું તારા ઉદ્દેશ્યની પૂર્તિ કરવામાં અવશ્ય સફળ થશે. હું તને મારી શુભેચ્છાઓ અને પ્રશંસા પાઠવું છું. - એસ. એન. સુબ્બારાવ (નેશનલ યુથ પ્રોજેક્ટના સંસ્થાપક અને અનુભવી ગાંધીવાદી)

યોગેશ તેના ઘરની અંદર પણ એક સાધુની સમાન અલિપ્તતાથી જીવે છે. તેને કદાચ આ વાતનો ખ્યાલ ન પણ હોય પરંતુ, તેના ઉદ્દેશ્યોને સફળતા મળી ચૂકી છે. યોગેશભાઈ, આપણને સ્વયં કે બીજી કોઈપણ વ્યક્તિ માટે પોતાની જાતને સંપૂર્ણ રીતે બદલી શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ અને માર્ગદર્શક બની શકનાર જીવંત પ્રકાશનું કિરણ છે. - નિત્યાશાંતિ (આધ્યાત્મિક ગુરુ અને મારા જીવનના શિલ્પી)

યોગેશને હવે હું લગભગ એક દાયકાથી ઓળખું છું અને મારે કહેવું જોઈએ એ અત્યંત દયાળું જીવ છે અને ફક્ત બીજાઓના કલ્યાણની જ ઉદાત્ત ભાવના રાખે છે. - રાજ માલી (આધ્યાત્મિક ગુરુ અને મારા જીવનના શિલ્પી)

યોગેશભાઈ એટલે, વિશ્વનો સાચો 'વિશ્વમિત્ર', વૈશ્વિક પરિવાર ધરાવતી વ્યક્તિ અને દિવ્ય અભિજાત આત્મા. જેમને, હું 'વસુધૈવ કુટુમ્બકમ' ના સિદ્ધાંતો પર જીવી રહેલા 'શાંતિદૂત' તરીકે ઓળખું છું. - દીપક વ્યાસ (ગ્લોબલ ટ્રસ્ટના પ્રમુખ)

સંસ્મરણો ખાટા હોય કે મીઠા હંમેશા દુઃખદાયી હોય છે. એવું કહેવાય છે કે આજે આપણે જે કંઈ પણ છીએ તે આપણા કર્મોનું પ્રતિબિંબ છે. દેવાધિદેવ શંકરના આશીર્વાદથી યોગેશ વિશ્વ સાથે જોડાઇને પણ અલિપ્તતાપૂર્વક જીવન જીવવાની કળા તેણે જાણી અને આત્મસાત કરી છે.- જીતેન્દ્ર જોશી (મારા વ્યક્તિગત ટ્યુશન શિક્ષક)

'હોમ ઈન ઈન્ફિનીટ સ્પેસીસ' આ પુસ્તક, જુદા જુદા વિભાગોમાં વિભાજીત થયા વગરનું સંપૂર્ણ રીતે, યોગેશભાઇએ કરેલી શાંતિયાત્રાઓને સમર્પિત પુસ્તક છે. ભારતના તથા વિશ્વના અનેક સ્થાનોએ તથા અનેક અંતરિયાળ પ્રદેશોમાં પણ તેમની યાત્રા દરમિયાન તેમનું ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત થયું હતું અને લોકોનો અનન્ય પ્રેમ પ્રાપ્ત થયો હતો. બદલામાં કોઈપણ વસ્તુની આશા રાખ્યા વગર કેટલાય લોકો તેમને સહાય રૂપ થયા હતા, જે વિશ્વમાં પ્રવર્તમાન એકાત્મકતાની ભાવના ' વસુધૈવ કુટુમ્બકમ 'ને પ્રદર્શિત કરે છે. - શંકર કુમાર સાન્યાલ (હરિજન સેવક સંઘના પ્રમુખ)

અદમ્ય સાહસ ધરાવતી એક એવી વ્યક્તિ, જેણે તેની શાંતિ યાત્રા દરમિયાન લગભગ રોજ ચમત્કારોનો અનુભવ કર્યો છે. તેમની ભાવનાત્મકતાનું સૌન્દર્ય બીજા અનેક લોકોને પ્રેરણા આપે તેવી હું પ્રાર્થના કરું છું.
- કિરણ ગુલરાજાની (આધ્યાત્મિક ગુરુ અને મારા જીવનના શિલ્પી)

યોગેશભાઈએ તેમની યાત્રાઓ દ્વારા આવનારી પેઢી માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. મારા હૃદયથી હું તેમના પ્રત્યે તથા શાંતિ સ્થાપવાના તેમના મહાન આશયો પ્રત્યે શુભેચ્છાઓ વ્યક્ત કરું છું - કિશન લાધા (સામાજિક કાર્યકર્તા અને મૂવ્ડ બાય લવ ના કાર્યકર્તા)

દ્રઢ નિશ્ચયી અને સંવેદનશીલ વ્યક્તિ વિશ્વમાં ચમત્કાર સર્જી શકે છે તે વાતથી હું સહમત છું. યોગેશભાઇએ એક પણ શબ્દ બોલ્યા વગર ફક્ત તેમના કાર્યોથી આ સિદ્ધ કરી બતાવ્યું છે, જેને હું સ્વીકારું છું. તેમણે કરેલા અનુભવો સ્પષ્ટ રીતે કાર્ય પ્રત્યેની તેમની અદ્વિતીય સમર્પિતતા દર્શાવે છે. યોગેશભાઈના અનુભવો અમને તેમના સ્વમુખે સાંભળવા મળ્યા તે માટે અમે સદભાગી છીએ પરંતુ, બીજા લોકો આ પુસ્તકના માધ્યમ દ્વારા તેને જાણી શકે તેવી અને તેઓ હંમેશા ઈશ્વરના કૃપા પાત્ર બની રહે તેવી હું ઈચ્છા રાખું છું.- સમધાન અવચાર (આધ્યાત્મિક ગુરુ અને શુભચિંતક)

યોગેશ મથુરિયા ઈશ્વરના માનવી છે. આજે વિશ્વ જ્યારે ટુકડાઓમાં વિભાજીત થઈ ગયું છે ત્યારે આ પુસ્તકની કથાઓ, ઉચ્ચ સ્તરનું પરીદ્રશ્ય બતાવે છે જેમાં માનવતા હજુ પણ ધબકી રહી છે અને સંત સમાન નિર્મળતાથી પરોપકારના કાર્યો થતા જોવા મળે છે.- પ્રવીણા દેસાઈ (વિનોબા ભાવેના આશ્રમના સાધ્વી તથા ગીતાના મહાન ચિંતક)

યોગેશ ને હું બાળપણથી જ ઓળખું છું અને તેણે પ્રાપ્ત કરેલી સફળતાઓ તથા વ્યક્તિગત જીવનમાં આવેલા ઉતાર ચઢાવોનો સાક્ષી રહ્યો છું. યોગેશ પરંપરાગત માન્યતાઓ પ્રમાણે જીવવામાં વિશ્વાસ નથી રાખતો. તેનો પોતાના ખિસ્સામાં એક પણ રૂપિયો રાખ્યા વગર વિશ્વમાં શાંતિનો સંદેશ ફેલાવવાનો ઉદ્દેશ્ય તેના વ્યક્તિત્વને વધુ નિખારે છે. શાંતિ અને ખુશીના તેના આ નવા સાહસિક અભિયાન માટે હું તેને તેની સફળતા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરું છું. - નવનીતભાઈ શાહ (મારા વ્યક્તિગત ટ્યુશન ટીચર અને માર્ગદર્શક)

સહ પદયાત્રીઓ / કો વોકર્સ :

હું યોગેશભાઈ અને સોમનાથ સાથે શ્રી લંકા શાંતિ યાત્રા મા નાંદેડથી હૈદરાબાદ સુધી 17 દિવસ ચાલવા માટે જોડાયલી. આ મારિમાટે પ્રથમ વખત અવસર હતો જ્યારે હું પૈસા વગર ચાલતી હતી - મારા માટે એક સંપૂર્ણપણે નવો અનુભવ હતો.

આમે સામાન્ય રીતે પરોઢ પહેલા દિવસની શરૂઆત કરી અને મૌનમાં ચાલીએ. થોડા દિવસોમાં જ અમને મળેલ લોક પ્રેમ અને મને આવકાર મને નમ્ર મૌનમાં ડુબાડી દીધી. જો કે આ પદયાત્રા 5 વર્ષ પહેલાની હતી, હું આ શબ્દો લખતી વખતે મારા અસ્તિત્વના કેન્દ્રમાં ઈશ્વરની કૃપા અનુભવી શકું છું. પ્રવાસનો ભાગ બનવા બદલ આભાર.
પ્રેમ જગત

- ડો નતાશા પટેલ (સહયાત્રી અને મૂવ્ડ બાય લવ કાર્યકર્તા)

માનવતા પ્રત્યેનો પ્રેમ તથા શાંતિ અને સુમેળભર્યા સંબંધોથી વ્યાપ્ત પૃથ્વી આપણને એ વિશ્વાસ અપાવે છે કે એ બની શકે છે અને તેને કરવા માટે આપણે પણ આપણું યોગદાન આપી શકીએ છીએ. આપણી આવનારી પેઢી માટે
સુખ શાંતિ અને સુમેળભર્યા વિશ્વનું નિર્માણ કરવા કરતાં વધુ મોટી અને મહત્વની બીજી કોઈ ભેટ ન હોઈ શકે.

- યશસ્વી દેસાઈ (સહયાત્રી અને મૂવ્ડ બાય લવ કાર્યકર્તા)

છેલ્લા દોઢ દાયકા દરમિયાનની તેમની આ આધ્યાત્મિક યાત્રામાં તેઓ પ્રેમનો ફેલાવો કરી વિશ્વમાં વધુ શાંતિ સ્થાપવાની, સમૃદ્ધિ લાવવાની, અને ખુશી લાવવાની અનેક અદભુત પદ્ધતિઓ તેઓ શીખ્યા છે, અને માનવજાતિને મદદ કરવા માટે તેઓ તેને વાસ્તવિક રૂપે આચરણમાં પણ મૂકી રહ્યા છે.

- અજીત નાયર (સહયાત્રી અને સામાજિક કાર્યકર્તા)

માનવતા શું છે તે વિશે મને કોઇ જાણકારી નથી, અને હું એ પણ નથી જાણતો કે જીવન શું છે! યોગેશ મથુરીયા એ મને તેમની સાથે રહેવાની તક આપી અને જેને પરિણામે મારા જીવનમાં અનેક બદલાવ આવ્યા. શ્રીલંકાની યાત્રાએ મારા જીવનને ખરેખર, નવો અર્થ આપ્યો છે અને તે માટે હું તેમનો અત્યંત આભારી છું

- સોમનાથ ભોસલે (સહયાત્રી અને સામાજિક કાર્યકર્તા)

શાંતિ, આ ફક્ત એક શબ્દ જ નથી પરંતુ તમે કઈ રીતે ઘટનાઓને જોઈ અને તેના પ્રત્યે વર્તો છો તે સમગ્ર વલણ છે. જીવનની બધી જ વસ્તુઓનો અનુભવ લેવો તે મારા જીવનની એક ઉત્તમ ચળવળ છે તેવું મને લાગે છે.

- સંગ્રામ પાટીલ (સહ પદયાત્રી)

યોગેશભાઈ ને મળવા બદલ અને તેમની સાથે શાંતિ યાત્રામાં થોડો સમય વિતાવી શકવા માટે હું તેમનો અત્યંત આભારી છું.

- હર્ષિલ રૂપારેલ (સહયાત્રી અને ઓર્ગેનિક ચળવળના કાર્યકર્તા)

વિશ્વમિત્ર એ શાંતિના સંદેશવાહક છે. યોગેશભાઈ એ સ્વીકૃતિના માનવી છે. કોઈપણ જાતના અવરોધ વગર તેઓ પ્રત્યેક વ્યક્તિ અને પ્રત્યેક વસ્તુને સ્વીકારી શકે છે. ઈશ્વર તેમને સારું સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને દીર્ઘજીવન અર્પે તેવી પ્રાર્થના કરું છું.

- મહેશ શ્રીસાગર (સહયાત્રી અને શાંતિ કાર્યકર્તા)

'સૌથી ઉત્તમ બંધન પ્રેમનું બંધન છે' પ્રેમ એવી ચાવી છે જેનાથી પ્રત્યેક દરવાજા ખુલી જાય છે. વિદેશની ધરતી પર યાત્રા કરતી વખતે અમને હિન્દુ, મુસ્લિમ અને ખ્રિસ્તી અનેક ધર્મોના, તથા ગોરા અને કાળા અનેક મિત્રો મળ્યા હતા. પરંતુ તે દરેકનો ધર્મ ફક્ત એક જ હતો -પ્રેમ! અમને જે પણ કોઈ મળ્યું તે અમારું બનીને રહ્યું. "યાત્રા વિશ્વમ ભવતી એકા નીદમ" જેમાં આખું વિશ્વ એક માળો બની જાય છે.

- જલંધરનાથ ચાનોલે (સહ પદયાત્રી, ગાંધીવાદી સાધુ અને મારા જીવનના શિલ્પી)

તમાંરી સાથે વિતાવેલી પ્રત્યેક ક્ષણને શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમ નથી. તારી 'વિશ્વશાંતિ પદયાત્રા' (શાંતિ યાત્રાઓ) દ્વારા તે સમાજમાં જે સંદેશ ફેલાવ્યો છે તે સમાજ કલ્યાણ માટે નો ઉત્તમ માર્ગ છે અને જે, નવા સમાજના નિર્માણ માટે માર્ગદર્શન કરશે. શાંતિયાત્રાઓના પ્રોત્સાહન માટે તે જે યોગદાન કર્યું છે તે અમૂલ્ય છે.

- વિજય પ્રકાશ યાદવ   (સહયાત્રી તથા મારા મેનેજર)

અમને લોકોને ખૂબ જ પ્રેમ અને કાળજી પ્રાપ્ત થયા હતા, અમે ઘણી અદભુત વ્યક્તિઓ સાથે અનેક વાતો પણ કરી હતી. લોકો ખરેખર ખૂબ જ પ્રેમાળ અને ઉદાર હતા : અને આ જ વાત હું મારી પદયાત્રા દરમિયાન શીખવા મળી છે.

- ગૌરીતા ઉલ્લાલ (સહયાત્રી)

પરિવાર :

યોગેશ અમારા ત્રણ પુત્રોમાંથી એક છે, અને તેના યુવાનીના સમયથી જ બધાથી અલગ તરી આવે છે. તેના વિચારો ખૂબ જુદા હતા પરંતુ તે સંપૂર્ણ રીતે સ્વબળે આગળ આવ્યો છે. તેના પિતાની જેમ જ, સમાજની સેવા કરવાની અને જરૂરિયાતમંદોને મદદ કરવાની ઇચ્છા તેને વારસામાંથી જ પ્રાપ્ત થઇ છે. તેના લગ્ન અને સંતાનો માટેના તેના ખૂબ લાંબા સંઘર્ષના અમે સાક્ષી રહ્યા છે અને અંતે ઈશ્વર કૃપાથી સંતાનરૂપે તેને બે પુત્રીઓ પ્રાપ્ત થઇ છે. ભાવનાના મૃત્યુ પછી તેણે પોતાના જીવનનું કેન્દ્ર બદલવાનું સ્વીકાર્યું તે માટે અમે ગર્વની લાગણી અનુભવીએ છીએ. સતીશ કુમાર, જયેશભાઈ પટેલ, નિપુનભાઇ મહેતા અને જલંધરનાથ જેવા બીજા થોડા નામ લઇ શકાય જેમનાથી તે ખૂબ જ પ્રભાવિત થયો છે. તેની પોતાની આર્થિક સમસ્યાઓ હોવા છતાંય તે અમારી ખૂબ જ સારી રીતે સંભાળ રાખી છે. આજે, અમે તેના કાર્ય માટે ગર્વ અનુભવીએ છીએ અને તેની બંને યુવાન પુત્રીઓ પણ સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે અને તેના જ માર્ગે આગળ વધી રહી છે. અમે તેને તેના ઉત્તમ સ્વાસ્થ્ય માટે આશીર્વાદ આપીએ છીએ જેથી તે વિશ્વ શાંતિનું ઉદાત્ત કાર્ય વધુ પ્રમાણમાં કરી શકે.

- મોટાભાઈ & રવિન્દ્ર મથુરિયા અને બા- કુસુમ મથુરિયા (મારા આદરણીય માતા-પિતા અને મારા જીવનના શિલ્પી)

ડિઅર પાપા,

તમારી અંદર પોતાના કાર્ય માટે સંપૂર્ણ રીતે સમર્પિત તથા પરિવાર માટે પ્રતિબદ્ધ વ્યક્તિનુ દર્શન કર્યું છે. એક એવી વ્યક્તિ જોઈ છે જેને જીવનમાં વિશ્વાસ છે. હું ઘણી જ સગવડો વચ્ચે તથા તમે હંમેશા મારી પાછળ મારો આધાર બની ઊભા છો તેવા વિશ્વાસ સાથે મોટી થઈ છું. તમે ફક્ત મારી આત્મશોધ માટેના પ્રેરણાસ્ત્રોત જ નહીં પરંતુ મારી અંદર જે હું નથી જોઈ શકતી તેને ઓળખવા માટેના દર્પણ સમાન સ્ત્રોત પણ રહ્યા છો. આપણે બંનેએ સાથે જે અનુભવો કર્યા તેને કારણે મારામાં મારી અંદરની લઘુતાગ્રંથિ છોડી મારા જીવનની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવાની સમજણ વિકસિત કરી અને એ પણ શીખવ્યું કે સ્વતંત્રતા એ આપવાની નહીં પરંતુ મેળવવાની વસ્તુ છે. હવે મને ખબર છે કે સેવા કરવી એ વ્યક્તિના કાર્યો કરતા વ્યક્તિના સ્વાભાવિક અને સહજ હોવાની સ્થિતિ છે. મારા પ્રેમાળ પિતા તરીકે તમે મારા જીવનમાં છો તે માટે હું તમારી ખૂબ આભારી છું.

- ભૂમિ મથુરિયા (મારી પુત્રી અને મારા જીવનની શિલ્પી)

પાપા, મારા માટે તમે શિક્ષણ પ્રાપ્ત કરવાનું ખૂબ ગહન માધ્યમ છો. જીવન આપણને શું આપે છે તેને ધ્યાનમાં લીધા વગર આપણે જીવન પાસેથી શું મેળવી શકીએ છીએ અને છતાંય જીવન પાસેથી જે મળે છે તેનો સ્વીકાર કરવાનું શિક્ષણ મને તમારી પાસેથી મળ્યું છે. મારી ઘરે ચાલીને પાછા આવવાની યાત્રામાં તમે મારા સૌથી મહત્વના સાથી છો. તમારી યાત્રાના સાક્ષી બનવું એ મારે માટે ખૂબ મોટું સદભાગ્ય હતું. તમારી સાથે મને મારા જીવનના ઉતાર ચઢાવ માં સુરક્ષિતતાની લાગણી અનુભવાય છે. જે કાર્ય હજી સુધી અમૂર્ત સ્વરૂપે રહ્યું હોય અને જેના ફળ બીજા કોઈને, સમાજના ગરીબ અને પછાત વર્ગને પ્રાપ્ત થવાના હોય તેવું કાર્ય કરવા માટે અકલ્પનીય હિંમતની આવશ્યકતા હોય છે. તમે જે મૈત્રીભાવ સાથે આગળ વધી રહ્યા છો, તેને આ પૃથ્વી ઉપર વહેંચીને આપણે જીવનમાં ખુશીઓની ઉજવણી કરવાની છે. જે વ્યક્તિઓ પોતાના જીવનમાં પોતાને માર્ગે ચાલી સત્યનો અનુભવ કરે તેનું તમે ઉદાહરણ છો. હું ક્યારેય જીગ્સો પઝલ ઉકેલવાથી અને તમારી સાથે મોર્નિંગ વોક પર આવી કૂતરાઓને ખાવાનું

આપવાથી થાકવાની નથી.

- સાક્ષી મથુરિયા (મારી પુત્રી અને મારા જીવનની શિલ્પી)

મારો નાનો ભાઈ યોગેશ, નાનપણથી જ સાહસિક અને સ્વભાવે ખૂબ વિવેકી રહ્યો છે. તે હંમેશા તેનો માર્ગ જાતે કંડારવામાં માને છે, તેના જીવનની ઘટનાઓ આ સત્યની સાક્ષી છે. તેના પોતાના પરિવાર પાસેથી પણ અસંખ્ય હતોત્સાહ કરનારા પ્રતિસાદો મળ્યા પછી અને અનેક અનિશ્ચિતતાઓની વચ્ચે પણ તે તેની શાંતિ યાત્રાઓ ના માર્ગ પર આગળ વધ્યો અને વાઘા બોર્ડર, શ્રીલંકા તથા યુરોપની યાત્રાઓ કરી. તે તેની માન્યતાઓમાં સ્પષ્ટ અને દ્રઢનિશ્ચયી છે. તેણે પોતાની જાત મહેનતથી, ખૂબ જ પ્રસિદ્ધ કંપનીઓ સાથે 30 વર્ષના લાંબાગાળાની અત્યંત સફળ વ્યવસાય કારકિર્દી પસાર કરી હતી જે ખૂબ જ નોંધપાત્ર છે. કોઈપણ અવરોધો તેને આગળ વધતો અટકાવી નથી શકતા. દરેક પ્રતિકૂળતાઓમાં તે સંતુલિત અને સ્વસ્થ રહી તેમાંથી ઉત્તમ વસ્તુ મેળવવાનો પ્રયત્ન કરે છે. મને તેના પર ગર્વ છે અને તેના ભવિષ્યના સાહસો માટે હું તેને સફળતાની શુભેચ્છાઓ આપું છું. ઈશ્વર તેને આશીર્વાદ આપે.

- હર્ષદ રવિન્દ્ર મથુરીયા (મારા મોટાભાઈ)

હું યોગેશ મથુરિયાનો નાનો ભાઈ છું. અમારી તરુણાવસ્થા સુધી અમે જે પણ કંઇ કાર્યો કરતા તેમાં હંમેશા અમે સાથે રહ્યા છીએ. મેં યોગેશમાં એક ખૂબ જ ઉત્તમ ગુણ જોયો છે અને તે એ છે કે યોગેશ જ્યારે પણ કંઈક કરવા માટે એક વખત નિર્ધાર કરી લે પછી જ્યાં સુધી તે તેના ધ્યેયને પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી તે સતત તેની પાછળ કાર્યરત રહે છે. તેણે તેના માટે જે લક્ષ્ય નિર્ધારિત કર્યું હોય તેને પ્રાપ્ત કરવા તે બધું જ કરે છે. (ક્રિકેટ રમવા જે કરવું પડતું હોય તે બધું) આ જ વલણ, યોગેશે તેના જીવનમાં તેના 'વિશ્વ શાંતિ' ના નિર્ધારિત લક્ષ્ય માટે પણ અખત્યાર કર્યું અને તેના માટે તેણે શાંતીનો સંદેશ ફેલાવવા, છેલ્લા થોડા વર્ષોમાં ઘણી બધી મેરેથોન શાંતિ યાત્રાઓ કરી. હું યોગેશને તેના આ મહાન ઉદ્દેશ્યની, વિશ્વની અંદર શાંતિનો સંદેશ ફેલાવાની પૂર્તિ માટેની શુભેચ્છાઓ આપું છું.

- મહેન્દ્ર મથુરિયા (મારો નાનો ભાઈ)

મારા મોટાભાઈ, મારા મિત્ર, મારા માર્ગદર્શક તથા મારા પ્રેરણાસ્ત્રોત યોગેશભાઈ. તેમના શબ્દો એ મને હંમેશા હિંમત આપી છે. યોગેશભાઇએ કમ્પ્યુટર જગત સાથે પણ મારી ઓળખાણ કરાવી હતી, અને મને કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખવા માટે પ્રોત્સાહિત કરી હતી. વિદેશની ધરતી પર પ્રવાસ કરવાવાળા યોગેશભાઈ અમારા કુટુંબના પ્રથમ વ્યક્તિ હતા. યોગેશભાઈ, તેમની વ્યવસાયિક કારકિર્દીમાં ખૂબ જ સફળ અને પુરસ્કૃત હતા. શિક્ષણ ક્ષેત્રે ફક્ત સ્નાતકની ડિગ્રી જ ધરાવતા હતા પરંતુ તેમના કાર્ય માટે ખૂબ જ ઉત્સાહી, સમર્પિત અને સકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતા હતા.

યોગેશભાઈ અને ભૂમિ મારા જીવનમાં, શૂન્યો, જ્ઞાનદેવ, એખાર્ત જેવા માર્ગદર્શકોની ઓળખ કરાવનારા મુખ્ય વ્યક્તિઓ હતા,આ બધાએ મારા જીવનને ખરેખર, બદલ્યું હતું અને મારી આંતરિક યાત્રાની શરૂઆત કરાવી હતી. હવે આજે, તેઓ મારા માટે ખૂબ જ પ્રિય અને આદરણીય બની ચૂક્યા છે. જીવનમાં કેવી રીતે આવતા અનેક ઉતાર ચઢાવો તથા વળાંકોમાંથી વ્યક્તિ કેવી રીતે પોતાની જાતને ઉન્નત કરી અને જાગૃત જીવનનો પથ નિર્માણ કરી શકે છે તેનું તેઓ ઉત્તમ ઉદાહરણ છે.

- પ્રજ્ઞા દિવ્યેશ મહેતા(મારી બહેન & મારા જીવનની શિલ્પી)

તમારા જીવનની પ્રત્યેક આ પરિસ્થિતિમાં તમારી સાથે રહેવાનું સદભાગ્ય મને મળ્યું છે, તમારી ટીમ તથા ઉપરીઓને તમારી પ્રશંસા કરતા મેં જોયા છે. તમારા શિક્ષણે મને ઈશ્વરમાં વિશ્વાસ રાખતા અને આગળના માર્ગ પ્રત્યે વિશ્વાસ રાખતા શીખવાડ્યું છે. તમારા સમગ્ર જીવન દરમિયાન તમે મને જે શીખવાડ્યું તેના માટે હું તમને બે જ શબ્દો કહુ છું,તમારો ખુબ ખુબ આભાર. મેં તમારી ' યોગેશ થી યોગી' સુધીની પ્રેરણાત્મક યાત્રા જોઈ છે.

- શ્રુતિ ઝુબીન મોદી (મારી ભત્રીજી અને હર્ષદભાઈ મથુરિયાની પુત્રી)

યોગેશ અંકલે તેમના જીવનને પ્રેમનો, અનુભૂતિનો અને શાંતિનો સંદેશ સમાજમાં ફેલાવવા માટે સમર્પિત કરવાનું નિર્ધારિત કર્યું છે. તેઓ માનવતામાં ખૂબ વિશ્વાસ રાખે છે અને માને છે કે તેઓ જ્યાં પણ જશે ત્યાં તેમને ખોરાક-પાણી અને આશ્રય અવશ્ય મળી જશે, તેઓએ આપણા દેશના અનેક સ્થળોએ તથા ભારતની બહાર પણ પ્રવાસ કર્યો છે અને તેમનો દ્રઢ નિશ્ચયમાં વળી રહ્યા છે. કોવિડને કારણે તેમની શાંતિ યાત્રાના આયોજનમાં થોડા અવરોધો આવ્યા છે પરંતુ ભવિષ્યમાં તેઓ વિશ્વના બીજા અનેક ભાગોમાં પ્રવાસ કરી શાંતિ અનુભૂતિ અને પ્રેમનો સંદેશ ફેલાવવા માંગે છે.- રાહુલ મથુરીયા (મારો ભત્રીજો અને હર્ષદભાઈ મથુરીયાનો પુત્ર)

મારા મામા યોગેશ મથુરીયાને, તેમના દ્રઢ નૈતિક મૂલ્યોને વળગી રહી તેના આધાર પર જીવી તેને સમાજના લોકો સુધી પહોંચાડવાના તેમના વિચારોને કારણે હું તેમને મારા વ્યક્તિગત પ્રેરણાસ્ત્રોત માનું છું. તેમને પોતાની ઇચ્છાથી નિસ્વાર્થ શાંતિયાત્રા કરી વિશ્વમાં શાંતિનો સંદેશ ફેલાવવા અનેક રાષ્ટ્રમાં પદયાત્રાઓ કરી અને તેના માટે અનેક અકલ્પનીય સંઘર્ષો (શારીરિક- માનસિક અને લાગણીશીલ) નો સામનો કર્યો તે માટે હું તેમના પ્રત્યે આદર અને આભારની લાગણી ધરાવું છું. તેમણે મારા ભાવનાત્મક વિકાસ, તથા સામાજિક જાગૃતિ માટે જે મહત્વની ભૂમિકા ભજવી તે માટે હું તેમનો ખુબ જ આભારી છું.

- રાજ દિવ્યેશ મહેતા (મારો ભાણેજ અને પ્રજ્ઞા દિવ્યેશ મહેતાનો પુત્ર)

હું યોગેશ મથુરીયા ને મારા કોલેજ ના દિવસો દરમિયાનથી અને પાછળથી મારા બ્રધર ઈન લૉ, મારા પરિવારના અંગ તરીકે ઓળખું છું. ખૂબ જ ઉદ્દાત કાર્યો માટે તેણે પોતાનું પારિવારિક જીવન તથા મલ્ટિનેશનલ આઈ.ટી. કંપનીની કારકિર્દી છોડી આપણા સમાજની ઉન્નતિ માટે તથા આપણા રાષ્ટ્ર માટે તમે લોકોએ ઉત્તમ શરૂઆત કરી છે જે ખૂબ જ પ્રશંસનીય કાર્ય છે.

- પંકજ પારેખ (મારો બ્રધર ઇન લો)

મિત્રમંડળ :

યોગેશ એટલે વૈશ્વિક શાંતિ નો મનુષ્ય, સંત બનીને જીવવું સહેલું નથી હોતું. તે બીજાઓથી તદ્દન અલગ છે અને માનવતા માટે જ કાર્ય કરે છે. યોગેશનું હૃદય કરુણાથી ભરાયેલું છે. જે વ્યક્તિ બીજાની વ્યથાને જોઈ અને સમજી શકે છે તેઓને સમાજના ઉત્થાન માટે કાર્ય કરવાની પ્રેરણા અને ઈશ્વરના આશીર્વાદ મળતા હોય છે. યોગેશ ક્યારેય ટોળામાંનું ઘેટુ બની નથી જીવતો પરંતુ, સિંહની જેમ એકલા ચાલી ગર્જના કરતો હોય છે. બધાથી ઘેરાયેલો હોવા છતાંય એકલા ચાલવાનું સામર્થ્ય તે બતાવી શકે છે. તેના વિચારો અને નિર્ણય હંમેશાથી તેના પોતાના જ રહ્યા છે અને તેના જીવનનો ઉદ્દેશ સમાજની સેવા જ કરવાનો છે.

- કમલેશ શાહ (મારો શાળાનો મિત્ર)

હું અને યોગેશ બાળપણથી જ, લગભગ દસ વર્ષની ઉંમરથી મિત્રો છીએ અને આજ પર્યંત અમારી મિત્રતા યથાવત છે. ઘણી વાતોમાં તે પહેલેથી જ અમારા બધાથી જુદો તરી આવતો. તે ફક્ત દેખાવે સુંદર નહોતો પરંતુ તેના વર્તનમાં આગ્રહી હતો અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતો હતો. તેની પત્ની ભાવનાના મૃત્યુ પછી તેનું જીવન સંપૂર્ણ રીતે બદલાઈ ગયું, તેના જીવનનું ધ્યેય રૂપિયા કમાવા પરથી ખસી જઈ, પ્રેમ કમાવા અને સમાજની સેવા કરવા પ્રત્યે કેન્દ્રિત થઈ ગયું. અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે , પ્રભુ તેના માર્ગના બધા અવરોધો દૂર કરી તેને જીવનમાં તેના ધ્યેય પ્રાપ્તિની સફળતા અર્પે.

- કમલેશ વખારિયા (મારો શાળાનો મિત્ર)

યોગેશ મારો બાળપણનો મિત્ર છે અમે લગભગ દસેક વર્ષની ઉંમરથી સાથે જ મોટા થયા, રમ્યા અને ભણ્યા. યોગેશના જીવને એક નવો જ માર્ગ સ્વીકાર્યો છે. વિશ્વની શાંતિ માટે પદયાત્રા કરવાનો માર્ગ સ્વીકારવો એ ખરેખર અદમ્ય સાહસ ધરાવતું કાર્ય છે. ભારત તથા વિશ્વના અનેક દેશોમાં ખિસ્સામાં એકપણ રૂપિયો રાખ્યા વગર તેણે પદયાત્રાઓ કરી અને જ્યાં જગ્યા મળી ત્યાં નિવાસ કર્યો. કોઈપણ જાતની ચિંતા કે માનસિક તાણ રાખ્યા વગર તેણે ખૂબ સહજતાથી માર્ગમાં આવતી અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો અને આ જ વાત તેના ઉદ્દેશ પ્રત્યે તેની સમર્પિતતા તથા તેના મજબૂત મનોબળને પ્રદર્શિત કરે છે.

- ધીરેન્દ્ર શાહ (મારો શાળાનો મિત્ર)

હું સામાન્ય તથા સાદો માનવી છું અને તેથી તારા જીવનના તત્વજ્ઞાન અને આધ્યાત્મિકતાને સરળતાથી સમજી શકું તેમ નથી. તું લોકોને સમજવા માટે ઘણું બધું ચાલ્યો અને તારી માનસિકતા વિકસિત કરી તારા ઉદ્દેશ્ય સુધી પહોંચવા અનેક બુદ્ધિજીવીઓ તત્વજ્ઞાનીઓ અને આધ્યાત્મિક વ્યક્તિઓને મળ્યો.

- પંકજ મહેતા (મારા શાળાનો મિત્ર)

યોગેશ, વિશ્વમાં તમે જીવનની પ્રત્યેક લાગણીઓ અને તેના હૃદય પર અનુભવાતા પ્રત્યાઘાતોને ગ્રહણ કરવા માટે આપવાદરૂપ છો અને ખૂબ જલદીથી તમારી સફળતાઓ તમને પૃથ્વીના બંને ગોળાર્ધમાં રહેલા લોકો સુધી પહોંચાડશે.

- ભરત મહેતા (મારા શાળાનો મિત્ર)

યોગેશ એ ખૂબ જ સરળ, સાચો અને મહેનતુ વ્યક્તિ છે. અમારા કાર્યક્ષેત્રના ઉજવણી સમાન ત્રણ દાયકાઓ અને આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાનનો અસાધારણ વિકાસ થઈ રહ્યો હતો તે સમયે તેની પત્નીના મૃત્યુની દુઃખદ ઘટના ઘટી ગઈ. યોગેશ તેને બચાવવા અનેક પ્રયત્નો કર્યા બાદ તેણે વિશ્વમાં ચાલીને પરિભ્રમણ કરવાનું નક્કી કર્યું. જેની પાછળ તેનો મુખ્ય હેતુ વસુધૈવ કુટુમ્બકમ, સમગ્ર વિશ્વને એક પરિવાર ગણી તેમાં શાંતિનો સંદેશ ફેલાવવાનો હતો. તેના વિશે વધુ કઈ લખવા માટે મારી પાસે જગ્યાની મર્યાદા છે તેથી હું તેને તેના સ્વાસ્થ્ય અને ખુશીઓ માટે અનેક શુભેચ્છાઓ આપતા મારા લેખનનું અહીં સમાપન કરું છું.

- મીનેશ ગાંધી (મારો શાળાનો મિત્ર)

વિશ્વશાંતિના ઉદાત્ત કાર્ય માટે તારી સમર્પિતતા જોઈ હું તારાથી ઘણો જ પ્રભાવિત થયો છું. હું વિશ્વશાંતિનો ખૂબ મોટો સમર્થક છું અને ઈચ્છા રાખું છું કે વિશ્વની અંદર ક્યારેય કોઈ શસ્ત્રનું નિર્માણ કરતા ઉધોગો જ ન હોય અને દરેક સમસ્યાઓનું નિવારણ ફક્ત પ્રેમથી જ કરવામાં આવે. વિશ્વશાંતિ કૂચ માટે તે વ્યક્તિગત રૂપે કરેલી મહેનતની હું સરાહના કરું છું.

- જ્ઞાનચંદ પીંજાની (શુભચિંતક, કરાચી, પાકિસ્તાન)

તમારી સાથે કામ કરતાં કરતાં મેં મારા જીવનની પ્રત્યેક ક્ષણે આનંદ અનુભવ્યો છે. આપણે હંમેશાં એક બહોળા પરિવારની જેમ સાથે રહ્યા છીએ. મારા જીવનનો ભાગ બનવા માટે તથા જેમાં આપણે ખૂબ જ આનંદ કર્યો છે તેવા અદભુત અનુભવો અને વિશાળ સંપર્ક ક્ષેત્ર આપવા માટે હું તારો ખૂબ જ આભાર માનું છું.

- શ્રી કલા કુટ્ટી (માસ્ટેકની સહકાર્યકર)

કોર્પોરેટ વ્યવસાયિક કારકિર્દીના ક્ષેત્રેથી સમગ્ર વિશ્વમાં પરિભ્રમણ કરી સમગ્ર વિશ્વને પ્રેમના તાંતણે બાંધી એક યોગી તરીકે રૂપાંતરિત થતાં મેં યોગેશને જોયો છે. તેને તેની કોર્પોરેટ કારકિર્દી, મુંબઈ ની અંદર નું મોટું ઘર, તથા વૈભવી જીવનની બધી જ વસ્તુઓ છોડી દીધી અને ભારતના લંબાઈ અને પહોળાઈ ના વિસ્તૃત છેડાઓ તથા વિશ્વમાં શાંતિનો સંદેશ ફેલાવવા યાત્રાઓ કરી. તેણે તેના જીવનમાં ઘણો જ કપરો સમય જોયો છે અને દરેક સમયે બળવાન બની ઉભરતા મેં તેને અનુભવ્યો છે.

- સંજય મુદનાની (માસ્ટેકના સહકાર્યકર તથા અંગત મિત્ર)

જીવનની સફર સભાનપણે માનવીથી માનવ બનવાની છે અને તેમાં જ વ્યક્તિનો સાચો વિજય છે. હું એક આવા જ સાચા અને સરળ મારા પ્રેમાળ મિત્ર યોગેશ રવિન્દ્ર મથુરીયા જેને હું 'યોગેશ્વરજી 'તરીકેનું સંબોધન કરું છું તેની સાથે જોડાયેલો હોવાથી મારી જાતને અત્યંત સદભાગી સમજુ છું.

- દિનેશ નાથાણી (વૈશ્વિક ચિકિત્સક અને મારા શુભેચ્છક)

યોગેશભાઈએ પ્રેમ અને વૈશ્વિક શાંતિના સંદેશ વાહક છે. તેઓ હૃદયને જોડનાર અને જય જગતનો સંદેશ ફેલાવનાર વ્યક્તિ છે. તેઓ યુવાનોના સાથી અને પ્રેરણાસ્ત્રોત છે. તેમના સહવાસમાં હંમેશા પ્રેમ અને દયાની અનુભૂતિ થતી હોય છે. તેમનું આ પુસ્તક વિશ્વના અનેક યુવાનોને પ્રેરણા આપવાનું કાર્ય જારી રાખશે. હું તેમને સારી, સ્વાસ્થ્યપૂર્વક અને સફળતાપૂર્વકના જીવનની શુભેચ્છાઓ વ્યક્ત કરું છું.

- સંજય રાય (શાંતિ કાર્યકર્તા અને છોટે ભાઈજી)

યોગેશભાઈ નું બાળકો જેવું નિર્દોષ આકર્ષણ અને સતત સકારાત્મક ઊર્જા તેમની સાથે રહેવાનું મહત્વનું કારણ પૂરું પાડે છે. તે ઉપરાંત પણ, તેમણે જીવનમાં જે વિકલ્પો પસંદ કર્યા છે તેને માટે હું ખરેખર આશ્ચર્ય અનુભવું છું કે આ બધું શેના માટે છે? શું એ ખરેખર એટલી મોટી વસ્તુ છે જે આપણે તે બનવા માટે પ્રયત્ન કરવો જોઈએ? અથવા તો આસપાસની ઓછી વસ્તુઓ સાથે શાંતિ અને સંતોષપૂર્વક જીવવું શક્ય છે? હું અત્યંત નિષ્ઠાપૂર્વક મારી લાગણીઓ અને શુભેચ્છાઓ તેમને પાઠવું છું કે આવનારા સમયમાં તેઓ વધુ તેજસ્વી બની ઝળકી ઊઠે.

- શ્યામ કંસલ (મોટા સમર્થક અને મિત્ર)

કિસ નામ સે પુકારું, કિયા નામ હે તુમ્હારી. કેટલીક વ્યક્તિઓ એવી હોય છે જે વિચારોની નવી બારીઓ ખોલી મને આત્મશોધન કરવા અને મારા જીવનને ફરીથી આકાર આપવા સક્ષમ હોય છે. શાંતિનો સંદેશ ફેલાવવાની અને માનવતાની સેવા કરવાની તેની સમર્પિતતા ઉદાહરણીય અને પ્રભાવિત કરનારી છે. મને વિશ્વાસ છે કે એક દિવસ તેમના પગ, તેમના

બીજા ઘર અને જ્યાં મારા જેવા તેમના અસંખ્ય ચાહકો રહે છે અને તેમના યજમાન બનવાની પ્રતીક્ષા કરે છે તેવા પાકિસ્તાનની ધરતીને અવશ્ય અડશે.

- ડૉ. આમિર અબ્બાસ સુમરો (સિકારપુર, પાકિસ્તાનના મારા પ્રેમાળ મિત્ર)

*****



મારા પ્રિય શિવ અને શક્તિ,

હું તમને પ્રત્યેક સમયે અને પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રેમ અને બસ ફક્ત પ્રેમ જ કરું છું, હું મારી જાતને પણ પ્રેમ કરું છું. પ્રત્યેક સમયે મારા જીવનમાં તમારી હાજરી હોવાને કારણે મને અત્યંત આનંદની અનુભૂતિ થાય છે. હું પ્રેમની લાગણીઓને કોઈપણ જાતની શરતો કે અપેક્ષાઓ વગર આપવા અને સ્વીકારવા મુક્ત છું.

મને એ વાતની પણ અત્યંત ખુશી છે કે તમારા આશિર્વાદથી હું સુખસ્વસ્થતા અને આનંદપૂર્વક મારું પારિવારિક જીવન મારી પ્રેમાળ પીના, મારી અદભુત પુત્રીઓ, મારા દિવ્ય માતા-પિતા અને મારા કાર્યો થકી વિસ્તૃત થયેલા મારા પરિવાર સાથે વ્યતીત કરી શકું છું. અમારી ઉપર અમારા ભાવનાના તથા પૂર્વજો ના આશીર્વાદ છે. મારા જીવનમાં અને મારી આસપાસ પ્રત્યેક વસ્તુની અઢળક વિપુલતા રહેલી છે. હું જ્યાં પણ મારો હાથ રાખું છું ત્યાંથી મને સરળતાપૂર્વક ભવ્ય સફળતા પ્રાપ્ત થાય છે. મારું મગજ અને મારી ઇન્દ્રિયો પ્રત્યેક ક્ષણે વધુ વિકસિત થઈ રહી છે તેને હું ઈશ્વરના આશીર્વાદ ગણું છું.

મને એ વાતની પણ અનહદ ખુશી છે કે હું, અમારી વિશ્વમાં થયેલી અનેક શાંતિ યાત્રાઓ દ્વારા પ્રેમના, શાંતિના અને સંવાદિતાના બીજકો નું વાવેતર કરી, અને 'ANAHAT (અનાહત) - માર્ગદર્શનથી કરાતી ચિકિત્સા ધ્યાન સેવા' દ્વારા શાંતિ તથા ચિકિત્સાના ક્ષેત્રે પણ મારું અસામાન્ય યોગદાન આપી શક્યો છું.

સમગ્ર વિશ્વ પરમાણુ શસ્ત્રોના પ્રત્યેક સ્વરૂપોથી તથા સામૂહિક વિનાશ કરનારા પ્રત્યેક શસ્ત્રોથી મુક્ત થઈ જાય તેવું મારું સ્વપ્ન સત્ય ઠર્યુ છે. આપણી ધરતીમાતા પર વસી રહેલા પ્રત્યેક જીવો સંપૂર્ણ શાંતિ અને સુસંવાદિતા સાથે જીવી રહ્યા છે.

મારો ધર્મ માનવતા છે - હું કોઈપણ જાતની શરતો વગર પ્રત્યેક વ્યક્તિને પ્રેમ કરું છું, સ્વીકાર કરું છું, ક્ષમા કરું છું અને તેમની સેવા કરું છું.

પ્રેમ અને ફક્ત પ્રેમ જ
વિશ્વમિત્ર યોગેશ.

About the Creators of the book

Author

Simran Kaur

Simran Kaur, the spirited young energetic spent more than five years conducting content writing over the years, having previously worked with a variety of business organizations, she has honed her writing skills with utmost professionalism. As a prolific learner, she is also an ardent supporter of the social community. Her altruistic approach towards life has led her to the position of successful founder of a social startup called 'Sahej' which

Yogesh Mathuria

Vishwa Mitra Yogesh, is an affectionately energetic individual who has developed a profound interest in health and well-being, followed by more than seven years of global peace walk - the Peace Pilgrimage across 22 Indian states and five countries: Sri Lanka, South Africa, Iran, UAE, Armenia, spanning 16,502 kilometers in 652 days. Stepping away from the allure of MNCs and onto the road less travelled, he believes that adversity has been the greatest

blessing in his life and that he has learned from each one. He asserts that humanity is his religion and that he completely loves, accepts, forgives, and serves all individuals on our planet earth.

aims to write about the experiences of beautiful individuals who make their mark on this world. To assist individuals in telling their inspiring narrative in a bold, powerful words. Simran, as a strong leader, is trying to bring the stories of thousands of unsung heroes to light.



VISHWAMITRA YOGESH

" પૃથ્વીમાતા પર શાંતિ પ્રવર્તે એ જ મનોકામના "

Feedback

Happy to have your feedback…

Yogesh Mathuria – yogeshmathuria59@gmail.com
yogesh.r.mathuria _yogeshmathuria

Simran Kaur – writetosaanjh@gmail.com
Saanjhh S.aanjh

Please share your transparent review/feedback/rating to encourage our author or services. Share your testimonials by clicking the link on www.nexus-stories.com

eBooks / Kindle books are available on;
https://nexus-stories.com
www.amazon.com (worldwide)

Paperback books are available on;
https://nexus-stories.com
www.amazon.in and www.flipkart.com
https://showroom.dotpe.in/nexusstoriespublication

nexuscluster2016@gmail.com
(+91 87800 80718)

@nexus.stories
@nexus_stories
@Nexus Stories
@nexusstories2016
@ nexus-stories

Jai Jagat